|| શિવમસ્તુ સર્વ જગતઃ ||

|| શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-ભદ્રંકર-મહોદય-
પ્રદ્યોતન-કુંદકુંદ-મહાયશવિજય સદ્ગુરુભ્યો નમઃ ||

# ભાવ ધુરંધર

**(સંસ્કૃત - ગુજરાતી, ગુજરાતી - સંસ્કૃત અનુવાદ)**

...કર્તા...
વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ

...સંયોજક - સંપાદક...
આચાર્ય હેમપ્રભ સૂરિ

...પ્રકાશક...
ભદ્રંકર પ્રકાશન

પુસ્તક :- ભાવ ધુરંધર

કર્તા/લેખક :- વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ

વિષય :- સંસ્કૃત-ગુજરાતી, ગુજરાતી-સંસ્કૃત અનુવાદ

આવૃત્તિ :- પ્રથમ - વિ.સં.-૨૦૮૦, ઇ.સ.-૨૦૨૪

પાના :- ૨૦+૩૮૦ = ૪૦૦ કુલ

નકલ :- ૫૦૦

પ્રકાશક :- ભદ્રંકર પ્રકાશન

C/o. કેયુરભાઇ એફ. શાહ
૪૯/૧,મહાલક્ષ્મી સોસાયટી,સુજાતા પાસે,
શાહીબાગ,અમદાવાદ-૩૮૦૦૦૪.
મો. : 98252 58969.

પ્રાપ્તિ સ્થાન :-

૧. મૈત્રી વાત્સલ્ય ટ્રસ્ટ
જૈનનગર, સંજીવની આયુર્વેદિક હોસ્પીટલવાળી
ગલીમાં, પાલડી - અમદાવાદ - ૩૮૦૦૦૭.
મો. : 90990 54105.

૨. કસ્તુરધામ
તળેટી રોડ - પાલિતાણા-૩૬૪૨૭૦.
જિ. - ભાવનગર.
મો. : 78745 26943.

૩. હાલારતીર્થ - આરાધનાધામ જૈન તીર્થ
મુ.પો. વડાલિયા સિંહણ-૩૬૧૨૮૦.
તા. જામ ખંભળીયા.
જિ. – દેવભૂમિ દ્વારકા
મો. : 80002 44433 / 81415 57166

મુદ્રકઃ- તેજસ પ્રિન્ટર્સ
F/5, Parijat Complex, Swaminarayan Mandir Road,
Kalupur, Ahmedabad-380001.
M. 98253 47620

## ...પ્રકાશકના આનંદ ઉદ્‌ગાર...

શાસનના અદ્‌ભૂત સિતારા શ્રી દાન-પ્રેમ-રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના કૃપાપાત્ર એવા અમારા ઉપકારી પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના પ્રશિષ્યરત્ન વિદ્વદ્વર્ય મુનિપ્રવર શ્રી ધુરંધરવિજયજી મહારાજ રચિત અને લિખિત રચનાઓનો સંપુટ શ્રી સંઘના કરકમલમાં મૂકતાં અમો અપાર આનંદ અનુભવીએ છીએ.

પૂજ્યશ્રી વર્તમાનકાળમાં વિદ્વાનોમાં શિરમોર છે.એમના બાલ અને યુવાન કાળમાં વિશેષ રચાયેલી રચનાઓમાં - લખાણોમાં તે તે વિષયોને અનુરૂપ ગહરાઇ અને રસાળતા અનુભવાય છે.

પૂજ્યશ્રીની રચનાઓ આદિનો વિશાળ ભંડાર, અમારા પ્રકાશનના પરમ ઉપકારી પૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી મહારાજની દિવ્યકૃપાથી તેઓશ્રીના લઘુગુરુ બંધુઓ પૂજ્ય આચાર્યશ્રી મનમોહનસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય આચાર્ય શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજના પ્રયત્નોથી પ્રકાશિત થઇ રહ્યો છે.તેનો લાભ અમારા પ્રકાશનને મળ્યો તેને અમારું સદ્‌ભાગ્ય માનીએ છીએ.

આ રચનાઓ-લેખો-કથાના માધ્યમે આપણે સૌ પ્રભુશાસનના પદાર્થોનું રહસ્ય પામી લોકોત્તર સુખ- પરમપદને પામીએ એ જ અભિલાષા...

- ભદ્રંકર પ્રકાશન

## ...પુસ્તક પ્રકાશનના સદ્ભાગી...

**પરમપૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી મહારાજની દિવ્યસ્મૃતિપૂર્વક**
**પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી મનમોહનસૂરીશ્વરજી મહારાજ તથા**
**પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી**

શ્રી હાલારી વિશા ઓશવાળ આદિજિન સેવા ટ્રસ્ટ (કસ્તુરધામ-પાલિતાણા)

હાલારી વિશા ઓશવાળ શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ (કામદાર કોલોની)
- જામનગરમાં સંવત ૨૦૭૭ના વર્ષે ઉભય પૂજ્યોના ચાતુર્માસની સ્મૃતિમાં

શ્રી ગાંધીગ્રામ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ - રાજકોટ

શ્રી પોરબંદર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ ટ્રસ્ટ - પોરબંદર

આ ચારે સંઘે પોતાના જ્ઞાનનિધિમાંથી...

...શ્રાવક વર્ગ પણ આનો લાભ લઇ શકે તે માટે...
માતુશ્રી જયાબેન ચુનિલાલ દોઢિયા પરિવાર, હસ્તે : પારસભાઇ-દીપાબેન-પ્રિયન
(ગામ : હાલાર-નવાગામ-લંડન)

આ પુસ્તક પ્રકાશનનો લાભ લીધો છે.

અનુમોદના... અનુમોદના... અનુમોદના...

# ...જ્ઞાનની પરબ...

## જ્ઞાનનો વાસ્તવિક અર્થ થાય - સમજણ=બોધ.

દૈનિક જીવનની ક્રિયા હોય કે આરાધનાની ક્રિયા હોય, લૌકિક હોય કે લોકોત્તર ક્રિયા હોય એ દરેકની પાછળ તથ્ય શું છે ? એની જાણકારી - તે સમજણ અર્થાત્ જ્ઞાન, અને એ ઉચ્ચસ્તરના સમજણપૂર્વક થતી તે ક્રિયાઓ, તાત્ત્વિક = વાસ્તવિક ફળ આપે.

આવી સમજણ-બોધ સ્વરૂપ જ્ઞાન ધરાવતા મહાપુરુષો વર્તમાનમાં થોડાક છે અને એમાં એક છે, પૂજ્યપાદ વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ.

એમની વિશદપ્રજ્ઞા - સો સો સલામ કરવી પડે એવી અદ્ભૂત છે. એના કેટલાક ઉદાહરણ જોઈએ.

થોડાક વર્ષો પૂર્વે સુરતમાં એક દીક્ષા થઇ અને એ દીક્ષાની ક્રિયાના રહસ્યોને દર્શાવતી એક પુસ્તિકાનું પ્રકાશન થયું. એ રહસ્યોના ઉદ્ગાતા હતા પૂજ્ય ધુરંધરવિજયજી મહારાજ.

- અષ્ટમંગલ ના રહસ્યો, પ્રભાવ+ફળ-એનો ઉલ્લેખ કયાં છે ? = એ અષ્ટમંગલના પુસ્તકમાં લખ્યું છે કે ''આ જાણકારી અમને પૂજ્ય ધુરંધરવિજયજી મહારાજના માર્ગદર્શનથી મળી છે.
- અઢાર અભિષેકની વિસ્તારથી વિધિની પુસ્તક જોઇ.એમાં પણ એ જ ભાવો લખ્યા છે કે આમાં ઔષધિઓ-વિધિ અંગેનું માર્ગદર્શન મુખ્યતાએ પૂજ્ય ધુરંધરવિજયજી મહારાજ દ્વારા પ્રાપ્ત થયું છે.

આવું તો અનેક મહાત્માઓ-વિદ્વાનોએ અનુભવ્યું છે.

આવા વિશિષ્ટ જ્ઞાની પૂજ્યશ્રીએ ગુરૂકૃપાથી પોતાના બાલ્યકાળથી પ્રારંભી ૮૦ વર્ષની વય સુધીમાં અનેકાનેક ગુજરાતી, હિન્દી, સંસ્કૃત રચનાઓ-લેખો-કાવ્યો આદિની રચના કરી છે. આ બધી રચનાઓ-લેખો આદિમાંથી અમુક, કલ્યાણ માસિક, વૈદ્યકલ્પતરૂ, **नन्दनवन कल्पतरुः** સંસ્કૃત પત્ર, **निःश्रेयसम्** સંસ્કૃત પત્ર આદિ સામયિકોમાં પ્રકાશિત થયેલા, તો અમુક સ્વતંત્ર પુસ્તકરૂપે પ્રકાશિત થયેલા અને અમુક રચનાઓ તો અદ્યાવધિ અપ્રકાશિત જ હતી.એ સર્વેને એક સાથે પ્રકાશિત કરીએ તો વાચક વર્ગ - જિજ્ઞાસુઓને સુગમતા રહે. એવો વિચાર આવતાં પૂજ્યશ્રીને એ વિષે વિનંતિ કરી. નિઃસ્પૃહી પૂજ્યશ્રીએ પહેલાં તો બહુ ધ્યાન ન આપ્યું. છતાં વારંવાર ઉઘરાણી કરતા રહ્યા અને પછી પૂજ્યશ્રીએ આપવાનું માન્ય કર્યું.એનું પરિણામ આજે સહુની સામે છે.

આ ગ્રંથો પ્રકાશિત કરવામાં મુખ્યતાએ જો શ્રેય આપવાનો થતો હોય તો તે છે ગણિ જિનભદ્રવિજયજી મહારાજને, કે જેમણે પૂજ્યશ્રીના લ્હેરી સ્વભાવ સાથે સેટ થઇને પ્રેમથી વારંવાર જણાવી – જણાવીને આટલું મેટર મેળવી પ્રુફ આદિ જોઇ સંકલન કરી આપ્યું.

ભદ્રંકર પ્રકાશન વાળા કેયુરભાઇ ફકીરચંદ શાહે – ચિત્રો તથા લખાણ મેળવી આપ્યા.

અમદાવાદ નિવાસી સમીરભાઇ તથા ધરણેન્દ્રભાઇ<br>
નવાડીસા હાઈવે નિવાસી સુનિલભાઇ જેંતીભાઇ શાહ } પૂજ્યશ્રી પાસેથી ચિંતનો મેળવ્યા.

જલારામ પ્રેસવાળા જલદીપભાઇ ઠક્કર કે જેઓએ સતત પ્રયત્ન કરીને છ વર્ષ સુધીની ધીરતા ધરીને કંપોઝ કરી આપ્યું. ઇત્યાદિ મહાનુભાવો વિવિધ રીતે ખૂબ જ સહાયક બન્યા છે. તેમની અંતરથી અનુમોદના.

આમાં અપાયેલ રચનાઓ આદિની વિશેષતા આદિ આગળ દર્શાવેલ છે.

અત્યારે એક સાથે ચાર પુસ્તકો પ્રકાશિત થાય છે. હજુ પણ પત્રો–વિહાર લેખમાળા–ચિંતનો–શક્રસ્તવ વાચના આદિ બાકી છે, ભવિષ્યમાં અનુક્રમે પ્રકાશિત કરાશે.

આ ચારેય પુસ્તકના નામો પૂજ્યશ્રીના પ્રિય પાત્ર અને પૂજ્યશ્રી પ્રત્યે ભક્તિવંત પૂજ્ય મુનિરાજ શ્રી હિતરતિવિજયજી મહારાજે સૂચવી પોતાની લાગણી દર્શાવી છે.

અમારા શિરછત્ર સમા પૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી મહારાજની દિવ્યકૃપાથી તેઓશ્રીના બાળસખા પૂજ્યશ્રીના ગ્રંથોને પ્રકાશન કરતાં, આ રચનાઓ આદિના આલંબને સહુને પ્રભુની આજ્ઞા પ્રત્યે–શાસ્ત્ર પ્રત્યે પ્રીતિ વધે અને એ દ્વારા આત્મકલ્યાણ પ્રાપ્ત થાય એ જ ભાવના સહ...

હેમપ્રભ

સંવત – ૨૦૭૯, આસો સુદ – ૧૫ ,ધોરાજી.

**...પ્રસ્તુત ગ્રંથમાં અનુવાદની મુખ્યતા છે,**
**તો એ અનુવાદ નું મહત્ત્વ શું છે..? કેટલું છે..?**
**ઈત્યાદિ સમજવા માટે આ બે લેખો પ્રસ્તુત કરાયા છે...**

– સંપાદક

।। संस्कृत–अनुवादः ।।
પ્રો. ડો. વાસુદેવ વિ. પાઠક ''વાગર્થ''

सुकरं यत् स्वतन्त्रं स्याद् अनुवादेऽस्ति दुष्करम् ।
स्वतंत्र–लेखने मुक्तिः अनुवादे तु बन्धनम् ।।
– ''वागर्थ''

સ્વતંત્ર-લેખન સહેલું છે, પણ અનુવાદમાં દુષ્કરતા;
સ્વતંત્ર-લેખનમાં મુક્તિ, ને અનુવાદમાં બંધનતા.

'અનુવાદ' શબ્દનો પ્રાચીન સંદર્ભ જોઈએ તો **कथितस्य पुनः कथनम्** । એવો થતો દેખાય. આવું પુનઃકથન મોટે ભાગે, એ જ ભાષામાં થતું. (ટીકા, વિવેચન, કે ભાષ્ય રૂપે) અન્ય ભાષાની જાણકારી ત્યાં અપેક્ષિત ન હતી.

કાલક્રમે, આ અભિગમ બદલાયો અને 'અનુવાદ' શબ્દનો ભાષાન્તર એવો અર્થ ઘટાવાયો. ફલતઃ અનુવાદકે, મૂળ ભાષા અને અનુવાદની ભાષા, બંનેની પૂરતી સજ્જતા દાખવવી જરૂરી બની. મૂળને વફાદાર રહીને, અન્ય ભાષામાં વિષયવસ્તુનું નિરૂપણ કરવું રહ્યું અને અનુવાદનું કાર્ય દુષ્કર થતું ગયું. સંપૂર્ણ જાગૃતિ રાખવા છતાં સંપૂર્ણતઃ મૂળનો ભાવ વ્યક્ત ન થાય, એમ પણ બને. કદાચ આવા આશયથી, ઈટાલીમાં એક કહેવત પ્રચલિત બની હશે કે No Translation can be exact.

સૌપ્રથમ મૂળ ભાષાના પાઠને સાચા અર્થમાં અવગત કરવો, તે ભાષાના ભાવ અને વિચારોને સમજવા; અનુવાદની ભાષામાં તેને ઉતારવા માટે યોગ્ય શબ્દો શોધવા; વાક્યરચનાની વિશેષતા જાળવવી; અનુવાદિત કૃતિનું સૌંદર્ય નિખરે, તે પણ જોવું; વગેરે બાબતો મહત્ત્વની બને છે.

દરેક ભાષાની આગવી વિશેષતાઓ હોય છે અને તે પણ જાળવવી પડે છે. આમ ન થાય તો ભાષા કઢંગી લાગે.

અહીં 'સંસ્કૃત-અનુવાદ' અંગે ખાસ વિચાર-વિનિમય વિચાર્યો છે.

સંસ્કૃત-અનુવાદ એટલે (૧) સંસ્કૃતમાંથી અન્ય ભાષામાં અનુવાદ. (૨) અન્ય ભાષામાંથી સંસ્કૃતમાં અનુવાદ. (૩) મઠારીને સંસ્કૃત કરેલો અનુવાદ વગેરે.

સંસ્કૃત ભાષાશાસ્ત્રી મનીષીઓએ ભાષાકીય અતિ ચોકસાઇ દાખવી. ફલતઃ તે દુર્બોધ લાગવા માંડી. તેમાંથી ઊતરી આવેલી ભાષાઓએ, ચોકસાઈની આ વિશેષતાઓને છોડવા માંડી અને સરલીકરણ થતું ગયું.

જેમ કે, બે પદ - આત્મને પદ - પરસ્મૈપદનું રૂપ વૈવિધ્ય છોડ્યું.

- ત્રણ કાળનાય પેટા કાળ (શ્વસ્તન, હ્યસ્તન વગેરે) છોડ્યા.
- દ્વિવચન અનુપયોગી લાગતાં છોડ્યું.
- ત્રિલિંગ (પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ)માં ફેરફાર (હિન્દીમાં નપુંસકલિંગ કાઢી જ નાખ્યું)
- વિભક્તિ-પ્રત્યયો(કારક)ની અનિવાર્યતા છોડી. (પરિણામે વાક્યમાં શબ્દોના સ્થાન બદલાતાં અર્થ બદલાવા લાગ્યા. દા.ત. રામ સિંહ મારે છે. સિંહ રામ મારે છે વગેરે.)
- સંધિની વિશેષતાઓ છોડી
- સમાસને ટાળ્યા
- પૂર્વગ, ઉપસર્ગ, અનુગ દ્વારા બનતા વિવિધ અર્થસંદર્ભોમાં બાંધછોડ કરાઇ. (**अनु** પણ આવો જ ઉપસર્ગ છે. તેના યોગમાં **अनु=वाद**ના પણ અનેક આયામ થયા.)

આવું થતાં, અન્ય ભાષામાંથી સંસ્કૃતમાં અને સંસ્કૃતમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરવા નિમિત્તે વધુ સતર્કતા જરૂરી બની, કે જેથી મૂળ લખાણનો ભાવ-સંદર્ભ જળવાઇ રહે. **बह्वर्था: शब्दा:** એવું આ કારણે શક્ય બન્યું. **अनुवाद**માં આવતો **वाद** શબ્દ પણ વિવિધ અર્થોપક્રમ લઇને આવે છે. આ કારણે **अनुवाद** એટલે માત્ર Translation જ નહીં, પણ તેથીય કાંઇ વિશેષ. આ ''વિશેષ'' એટલે, અનુવાદનો સ્પર્શ. તેની સમજ, ધારણા, અભિવ્યક્તિ વગેરેનો સ્પર્શ.

જાગ્રત અનુવાદક, અનુવાદને મૂળ કરતાં વધુ દુર્બોધ ન થવા દે. અનુવાદનો મૂળભૂત હેતુ , જે તે ભાષા જાણનારને માટે, વિષયને સુબોધ કરવાનો જ હોય. એક ભાષાની સમૃદ્ધિને અન્ય ભાષા જાણનારને માટે ઉપલબ્ધ કરાવવાનો અનુવાદનો હેતુ હોય. બીજી ભાષા પણ આવા જ હેતુથી શિખાય છે. જેમ કે મોરેશિયસના મહારાજા , તુલસીદાસના પ્રદાનને જાણવા

હિન્દી શિખે. રવીન્દ્ર કે શરદબાબુને પામવા બંગાળી શિખાય; સંત તિરુવલ્લુવરનો પ્રસાદ પામવા તમિળ શિખાય; તુકારામ, રામદાસ કે તિલકના પ્રદાનને માણવા મરાઠી શિખાય; નરસિંહ, મીરાં, ગાંધીજી, ઝવેરચંદ, ઉમાશંકર, રાજેન્દ્ર શાહ વગેરેનાં પ્રદાન આસ્વાદવા ગુજરાતી શિખાય; વગેરે) (સંસ્કૃતની સમૃદ્ધિનો સમાદર તો અનેક સ્તરે થતો રહ્યો છે.)

મુખ્યત્વે અનુવાદ ત્રણ પ્રકારે થાય છે..

(૧) **શબ્દાનુવાદ** : મૂળ કૃતિને શબ્દશઃ ઉતારવામાં આવે અને અન્ય વધારાના શબ્દો પ્રવેશી ન જાય. આમ છતાં જડ-કૃત્રિમતા ન લાગે તેવી જાગૃતિ રખાય. શબ્દકોશમાં આ વલણ ખાસ જોવા મળે.

(૨) **ભાવાનુવાદ** : મૂળ કૃતિનાં શબ્દ, વાક્યાંશ કે વાક્યો પર જડની જેમ વળગી રહેવાને બદલે, મૂળ કૃતિના આત્માને જાળવીને, મુક્તપણે રોચક અને ભાવવાદી અનુવાદ કરાય છે. ખાસ કરીને સાહિત્યિક કૃતિઓના અનુવાદ આ દૃષ્ટિએ કરાય છે. ગદ્ય કરતાં પદ્યના વિવિધ ભાવોને રેલાવવાનું અનુવાદકને પણ ગમે છે. તે માટે થોડી છૂટ પણ લેવાય છે.

(૩) **સારાનુવાદ** : શબ્દોના બિનજરૂરી વિસ્તારને ટાળીને, કેન્દ્રીભૂત વિચારને જ મઠારીને સંક્ષેપતઃ રોચક બનાવાય છે.

અનુવાદકે મૂળ ભાષા અને અનુવાદની ભાષા એ બંને પર પ્રભુત્વ ધરાવવું અનિવાર્ય છે. અન્યથા અનર્થો થવાની પૂરી સંભાવના રહે. (**विनायकं प्रकुर्वाण: रचयामास वानरम्** જેવું થઇ જાય.) આવી સજ્જતા માટે જ તે ભાષાના શબ્દકોશ, વ્યુત્પત્તિકોશ, તત્સમ શબ્દો, વ્યાકરણ, વાક્યરચના, અભિવ્યક્તિની વિશેષતા અને સાંસ્કૃતિ પૃષ્ઠભૂમિકા પણ અનુવાદકે અવગત કરવાનું જરૂરી છે. ત્યારબાદ તેના વિનિયોગ પર ધ્યાન આપી અનુવાદ કરાય.

અનુવાદકની આવી સજ્જતાને કારણે ક્યારેક, મૂળ કૃતિ કરતાં પણ અનુવાદ વધુ આસ્વાદ્ય અને લોકભોગ્ય બને એમ પણ થાય. તે પ્રેરણા પણ પૂરી પાડે. Showerman આવા અનુવાદને medling with inspiration (પ્રેરણાયુક્ત મથામણની નિષ્પત્તિ) કહે છે.

'સંસ્કૃત-અનુવાદ'ના સંદર્ભે એક વાત નોંધવા જેવી છે કે સંસ્કૃતની પુત્રી સમી ભારતીય ભાષાઓમાં અને તે ભાષાઓમાંથી સંસ્કૃતમાં અનુવાદ કરવાનું પ્રમાણમાં વધુ અનુકૂળ રહે છે. આનું મૂળ કારણ, વારસાગત અને પાંગરવા માટેનું સમાન વાતાવરણ છે.

મૂળ સંસ્કૃત-પરંપરાનો **अनुवाद:** શબ્દ પણ સમજવા જેવો છે. તેના બે પદ - **अनु** અને **वाद** પણ વિવિધ અર્થસંદર્ભો દર્શાવે છે. અને તે અનુસાર **अनुवाद:**ની પણ અનેક છાયા શક્ય બને છે.

अनु એ ઉપસર્ગ છે. તે વિવિધ સંદર્ભે પ્રયોજાય છે. જેમ કે,

| | | |
|---|---|---|
| अनु | = પાછળ | नारदम् अनु उपविशन्ति |
| | = સાથે/સંગે/પાસે | अनुगंगं वाराणसी |
| | = પછી | जपम्अनु प्रावर्षत्/अनुगर्जम् प्रावर्षत् |
| | = નજીક/સંલગ્ન | नदीम् अनु अवसिता सेना |
| | = ઊતરતું | हरिम् अनु सुशः |
| | = લાગેલું | भक्ता विष्णुम् अनु |
| | = ભાગ | लक्ष्मीः हरिम् अनु |
| | = પુનરાવર્તન | अनुदिवसम् (રોજેરોજ) |
| | = ની તરફ/ | अनु वनम् गतः |
| | = ચોક્કસ ક્રમ | अनुक्रमः/अनुज्येष्ठम् |
| | = અનુકૂળ | सर्वं माम् अनु |
| | = ગમતું/સમજાતું | अनुगतो अस्य अर्थः |

वादः શબ્દ પણ વિવિધ સંદર્ભો સૂચવે છે; જમકે,

| | |
|---|---|
| = વાતચીત/પરસ્પર કથન | कुरु सं-वादम् |
| = વક્તવ્ય | अवगतः ते वादः |
| = ઉક્તિ | अवाच्य-वादान |
| = ઈતિહાસ | शाकुन्तलादीन् इतिहास वादान् |
| = ચર્ચા | वाद वादे |
| = ઉત્તર | कः त वादः ? |
| = સમજૂતી | संघर्षान्ते संवादः जातः |
| = નિષ્કર્ષ | परमाणुकारण वादम् |
| = અવાજ | वाद-नम्, वादकः |
| = વિખવાદ | अस्मद् गृहे नास्ति वि-वादः... |

આ બધું જોતાં **अनुवादः** દ્વારા, પુનરુલ્લેખ, દોહરાવ, અનુકરણ, નિન્દા, ભાષાન્તર વગેરે અનેક છાયાઓ ઘટે છે. **संस्कृत-अनुवादः** એ પ્રયોગ, કોઇ પણ અનુવાદની ચારુતા અને સમૃદ્ધિના સંદર્ભે ઉચિત લાગે છે... ॐ

# ...અનુવાદના પડકારો...

હર્ષદ દવે

ભાષા આપણા જીવનનું સહુથી વધારે મહત્ત્વનું પાસું છે. તે માણસો વચ્ચે પરસ્પર સંવાદનું મૂળભૂત માધ્યમ છે. ભાષાના વૈજ્ઞાનિક અભ્યાસને ભાષા-વિજ્ઞાન કહેવામાં આવે છે. ભાષાનો હેતુ આંતરિક વિચારો અને લાગણીઓને વ્યક્ત કરવાનો, જટિલ અને ગૂઢ વિષયોને સમજાવવાનો, બીજા લોકો સાથે સંવાદ સ્થાપિત કરવાનો, પોતાની ઇચ્છાઓ અને જરૂરિયાતોને પૂરી કરવાનો વગેરે છે. ભાષાનાં મૌખિક, શારીરિક, સાંકેતિક જેવાં ઘણાં રૂપો છે.

એક ધારણા પ્રમાણે વિશ્વમાં લગભગ ૫ થી ૭ હજાર ભાષાઓ છે. તેથી એ સ્વાભાવિક છે કે આ બધી ભાષાઓ શીખવી અને સમજવી કોઇ પણ વ્યક્તિ માટે અસંભવ છે. પણ એકબીજા સાથે સંપર્ક કરવો અને સંવાદ કરવો એ તો બધા માણસો માટેની પ્રાથમિક જરૂરિયાત છે. એટલે કોઇ એવી રીત હોવી જોઇએ કે જેના દ્વારા એકબીજાની ભાષા ન સમજવાવાળા લોકો પણ એકમેક સાથે સંવાદ કરી શકે અને અન્ય ભાષાઓમાં લખેલા પત્રો, સાહિત્ય વગેરેને પણ વાંચી શકે. આ જ છે અનુવાદની ભૂમિકા.

અનુવાદ બે ભાષાઓને જોડતા પુલ જેવો છે અને તેની મદદથી લોકો બીજી ભાષાઓની સામગ્રીને પોતાની ભાષામાં મેળવી શકે છે. અનુવાદ કોઇ એક ભાષામાં લખાયેલી અથવા બોલાયેલી વાતોને બીજી ભાષામાં બદલવાની  પ્રક્રિયા છે. અનુવાદ માનવ-જીવનના લગભગ પ્રત્યેક કાર્યક્ષેત્રમાં બહુ વધારે મહત્ત્વ ધરાવે છે અને ભાષા-વિજ્ઞાન, વેપાર, શિક્ષણ, કાયદો, ધર્મ, સાહિત્ય, સંચાલન, વહીવટ, સરકારી કામકાજ વગેરે અનેક ક્ષેત્રોમાં તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. પણ અનુવાદ કરવો એ ફક્ત એક ભાષાના શબ્દોને બીજી ભાષામાં બદલવા જેટલું મર્યાદિત કાર્ય નથી. હકીકતમાં તો તે અનુવાદનો માત્ર એક ભાગ છે. અનુવાદમાં ઉપયોગમાં લેવામાં આવતા શબ્દોની પસંદગી કરવી, વ્યાકરણના નિયમોનું પાલન કરવું અને સાંસ્કૃતિક સંદર્ભોનું ધ્યાન રાખવું પણ જરૂરી હોય છે. અનુવાદ ભૂલ વગરનો અને સ્પષ્ટ હોવો જોઇએ જેથી વાચકોને તે સમજવામાં મુશ્કેલી ન પડે અને જે કહેવાનો હોય તે સંદેશ સ્પષ્ટપણે વ્યક્ત થાય તેવો હોવો જોઇએ.

અનુવાદ વિશે કેટલીયે ભ્રામક ધારણાઓ પ્રચલિત છે. ઘણા લોકો એમ વિચારે છે કે એક ભાષામાંથી બીજી ભાષામાં કોઇ પણ વિગતનો અનુવાદ કરવા માટે એટલું જ પૂરતું છે કે વ્યક્તિ એ બંને ભાષા જાણતી હોય. બીજી ભ્રામક ધારણા એ છે કે અનુવાદમાં કેવળ એક ભાષામાં લખેલા શબ્દોને બીજી ભાષાના એ જ અર્થવાળા શબ્દોની સાથે બદલી નાખવાની જ જરૂર હોય છે, માટે કોઇ પણ વ્યક્તિ કેવળ એક શબ્દકોશની (ડીક્શનરીની) મદદથી કોઇ પણ ભાષામાં અનુવાદ કરી શકે. એવી જ એક બીજી એવી ભ્રામક ધારણા છેલ્લા થોડા સમયથી પ્રચલિત છે કે ઇન્ટરનેટ ઉપર પ્રાપ્ય કોઇ પણ મશીનટૂલની મદદથી તરત જ એકમાંથી બીજી ભાષામાં અનુવાદ થઇ શકે છે, એટલે હવે અનુવાદ કરવા માટે માણસોની જરૂર નથી રહી. હકીકતમાં જે લોકો એવી ભ્રામક ધારણાઓ પર ભરોસો રાખે છે તેમને અનુવાદના મહત્ત્વ અને અનુવાદપ્રક્રિયાની જટિલતાઓ અને પડકારોનો અનુભવ નથી. આવો, આપણે એ પડકારો વિશે સવિસ્તર ચર્ચા કરીએ. તમારી સગવડતા માટે આપણે

આ પડકારોને મુખ્ય બે વિભાગોમાં વહેંચી શકીએ છીએઃ ભાષાને લગતા પડકારો અને ટેક્નિકલ પડકારો.

ભાષાનો હેતુ સંવાદ સ્થાપિત કરવાનો છે. જો તે જ નિરર્થક થઇ જાય તો ભાષા નકામી બની જાય. એક સારા અનુવાદક માટે એ જરૂરી છે કે જે બે ભાષાઓનો ઉપયોગ કરીને તે અનુવાદ કરે છે તે બંને ભાષાઓને બોલવાવાળા લોકોની સંસ્કૃતિ, ઇતિહાસ અને માન્યતાઓ વગેરેથી પણ તે સુપરિચિત હોય. જો અનુવાદક એ બંને ભાષાઓમાં કુશળ નહીં હોય તો એવી સંભાવના વધારે રહે છે કે તે અભિપ્રેત સંદેશાને પોતાના અનુવાદના માધ્યમથી વ્યક્ત કરવામાં સફળ નહીં થઇ શકે. પ્રત્યેક ભાષાની પોતાની અનોખી રચના હોય છે. ભાષાની રચનાની અસર અનુવાદની સચોટતા અને સરળતા પર પણ થાય છે. જો ભાષા સરળ હોય તો તેનો અનુવાદ કરવો પણ એટલો જ સરળ થઇ જાય છે.

દાખલા તરીકે અંગ્રેજીનું એક સરળ વાક્ય જોઇએ : 'They Eat fruits.' જો આનો ગુજરીતમાં અનુવાદ કરવો હોય તો, શબ્દોનો ક્રમ બદલાઇ જશે અને આપણે આ રીતે લખવું પડશે : 'તેઓ ફળ ખાય છે.' પરંતુ જો કોઇ વ્યક્તિ કેવળ શબ્દકોશ અથવા મશીન ટૂલની મદદથી અંગ્રેજી શબ્દોને ગુજરાતીમાં બદલી નાખે તો તેનો અનુવાદ : 'તેઓ ખાય ફળ' થઇ જશે, જે વ્યાકરણની દૃષ્ટિએ પણ ખોટું છે અને વાંચવામાં પણ અસ્પષ્ટ છે. કલ્પના કરો કે જો તમે કોઇ નવલકથા ખરીદી હોય અને તેમાં આ રીતનો અનુવાદ કરેલાં વાક્યો જ લખેલાં હોય તો તમને કેવું લાગશે ? એવા અનુવાદમાં ભાષાનું સૌન્દર્ય નહીં જળવાઇ શકાયું હોય અને તમને તેનો અર્થ પણ બરાબર નહીં સમજાઇ શક્યો હોય.

આ જ રીતે સંયુક્ત શબ્દોનો સાચો અર્થ સમજવો એ પણ અનુવાદનું એક મહત્ત્વનું પાસું છે અને એનો અનુવાદ કરવો એ પણ એક પડકાર છે. સંયુક્ત શબ્દ બે અથવા વધારે શબ્દોનો મળીને બનેલો શબ્દ હોય છે, પરંતુ તેનો અર્થ સામાન્યપણે તેમાંના કોઇ પણ શબ્દોના અર્થ કરતાં જુદો હોય છે. દાખલા તરીકે અંગ્રેજીમાં એક શબ્દ છે 'BookWorm' અથવા ગુજરાતીમાં 'પુસ્તકીય કીડો'. પરંતુ તેનો આશય કોઇ પુસ્તક કે કીડા સાથે નથી, પરંતુ એ એવી વ્યક્તિ માટે વાપરવામાં આવે છે જેને પુસ્તકો વાંચવાનો જબરો શોખ હોય, આ રીતે અંગ્રેજી શબ્દ 'deadline' નો અર્થ કોઇ મૃત વ્યક્તિ કે રેખા અથવા પંક્તિ વિશે નથી. પરંતુ 'કોઇ પણ કાર્ય માટે સ્વીકાર્ય હોય તેવી અંતિમ તારીખ' અથવા 'સમયમર્યાદા' એવો થાય છે. બીજું એક ઉદાહરણ જોઇએ : 'butterfly' નો અર્થ પતંગિયું થાય છે, માખણ (butter) કે (fly) માખી નહીં. એ જ રીતે જ્યારે આપણે 'ગુલાબજાંબુ' કહીએ છીએ ત્યારે તે એક મીઠાઇના સંદર્ભમાં કહીએ છીએ, ત્યારે આપણે તેમાં ગુલાબનું ફૂલ અથવા જાંબુના ફળની વાત નથી કરતા હોતા.

રૂઢિપ્રયોગો અને કહેવતોનો અનુવાદ કરવો કદાચ સહુથી મુશ્કેલ કાર્ય છે. તેનો અનુવાદ કરવા માટે એ ભાષા સાથે જોડાયેલી સંસ્કૃતિથી પરિચિત હોઇએ તો તેથી વધારે મદદ મળે છે. એ ધ્યાન રાખવું પણ જરૂરી છે કે તેનો અનુવાદ શબ્દશઃ કરવામાં નથી આવતો, તેને બદલે અનુવાદકે બીજી બીજી ભાષામાં એ જ અર્થવાળો કોઇ રૂઢિપ્રયોગ કે એને મળતી કોઇ કહેવત શોધવાનો પ્રયત્ન

કરવો જોઇએ. દાખલા તરીકે અંગ્રેજી કહેવત 'A bad workman blames his tools' નો શબ્દશઃ અનુવાદ કરીને તેને 'એક અણઘડ કારીગર પોતાનાં ઓજારોનો વાંક કાઢે છે.' લખવામાં આવે તો તેમાં મૂળ ભાવના જ વ્યક્ત નહીં થઇ શકે અને અનુવાદ નિરર્થક બની જશે. એટલે ગુજરાતીમાં તેનો અનુવાદ કરતી વખતે 'નાચ ન જાને આંગન ટેઢા' (નાચવું ન હોય તો આંગણું વાંકું) રૂઢિપ્રયોગનો ઉપયોગ કરવો જોઇએ.

આ રીતે વ્યંગ્યોક્તિનો (કટાક્ષ/વક્રોક્તિ) અનુવાદ કરવો એ પણ આવો એક પડકાર જ છે. વ્યંગ્ય એવી ટીકા કે ભાવ વ્યક્ત કરવાની ધારદાર રીત છે કે જેમાં સામાન્યપણે જે કહેવામાં આવી રહ્યું હોય તેનાથી ઊલટો જ અર્થ વ્યક્ત થતો હોય છે. જો વ્યંગ્યનો પણ શબ્દશઃ અનુવાદ કરવામાં આવે તો તેનો અર્થ માર્યો જાય છે કારણ કે અનુવાદ દ્વારા જે સંદેશો અભિવ્યક્ત થશે તેનો અર્થ જે કહેવાનું હોય તેનાથી ઊલટો જ હશે. આવો જ પડકાર પદ્યના અનુવાદમાં પણ ઊભો થાય છે કારણ કે કાવ્યમાં મોટે ભાગે શબ્દોનો ક્રમ ગદ્ય કરતાં જુદો જ હોય છે અને ઘણીવાર તેમાં ગર્ભિત અર્થ (અધ્યાહાર) પણ હોય છે. એ સ્વાભાવિક છે કે કોઇ પણ મશીન ટૂલ વાસ્તવિક અનુવાદકની મદદ વગર સચોટ અનુવાદ ન કરી શકે. ટૂંકમાં,આપણે એમ કહી શકીએ કે અનુવાદમાં ફક્ત શબ્દાર્થ ઉપર નહીં, પરંતુ ભાવાર્થ પર પણ ધ્યાન આપવું જરૂરી છે.

અનુવાદ કરતી વખતે એ વાતનું ધ્યાન રાખવું પણ જરૂરી છે કે જુદા જુદા સંદર્ભોમાં એક જ શબ્દના એકથી વધારે અર્થ થઇ શકે છે. એટલે સંદર્ભને સમજવો અને તે મુજબ સહુથી વધારે બંધબેસતો હોય તેવા યોગ્ય અર્થની પસંદગી કરવી એ મહત્ત્વની બાબત બની જાય છે, નહીં તો અર્થનો અનર્થ થઇ શકે છે. ઉદાહરણ તરીકે અંગ્રેજી શબ્દ 'leave' નો અર્થ 'છોડવું' અથવા 'રજા' બંને થઇ શકે છે, 'left' શબ્દ માટે 'ડાબું', 'બચેલું છાંડેલું ત્યજેલું વામમાર્ગી' વગેરે જુદા જુદા અર્થો છે અને 'Quarter' શબ્દનો ઉપયોગ 'પા' 'ચોથો ભાગ' 'રહેઠાણ' 'ત્રિમાસી' વગેરે અનેક અર્થોમાં થઇ શકે છે. જો અનુવાદક સંદર્ભનું ધ્યાન રાખ્યા વગર આ શબ્દોના કોઇ પણ અર્થનો ઉપયોગ કરે તો અનુદિત વાક્ય આખેઆખું ખોટો સંદેશો આપી શકે અથવા તો તે નિરર્થક પણ બની શકે છે.

અનુવાદ કરતી વખતે એ વાતનું પણ ધ્યાન રાખવું જરૂરી છે કે અનુવાદ કયા વય-જૂથના લોકો, વ્યવસાયિક વર્ગના લોકો માટે કરવામાં આવી રહ્યો છે. તેના આધારે યોગ્ય શબ્દોની પસંદગી અને શૈલીની પસંદગી કરવી એ મહત્ત્વની બાબત છે. બાળકોને લગતા કોઇ પુસ્તકનો અનુવાદ કરતી વખતે જે શૈલીનો ઉપયોગ કરવામાં આવે તે કોઇ કાયદેસરના દસ્તાવેજના અનુવાદની શૈલી કરતાં જુદી જ રહેશે. તે જ રીતે કોઇ નવલકથા કે કવિતાનો અનુવાદ કરતી વખતે જે શૈલીનો ઉપયોગ કરવામાં આવે તેના કરતાં કોઇ ઉત્પાદનના ઉપયોગને લગતી સૂચનાઓનો અનુવાદ કરવાની શૈલીનો ઉપયોગ અલગ જ રહેશે.

આ વાતોનો વિચાર કરવાથી એ સ્પષ્ટ થઇ જાય છે કે ઉપર આપણે અનુવાદ વિશે જે પ્રચલિત ધારણાઓની ચર્ચા કરી હતી તે કેટલી ભ્રામક છે અને તેના પર ભરોસો કરવો હકીકતમાં

નુકસાનકારક સાબિત થઇ શકે છે. આવો, હવે ટેક્નિકલ પડકારોની ચર્ચા કરીએ.

અનુવાદના ક્ષેત્રના પડકારોમાં એક મહત્ત્વનું પાસું ટેક્નિકલ પડકારો સાથે સંકળાયેલું છે. કમ્પ્યૂટર, સોફ્ટવેર, ઇન્ટરનેટ અને તેની સાથે જોડાયેલી ટેક્નિકલ પ્રક્રિયાના વિકાસ અને વિસ્તારને કારણે હવે અનુવાદની પરંપરાગત પદ્ધતિમાં ઘણાં મોટાં મોટાં પરિવર્તનો થયાં છે. હવે અનુવાદનું કામ પહેલાંની જેમ કાગળ અને કલમથી નહીં પણ કમ્પ્યૂટરની મદદ વડે કરવામાં આવે છે. પરંપરાગત શબ્દકોશોનું સ્થાન હવે ઓનલાઇન શબ્દકોશ લઇ લેવા લાગ્યા છે, કમ્પ્યૂટર અસિસ્ટેડ ટ્રાન્સલેશન (CAT) જેવાં સાધનો અથવા સોફ્ટવેરનો ઉપયોગ પણ થવા લાગ્યો છે. ચોક્કસપણે, પરંપરાગત સાધનો અને પદ્ધતિઓની સરખામણીમાં તેના પોતાના લાભ છે, પરંતુ એ પણ હકીકત છે કે એની સાથે જોડાયેલા કેટલાક ટેક્નિકલ પડકારોનો સામનો કરવાનો આવે છે જે પરંપરાગત અનુવાદ પદ્ધતિમાં ન હતા.

કમ્પ્યૂટર અસિસ્ટેડ ટ્રાન્સલેશન (CAT) અનુવાદ કરવાની એવી રીત છે જેમાં વાસ્તવિક અનુવાદક (માણસ) એક કમ્પ્યૂટર સોફ્ટવેરની મદદથી અનુવાદ કરે છે, એટલે કે મશીન પોતે અનુવાદ નથી કરતું, પરંતુ તે અનુવાદકાર્યમાં માણસની મદદ કરે છે. કમ્પ્યૂટર અસિસ્ટેડ ટ્રાન્સલેશનમાં (CAT) પ્રમાણિત શબ્દકોશ અને વ્યાકરણને લગતા સોફ્ટવેર હોઇ શકે છે. તેની સાથે, તેમાં ટ્રાન્સલેશન મેમરી (અનૂદિત વાક્યોની સ્મૃતિ) પણ હોય છે, જેમાં સ્રોત ભાષાનું પ્રત્યેક વાક્ય અને અનુવાદક દ્વારા થનારા તેના અનુવાદનો સંગ્રહ કરી લેવામાં આવે છે જેથી આગળ ઉપર જ્યારે ક્યાંય પણ તે સ્રોત વાક્યનો અનુવાદ કરવાનો આવે ત્યારે અનુવાદકે ફરીને તેનો અનુવાદ ન કરવો પડે. તેને બદલે ટ્રાન્સલેશન મેમરી જાતે જ તે અનુવાદ કરી આપે. આથી અનુવાદની ઝડપ વધે છે, પરંતુ તેને કારણે મુશ્કેલી ત્યારે આવી શકે કે જ્યારે એક જ શબ્દ કે વાક્ય જુદા જુદા અર્થોમાં આવતું હોય. તેથી જ અનુવાદકોએ તેની મદદ તો લેવી જોઇએ, પરંતુ તેના પર સંપૂર્ણપણે આધારિત ન થઇ જવું જોઇએ.

એ સ્પષ્ટ છે કે કમ્પ્યૂટર અસિસ્ટેડ ટ્રાનસલેશન (CAT) ટૂલ ઝડપથી અને સારી ગુણવત્તાવાળો અનુવાદ કરવામાં માણસોની મદદ કરે છે પરંતુ વાસ્તવમાં આ ઉપકરણ જાતે અનુવાદ નથી કરતું. કોઇ સોફટવેર દ્વારા કરવામાં આવતો અનુવાદ મશીન ટ્રાન્સલેશન કહેવાય છે. આ પ્રક્રિયામાં એક કમ્પ્યૂટર પ્રોગ્રામ સ્રોત ભાષાની વિગતનું વિશ્લેષણ કરે છે અને સૈદ્ધાંતિક રીતે, માણસના હસ્તક્ષેપની આવશ્યકતા વગર લક્ષ્ય ભાષામાં તે વિગતનો અનુવાદ કરી આપે છે. જો કે ઉપર આપણે જે જે ભાષાકીય પડકારો (વાક્યની રચના, રૂઢિપ્રયોગો, સંયુક્ત શબ્દો, અનેકાર્થી શબ્દો વગેરે) ની ચર્ચા કરી છે તેને લીધે કોઇ પણ સોફટવેર અથવા મશીન હજુ સચોટ અનુવાદ કરી શકવા માટે સક્ષમ કે સમર્થ નથી. એટલા માટે આવાં બધાં મશીન અનુવાદોને માણસો વડે તપાસવાની અને સંપાદિત કરવાની જરૂર પડે છે.

આ ઉપરાંત CAT ટૂલ્સ સાથે જોડાયેલા કેટલાક બીજા ટેક્નિકલ પડકારો પણ છે. અલગ અલગ કંપનીઓ દ્વારા એવાં કેટલાંય સોફ્ટવેર વિકસાવવામાં આવ્યાં છે. મોટેભાગે તે એકબીજા

સાથે સુસંગત નથી હોતાં. એટલે કે એક CAT ટૂલમાં ઉપયોગ કરવામાં આવેલી ટ્રાન્સલેશન મેમરી, ટર્મબેઝ (શબ્દકોશ) અને અનુવાદ માટે બનાવવામાં આવેલી સ્રોત ફાઇલ સામાન્ય રીતે ફક્ત એ જ CAT ટૂલનો ઉપયોગ કરીએ તો જ ખોલી શકાય છે, કોઇ બીજા CAT ટૂલમાં નહીં. આવી રીતે તેમની સુસંગતતા ઓપરેટિંગ સિસ્ટમ (વિન્ડોસ, મેક, લિનક્સ વગેરે) મુજબ અલગ અલગ રીતની હોઇ શકે છે. જુદી જુદી કંપનીઓ અને અનુવાદ એજન્સીઓ પોતપોતાના અગ્રતાક્રમ અને જરૂરિયાત મુજબ પોતાનાં ટૂલ્સની પસંદગી કરે છે. એ બધાં ટૂલ્સને ખરીદવાનો અને તેનો ઉપયોગ કરતાં શીખવાનો પણ અનુવાદકો માટે એક પડકાર હોય છે. આ ઉપરાંત વિભિન્ન પ્રકારના ફોન્ટ (યૂનિકોડ અને યૂનિકોડ ન હોય તેવા), કીબોર્ડ, લેઆઉટ વગેરે શીખવું પણ આવશ્યક બની જાય છે. એવી આશા સેવવામાં આવે છે કે ટેક્નિકલ ક્ષેત્રમાં થઇ રહેલી એકધારી પ્રગતિને લીધે નજીકના ભવિષ્યમાં કદાચ આ પડકારોને સંપૂર્ણપણે પહોંચી વળી શકાશે, પરંતુ હાલ પૂરતો સહુથી શ્રેષ્ઠ ઉપાય એ જ છે કે અનુવાદક આ ક્ષેત્રમાં સહુથી વધારે લોકપ્રિય અને પ્રચલિત ઓપરેટિંગ સિસ્ટમ, CAT ટૂલ્સ, ફોન્ટ, કીબોર્ડ, લેઆઉટ વગેરે વિશે માહિતી મેળવે અને એ બધાંનો ઉપયોગ કરતાં શીખી લે. ભલે આ આદર્શ ઉપાય ન હોય, પરંતુ અત્યારે તો આ ટેક્નિકલ પડકારોનો સામનો કરવા માટે ખપ જોગો અને હાથવગો એકમાત્ર ઉપાય આ જ છે.

ટૂંકમાં આપણે એમ કહી શકીએ કે અનુવાદના પડકારોને પહોંચી વળવા માટે અનુવાદકમાં ઓછામાં ઓછા નીચે દર્શાવેલા ગુણ હોવા જરૂરી છે. :

જે ભાષામાંથી અનુવાદ કરવામાં આવી રહ્યો છે (સ્રોત ભાષા) અને જે ભાષામાં અનુવાદ થઇ રહ્યો છે (લક્ષ્ય ભાષા), એ બંને ભાષાઓમાં કૌશલ્ય.

બંને ભાષાઓની રચના, વ્યાકરણ, સામાજિક-સાંસ્કૃતિક-ઐતિહાસિક સંદર્ભોની માહિતી તથા સમજણ.

એ વાતને સમજવાની ક્ષમતા કે ક્યારે શબ્દશઃ અનુવાદ કરવો જોઇએ અને ક્યારે શબ્દાર્થ કરતાં વધારે ધ્યાન ભાવાર્થ ઉપર આપવું જોઇએ. જુદાં જુદાં CAT ટૂલ્સ અને તેને લગતાં ટેક્નિકલ પાસાંઓ જેવાં કે ફોન્ટ અને કીબોર્ડ તથા લેઆઉટ વગેરેની માહિતી તથા તેમાં કામ કરવાનો અનુભવ.

આ જરૂરિયાતોને સંપૂર્ણપણે પૂરી કરવી એટલા માટે અનિવાર્ય છે કે અનૂદિત સામગ્રી ફક્ત અભિપ્રેત સંદેશને પૂરેપૂરો અભિવ્યક્ત કરી શકે એટલું જ નહીં, પરંતુ ભાષાના સૌન્દર્યને પણ જાળવી રાખી શકે. આ પડકારો ભલે કઠિન લાગતા હોય, પરંતુ તેને પહોંચી વળવાનું અશક્ય નથી. સકારાત્મક અને વ્યાવહારિક દૃષ્ટિકોણ તથા નિરંતર પ્રયાસ દ્વારા દરેક પડકારોને પહોંચી વળવું શક્ય બને છે.

**''ગુજરાત સાહિત્ય અકાદમી'' નું મુખપત્ર**
**''શબ્દ સૃષ્ટિ'' નવેમ્બર-૨૦૨૩ના દીપોત્સવી વિશેષાંક**
**''અનુવાદ : એક અનિવાર્ય સેતુકાર્ય''માંથી આ બંને લેખો સાભાર**

## ...ગ્રંથ વિષય દર્શન...

૧. **સકલાર્હત્ વંદના** :- શ્રી સકલાર્હત્ સ્તોત્રના શ્લોકોનું ગુજરાતી હરિગીત છંદમાં થયેલ અદ્ભૂત અનુવાદ

૨. **વિતરાગ સ્તોત્ર ૧૬/૧૭ પ્રકાશ** :- કલિકાલ સર્વજ્ઞશ્રી દ્વારા રચિત વિતરાગ સ્તોત્રના બે પ્રકાશ પ્રભુ ભક્તિથી ભરપૂર છે. તેનો હરિગીતછંદમાં ચિત્ત આકર્ષક અનુવાદ

૩. **વિમલ સ્તુતિ** :- ઉપમિતિ ભવપ્રપંચા કથા અંતર્ગત ૧ પાત્ર છે વિમલરાજકુમાર, તે પ્રભુની સ્તુતિ કરે છે. તેનો મનોહર આ અનુવાદ પૂજ્યશ્રીના પરમમિત્ર પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજની પ્રેરણાથી થયો છે અને તેઓશ્રીએ જ પૂર્વે પ્રકાશિત કરેલ છે.

૪. **સાધારણ જિન સ્તવન** :- શ્રી કુમારપાલ ભૂપાલ રચિત સંસ્કૃત આત્મનિંદા બત્રીસીનો ગુજરાતી હરિગીત છંદમાં રચિત આ અનુવાદ પૂર્વ પ્રકાશિત છે. જેને ગાતા આપણને પણ આત્મનિંદા કરવા પ્રેરે તેવો છે.

૫. **કુસુમાંજલિ** :- શ્રી અર્હદ્ મહાપૂજન તેમજ અંજનશલાકા વિધાનમાં આ ૨૫ કુસુમાંજલિનું વિધાન આવે છે. તેના શ્લોકોનું અર્થગાંભિર્ય અદ્ભૂત છે પણ રચના એટલી જ ક્લિષ્ટ એથી એનો હાર્દ સમજવા કરાયેલ આ સ્તવના સ્વરૂપ અનુવાદ, પૂર્વે પૂજ્યશ્રીના કલ્યાણમિત્ર પૂજ્ય આચાર્યશ્રી શીલચંદ્રસૂરિજી મહારાજ દ્વારા પ્રકાશિત થયેલો છે.

૬. **ઋષભની શોભા શી કહું ?** :- જૈન શાસનમાં અતિ સુપ્રસિદ્ધ આ રચના પૂજ્યશ્રીના મિત્ર પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજે આ પ્રાકૃત સ્તોત્ર પૂજ્યશ્રીને આપી અને એની ઉપરથી ગુજરાતીમાં રચના કરવા પ્રેરણા કરી, એમાંથી સર્જાઇ આ સુંદર રચના.

૭. **ઋષભ કુંતલ પંચ વિંશતિકા** :- પ્રભુ શ્રી આદિનાથ દાદાએ દીક્ષા સમયે ઈન્દ્ર મહારાજની વિનંતીથી ચતુર્મુષ્ટિ લોચ કર્યો અને ૧ મુષ્ટિ કેશ બાકી રાખ્યા, એ કેશ કેવા શોભે છે ? કેવા મનોહર છે ? એનું અદ્ભૂત વર્ણન આ સંસ્કૃત કાવ્યમાં છે, તેનું એવો જ મનોહર ગુજરાતી અનુવાદ પૂજ્યશ્રીએ કર્યો છે.

૮. **ભક્તામર ગીત** :- શ્રી ભક્તામર સ્તોત્રના શ્લોકોની ગુજરાતીમાં વિવિધ છંદ-રાગમય ૪૪ કાવ્યો ગીતોની રચના, આપણને ભાવવિભોર બનાવવા સક્ષમ છે.

૯. **ઋષભ પંચાશિકા** :- શ્રી ઋષભદેવ પરમાત્માના મહિમાને વર્ણવતા પ્રાચીન પ્રાકૃત કાવ્યનું, ગુજરાતી હરિગીત છંદ માં થયેલ અનુવાદ, પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજે સ્વતંત્ર પુસ્તિકા રૂપે ભાવાનુવાદ સહિત પ્રકાશિત કરેલ એવી છે પૂજ્યશ્રીની મહાનિઃસ્પૃહતા.

૧૦. **કલ્યાણમંદિર ગીત** :- કલ્યાણ મંદિર સ્તોત્ર ઉપર ગુજરાતીમાં વિવિધ રાગ-છંદમય આ ગીતો, ગાતી વખતે આપણને પ્રભુભક્તિ મય બનાવે એવા છે.

૧ ખાસ વાત :- આ પુસ્તક છપાય છે ત્યાં સુધીમાં પૂજ્યશ્રીની આ છેલ્લી રચના છે.

૧૧. **શ્રી ગોડી પાર્શ્વનાથ સ્તોત્ર** :- પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ રચિત આ સ્તોત્ર છે. જેમાં કુલ ૧૦૮ શ્લોકો છે. તે રચના હાલમાં ખંડિત મળે છે. તે સ્તોત્રના ખૂટતા શ્લોકો શાસનસમ્રાટ સમુદાયના પૂજ્ય આચાર્ય શ્રી અમૃતસૂરીશ્વરજી મહારાજે રચ્યા છે અને પૂજ્ય આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજની પ્રેરણાથી સંવત ૨૦૫૨ ની સાલે પૂજ્યશ્રીએ મૂળ શ્લોકના = ૭૧ શ્લોકના સમશ્લોકી અનુવાદ કર્યો છે.

આમાં પ્રયોજાયેલા છંદો = બહુલતાએ શિખરીણી, દ્રુતવિલંબિત, સ્રગ્ધરા, ઉપજાતિ, સુંદરિ, ભુજંગપ્રયાત, તોટક વૃત્ત, પૃથ્વી છે.

૧૨. **૧૮ અભિષેક કાવ્યો** :- પ્રાચીન પૂર્વર્ષિઓ દ્વારા રચાયેલ ૧૮ અભિષેકના સંસ્કૃત શ્લોકોનો ભાવાર્થ - રહસ્યાર્થ ઉજાગર કરતી ગુજરાતી હરિગીત છંદમાં અનુવાદિત આ રચના પૂર્વે વિવિધ પુસ્તકોમાં પ્રકાશિત થઇ છે.

૧૩. **શાંત સુધારસ** :- પૂજ્ય ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજ રચિત સંસ્કૃતમાં અતિ અદ્ભૂત શાંતરસના વર્ણન સ્વરૂપ ૧૬ ભાવના વર્ણવતો ગ્રંથ. આ ગ્રંથ પૂજ્યશ્રીને અતિપ્રિય, - પોતાની તબિયતની અસ્વસ્થતામાં રાતના જ્યારે ઉંઘ ન આવે ત્યારે તેની ઉપર ચિંતન કરતાં, એવામાં મધરાતના સમયે સ્વયંભૂ સ્ફુરેલો આ સમશ્લોકી અનુવાદ, આપણને અદ્ભૂત સમાધિ અર્પે એવો છે અને એનું શાસ્ત્રીય રાગોમાં શાસ્ત્રીય કલાકારો દ્વારા કરાયેલાં ગાન ની C.D. પણ ભદ્રંકર પ્રકાશન દ્વારા પ્રકાશિત થઇ છે અને સ્વતંત્રપણે પુસ્તક પણ પ્રકાશિત થયું છે.

૧૪. **વૈરાગ્યકલ્પલતા-વૈરાગ્યરતિ** :- પૂ. ઉપા.શ્રી યશોવિજયજી મહારાજ દ્વારા રચિત આ ગ્રંથોમાં પ્રકૃતિ વર્ણનના ખજાના રસભરપૂર શ્લોકોનો ગીત અનુવાદ પૂજ્યશ્રી દ્વારા થયો છે.

૧૫. **શિશુપાલવધ કાવ્ય** :- શિશુપાલવધ કાવ્યના ૧ શ્લોકનું ગુજરાતી કાવ્ય અનુવાદ અહીં પ્રકાશિત છે.

૧૬. **વિવિધ ચૈત્યવંદનો** :- દૈનિક આરાધના અંતર્ગત પ્રભુના ચૈત્યવંદનો આપણે બોલીએ છીએ તેમાંથી પાંચ ચૈત્યવંદનો નો સમશ્લોકી સંસ્કૃતાનુવાદ કરાયો છે અને તે **નિ:શ્રેયસમ્** છ માસિક સંસ્કૃત પત્રમાં પ્રકાશિત થયેલ છે.

૧૭. **વિવિધ સ્તવનો :-** વિવિધ પ્રાચીન મહાત્માઓ દ્વારા રચિત સ્તવનોને તે જ રાગમાં સમશ્લોકી સ્તવનાનુવાદ આશ્ચર્યકારક છે,તે પૂર્વે નન્દનવન કલ્પતરૂ/નિઃશ્રેયસમ્ સંસ્કૃત પત્રમાં પ્રકાશિત થયેલ છે.

૧૮. **શ્રી યશોવિજયજી કૃત ચોવિશી :-** પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજની સ્તવન ચોવિશીનો સમશ્લોકી સંસ્કૃતાનુવાદ દરેક સંસ્કૃત પ્રેમીના હૃદયના તાર રણઝણાવે તેવો મનોહર છે. નન્દનવન કલ્પતરૂ સંસ્કૃત પત્રમાં પૂર્વે પ્રકાશિત થયેલ છે.

૧૯. **વિવિધ થોયો :-** પ્રાચિન મહાત્માઓ દ્વારા રચિત બે થોયોનું તે જ રાગમાં થયેલું સંસ્કૃત રૂપાંતર આપણને પૂજ્યશ્રીની મેધા પ્રત્યે અહોભાવિત કરવા સમર્થ છે. તે પૂર્વે નિઃશ્રેયસમ્ સંસ્કૃત પત્રમાં પ્રકાશિત છે.

૨૦. **વિખ્યાત લેખક શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ** દ્વારા આલેખિત ''પ્રાપ્તિ અને તૃપ્તિ'' નામના ગુજરાતી લેખનો પૂજ્યશ્રી દ્વારા ગુરૂ ભગવંતની આજ્ઞાથી સંસ્કૃતાનુવાદ કરાયો. તેમાં વિશેષતા એ છે કે ગુજરાતી લેખ ગદ્ય સ્વરૂપે છે, સંસ્કૃતાનુવાદ પદ્ય સ્વરૂપે છે. છતાં પણ તેની રચના શૈલી ગદ્યવત્ છે. સમર્થ રચનાકાર સિવાય આવી રચના કરવી દુઃશક્ય છે.



## ...ગ્રંથ પ્રકાશન નિમિત્ત...

પૂજ્યશ્રીના સંસારી પિતાજી મહારાજ તથા
ગુરુ મહારાજ પરમપૂજ્ય ઉપાધ્યાયજી શ્રી મહાયશવિજયજી
મહારાજની સમાધિમંદિર સ્વરૂપ નવાડીસા (બનાસકાંઠા) મધ્યે નવનિર્મિત
ગુરૂમંદિરમાં પાવન પગલાની પ્રતિષ્ઠા નિમિત્તે પૂજ્ય ઉપાધ્યાયજી ભગવંતની
ઉપકારોની દિવ્યસ્મૃતિમાં...

વિ.સં. ૨૦૮૦,ફાગણ સુદ-૪, બુધવાર, તા. ૧૩-૩-૨૦૨૪

## ...વિષયાનુક્રમ...

### સંસ્કૃતનો ગુજરાતી અનુવાદ


૧) શ્રી સકલાર્હત્ વંદના ........ ૨-૯
૨) શ્રી વિતરાગ સ્તોત્ર ૧૬-૧૭ પ્રકાશ ........ ૧૦-૧૩
૩) શ્રી વિમલ સ્તુતિ........ ૧૪-૨૩
૪) શ્રી સાધારણ જિન સ્તવનમ્ ........ ૨૪-૩૩
૫) કુસુમાંજલિ ........ ૩૪-૧૩૩
૬) ઋષભની શોભા શી કહું ?........ ૧૩૪-૧૩૯
૭) ઋષભના કુંતલની પંચવિંશતિકા........ ૧૪૦-૧૫૫
૮) શ્રી ભક્તામર + ગીત........ ૧૫૬-૧૭૫
૯) શ્રી ઋષભ પંચાશિકા ........ ૧૭૬-૧૮૭
૧૦) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર........ ૧૮૮-૨૧૩
૧૧) શ્રી ગોડી પાર્શ્વનાથ સ્તોત્ર........ ૨૧૬-૨૪૭
૧૨) ૧૮ અભિષેક કાવ્યો........ ૨૪૮-૨૫૫
૧૩) શ્રી શાંત સુધારસ........ ૨૫૬-૩૨૧
૧૪) વૈરાગ્ય કલ્પલતા........ ૩૨૨-૩૨૯
૧૫) શિશુપાલવધ કાવ્યનો એક શ્લોક ........ ૩૩૦-૩૩૧


### ગુજરાતીનો સંસ્કૃત અનુવાદ


૧૬) વિવિધ ચૈત્યવંદનો........ ૩૩૨-૩૩૫
૧૭) વિવિધ સ્તવનો ........ ૩૩૬-૩૪૯
૧૮) શ્રી યશોવિજયજીકૃત ચોવિશી........ ૩૫૦-૩૭૫
૧૯) વિવિધ થોયો........ ૩૭૬-૩૭૭
૨૦) શ્રી વસંતલાલ કાંતિલાલજીનો 'પ્રાપ્તિ અને તૃપ્તિ' લેખ........ ૩૭૮-૩૮૦

ढ छ इ प क

ग ऊ ख थ ट

ण च ज आ न

अ ड झ घ उ ई

ચ ઠ અ પ

થ ત ઊ ડ ગ

જ ખ ઝ છ ઈ ઉ

ણ ઘ

ક ટ આ ઇ

* સંસ્કૃતનો ગુજરાતી અનુવાદ *

# श्री सकलाऽर्हत् स्तोत्र

सकलाऽर्हत्प्रतिष्ठान-मधिष्ठानं शिवश्रियः ।
भूर्भुवः-स्वस्त्रयीशान-मार्हन्त्यं प्रणिदध्महे ॥१॥

नामाऽऽकृतिद्रव्यभावैः, पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥२॥

आदिमं पृथिवीनाथ-मादिमं निष्परिग्रहम् ।
आदिमं तीर्थनाथं च, ऋषभस्वामिनं स्तुमः ॥३॥

अर्हन्तमजितं विश्व-कमलाकरभास्करम् ।
अम्लानकेवलाऽऽदर्श-सङ्क्रान्तजगतं स्तुवे ॥४॥

विश्वभव्यजनाराम-कुल्यातुल्या जयन्ति ताः।
देशनासमये वाचः, श्रीसंभवजगत्पतेः ॥५॥

अनेकान्तमताम्भोधि-समुल्लासनचन्द्रमाः ।
दद्यादमन्दमानन्दं, भगवानभिनन्दनः ॥६॥

द्युसत्किरीटशाणाग्रोत्तेजिताङ्घ्रिनखावलिः ।
भगवान् सुमतिस्वामी, तनोत्वभिमतानि वः ॥७॥

# સકલાર્હત્ વંદના–અનુવાદ

**✻ હરીગીત છંદ ✻**

જે દેહધારી અર્હતોમાં નિત પ્રતિષ્ઠિત થઇ રહ્યું,
ને મુક્તિ લક્ષ્મી કેરૂં જેને મૂળ આધાર જ કહ્યું.
ત્રણ લોક કેરા અણુ અણુએ જેનું શાસન શિર વહ્યું,
તે વિશ્વપતિ આર્હંત્યને હું ભાવથી વંદન કરૂં...૧

જે નામ-થાપન-દ્રવ્યને વળી ભાવરૂપે વિસ્તરે,
ત્રણ લોકને ત્રણ કાળમાં સહુ ક્ષેત્ર સમયે સંચરે.
આ ચાર નિક્ષેપે નિરંતર સર્વને પાવન કરે,
તે જગતપતિ અર્હંતને હું ભાવથી વંદન કરૂં...૨

જે નાથ યુગની આદિમાં સહુ પ્રથમ રાજેશ્વર હતા,
સંસાર ત્યાગી નાથ જે પહેલા મહાવ્રતધર હતા.
ને ધર્મના આદિ પુરૂષ જે પ્રથમ તીર્થંકર હતા,
તે આદિનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...૩

જે ભવ્યરૂપી કમળવનને ખીલવે સૂરજ સમા,
ને સંક્રમે જગ જેમના કૈવલ્ય કેરા કાચમાં.
સ્તવનીય જે અર્હંત છે ઇક્ષ્વાકુ કુળના ચંદ્રમા,
તે અજિતનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...૪

જેની વિજયવંતી વહીતી વાણી મધુરા રાગમાં,
જળનીક જેવી જગતના સહુ ભવ્યરૂપી બાગમાં.
જેને ન'તા આ વિશ્વમાં કોઇ ગમા કે અણગમા,
તે દેવ સંભવનાથને હું ભાવથી વંદન કરૂં...૫

સોળે કળાથી પૂર્ણ શીતળ શરદ શશધરની પરે,
સ્યાદ્વાદ મતનો દિવ્ય ઉદધિ જેહ ઉલ્લાસિત કરે.
જેના પ્રભાવે વિશ્વમાં આનંદ અતિશય વિસ્તરે,
તે અભિનંદન દેવને હું ભાવથી વંદન કરૂં...૬

મારે ઝગારા દેવતાના મણિમુકુટની શાણપર,
ઉજળા કરેલા જેમના પદ અંગુલિના નખ નિકર.
પૂરે મનોરથ સર્વના જે સર્વદા સ્વામિપ્રવર,
તે સુમતિનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...૭

पद्मप्रभप्रभोर्देह-भासः पुष्णन्तु वः श्रियम् ।
अन्तरङ्गारिमथने, कोपाटोपादिवारुणाः ॥८॥

श्रीसुपार्श्वजिनेन्द्राय, महेन्द्रमहिताङ्घ्रये ।
नमश्चतुर्वर्णसङ्घ-गगनाभोगभास्वते ॥९॥

चन्द्रप्रभप्रभोश्चन्द्र-मरीचिनिचयोज्ज्वला ।
मूर्तिर्मूर्तसितध्यान-निर्मितेव श्रियेऽस्तु वः ॥१०॥

करामलकवद्विश्वं, कलयन् केवलश्रिया ।
अचिन्त्यमाहात्म्यनिधिः, सुविधिर्बोधयेऽस्तु वः ॥११॥

सत्त्वानां परमानन्द-कन्दोद्भेदनवाम्बुदः ।
स्याद्वादामृतनिःस्यन्दी, शीतलः पातु वो जिनः ॥१२॥

भवरोगाऽऽर्त्तजन्तूनामगदङ्कारदर्शनः ।
निःश्रेयसश्रीरमणः, श्रेयांसः श्रेयसेऽस्तु वः ॥१३॥

विश्वोपकारकीभूत-तीर्थकृत्कर्मनिर्मितिः ।
सुरासुरनरैः पूज्यो, वासुपूज्यः पुनातु वः ॥१४॥

विमलस्वामिनो वाचः, कतकक्षोदसोदराः ।
जयन्ति त्रिजगच्चेतो-जलनैर्मल्य-हेतवः ॥१५॥

સંઘર્ષ આંતર શત્રુઓથી છેડતાં ક્રોધે કરી,
જાણે થયેલી હોય લાલમ લાલ આભાથી ભરી.
તે કંકુવરણી કાય જેની વિશ્વની મંગલકરી,
તે દેવ પદ્મપ્રભ પ્રભુને ભાવથી વંદન કરૂં...**૮**

જેઓ ચતુર્વિધ સંઘરૂપી ગગનતલમાં સોહતા,
તેજસ્વી સૂરજ બિંબ સરખા ભવ્યને પડિબોહતા.
જેના ચરણયુગને મહેન્દ્રો પૂજતા જગ મોહતા,
સ્વામી સુપાર્શ્વ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...**૯**

શું મૂર્ત શુક્લધ્યાનના અણુઓ વડે નિર્મિત કરી,
ના હોય! તેવી ચંદ્રનાં કિરણો સમી ઉજળી નરી.
જે નાથની કાયા કરે કલ્યાણ સહુનું શુભ ભરી,
તે નાથ ચંદ્રપ્રભ પ્રભુને ભાવથી વંદન કરૂં...**૧૦**

કરમાં રહેલા આમળાની જેમ ગમ્ય અગમ્ય તે,
પૂરા જગતને જાણનારૂં જેમનું કૈવલ્ય છે.
જે નાથનો મહિમા મહાનિધિ વિશ્વમાંહિ અચિન્ત્ય છે,
તે સુવિધિનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...**૧૧**

આનંદ કેરા કંદને સહુ જીવના અંતસ્તલે,
ઉગાડવા જે મેઘ આષાઢી બની વરસ્યા જલે.
સ્યાદ્વાદનો અમૃતઝરો જ્યાંથી વહ્યો પૃથ્વીતલે,
તે દેવ શીતલનાથને હું ભાવથી વંદન કરૂં...**૧૨**

ભવરોગથી પીડાયેલા જગના બધાયે જીવને,
ધન્વંતરિ જેવા સદા ભાસી રહ્યા જે દર્શને.
કલ્યાણ લક્ષ્મીને સદા ખેલાવનારા કંતને,
શ્રેયાંસનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...**૧૩**

સહુ જીવના કલ્યાણ કેરી ભાવનાને ઉર ધરી,
જિનનામ કર્મ કર્યું નિકાચિત ભાવ કોટિને વરી.
સુર અસુર મનુજોએ સદા જેની પરમ અર્ચા કરી,
તે વાસુપુજ્ય જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...**૧૪**

રે કતક નિર્મલી ચૂર્ણ જેવી જેમની વાણી સદા,
ત્રણ જગત કેરા ચિત્તજળના મેલ સંહરતી બધા.
ને વિમળ કરતા ભવિકના ત્રણયોગને જે સર્વદા,
તે વિમલનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...**૧૫**

स्वयम्भूरमणस्पर्द्धि-करुणारसवारिणा ।
अनन्तजिदनन्तां वः, प्रयच्छतु सुखश्रियम् ॥१६॥

कल्पद्रुमसधर्माण-मिष्टप्राप्तौ शरीरिणाम् ।
चतुर्द्धाधर्मदेष्टारं, धर्मनाथमुपास्महे ॥१७॥

सुधासोदरवाग्-ज्योत्स्नानिर्मलीकृतदिङ्मुखः ।
मृगलक्ष्मा तमःशान्त्यै, शान्तिनाथजिनोऽस्तु वः ॥१८॥

श्रीकुन्थुनाथो भगवान्, सनाथोऽतिशयर्द्धिभिः ।
सुरासुरनृनाथानामेकनाथोऽस्तु वः श्रिये ॥१९॥

अरनाथस्तु भगवांश्चतुर्थार-नभोरविः ।
चतुर्थपुरुषार्थश्रीविलासं वितनोतु वः ॥२०॥

सुरासुरनराधीशमयूर-नववारिदम् ।
कर्मद्रून्मूलने हस्तिमल्लं मल्लिमभिष्टुमः ॥२१॥

जगन्महामोहनिद्रा-प्रत्यूषसमयोपमम् ।
मुनिसुव्रतनाथस्य, देशनावचनं स्तुमः ॥२२॥

लुठन्तो नमतां मूर्ध्नि, निर्मलीकारकारणम् ।
वारिप्लवा इव नमेः, पान्तु पादनखांशवः ॥२३॥

જેની સ્વયંભૂરમણથી પણ અધિક કરૂણા જગ વહે,
વ્યાપી બધે સહુ જીવ કેરા દુઃખ દાવાનલ દહે.
જેના પ્રભાવે સર્વ જીવો શાશ્વતા સુખને લહે,
તે અનંતનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...**૧૬**

જે કલ્પતરૂની જેમ સહુને સર્વ વાંછિત આપતા,
જેઓ નિરંતર ધર્મ કેરા ચાર ભેદ બતાવતા.
જે ભવ્યને નિજ રમણતામાં સહજભાવે લઈ જતા,
તે ધર્મનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...**૧૭**

જે ચંદ્ર જેવા નાથના અમૃતસમા ઝરતા વચન,
અજવાળતા જ્યોત્સ્ના પરે સઘળી દિશાઓના વદન.
મૃગલાંછને શોભિત પ્રભુ જે તમસનું કરતા શમન,
તે શાંતિનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...**૧૮**

ચોત્રીશ અનુપમ અતિશયોની ઋદ્ધિ જેની સાથ છે,
સુર અસુર નરના જે ખરેખર એકમાત્ર જ નાથ છે.
સહુ જીવને કલ્યાણકારી જેમનો સંગાથ છે,
તે કુંથુનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...**૧૯**

અવસર્પિણીના દુષમસુષમા કાળના આકાશમાં,
જેઓ સદા ચમકી રહ્યા મધ્યાહ્નના સૂરજ સમા.
ને મોક્ષ લક્ષ્મીના વિલાસો આપતા જે હાથમાં,
તે દેવશ્રી અરનાથને હું ભાવથી વંદન કરૂં...**૨૦**

નવલા અષાઢી મેઘ જેવો દેહ જેનો નિરખતાં,
સુર અસુર ઈન્દ્રો નરપતિ સહુ મોરની જિમ હરખતા.
મદગજ સમા જે કર્મનાં વન મૂલથી જ ઉખેડતા,
તે મલ્લિનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...**૨૧**

જે નાથનું નિર્મલ વચન નવલી ઉષા ઉઘાડતું,
મહામોહ કેરી નિંદ ઘેરી જગતની ઉડાડતું.
પોઢી ગયેલી ચેતનાને જોશભેર જગાડતું,
તે મુનિસુવ્રતનાથને હું ભાવથી વંદન કરૂં...**૨૨**

ચરણે નમેલા ભક્તના શિરપર પ્રસરતી રેલતી,
નિર્મલ સલિલના સ્રોત સરખી મેલ સઘળા ઠેલતી.
જેના ચરણનખની પ્રભા રક્ષા કરે શિર ખેલતી,
તે નમિનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...**૨૩**

यदुवंशसमुद्रेन्दुः, कर्मकक्षहुताशनः ।
अरिष्टनेमिर्भगवान्, भूयाद्वोऽरिष्टनाशनः ॥२४॥

कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्म कुर्वति ।
प्रभुस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेऽस्तु वः ॥२५॥

श्रीमते वीरनाथाय, सनाथायाद्भुतश्रिया ।
महानन्दसरोराजमरालायार्हते नमः ॥२६॥

कृतापराधेऽपि जने, कृपामन्थरतारयोः ।
ईषद्बाष्पार्द्रयोर्भद्रं, श्रीवीरजिननेत्रयोः ॥२७॥

जयति विजितान्यतेजाः, सुरासुराधीशसेवितः श्रीमान् ।
विमलस्त्रास-विरहितस्त्रिभुवनचूडामणिर्भगवान् ॥२८॥

अवनितलगतानां कृत्रिमाकृत्रिमानां;
वरभवनगतानां दिव्य-वैमानिकानाम् ।
इह मनुजकृतानां, देवराजार्चितानां;
जिनवरभवनानां, भावतोऽहं नमामि ॥२९॥

યદુવંશરૂપ સમુદ્રમાં છે પૂર્ણ ચંદ્ર સમાન જે,
દુષ્કર્મના વન બાળવામાં અગ્નિ રૂદ્ર સમાન જે.
સઘળા અરિષ્ટોના વિનાશે કાળચક્ર સમાન જે,
તે નેમિનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...**૨૪**

જ્યાં વૈરનો અગ્નિ ધખાવી કમઠ ઉપસર્ગો કરે,
ત્યાં ભક્તિથી ભીના ધરણ વાત્સલ્યની વર્ષા કરે.
તે દોસ્તને દુશ્મન ઉપર સમભાવને જેઓ ધરે,
તે પાર્શ્વનાથ જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...**૨૫**

જે રાજહંસ સમાન ખેલે નિરંતર મહાનંદના,
શાશ્વત સરોવરમાં... અહો જે નાથ અદ્ભુત શ્રીતણાં.
ત્રણ ભુવનમાં ફેલાઇ જેની વીરતાની નામના,
તે નાથ વીર જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...**૨૬**

અપરાધ ક્રોડ કર્યા છતાં પણ રોષના સ્હેજે ધરે,
ભીની બનેલી પાંપણોથી દિવ્ય કરૂણા નીતરે.
નીચે નમેલા નેણ જેના વિશ્વનું મંગલ કરે,
તે વર્ધમાન જિનેન્દ્રને હું ભાવથી વંદન કરૂં...**૨૭**

પાતાલ અવનિ સ્વર્ગમાં ભવનો વિમાનો ચર અચર,
ને મેરૂપર્વત વર્ષધર વૈતાઢ્ય આદિ નગ અવર.
નદીઓ દ્રહોને કુંડ સઘળે ચૈત્ય સંખ્યાતિગપ્રવર,
ત્યાં શાશ્વતા જિન સર્વને હું ભાવથી વંદન કરૂં...**૨૮**

સહુ ભરત ઐરવતે મહાવિદેહમાં ત્રણ કાળના,
જે દ્રવ્ય ભાવ જિનેશ્વરો વળી વર્તતા જે થાપના.
રૂપે નગરને ગ્રામ તીર્થે વન પહાડે ચૈત્યના,
તે તે અશાશ્વત બિંબને હું ભાવથી વંદન કરૂં...**૨૯**

## * પ્રશસ્તિ *

પક્ખી પ્રતિક્રમણે સદા જે ચૈત્યવંદનથી સહુ,
કરતા બધાય જિનેશ્વરોની વંદના ભાવે બહુ.
તેના કર્યા હરિગીત ભાવે **ધુરંધર** વિજયે સરલ,
તે ગાઇને સહુ બોધિ પામી જન્મને કરજો સફલ...**૩૦**

# श्री वीतराग स्तोत्र

## (१) षोडश प्रकाशः

त्वन्मतामृतपानोत्था, इतः शमरसोर्मयः ।
पराणयन्ति मां नाथ !, परमानन्दसम्पदम् ॥१॥

इतश्चानादिसंस्कार-मूर्च्छितो मूर्च्छयत्यलम् ।
रागोरगविषावेगो, हताशः करवाणि किम् ? ॥२॥

रागाहिगरलाघ्रातो-ऽकार्षं यत्कर्मवैशसम् ।
तद्वक्तुमप्यशक्तोऽस्मि, धिङ् मे प्रच्छन्नपापताम् ॥३॥

क्षणं सक्तः क्षणं मुक्तः, क्षणं क्रुद्धः क्षणं क्षमी ।
मोहाद्यैः क्रीडयैवाहं, कारितः कपिचापलम् ॥४॥

प्राप्यापि तव सम्बोधिं, मनोवाक्कायकर्मजैः ।
दुश्चेष्टितैर्मया नाथ !, शिरसि ज्वालितोऽनलः ॥५॥

त्वय्यपि त्रातरि त्रात-र्यन् मोहादिमलिम्लुचैः ।
रत्नत्रयं मे ह्रियेत, हताशो हा ! हतोऽस्मि तत् ॥६॥

भ्रान्तस्तीर्थानि दृष्टस्त्वं, मयैकस्तेषु तारकः ।
तत्तवाङ्घ्रौ विलग्नोऽस्मि, नाथ ! तारय तारय ॥७॥

भवत्प्रसादेनैवाह-मियतीं प्रापितो भुवम् ।
औदासीन्येन नेदानीं, तव युक्तमुपेक्षितुम् ॥८॥

ज्ञाता तात ! त्वमेवैक-स्त्वत्तो नान्यः कृपापरः ।
नान्यो मत्तः कृपापात्र-मेधि यत्कृत्यकर्मठः ॥९॥

# વીતરાગ સ્તોત્ર

## ❋ ૧૬ મા પ્રકાશની ગુજરાતી સ્તુતિઓ ❋

જ્યારે તમારા ધર્મનું પીયુષ પાન મને મળે,
ત્યારે અનોપમ પ્રશમ રસની ભાવ ભરતી ઉછળે,
પ્રગટે હૃદયમાં દિવ્ય પરમાનંદ કેરી સંપદા,
**કરુણાવતાર ! જિનેન્દ્ર ! કરજો દાસપર કરુણા સદા...૧**

જ્યારે અનાદિ કાળના સંસ્કારથી મૂર્છિત બનું,
મુજ રોમે રોમે ઝેર પ્રસરે રાગ રૂપી નાગનું,
બેહોશ હાય ! હતાશ ને અસહાય હું શું કરું ? તદા, **કરુણાવતાર...૨**

તે રાગના ઝેરે બની બેહોશ હું જે આચરું,
અનુચિત અકાર્યો બ્યાન તેનું કઇ રીતે તુજને કરું?
ધિક્કાર! છાનાં પાપ કરનારા મને પ્રભુ સર્વદા, **કરુણાવતાર...૩**

ક્ષણમાં બનું આસક્ત ને ક્ષણમાં વિરક્ત બની રહું,
ક્ષણમાં કરું હું ક્રોધને ક્ષણમાં ક્ષમા ગુણને વહું,
કપિની પરે નચવે મને રે મોહ આદિ ચોરટા, **કરુણાવતાર...૪**

બોધિ તમારું સાંપડ્યું તો યે ત્રણે યોગો વડે,
મન-વચન-કાયાની કુચેષ્ટાથી પ્રભુ મેં તો અરે !
પોતે લગાડી આગ શિરપર, ગજબ મારી મૂઢતા, **કરુણાવતાર...૫**

હે નાથ ! તું રક્ષા કરે રક્ષક બની સહુની છતાં,
આ મોહ આદિ ચોર મુજ રત્નત્રયીને લૂંટતા,
હું તો હણાયો હાય નિર્બળ કેમ નાથ ! ન રક્ષતા ? **કરુણાવતાર...૬**

ભટક્યો ઘણા હું તીર્થમાં પણ એક તું તારક મળ્યો,
તેથી જ તારા ચરણમાં હું આજ આવીને ઠર્યો,
તારો મને તારો મને હે નાથ ! તમને વંદતા, **કરુણાવતાર...૭**

તેં જ ખેંચ્યો આટલે ઊંચે સુધી સ્વામી ! મને,
કરતો ઉપેક્ષા તું હવે છાજે શું સ્વામી ! એ તને?
છોડો ઉદાસી દ્યો પ્રસાદી પરમ પદની દેવતા ! **કરુણાવતાર...૮**

હે તાત ! જગમાં તુંજ જ્ઞાની તુંજ કરુણાગાર છે,
મુજ સરીખો કોણ કિંતુ અન્ય કરુણા પાત્ર છે?
તું સર્વ કાર્ય સમર્થ સ્વામી આપ! મુજને પૂર્ણતા, **કરુણાવતાર...૯**

## (२) सप्तदश प्रकाश:

स्वकृतं दुष्कृतं गर्हन्, सुकृतं चानुमोदयन् ।
नाथ ! त्वच्चरणौ यामि, शरणं शरणोज्झितः ॥१॥

मनोवाक्कायजे पापे, कृतानुमतिकारितैः ।
मिथ्या मे दुष्कृतं भूया-दपुनः क्रिययान्वितम् ॥२॥

यत्कृतं सुकृतं किंचिद्-रत्नत्रितयगोचरम् ।
तत्सर्वमनुमन्येऽहं, मार्गमात्रानुसार्यपि ॥३॥

सर्वेषामर्हदादीनां, यो योऽर्हत्त्वादिको गुणः ।
अनुमोदयामि तं तं, सर्वं तेषां महात्मनाम् ॥४॥

त्वां त्वत्फलभूतान् सिद्धा-न्स्त्वच्छासनरतान्मुनीन् ।
त्वच्छासनं च शरणं, प्रतिपन्नोऽस्मि भावतः ॥५॥

क्षमयामि सर्वान्सत्त्वान्, सर्वे क्षाम्यन्तु ते मयि ।
मैत्र्यस्तु तेषु सर्वेषु, त्वदेकशरणस्य मे ॥६॥

एकोऽहं नास्ति मे कश्चिन्-न चाहमपि कस्यचित् ।
त्वदङ्घ्रिशरणस्थस्य, मम दैन्यं न किंचन ॥७॥

यावन्नाप्नोमि पदवीं, परां त्वदनुभावजाम् ।
तावन्मयि शरण्यत्वं, मा मुञ्च शरणं श्रिते ॥८॥

## * ૧૭ મા પ્રકાશની ગુજરાતી સ્તુતિઓ *

જે મેં કર્યાં દુષ્કૃત બધાં તેને પ્રભુ ! હું નિંદતો,
ને ભાવથી સુકૃત કર્યાં તેને વળી અનુમોદતો,
અશરણ તમારા ચરણનું પામું શરણ બસ હે પ્રભુ !
**તું તાર મુજને તાર કરુણા સિંધુ જિનવર ! તાર તું...૧**

મન વચનને કાયા થકી મેં પાપ જે ત્રિવિધે કર્યાં,
તે સર્વ મિથ્યા હો અમારાં દુષ્કૃતો દોષે ભર્યાં,
તે પાપ ફરીથી ના કરું દઢતા થજો એવી પ્રભુ ! ...**તું તાર...૨**

જે સુકૃત કીધાં કૈંક કરી રત્નત્રયી આરાધના,
તે સર્વ સત્કર્મોતણી ભાવે કરું અનુમોદના;
માર્ગાનુસારી માત્રનું પણ હો અનુમોદન પ્રભુ ! ...**તું તાર...૩**

અર્હંત આદિ પંચપરમેષ્ઠિ મહાપુરુષો તણા,
આર્હન્ત્ય આદિ વિશ્વનો ઉપકાર કરતા ગુણ ઘણા;
તે સર્વની અનુમોદના બહુભાવથી કરું હું પ્રભુ ! ...**તું તાર...૪**

તારું અને તુજ ફળસ્વરૂપી સિદ્ધ પરમાત્મા તણું,
તુજ શાસને અનુરક્ત મુનિઓનું વળી તુજ ધર્મનું;
શરણું ગ્રહ્યું મેં આજ પૂરા પ્રેમથી મારા પ્રભુ ! ...**તું તાર...૫**

હું સર્વ જીવોને ખમાવું સર્વ તે મુજને ખમો,
ને ચિત્ત મારું સર્વ જીવની મૈત્રીના ભાવે રમો;
તારું શરણ પામ્યા પછી બસ આજ ભાવે હું રહું, ...**તું તાર...૬**

હું એકલો આ જગતમાં ને કોઇ પણ મારું નથી,
હું પણ નથી અહીં કોઇનો તોયે કશી દીનતા નથી;
તારા ચરણના શરણને પામ્યા પછી છે ન્યૂન શું? ...**તું તાર...૭**

તારું શરણ જે સાંપડ્યું દુર્લભ મને આ ભવમહીં,
તારા પ્રભાવે પરમપદવી જ્યાં સુધી પામું નહિ;
ના ત્યાં સુધી તુજ શરણથી અળગો મને કરજે પ્રભુ !
તું તાર મુજને તાર કરુણા સિંધુ જિનવર ! તાર તું...**તું તાર...૮**

उपमितिभवप्रपंचा कथान्तर्गता-श्री विमलराजपुत्रकृता

# श्री विमल स्तुतिः

अपारघोरसंसार–निमग्नजनतारक ! ।
किमेष घोरसंसारे, नाथ ! ते विस्मृतो जन: ॥१॥

सद्भावप्रतिपन्नस्य, तारणे लोकबान्धव ! ।
त्वयाऽस्य भुवनानन्द,येनाद्यापि विलम्ब्यते ॥२॥

आपन्नशरणे दीने, करुणामृतसागर ! ।
न युक्तमीदृशं कर्तुं जने नाथ! भवादृशाम् ॥३॥

भीमेऽहं भवकान्तारे, मृगशावकसन्निभ: ।
विमुक्तो भवता नाथ ! किमेकाकी दयालुना ॥४॥

इतेश्चेतश्च निक्षिप्त–चक्षुस्तरलतारक: ।
निरालम्बो भयेनैव, विनश्येऽहं त्वया विना ॥५॥

अनन्तवीर्यसम्भार !, जगदालम्बनायक ! ।
विधेहि निर्भयं नाथ !, मामुत्तार्य भवाटवीम् ॥६॥

न भास्करादृते नाथ !, कमलाकरबोधनम् ।
यथा तथा जगन्नेत्र, त्वदृते नास्ति निर्वृति: ॥७॥

❋ ઉપમિતિ ભવપ્રપંચા કથા અંતગર્ત
શ્રી વિમલરાજકુમારે કરેલી પ્રભુની સ્તુતિ સ્વરૂપ ❋

# વિમલ સ્તુતિ–ગૂર્જરાનુવાદ

જેને સનાતન પરમ આતમરૂપ યોગી ધ્યાવતા,
જે ભક્તિના આવેશથી સાક્ષાત સામે આવતા.
તે જિનપ્રભુ ભગવંતની સ્તવના કરૂં પ્રેમે કરી,
વિશ્વાસથી ને સ્નેહથી ઠપકા ઉપાલંભે ભરી...**૧**

સંસાર ઘોર અપારમાં ડૂબી રહેલા લોકને,
હે તારનારા નાથ ! શું ભૂલી ગયા નિજભક્તને.
જેથી હજીપણ તારવામાં આપ ઢીલ કરી રહ્યા,
સદ્‌ભાવથી શરણે રહેલાથી જ દૂર સરી રહ્યા...**૨**

ત્રણ જગતને આનંદદાતા લોકબંધુ છો તમે,
કરૂણા સુધાનો મહાસાગર તુજ હૃદયમાં ઘૂઘવે.
તો નાથ તારા શરણને સ્વીકારનારા દીનની,
કરવી ઉપેક્ષા ના ઘટે તમને જરાયે જગધણી...**૩**

આ ભીમભવકાંતારમાં મૃગબાળ જેવા મુગ્ધને,
હે દયાસાગર નાથ તેં શું? એકલો મૂક્યો મને.
ભયથી થથરતી નજર કરતો ચો તરફ અતિદીન હું,
તારા વિના હે નાથ હાય! મરૂં શરણથી હીન હું...**૪**

અક્ષય ખજાનો વીર્યનો તું ! જગતનો આધાર તું,
નિર્ભય કરીને નાથ મુજને તાર ભવથી પાર તું.
ના જેમ સૂરજની વિના ખીલે કમલની પાંખડી,
ના તેમ જગના નેત્ર ! તુજ વિણ ચેન ક્યાંય મળે ઘડી...**૫**

किमेष कर्मणां दोषः ?, किं ममैव दुरात्मनः ?
किं वास्य हतकालस्य ?, किं वा मे नास्ति भव्यता ॥८॥

किं वा सद्भक्तिनिर्ग्राह्य ! सद्भक्तिस्त्वयि तादृशी ।
निश्चलाद्यापि सम्पन्ना, न मे भुवनभूषण ! ॥९॥

लीलादलितनिःशेष-कर्मजाल ! कृपापरः ।
मुक्तिमर्थयते नाथ ! येनाद्यापि न दीयते ॥१०॥

स्फुटं च जगदालम्ब ! नाथेदं ते निवेद्यते ।
नास्तीह शरणं लोके, भगवन्तं विमुच्य मे ॥११॥

त्वं माता त्वं पिता बन्धुस्त्वं स्वामी त्वं च मे गुरुः ।
त्वमेव जगदानन्द ! जीवितं जीवितेश्वरः ॥१२॥

त्वयाऽवधीरितो नाथ !, मीनवज्जलवर्जिते ।
निराशो दैन्यमालम्ब्य, म्रियेऽहं जगतीतले ॥१३॥

स्वसंवेदनसिद्धं मे, निश्चलं त्वयि मानसम् ।
साक्षाद्भूतान्यभावस्य, यद्वा किं ते निवेद्यताम् ? ॥१४॥

मच्चित्तं पद्मवन्नाथ ! दृष्टे भुवनभाष्करे !
त्वयीह विकसत्येव, विदलत्कर्मकोशकम् ॥१५॥

શું કર્મનો ? મુજ દુષ્ટનો ! કે કાળ કેરો દોષ છે,
કે ભવ્યતા પાકી નથી મુજ ? ભુવનભૂષણ નાથ હે.
સાચી લગનથી જે કરે ભગતિ તું રીઝે તેહને,
તો ભક્તિ મારી તેહવી સાચી ન લાગી શું તને?...૬

તું તો કૃપાળુ રમતમાં સહુ કર્મને હણનાર છે,
તોયે ન આપે મુક્તિ મુજને કેમ માંગણહારને.
હે જગતના આધાર સ્વામિ સાવ સાચું હું કહું,
છે તું જ મારૂં શરણ, તુજને છોડીને હું ક્યાં રહું ?...૭

છે તું જ માતા તું પિતા તું બંધુ સ્વામીને ગુરૂ,
છે તું જ જગદાનંદ! જીવન જીવિતેશ્વર માહરૂં.
જો તું કરે અવહેલના તો જળ વિના જેમ માછલું,
તિમ દીન આશા સર્વ મૂકી તુજ વિના અહીં ટળવળું...૮

તું જાણ સહુના ચિત્તનો તુજને વધારે શું કહું?,
મુજ ચિત્ત તુજમાં થિર થયું તે અનુભવે જાણું છું હું.
સૂરજ સમા તુજને નિહાળી કમળ ફૂલતણી પરે,
મુજ ચિત્ત ખીલે કર્મ કેરો કોશ ઉઘડે વીખરે...૯

अनन्तजन्तु–सन्तान–व्यापाराक्षणिकस्य ते ।
ममोपरि जगन्नाथ ! न जाने कीदृशी दया ? ॥१६॥

समुन्नते जगन्नाथ, त्वयि सद्धर्मनीरदे ।
नृत्यत्येष मयूराभो, मद्दोर्दण्डशिखण्डिकः ॥१७॥

तदस्य किमियं भक्तिः, किमुन्मादोऽयमीदृशः ? ।
दीयतां वचनं नाथ !, कृपया मे निवेद्यताम् ॥१८॥

मञ्जरीराजिते नाथ !, सच्चूते कलकोकिलः ।
यथा दृष्टे भवत्येव, लसत्कलकलाकुलः ॥१९॥

तथैष सरसानन्द–बिन्दुसन्दोहदायक !
त्वयि दृष्टे भवत्येव, मूर्खोऽपि मुखरो जनः ॥२०॥

तदेनं माऽवमन्येथा, नाथासम्बद्धभाषिणम् ।
मत्वा जडं जगज्ज्येष्ठ ! सन्तो हि नतवत्सलाः ॥२१॥

किं बालोऽलीकवाचाल, आलजालं लपन्नपि ।
न जायते जगन्नाथ !, पितुरानन्दवर्धकः ? ॥२२॥

તું તો અનંતા જીવને ઉદ્ધારવામાં વ્યગ્ર છે,
તોયે જગતના નાથ! તારી કેવી કરૂણા મુજપરે.
સદ્ધર્મના જળધર સમો મુજપર ઝળુંબે તું યદા,
નાચી ઉઠે મુજ બાહુરૂપી મોર ઉલ્લાસે તદા.
શું ભક્તિનું એ રૂપ છે કે છે કશો ઉન્માદ એ?
સમજાવ સાચું નાથ! મુજને પ્રેમ ઝરતો સાદ દે...**૧૦**

માંજર થકી મહેકી રહેલા આમ્રને નિરખ્યા પછી,
જિમ કોયલોના કુળ કરે ટહુકા મધુર ઉલ્લાસથી.
આનંદનું અમૃતઝરણ દેનાર તુજને નિરખતાં,
તેવી જ રીતે મુર્ખ પણ વાચાળ બનતા હરખતાં...**૧૧**

બકવાસ મારો સાંભળી મુજને ગણીને જડબલા,
હે નાથ! ના તરછોડશો સંતો સદા નત વત્સલા.
શું કાલું ઘેલું બકી રહેલો બાળ નિજ મા બાપને,
આનંદ રંગ વધારનારો ના થતો, કહોને મને !...**૧૨**

तथाऽश्लीलाक्षरोल्लाप-जल्पाकोऽयं जनस्तव ।
किञ्चद् वर्धयते नाथ !, तोषं किं नेति कथ्यताम् ॥२३॥

अनाद्यभ्यासयोगेन, विषयाशुचिकर्दमे ।
गर्ते सूकरसङ्काशं, याति मे चटूलं मनः ॥२४॥

न चाहं नाथ ! शक्नोमि, तन्निवारयितुं चलम् ।
अतः प्रसीद तद्देव !, देव ! वारय वारय ॥२५॥

किं ममापि विकल्पोऽस्ति ? नाथ ! तावकशासने ।
येनैवं लपतोऽधीश ! नोत्तरं मम दीयते ॥२६॥

आरूढमियतीं कोटीं, तव किङ्करतां गतम् ।
मामप्येतेऽनुधावन्ति, किमद्यापि परीषहाः ? ॥२७॥

किं चामी प्रणताशेष-जनवीर्यविधायकः !
उपसर्गा ममाद्यापि, पृष्ठं मुञ्चन्ति नो खलाः ॥२८॥

पश्यन्नपि जगत्सर्वं, नाथ ! मां पुरतः स्थितम् ।
कषायारातिवर्गेण किं न पश्यसि पीडितम् ? ॥२९॥

कषायाभिद्रुतं वीक्ष्य, मां हि कारुणिकस्य ते ।
विमोचने समर्थस्य, नोपेक्षा नाथ ! युज्यते ॥३०॥

રે તેમ મારી ગાંડી ઘેલી વાત સ્વામી! સાંભળી,
તમને ખરેખર થાય છે કે નહિં હરખની લાગણી?.
મારોય કોઇ વિકલ્પ છે શું નાથ તારા શાસને?,
હું એકલો બોલું ન ઉત્તર આપતો જે તું મને?...**૧૩**

આવ્યો હું ઉંચો આટલો કિંકર થયો વળી તાહરો,
ને કેમ ખળ ઉપસર્ગ આ મુજ પૂંઠ છોડે ના હજી,
નમનાર જનમાં વીર્યનો ભંડાર ભરતા નાથજી,
તોયે ન છોડે કેડલો આ કેમ પરિષહ માહરો !..**૧૪**

હે વિશ્વદૃષ્ટા નાથ તારી નજર આગળ પીડતી,
સેના કષાયોની મને તું કેમ તે જોતો નથી?.
કરૂણાનિધાન કષાયથી પીડાયેલા નિજ દાસને,
સમરથ છતા જો ના બચાવો નાથ ના છાજે તને !...**૧૫**

**મૂળ શ્લોક=૩૫ ● અનુવાદ સ્તુતિ=૧૮+૧**

**મૂળ શ્લોક સાથે અનુવાદની તુલના**

| મૂળ | અનુવાદ | મૂળ | અનુવાદ |
|---|---|---|---|
| ૧ | ૧ | ૧૬-૧૭-૧૮ | ૧૦ |
| ૨ | ૨ | ૧૯-૨૦ | ૧૧ |
| ૩ | ૩ | ૨૧-૨૨ | ૧૨ |
| ૪-૫ | ૪ | ૨૩ થી ૨૬ | ૧૩ |
| ૬-૭ | ૫ | ૨૭-૨૮ | ૧૪ |
| ૮-૯ | ૬ | ૨૯-૩૦ | ૧૫ |
| ૧૦-૧૧ | ૭ | ૩૧-૩૨ | ૧૬ |
| ૧૨-૧૩ | ૮ | ૩૩-૩૪ | ૧૭ |
| ૧૪-૧૫ | ૯ | ૩૫ | ૧૮+૧=૧૯ |

विलोकिते महाभाग ! त्वयि संसारपारगे ।
आसितुं क्षणमप्येकं, संसारे नास्ति मे रतिः ॥३१॥

किन्तु किं करवाणीह ?, नाथ ! मामेष दारुणः ।
अन्तरो रिपुसङ्घातः, प्रतिबध्नाति सत्वरम् ॥३२॥

विधाय मयि कारुण्यं, तदेनं विनिवारय ।
उद्दाम-लीलया नाथ ! येनागच्छामि तेऽन्तिके ॥३३॥

तवायत्तो भवो धीर ! भवोत्तारोऽपि ते वशः ।
एवं व्यवस्थिते किं वा, स्थीयते परमेश्वरः ? ॥३४॥

तद्दीयतां भवोत्तारो, मा विलम्बो विधीयताम् ।
नाथ ! निर्गतिकोल्लापं, न शृण्वन्ति भवादृशाः ? ॥३५॥

સંસારપાર ગયેલ નજરે જ્યાં ચડ્યો મહાભાગ તું,
ક્ષણવાર પણ સંસારમાં રહેવા હવે નારાજ હું.
પણ શું કરૂં હે નાથ દારૂણ દુશ્મનો ભીતરતણા,
મારી ઝડપ બાંધી મને રાખે અહીં જબરા ઘણા...**૧૬**

કરૂણા કરી મુજપર પ્રભુ! રોકો તમે જબરાઈથી,
તે શત્રુઓને, આપની પાસે હું આવું જેહથી.
સંસારમાં ડુબાડવો કે તારવો તુજ હાથ છે,
આ વાત નક્કી છે પછી, છો કેમ નિષ્ક્રિય નાથ હે !...**૧૭**

પરમેશ્વરા! અબ તાર ભવથી વાર ના બિલકુલ કરો,
અશરણજનોની વાત શું સ્વામી! તમેય ન સાંભળો.
હા! નાથ એવું ના કરો! બસ દાસ પોતાનો કરો,
આ ઘોર ભવના સિંધુથી ઓ નાથ! સત્વર ઉદ્ધરો...**૧૮**

**સિદ્ધર્ષિ**એ રચના અનોપમ ઉપમિતિની જે કરી,
વિમલે કરી ત્યાં પ્રભુસ્તવના પ્રેમ અશ્રુથી ભરી.
તેનો કર્યો અનુવાદ આ **પ્રદ્યુમ્ન સૂરિ**એ પ્રેરતાં,
**મુનિ ધુરંધર વિજયે** મઝાના ભક્તિ રસમાં ઝીલતા.
તેનું કરીને ગાન પ્રભુની પ્રીતનો રસ ઘૂંટજો,
સંસારમાં પણ મુક્તિના આનંદને સહુ લૂંટજો !
આનંદ પુષ્પો ચૂંટજો !...**૧૯**

परमार्हत्श्रीकुमारपालभूपालरचितम्

# श्री साधारणजिनस्तवनम्

नम्राखिलाखण्डल-मौलिरत्न-रश्मिच्छटापल्लविताङ्घ्रिपीठ ! ।
विध्वस्तविश्व-व्यसनप्रबन्ध !, त्रिलोकबन्धो ! जयताज्जिनेन्द्र ! ॥१॥

मूढोऽस्म्यहं विज्ञपयामि यत्त्वा-मपेतरागं भगवन् ! कृतार्थम् ।
नहि प्रभूणामुचित-स्वरूप-निरूपणाय क्षमतेऽर्थिवर्गः ॥२॥

मुक्तिं गतोऽपीश ! विशुद्धचित्ते, गुणाधिरोपेण ममासि साक्षात् ।
भानुर्दवीयानपि दर्पणेंऽशु-सङ्गान्न किं द्योतयते गृहान्तः ? ॥३॥

तव स्तवेन क्षयमङ्गभाजां, भजन्ति जन्मार्जितपातकानि ।
कियच्चिरं चण्डरुचेर्मरीचि-स्तोमे तमांसि स्थितिमुद्वहन्ति ॥४॥

शरण्य ! कारुण्यपरः परेषां, निहंसि मोहज्वरमाश्रितानाम् ।
मम त्वदाज्ञां वहतोऽपि मूर्ध्ना, शान्तिं न यात्येष कुतोऽपि हेतोः ॥५॥

भवाटवीलङ्घनसार्थवाह !, त्वामाश्रितो मुक्तिमहं यियासुः ।
कषायचौरैर्जिन ! लुप्यमानं, रत्नत्रयं मे तदुपेक्षसे किम् ? ॥६॥

लब्धोऽसि स त्वं मयका महात्मा, भवाम्बुधौ बम्भ्रमता कथंचित् ।
आः पापपिण्डेन नतो न भक्त्या, न पूजितो नाथ ! न तु स्तुतोऽसि ॥७॥

* શ્રી કુમારપાળ-ભૂપાલ વિરચિત *

# આત્મનિંદા દ્વાત્રિંશિકા-ગૂર્જરાનુવાદ

* યાને સાધારણ જિન સ્તવન *

પ્રેમે નમેલા સર્વ ઇન્દ્રોના કિરીટ મહીં જડયા,
રત્નોતણી આભા થકી પદપીઠ જેના ઝળહળ્યા.
જે વિશ્વની વિપદા બધીયે મૂળથી ઉચ્છેદતા,
ત્રૈલોક્યના બંધુ! જિનેશ્વર! જય તમારો હો સદા...૧

ભગવન્ તમે કૃતકૃત્ય છો ને વીતરાગપણું ધરો,
ને તોય તમને વિનવું છું મુઢ હું મૂરખ ખરો!
શું માંગણોનું ઝુંડ તો ક્યારેય પ્રભુની સંપદા,
સાચા સ્વરૂપે વર્ણવી શકતું? મથે છો સર્વદા...૨

તું મોક્ષની મોઝારમાં પહોંચ્યો છતાં પણ ઈશ ઓ !,
મુજ શુદ્ધ ચિત્તે ગુણવડે સાક્ષાત આવીને રહ્યો.
રવિ દૂર છે તોયે કિરણથી આરસીમાં સંક્રમી,
આવાસના ઉંડાણને અજવાસથી ભરતો નથી ?...૩

પ્રાણીગણે જનમોજનમ ભેગાં કરેલા પાપ જે,
તે સર્વ તારાં સ્તવનથી ક્ષણવારમાં ક્ષયને ભજે.
માર્તંડ મધ્યાકાશમાં જ્યારે તપે નિજ તેજથી,
અંધાર કેરો પુંજ ત્યારે ક્યાંય રહી શકતો નથી...૪

કરૂણામહિં તત્પર સદાને એકમાત્ર શરણ્ય તું,
જો અન્ય આશ્રિતનો હરે છે મોહનો જ્વર ઈશ તું !
હું આણ તારી શિરપરે ધારી રહ્યો તોયે અહો !,
સ્વામી! ન મારો મોહ શમતો કયા કારણથી કહો...૫

તું સાર્થવાહ બની ઉતારે પાર ભવઅટવી તણો,
ચાલ્યો હું તારી સાથ જાવા મુક્તિમાં ઇચ્છુક ઘણો.
ત્યાં દુષ્ટ ચાર કષાય ચોરો લુંટતા જબરા બની,
રત્નત્રયી મારી ઉપેક્ષા શું કરો નિજદાસની...૬

ભમતાં અનંતા કાળથી આ ઘોર ભવસાગરમહીં,
કેમે કરીને મેળવ્યા તમને મહાત્મન્ મેં અહીં.
હા! પાપના પુંજે ભરેલો તોય તુજને ના નમ્યો,
ના તને પૂજ્યો સ્તવ્યોને ના નાથ! હૃદયે તું ગમ્યો...૭

संसारचक्रे भ्रमयन् कुबोध-दण्डेन मां कर्ममहाकुलालः ।
करोति दुःखप्रचयस्थभाण्डं, ततः प्रभो ! रक्ष जगच्छरण्य ! ॥८॥

कदा त्वदाज्ञाकरणाप्त-तत्त्व-स्त्यक्त्वा ममत्वादि-भवैककन्दम् ।
आत्मैकसारो निरपेक्षवृत्ति-र्मोक्षेऽप्यनिच्छो भवितास्मि नाथ ? ! ॥९॥

तव त्रियामापतिकान्तिकान्तै-र्गुणैर्नियम्यात्ममनःप्लवङ्गम् ।
कदा त्वदाज्ञाऽमृतपानलोलः, स्वामिन् ! परब्रह्मरतिं करिष्ये ? ॥१०॥

एतावतीं भूमिमहं त्वदङ्घ्रि-पद्मप्रसादाद् गतवानधीश ।
हठेन पापास्तदपि स्मराद्या, ही मामकार्येषु नियोजयन्ति ॥११॥

भद्रं न किं त्वय्यपि नाथ ! नाथे, सम्भाव्यते मे यदपि स्मराद्याः ।
अपाक्रियन्ते शुभभावनाभिः, पृष्ठिं न मुञ्चन्ति तथापि पापाः ॥१२॥

भवाम्बुराशौ भ्रमतः कदापि, मन्ये न मे लोचनगोचरोऽभूः ।
निस्सीमसीमन्तकनारकादि-दुःखातिथित्वं कथमन्यथेश ? ॥१३॥

चक्रासिचापाङ्कुशवज्रमुख्यैः, सल्लक्षणैर्लक्षितमङ्घ्रियुग्मम् ।
नाथ ! त्वदीयं शरणं गतोऽस्मि, दुर्वारमोहादि-विपक्षभीतः ॥१४॥

अगण्यकारुण्य ! शरण्य ! पुण्य ! सर्वज्ञ ! निष्कण्टक ! विश्वनाथ ! ।
दीनं हताशं शरणागतं च, मां रक्ष रक्ष स्मरभिल्लभल्लैः ॥१५॥

સંસાર કેરા ચક્રમાં અજ્ઞાન કેરા દંડથી,
મુજને ભમાડી કર્મનો કુંભાર ભારે વેગથી.
બહું દુઃખનું ભાજન બનાવે માટીના મટકા પરે,
જગના શરણ્ય પ્રભો ! બચાવો એહ આફતથી અરે !...**૮**

આણા તમારી શુદ્ધ પામી તત્ત્વની પ્રાપ્તિ કરી,
સંસારના મૂળિયા સમી મમતા બધીયે પરિહરી.
નિજરૂપમાં થઇ લીનને નિરપેક્ષ ભાવે જીવતો,
ક્યારે બનીશ હું નાથ ! નિસ્પૃહ મોક્ષમાં પણ વર્તતો...**૯**

પૂરણ શશી સમ ઉજળા તુજ ગુણતણા દ્રઢ દોરથી
અતિચપળ મુજ મન માંકડાને કબજે કરીને જોરથી
તુજ આણ અમૃતપાનમાં અત્યંત લોલુપતા ધરી
મ્હાલીશ ક્યારે નાથ ! હું પરબ્રહ્મની રમણા વરી...**૧૦**

તુજ ચરણ પંકજના પ્રભાવે હે જગતના દેવતા !
તું મળ્યો એવી ઉચ્ચ ભૂમિકા મહીં પહોંચ્યો છતાં.
આ કામ આદિ શત્રુઓ પાપી પરાણે પ્રેરતા,
હા હા ! પ્રભો ! કેવા અકાર્યોમાં મને તો ઠેલતા...**૧૧**

તે કામ આદિ શત્રુઓ શુભ ભાવના કેરા બળે,
મારી હઠાવું તોય પાપી દૂર મુજથી ના ટળે.
હે નાથ ! તુજ સમ નાથ મારે શિર છતે પણ માહરૂં,
કલ્યાણ જો નવ થાય તો તો હાય! ક્યાં જઇને ઠરૂં !...**૧૨**

ભવના ભયંકર સાગરે ભમતાં કદાપિ નાથને,
ના નેહથી નજરે નિહાળ્યો એમ હું માનું તને.
નહિતર નિરંતર વેદનાથી પૂર્ણ નરકોની મહીં,
હું કેમ વારંવાર પહોંચ્યો દુઃખ ભોગવવા સહી...**૧૩**

જે વજ્ર ખડ્ગ ધનુષ્ય અંકુશ આદિ વરશસ્ત્રો કહ્યા,
તે સર્વ તારા ચરણમાં લક્ષણ બની શોભી રહ્યા.
તેથી જ તારા ચરણ યુગલે નાથ હું શરણું વર્યો,
દુર્દાંત મોહાદિક અરિના ભયથકી ભારે ડર્યો...**૧૪**

નિઃસીમ કરૂણાગાર! પુણ્યપવિત્રઃ આપ શરણ્ય છો !
સર્વજ્ઞ! નિષ્કંટક જગતના નાથ ! વિશ્વવરેણ્ય છો !
હું દીન સાવ હતાશ થઇને શરણ આવ્યો આપને,
સ્મર ભીલ્લના ભાલા થકી રક્ષો મને રક્ષો મને...**૧૫**

त्वया विना दुष्कृतचक्रवालं, नान्य: क्षयं नेतुमलं ममेश ! ।
को वा विपक्षप्रतिचक्रमूलं, चक्रं विना च्छेत्तुमलम्भविष्णु: ॥१६॥

यद्देवदेवोऽसि महेश्वरोऽसि, बुद्धोऽसि विश्वत्रयनायकोऽसि ।
तेनान्तरङ्गारिगणाभिभूत-स्तवाग्रतो रोदिमि हा ! सखेदम् ॥१७॥

स्वामिन्नधर्म्मव्यसनानि हित्वा, मन: समाधौ निदधामि यावत् ।
तावत्क्रुधेवान्तरवैरिणो मा-मनल्पमोहान्ध्यवशं नयन्ति ॥१८॥

त्वदागमाद्वेद्मि सदैव देव !, मोहादयो यन्मम वैरिणोऽमी ।
तथापि मूढस्य पराप्तबुद्धया, तत्सन्निधौ ही ! न किमप्यकृत्यम् ॥१९॥

म्लेच्छैर्नृशंसैरतिराक्षसैश्च, विडम्बितोऽमीभिरनेकशोऽहम् ।
प्राप्तस्त्विदानीं भुवनैकवीर !, त्रायस्व मां यत्तव पादलीनम् ॥२०॥

हित्वा स्वदेहेऽपि ममत्वबुद्धिं, श्रद्धापवित्रीकृतसद्विवेक: ।
मुक्तान्यसङ्ग: समशत्रुमित्र: स्वामिन् ! कदा संयममातनिष्ये ? ॥२१॥

त्वमेव देवो मम वीतराग !, धर्मो भवद्दर्शितधर्म एव ।
इति स्वरूपं परिभाव्य तस्मान्नोपेक्षणीयो भवता स्वभृत्य: ॥२२॥

जिता जिताशेषसुरासुराद्या:, कामादय: काममभी त्वयेश ।
त्वां प्रत्यशक्तास्तव सेवकं तु, निघ्नन्ति ही ! मां परुषं रुषैव ॥२३॥

સંહારવા દુષ્કૃતતણા ભારે સમૂહોને અહીં,
તારા વિના ન સમર્થ નીરખ્યો નાથ મેં આ જગમહીં.
જ્યારે અરીનું ચક્ર મોટું જોરથી હુમલો કરે,
ઉચ્છેદ તેનો મૂળથી ત્યાં કોણ ચક્ર વિના કરે...**૧૬**

છે દેવ કેરો દેવ તું સ્વામી મહેશ્વર તું જ છે,
તું બુદ્ધ છે ત્રૈલોક્યનો નાયક ખરેખર તું જ છે.
તેથી જ આંતર વૈરિગણથી ખુબ પીડાયેલ હું,
તારી સમીપે દુઃખની કથની રડીને હું કહું...**૧૭**

સ્વામી અધાર્મિક સર્વ વ્યસનોને તજીને દૂરથી,
સમતા સમાધિમાં લગાવું ડૂબકી હું જ્યાં મથી.
ત્યાં તો અજબ આવેશથી ઉછળેલ આંતર શત્રુઓ,
મુજને બનાવે મહામોહે આંધળો તે તો જુઓ...**૧૮**

તુજ આગમોના શ્રવણથી જાણું સદાયે દેવ ! હું,
છે મોહ આદિ સર્વ મારા શત્રુ ઝેરીલા બહુ.
સમજુ છતાં પણ મૂઢ તેને સ્વજન જાણી આદરૂં,
તેના કુસંગે હાય ! હું સર્વે અકૃત્યો આચરૂં...**૧૯**

એ રાક્ષસોથી પણ ભયંકર મ્લેચ્છને અતિક્રુર છે,
ને નિત્ય મારી વિડંબના કરવા મહીં જે શૂર છે.
જગમાંહી એક જ વીર! પામ્યો આજ જ્યારે હું તને,
તુજ ચરણ કેરા આશરે બેઠો બચાવોને મને...**૨૦**

ક્યારે પ્રભો નિજ દેહની પણ મોહ મમતાને તજી,
શ્રદ્ધા વડે પાવન થયેલું સદ્‌વિવેકપણું ભજી.
ત્યાગી બધોયે સંગ સરીખા શત્રુ મિત્રોને ગણી,
તારૂં કહેલું શુદ્ધ સંયમ આચરીશ હું જગધણી...**૨૧**

હે વીતરાગ જિનેશ તુંહિ એક મારો દેવ છે! ,
ને તે કહેલો ધર્મ મારે શિરોધાર્ય સદૈવ છે.
આ શુદ્ધ શ્રદ્ધા માહરી તુજ જ્ઞાનમાં જાણી પ્રભુ,
નિજ દાસને ના અવગણો એવું તમોને વિનવું...**૨૨**

જે દેવ દાનવને હરાવી મત્ત થઇ જગમાં ભમે,
તે કામ આદિ શત્રુઓને રમતમાં જીત્યા તમે.
તારી તરફ તો દેખવાને પણ અશક્ત બની ગયા,
દાઝે બળ્યા તુજ દાસને નિર્દય પણે મારી રહ્યા...**૨૩**

सामर्थ्यमेतद्‌भवतोऽस्ति सिद्धिं, सत्त्वानशेषानपि नेतुमीशः ।
क्रियाविहीनं भवदङ्‌घ्रिलीनं, दीनं न किं रक्षसि मां शरण्य ? ॥२४॥

त्वत्पादपद्मद्वितयं जिनेन्द्र ! स्फुरत्यजस्रं हृदि यस्य पुंसः ।
विश्वत्रयी-श्रीरपि नूनमेति, तत्राश्रयार्थं सहचारिणीव ॥२५॥

अहं प्रभो ! निर्गुणचक्रवर्ती, क्रूरो दुरात्मा हतकः सपात्मा ।
ही ! दुःखराशौ भववारिराशौ, यस्मान्निमग्नोऽस्मि भवद्विमुक्तः ॥२६॥

स्वामिन्निमग्नोस्मि सुधासमुद्रे, यन्नेत्रपात्रातिथिरद्य मेऽभूः ।
चिन्तामणौ स्फुर्जति पाणिपद्मे, पुंसामसाध्यो नहि कश्चिदर्थः ॥२७॥

त्वमेव संसारमहाम्बुराशौ, निमज्जतो मे जिन ! यानपात्रम् ।
त्वमेव मे श्रेष्ठसुखैकधाम, विमुक्तिरामाघटनाभिरामः ॥२८॥

चिन्तामणिस्तस्य जिनेश ! पाणौ, कल्पद्रुमस्तस्य गृहाङ्‌गणस्थः ।
नमस्कृतो येन सदापि भक्त्या, स्तोत्रैः स्तुतो दामभिरर्चितोऽसि ॥२९॥

निमील्य नेत्रे मनसः स्थिरत्वं, विधाय यावज्जिन ! चिन्तयामि ।
त्वमेव तावन्न परोऽस्ति देवो, निःशेषकर्मक्षयहेतुरत्र ॥३०॥

भक्त्या स्तुता अपि परे परया परेभ्यो, मुक्तिं जिनेन्द्र! ददते न कथञ्चनापि ।
सिक्ताः सुधारस-घटैरपि निम्बवृक्षा, विश्राणयन्ति नहि चूतफलं कदाचित् ॥३१॥

સામર્થ્ય છે સ્વામી! તમારૂં સર્વ જગના જીવને,
સિદ્ધિનગરમાં લઇ જવાનું જાણવા મળ્યું છે મને.
તો મુજ સરીખો દીન જે સમ્યક્ ક્રિયાથી હીન છે,
તેને શું ના તારો પ્રભો! જે તુજ ચરણમાં લીન છે...**૨૪**

જિનરાજ તારા પરમ સુંદર પદકમળનું જોડલું,
જે ધન્ય નરના હૃદયસરમાં નિત્ય વિલસે અતિ ભલું.
ત્રણલોકની પણ શ્રી ખરેખર ત્યાં જઇ આશ્રય કરે,
સહચારીણીની જેમ તેને તજી ક્યાંય ન સંચરે...**૨૫**

હું છું ખરેખર ચક્રવર્તી નિર્ગુણીના વૃંદનો,
છું ક્રુરને હતબુદ્ધિ છું વળી દુષ્ટ પાપાત્મા ઘણો.
તેથી જ તારક હાય! તારાથી વિખૂટો હું થયો,
દુઃખે ભરેલા ઘોર ભવસાગર મહીં ડૂબી ગયો...**૨૬**

જ્યાં આજ મારા નેત્રને તું અતિથિરૂપે સાંપડયો,
હે નાથ જાણે અમૃતના સાગરમહીં હું તો પડ્યો.
ચિંતામણી જે પુરૂષના કર કમળમાં આવી પડે,
કઇ વસ્તુ એવી વિશ્વમાં જે તેહને નવ સાંપડે...**૨૭**

સંસારના આ સિંધુમાં ડૂબી રહ્યો જિનરાજ હું,
ત્યારે મળ્યો મુજને ખરેખર!એકમાત્ર જહાજ તું.
વળી મુક્તિ રમણીના મજાના મિલનથી અભિરામ તું,
હે નાથ ! તુંહી એક મારા પરમ સુખનો ધામ છું...**૨૮**

જેઓ નિરંતર નાથ તુજને ભક્તિભાવે આદરી,
પ્રેમે નમે સ્તોત્રે સ્તવે માળાથકી પૂજે વળી.
ચિંતામણી તે ભક્ત કેરા કરકમલમાં ઉલ્લસે,
ને કલ્પતરૂ તેના ગૃહાંગણમાં અહો આવી વસે...**૨૯**

આંખો કરીને બંધ ચંચળ ચિત્તની સ્થિરતા કરી,
હે નાથ ! જ્યારે કરૂં ચિંતન તને અંતરમાં ધરી.
ત્યારે મને ભાસે પ્રભો ! બસ તુંહી એક જ દેવ છે,
સહુ કર્મને સંહારવાનો હેતુ જગમાં જેહ છે...**૩૦**

મેં અન્ય દેવોને સ્તવ્યા ઉત્કૃષ્ટ ભક્તિ વડે છતાં,
ના કોઇ રીતે તે જિનેશ્વર! મુક્તિના દાતા થતાં.
સિંચાય છોને અમૃતરસના ઘડાઓથી લીંબડા,
તોયે ન આપે આમ્રફળને તે કદાપિ બાપડા!...**૩૧**

भवजलनिधिमध्यान्नाथ ! निस्तार्य कार्यः,
शिवनगरकुटुम्बी, निर्गुणोऽपि त्वयाऽहम् ।
नहि गुणमगुणं वा संश्रितानां महान्तो,
निरुपमकरूणार्द्राः सर्वथा चिन्तयन्ति ।।३२।।

प्राप्तस्त्वं बहुभिः शुभैस्त्रिजगतश्चूडामणिर्देवता,
निर्वाणप्रतिभूररसापि गुरुः श्रीहेमचन्द्रप्रभुः ।
तन्नातः परमस्ति वस्तु किमपि स्वामिन् ! यदभ्यर्थये,
किन्तु त्वद्वचनादरः प्रतिभवं स्ताद्वर्द्धमानो मम ।।३३।।

આ ઘોર ભવસાગર મહીંથી નાથ મુજને તારજો,
હું નિર્ગુણી છું તોય મુજને શિવનગરમાં લઈ જજો.
મોટાજનો જે પરમકરૂણાભીનું અંતરીયું ધરે,
ના નિર્ગુણીને ગુણી એવો ભેદ આશ્રિતમાં કરે... **૩૨**

## ✻ શાર્દૂલ વિક્રીડિત ✻

મોટા પુણ્યથકી મળ્યો જગતનો ચૂડામણિ દેવ તું,
સાક્ષી મોક્ષતણા મને ગુરૂ મળ્યા આ હેમચંદ્રપ્રભુ.
આથી ઉત્તમ કોઈ ચીજ ન અહીં જેની કરૂં માંગણી,
હા તારા વચને ભવોભવ વધો પ્રીતિ અમારી ઘણી...**૩૩**

## ✻ અનુવાદક પ્રશસ્તિ ✻

ભક્તિ **પ્રેમ**ભરી સુધારસ ઝરી જે સ્તોત્રની નિર્ઝરી,
પામી પાપ વિ**રામ** આર્હત બની શ્રી ગુર્જરેશે કરી.
હો **ભદ્રંકર** સર્વને સ્તવન તે ભાષા મહીં મેં કર્યું,
વિશ્વ સ્વામિ **મહાયશ**સ્વી જિનની શ્રદ્ધા સુવાસે ભર્યું...**૧**

**દિપાલિકા પર્વ : ૨૦૫૩**

# कुसुमाञ्जलिः

## ✻ प्रथम - कुसुमाञ्जलिः ✻

**(स्रग्धरा)**

लक्ष्मीरद्यानवद्यप्रतिभपरिनिगद्याद्यपुण्यप्रकर्षो -
त्कर्षैराकृष्यमाणा करतलमुकुलारोहमारोहति स्म ।
शश्वद्विश्वातिविश्वोपशमविशदतोद्भासविस्मापनीयं,
स्नात्रं सुत्रामयात्राप्रणिधि जिनविभोर्यत् समारब्धमेतत् ।।१।।

कल्याणोल्लासलास्यप्रसृमरपरमानन्दकन्दायमानं,
मन्दामन्दप्रबोधप्रतिनिधिकरुणाकारकन्दायमानम् ।
स्नात्रं श्रीतीर्थभर्तुर्घनसमयमिवात्मार्थकं दायमानं,
दद्याद् भक्तेषु पापप्रशमनमहिमोत्पादकन्दायमानम् ।।२।।

देवादेवाधिनाथप्रणमननवनानन्तसानन्तचारि-
प्राणप्राणावयानप्रकटितविकटव्यक्तिभक्तिप्रधानम् ।
शुक्लं शुक्लं च किञ्चिच्चिदधिगमसुखं सत्सुखं स्नात्रमेतन्-
नन्द्यान्नन्द्या प्रकृष्टं दिशतु शमवंता सन्निधानं निधानम् ।।३।।

विश्वात् सम्भाव्यलक्ष्मी: क्षपयति दुरितं दर्शनादेव पुंसा-
मासन्नो नास्ति यस्य त्रिदशगुरुरपि प्राज्यराज्यप्रभावे ।
भावान् निर्मुच्य शोच्यानजनि जिनपतिर्य: समायोगयोगी,
तस्येयं स्नात्रवेला कलयतु कुशलं कालधर्मप्रणाशे ।।४।।

नालीकं यन्मुखस्याप्युपमितिमलभत् क्वापि वार्तान्तराले,
नालीकं येन किञ्चित् प्रवचन उदितं शिष्यपर्षत्समक्षम् ।
नालीकं चापशक्त्या व्यरचयत न वै यस्य सद्रोहमोहं,
नालीकं तस्य पादप्रणतिविरहितं नोऽस्तु तत्स्नात्रकाले ।।५।।

# કુસુમાંજલિ

જગપતિ નવણને અવસરે, ઈન્દ્ર રચે અતિભવ્ય
સરસ ભક્તિરસથી ભર્યા, કુસુમાંજલિનાં કાવ્ય... ૧

દેવગિરામાંહી રચ્યાં, તે અતિ સુંદર પદ્ય
વિવિધ અલંકારે ભર્યા, પંડિતને આસ્વાદ્ય... ૨

જિનપ્રતિષ્ઠા ગ્રંથમાં, પૂર્વાચાર્ય પ્રણીત
તેહ કાવ્ય આસ્વાદવા, રચું હું ભાષા ગીત... ૩

**❊ પ્રથમ કુસુમાંજલિ ગીત ❊**

જિનની જન્મ નવણની વેલા,
ઉજ્જવલ ઉપશમ રસના જાણે, ચાલે અદ્ભુત રેલા... ૧

ઈંદ્રો કર અંજલિથી ત્યારે, ફૂલપગર વરસાવે,
પ્રબલ પુણ્ય આકર્ષિત લક્ષ્મી, તેમાં વાસ કરાવે... ૨

સ્નાત્ર સલિલ જલધર જિમ વરસે, નાચે મંગળ મોરા,
કરૂણા કંદ અમંદ ઉગે ને, પ્રશમે પાપ અઘોરા... ૩

સુર અસુરેશ્વર પ્રણમે પ્રગટે, પ્રબલ ભક્તિની ધારા,
ધવલ નવણ જળધારે ઉછળે, ચિત્સુખ અગમ અપારા... ૪

સંપદ ખેંચે દુરિત ઉલેચે, દર્શનથી જ સદા જે,
સુરગુરુથી પણ અગમ્ય જેનું, નિરવધિ રાજ્ય બિરાજે... ૫

સમયોગી તે જિનવર કેરી, પાવન નવણની વેળા,
શોક હટાવે મોત મિટાવે, હોવે મંગળ મેળા... ૬

કમળ કદાપિ હોડ કરે ના, જેના મુખડા કેરી,
પર્ષદ સામે જેણે જૂઠી, વાણી કદી ન વેરી... ૭

શરસંધાન કરીને સાચું, પ્રબલ મોહને માર્યો,
શિર મૂકી તસ ચરણ કમળમાં, સ્નાત્ર સમય અવધાર્યો... ૮

## (पुष्पिताग्रा)

फणिनिकरविवेष्टनेऽपि येनोज्झितमतिशैत्यमनारतं न किञ्चित् ।
मलयशिखरिशेखरायमाणं, तदिदं चन्दनमर्हतोऽर्चनेऽस्तु ॥६॥

## (स्रग्धरा)

ऊर्ध्वाधोभूमिवासित्रिदशदनुसुतक्ष्मास्पृशां घ्राणहर्षात्,
प्रौढिप्राप्तप्रकर्षः क्षितिरुहरसजः क्षीणपापावगाहः ।
धूपोऽकूपारकल्पप्रभवमृतिजराकष्टविस्पष्टदुष्ट-
स्फूर्जत्संसारपाराधिगममतिधियां विश्वभर्तुः करोतु ॥७॥

## * ચંદન પૂજા *

### : દૂહો :

નાગગણે વીંટ્યું છતાં, જાસ ફરસ અતિશીત
મલયાગિરિ ચંદન રસે, પૂજું જિન ભવભીત... ૧

### : ગીત :

જિન શિર ચંદન સરસ ચડાવું,
મલયાગિરિના શિખર ઉપરનું, ચંદન લઈને આવું,
વિષધર ઝૂંડે વીંટ્યું તોયે, અતિશીતળ છંટકાવું...

### : ધૂપનું ગીત :

જિન તુજ ધૂપ અનોપમ મહેકે
તીન ભુવનમાં પરિમલ પસરે, પવન લહરને લહેકે... ૧

દેવ અસુરનર કિન્નર કેરો, ઘ્રાણ સુગંધે ભરતો
સુરભિત વૃક્ષરસે નિર્મિત જે, સકલ પાપને હરતો
જન્મજરામરણે અતિભીષણ, ભવ સાગર દહી બહેકે...
જિન તુજ ધૂપ અનોપમ મહેકે... ૨

## द्वितिय - कुसुमाञ्जलिः

### (शार्दूलविक्रीडितम्)

कल्याणस्थितिकुम्भकोटिविटपैः सर्वैस्तुराषाङ्गणैः,
कल्याणप्रतिभासनाय विततप्रव्यक्तभक्त्यानतैः ।
कल्याणप्रसरैः पयोनिधिजलैः शक्त्याऽभिषिक्ताश्च ये,
कल्याणप्रभवाय सन्तु सुधियां ते तीर्थनाथाः सदा ॥१॥

रागद्वेषजविग्रहप्रमथनः सङ्क्लिष्टकर्मावली-
विच्छेदादपविग्रहः प्रतिदिनं देवासुरश्रेणिभिः ।
सम्यक् चर्चितविग्रहः सुतरसा निर्धूतमिथ्यात्वदृक्,
तेजः क्षिप्तपविग्रहः स भगवान् भूयाद्भवोच्छित्तये ॥२॥

संक्षिप्ताश्रवविक्रियाक्रमणिकापर्युल्लसत्संवरं,
षण्मध्यप्रतिवासिवैरिजलधिप्रष्टम्भने संवरम् ।
उद्यत्कामनिकामदाहहुतभुग्विध्यापने संवरं,
वन्दे श्रीजिननायकं मुनिगणप्राप्तप्रशंसं वरम् ॥३॥

श्रीतीर्थेश्वरमुत्तमैर्निजगुणैः संसारपाथोनिधेः,
कल्लोलप्लवमानवप्रवरतासन्धानविध्यापनम् ।
वन्देऽनिन्द्यसदागमार्थकथनप्रौढप्रपञ्चैः सदा,
कल्लोलप्लवमानवप्रवरतासन्धानविध्यापनम् ॥४॥

स्नात्रं तीर्थपतेरिदं सुजनताखानिः कलालालसं,
जीवातुर्जगतां कृपाप्रथनकृत् क्लृप्तं सुराधीश्वरैः ।
अङ्गीकुर्म इदं भवाच्च बहुलस्फूर्तेः प्रभावैर्निजैः,
स्नात्रं तीर्थपतेरिदं सुजनताखानिः कलालालसम् ॥५॥

## * દ્વિતિય કુસુમાંજલિ ગીત *

પ્રભુનું, નવણ કરો મનરંગે
સકલ સુરાસુર ઈશ્વર આવે,
કનક કળશની કોડી લાવે
ક્ષીરનીર નિર્મળ છલકાવે, પ્રકટિત ભક્તિ અભંગે... ૧

રાગદ્વેષ સંકલેશ પ્રજાળી
કલેશ અને વિગ્રહ સવિ ટાળી
ઈંદ્રોથી પણ તેજ વિશાળી, સુરપૂજિત સહુ અંગે.. ૨

સંવરથી આશ્રવ થંભાવે
અંતર્વેરી સમુદ્ર હટાવે
કામ અનલમાં જલ વરસાવે, તે જિન વંદું રંગે... ૩

ઉત્તમ નિજ ગુણ વૃંદ પ્રભાવે
જે ભવસાગર પાર કરાવે
સંસારીને શ્રેષ્ઠ બનાવે, શુભ આગમ સત્સંગે... ૪

નવણ પ્રભુનું અતુલ પ્રભાવી
જગજીવન કરૂણાળુ સ્વભાવી
શશિસમ જિનશાસન શોભાવી, કરીએ બહુ ઉછરંગે...
પ્રભુનું, નવણ કરો મનરંગે... ૫

## (वसन्ततिलका)

दूरीकृतो भगवताऽन्तरसंश्रयो यो,
ध्यानेन निर्मलतरेण स एव रागः ।
मुक्तयै सिषेविषुरमुं जगदेकनाथ-
मङ्गे विभाति निवसन् घृसृणच्छलेन ॥६॥

## * કેસર પૂજા *

### : દૂહો :

અંતરંગ જે રાગરંગ
દૂર કર્યો તે દેવ,
થઈ કેશરનો ઘોળ તે
સોહે અંગ સદૈવ...

### : ગીત :

તું વીતરાગ તોય કરૂં વ્હાલ
નાથ, તારા અંગ લાલ લાલ...
અંતરંગ રાગરંગ દૂર કર્યો તેં તો
કેશરને સંગ તારે અંગ અંગ વ્હેતો
ધ્યાન બળે દૂર ખસ્યો
રાગ તારે અંગ વસ્યો
માંગે છે મુક્તિની માળ...
નાથ, તારા અંગ લાલ લાલ...

## ✻ तृतीय - कुसुमाञ्जलिः ✻

### (शिखरिणी)

प्रभोः पादद्वन्द्वेऽवतरितसुधाभुक्शिखरिणी-
व सम्भूतश्रेयो हरिमुकुटमालाशिखरिणी ।
विभाति प्रश्लिष्टा समुदयकथावैशिखरिणी,
न तेजः पुञ्जाढ्या सुखरसनकाङ्क्षाशिखरिणी ॥१॥

जगद्वन्द्या मुर्तिः प्रहरणविकारैश्च रहिता,
विशालान्तां मुक्तिं सपदि सुददाना विजयते ।
विशालान्तां मुक्तिं सपदि सुददाना विजयते,
दधाना संसारच्छिदुरपरमानन्दकलिता ॥२॥

भवाभासंसारं हृदिहरणकम्पं प्रतिनयन्,
कलालं वः कान्तप्रगुणगणनासादकरणः ।
भवाभासं सारं हृदि हरणकम्पं प्रतिनयन्,
कलालम्बः कान्तप्रगुणगणनासादकरणः ॥३॥

जयन् जीवं भानुं बलिनमनिशं सङ्गत इला-
विलासः सत्कालक्षितिरलसमानो विसरणे ।
जयं जीवं भानुं बलिनमनिशं सङ्गत इला-
विलासः सत्कालक्षितिरलसमानो विसरणे ॥४॥

अमाद्यद्द्वेषोऽर्हन् नवनमनतिक्रान्तरणै-
रमाद्यद्वेषोऽर्हन्नवनमनतिक्रान्तकरणैः ।
सदारागत्यागी विलसदनवद्यो विमथनः,
सदारागत्यागी विलसदनवद्यो विमथनः ॥५॥

## ✻ તૃતીય કુસુમાંજલિ ગીત ✻

નવણને અવસર મેરૂશિખર પર, કેવા જિનવર સોહે...
ફૂલ પગરની અંજલિ કરતાં, સુરનર કિન્નર મોહે... ૧

જિનચરણે હરિમુકુટની મુક્તા-ઝૂલ રમે ઝળહળતી,
સોહે જાણે નભથી ઉજ્જ્વળ, સુરસરિ ધારા ઝરતી,
તેજ શિખાઓથી ચળકંતી, અભ્યુદયનું શિખર છે!
સુખવાંછાના દધિરસનો તે, મંગળ કેરો નિકર છે... ૨

ત્રિભુવનવંદ્ય પ્રભુની કાયા, શસ્ત્રવિકાર ન ધારે,
પરમાનંદ રસે છલકાતી, ભવનાં દુઃખ નિવારે,
અવિચલ શિવપદ દાતા શાતા, સહુને દેતા સ્વામી,
જય હો તારો જગત વિજેતા, મુક્તિ સુખના ધામી... ૩

ભવસુખની ચંચળતાનો જે, હૈયે ભાસ કરાવે,
સુખનાશક દુષ્કર્મ હણીને, અશરીરી પદ પાવે,
ઉત્તમ ગુણ ગણ પ્રાપ્ત કરાવે, ભાવશત્રુ કંપાવે,
કલાધાર ઉત્તમ આલંબન, મુજ ઉર આવો ભાવે... ૪

ગુણથી રવિ ગુરુ બલિને જીતી, પૃથ્વીતલમાં મ્હાલે
શુભ પૃથ્વીકાળે અવતરતો, સવળા રસ્તે ચાલે,
શુભ જીવન, જપ તેજ બલિષ્ઠે, સેવિત સુંદર વાણી,
માનરહિત શિવમાર્ગ પ્રકાશક, હરતો સજ્જન હાણી... ૫

રાગદ્વેષ અને મદ છોડી, બ્રહ્મચર્યને ધરતા,
સૌમ્યવેષ તે જિનની સ્તવના, અપૂર્વ રીતે કરતા,
નમ્ર જિતેન્દ્રિય યોગીજનને, નાગેન્દ્રોય વખાણે,
પુણ્યવિલાસી નિર્વિઘ્ને તે, સ્વતંત્રતાને માણે... ૬

### (रथोद्धता)

घ्राणतर्पणसमर्पणापटुः,
क्लृप्तदेवघटनागवेषणः ।
यक्षकर्दम इनस्य लेपनात्,
कर्दमं हरतु पापसम्भवम् ।।६।।

## * યક્ષકર્દમ વિલેપન *

### : દૂહો :

દેવગણે ભેળો કરી, યક્ષપંક જિનઅંગ,
લેપ્યો નાસા-તૃપ્તિકર, હરે મલિન અઘ-રંગ.

### : ગીત :

કર્દમ યક્ષતણો સખરો
દેવગવેષિત અતિહિ સુગંધિત નાસા તૃપ્તિ કરો... ૧
મૃગમદ અગર વળી ઘનસારા
કેસર ચંદન ઘસી ઘસારા
જિનને અંગે કીધો કીચડ, મુજ અઘ-પંક હરો
કર્દમ યક્ષતણો સખરો...

## ✻ तुरीय - कुसुमाञ्जलिः ✻

### (मन्दाक्रान्ता)

आनन्दाय प्रभव! भगवन्नङ्गसङ्गावसान !,
आनन्दाय प्रभव भगवन्नङ्ग ! सङ्गावसान !।
आनन्दाय प्रभव ! भगवन्नङ्गसङ्गावसान !,
आनन्दाय प्रभव ! भगवन्नङ्गसङ्गावसान ! ॥१॥

लाभप्राप्तप्रसृमरमहाभाग ! निर्मुक्तलाभं,
देवव्रातप्रणतचरणाम्भोज ! हे देवदेव ! ।
जातं ज्ञानं प्रकटभुवनत्रातसज्जन्तुजातं,
हंसश्रेणीधवलगुणभाक्! सर्वदा ज्ञातहंस ! ॥२॥

जीवन्नन्तर्विषमविषयच्छेदक्लृप्तासिधार!,
जीवस्तुत्य ! प्रथितजननाम्भोनिधौ कर्णधारः ।
जीवप्रौढिप्रणयनमहासूत्रणासूत्रधार !,
जीवस्पर्धारहितशिशिरेन्दूपमेयाब्दधार ! ॥३॥

पापाकाङ्क्षामथनमथनप्रौढिविध्वंसहेतो !,
क्षान्त्याद्यास्था निलयनिलयश्रान्तिसम्प्राप्ततत्त्व ! ।
साम्यक्राम्यन्नयननयनव्याप्तिजातावकाश !,
स्वामिन्नन्दाशरणशरण ! प्राप्तकल्याणमाल ! ॥४॥

जीवाः सर्वे रचितकमल ! त्वां शरण्यं समेताः,
क्रोधाभिख्यज्वलनकमल ! क्रान्तविश्वारिचक्रम् ।
भव्यश्रेणीनयनकमलप्राग्विबोधैकभानो !,
मोहासौख्यप्रजनकमलच्छेदमस्मासु देहि ॥५॥

## * ચતુર્થ કુસુમાંજલિ ગીત *

### હરિગીત

આનંદ કેરા આદિ ઉદ્ગમ ! અંગમાંહિ અસંગ તું,
આનંદ અર્થે થાવ ભગવન્! સર્વથી નિઃસંગ તું,
આનંદ લાભતણા જનક હે ! મૂર્ત તું અણગાર તું,
આનંદદાયી જન્મ પામી, જન્મને હણનાર તું... ૧

તું ભાગ્યનો ભંડાર પૂરણ, ન્યૂનતા ના સ્હેજ પણ,
દેવોતણા હે દેવ, દેવો ઝૂકતા તારે ચરણ,
ને જ્ઞાન તારૂં ત્રણ ભુવનના જીવગણનું છે શરણ,
આત્મજ્ઞ તારો ઊજળો ગુણપુંજ જેવો હંસગણ... ૨

વિરૂવા વિષયને છેદવામાં તીક્ષ્ણ અસિની ધાર તું,
સહુ જીવગણની ઉન્નતિનો મુખ્ય છે આધાર તું,
સંસાર સાગરના સુકાની જીવગણથી સ્તુત્ય તું,
રે ચંદ્રસમ શીતલ વચન નિત જીવ ! જગ અસ્પર્ધ્ય તું... ૩

તું પાપવાંછાને હણીને ક્લેશ સઘળા ઠેલતો,
ક્ષાન્ત્યાદિ કેરો નિલય પામ્યો તત્ત્વ નિજમાં ખેલતો,
સમતા ભરેલા નયનથી અવરોધ સઘળા ટાળતો,
અશરણ શરણ ચિર નંદ સ્વામી શ્રેયમાળા ધારતો... ૪

કમળે ઠવે તું પાય, સઘળા જીવ તુજ શરણે રહે,
કોપાગ્નિમાં જળ તુલ્ય! તેં અરિચક્ર જીત્યા સર્વ હે !
સૂરજ સમો તું ખીલવે ભવ્યોતણા ચક્ષુકમળ,
છેદો અમારા મોહ દુઃખોના જનક સહુ આત્મમળ... ૫

**(उपजातिः)**

निरामयत्वेन मलोज्झितेन,
गन्धेन सर्वप्रियताकरेण ।
गुणैस्त्वदीयातिशयानुकारी,
तवाङ्गमां गच्छतु देव! चन्द्रः ॥६॥

## * કપૂર પૂજાનું ગીત *

### : દૂહો :

રોગહરણ નિર્મલ ધવલ, મનહર ગંધ ઉદાર
કપૂર, દેવ! તુજ તનુ ચડે, તુજ અતિશય અનુહાર...

### : ગીત :

જિન તુજ અંગે ચડે ઘનસાર,
તુજ અતિશયની સ્પર્ધા કરતો, ધવલ સુગંધિ ઉદાર
ઉજ્જ્વળ નિર્મળ દિવ્ય સુગંધે, સહુનું મન હરનાર
રોગ રહિત તુજ કાયા જેવા, ગુણગણને ધરનાર
જિન તુજ અંગે ચડે ઘનસાર...

## * पञ्चम - कुसुमाञ्जलिः *

### (वसन्ततिलका)

संसारवारिनिधितारण ! देवदेव!,
संसारनिर्जितसमस्तसुरेन्द्रशैल ! ।
संसारबन्धुरतया जितराजहंस !,
संसारमुक्त ! कुरु मे प्रकटं प्रमाणम् ॥१॥

रोगादिमुक्तकरण! प्रतिभाविलास !,
कामप्रमोदकरणव्यतिरेकघातिन् ! ।
षष्ठाष्टमादिकरणप्रतपः प्रवीण !,
मां रक्ष पातकरणश्रमकीर्णचित्तम् ॥२॥

त्वां पूजयामि कृतसिद्धिरमाविलासं,
नम्रक्षितीश्वरसुरेश्वरसद्विलासम् ।
उत्पन्नकेवलकलापरिभाविलासं,
ध्यानाभिधानमय ! चञ्चदनाविलासम् ॥३॥

गम्यातिरेकगुण ! पापभरावगम्या,
न व्याप्नुते विषयराजिरपारनव्या ।
सेवाभरेण भवतः प्रकटे रसे वा,
तृष्णा कुतो भवति तुष्टिमतां च तृष्णा ॥४॥

वन्दे त्वदीयवृषदेशनसद्म देव !,
जीवातुलक्षितिमनन्तरमानिवासम् ।
आत्मीयमानकृतयोजनविस्तराढ्यं,
जीवातुलक्षितिमनन्तरमानिवासम् ॥५॥

## ✻ પંચમ કુસુમાંજલિ ગીત ✻

કુસુમાંજલિ કરું સાર,
જિન તું ભવજળ તારણહાર...

દઢતાથી જીત્યો તેં સુરગિરિ,
મુક્ત બન્યો સંસાર,
મનહર ચાલે હંસ હરાવ્યો,
દીયો જ્ઞાન મુજ સાર... ૧

પ્રતિભાવંત નિરામય હણતો,
ઇન્દ્રિય કામુકભાવ,
તપસી, પાપથકી લડતા હું,
થાક્યો મને બચાવ... ૨

નમ્ર નરેંદ્ર સુરેન્દ્રે શોભિત,
સિદ્ધિવધૂ વિલસંત,
પૂજું તને કૈવલ્ય કલાધર,
ધ્યાનરૂપ ભગવંત... ૩

અગણિત ગુણ પ્રભુ ભવિને નવ નવ,
વિષયો નૈવ સતાવે,
તુજ સેવાથી પ્રગટ્યો શમરસ,
તરસ બધીયે મિટાવે... ૪

યોજન પહોળું સમવસરણ તુજ,
વંદું જગત આધાર,
અનંતલક્ષ્મીનું નિલય, નિરંતર,
શોભાને ધરનાર... ૫

नैर्मल्यशालिन इमेऽप्यजडा अपिण्डाः,
सम्प्राप्तसद्गुणगणा विपदां निरासाः ।
त्वज्ज्ञानवज्जिनपते ! कृतमुक्तिवासाः,
वासाः पतन्तु भविनां भवदीयदेहे ॥६॥

## * વાસ ચૂર્ણ પૂજા *

### : દૂહો :

અજડ અપિંડિત, અમલ વળી, ગુણધર વિપદ વિનાશ
જ્ઞાન સમો, તુજ તનુ ચડે, શિવદાતા શુભવાસ...

### : ગીત :

ભવિક કરથી પડો, દેવ તુજ તનુ ચડો,
જ્ઞાનસમ અજડ ને અમલ વાસા,
પિંડને પરિહરી, સકલ સદ્‌ગુણ વરી,
વિપદ હરી આપતા મુક્તિવાસા.

## * षष्ठ - कुसुमाञ्जलिः *

### (मालिनी)

सुरपतिपरिक्लृप्तं त्वत्पुरो विश्वभर्तुः,
कलयतिपरमानन्दक्षणं प्रेक्षणीयम् ।
न पुनरधिकरागं शान्तचिते विधत्ते,
कलयति परमानन्दक्षणं प्रेक्षणीयम् ॥१॥

सदयसदयवार्तानर्तितामर्त्यहर्षा,
विजय विजयपूजाविस्तरे सन्निकर्षा ।
विहितविहितबोधा देशना ते विशाला,
कलय कलयमुच्चैर्मय्यनत्यार्द्रचित्ते ॥२॥

विरचितमाहिमानं माहिमानन्दरुपं,
प्रतिहतकलिमानं कालिमानं क्षिपन्तम् ।
जिनपतिमभिवन्दे माभिवन्देतिघातं,
सुविशदगुणभारं गौणभारङ्गसारम् ॥३॥

सुभवभृदनुकम्पानिर्विशेषं विशेषं,
क्षपितकलुषसङ्घातिप्रतानं प्रतानम् ।
पदयुगमभिवन्दे ते कुलीनं कुलीनम्,
उपगतसुरपर्षत्सद्विमानं विमानम् ॥४॥

किरणकिरणदीप्तिर्विस्तरागोऽतिरागो,
विद्युतविधुतनूजाक्षान्तिसाम्योऽतिसाम्यः ।
विनयविनययोग्यः सम्परायोपरायो,
जयति जयतिरोधानैकदेहः कदेहः ॥५॥

## * ષષ્ઠ કુસુમાંજલિ ગીત *

સુરગણ સમવસરણ વિરચે

જગપતિ! તુજ આગળ તબ સુરપતિ, નાટકરંગ રચે,

મનહર યતિ શોભિત બહુભંગે, આનંદધૂન મચે... ૧

શમરસલીન પ્રેક્ષક અંતરમાં, રાગરૂચિ ન વધે,

પરમાનંદ અનોપમ પ્રગટે, અનુભવરંગ સધે... ૨

કરુણામય વચને સુર હરખે, બોધવિશુદ્ધ કરે,

પૂજા-વિજય વધે, તુજ વાણી ઉર-કાઠિન્ય હરે... ૩

મહિમામય મહિતલ માન્યો જે, કલિ-કાલુષ્ય હણે,

ઉજ્જ્વળ ગુણગણ શોભિત ઈતિહર, નમું જિનશ્રી ચરણે...૪

ભવ્યજીવ-કરુણાળુ તું પૂરણ, તું સબ કલુષ દહે,

દેવ-અલંકૃત નમ્ર કુલીન તું નમું પદ યુગ્મ તવ હે... ૫

રવિભાસ્વર અતિસૌમ્ય વિરાગી, જ્યોત્સ્નાથી પણ શીત ,

વિનયી-સેવ્ય અકષાય સુદેહ તું જીતે સઘળી જીત... ૬

श्रितफणपतिभोगः क्लृप्तसर्वाङ्‌योगः
श्लथितसुदृढरोगः श्रेष्ठनासोपभोगः ।
सुरवपुषितरोगः सर्वसम्पन्नभोगः,
स्फुटमृगमदभोगः सोऽस्तु सिद्धोपयोगः ॥६॥

## ✻ મૃગમદ પૂજા ✻

### : દૂહો :

રૂગહર શ્યામ સુગંધવર, લેપિત જિન સર્વાંગ,
સુરતનુગત સહુભોગમય, મૃગમદ તું બડભાગ.

### : ગીત :

મૃગમદ, સફળ ભયો તું આજ
શ્યામરંગ તું બન્યો વિલેપિત, અંગ અંગ જિનરાજ,
શેષનાગને શીશ ચડ્યો તું, સૌરભનો શિરતાજ,
દેવપ્રિય સહુ ભોગરૂપ તું, હરતો રોગ સમાજ,
મૃગમદ, સફળ ભયો તું આજ...

## ✻ सप्तम - कुसुमाञ्जलिः ✻

### (भुजङ्गप्रयातम्)

यशश्चारशुभ्रीकृतानेकलोकः,
सुसिद्धान्तसन्तर्पितश्छेकलोकः ।
महातत्त्वविज्ञायिसंवित्कलोकः,
प्रतिक्षिप्तकर्मारिवैपाकलोकः ॥१॥

विमानाधिनाथस्तुतांह्रिद्वयश्री-
र्विमानातिरेकाशयः काशकीर्तिः ।
विमानाप्रकाशैर्महोभिः परीतो,
विमानायितैर्लक्षितो नैव किञ्चित् ॥२॥

क्षमासाधनानन्तकल्याणमालः,
क्षमासज्जनानन्तवन्द्याङ्घ्रियुग्मः ।
जगद्भावनानन्तविस्तारितेजाः,
जगद्व्यापनानन्तपूःसार्थवाहः ॥३॥

वपुः सङ्करं सङ्करं खण्डयन्ती,
सहासं यमं संयमं सन्तनोति ।
कलालालसं लालसं तेजसे तं,
सदाभावनं भावनं स्थापयामि ॥४॥

विशालं परं संयमस्थं विशालं,
विशेषं सुविस्तीर्णलक्ष्मीविशेषम् ।
नयानंदरूपं स्वभक्तान्नयानं,
जिनेशस्तुतं स्तौमि देवं जिनेशम् ॥५॥

# * સપ્તમ કુસુમાંજલિ ગીત *

તેં કીર્તિથી દિગદિગંત ઉજાળી દીધા
સિદ્ધાંતથી વિબુધલોક પ્રસન્ન કીધા
તું જ્ઞાનદર્શન થકી સહુ તત્ત્વ જાણે
ને કર્મના કટુવિપાક ફળો તું હાણે... ૧

તારા પદદ્વય સુરેન્દ્રગણે સ્તવાય
નમ્રાતિનમ્ર તું વિશુદ્ધયશે સુહાય
તારો પ્રકાશ પ્રસરે, સુરલોકમાંય
માની જનો થકી કદી ન તું ઓળખાય... ૨

સાધી ક્ષમા પરમ શ્રેય અનંત પામ્યો
સૌ સજ્જને ચરણમાં તુજ શીશ નામ્યો
તારી પ્રભા પ્રસરતી જગમાં અથાહ
ને વિશ્વવ્યાપી પ્રભુ તું શિવસાર્થવાહ... ૩

માલિન્ય અંગ-કુળ સંયમ કેરૂં કાપે
જેની કળા, નિયમ સંયમવૃદ્ધિ આપે
ને જ્યોતિલોલુપ અલોલુપચિત્ત જેહ
થાપું ઉરે પરમ તેજલ નાથ તેહ... ૪

શોભે વિશાળ વર સંયમમાં વસેલ
તું ભક્તને લઈ જતો મુદને મહેલ
કેવી વિશિષ્ટ વિપુલા તુજ લક્ષ્મીરેલ!
સ્વામી તને સ્તવું જિનેશગણે સ્તવેલ!... ૫

### (स्रग्धरा)

देवादेवाद्यभीष्टः परमपरमहानन्ददाताऽददाता,
कालः कालप्रमाथी विशरविशरणः सङ्गतश्रीगतश्रीः ।
जीवाजीवाभिमर्शः कलिलकलिलताखण्डनाऽर्होऽडनाऽर्हो,
द्रोणाऽद्रोणाऽऽस्यलेपः कलयति लयतिग्मापवर्गं पवर्गम् ॥६॥

## * કાલાગુરૂ, વિલેપન પૂજા *

**: દૂહો :**

કાલજયી કાલાગુરૂ, લેપ્યો જિનવર અંગ
સુરભિ સુરાસુરપ્રિય હણે, કલિ-કશ્મલ અઘ-રંગ

**: ગીત :**

કાલાગુરૂ લેપ્યો જિન અંગે,
સચર અચરને સુરભિત કરતો,
કણકણ થઈ પ્રભુ અંગ પ્રસરતો
સુર અસુરોને પ્રિય અઘહારી, શોભિત શ્યામલ રંગે,
કલિકશ્મલ દરદુરિતનો ઘાયક
ચરમ પરમપદ દાયક લાયક
કાલજયી શ્રીકારી સોહે, આત્મલીન જિન સંગે...

## * अष्टम - कुसुमाञ्जलिः *

**(वंशस्थम्)**

विधतकर्मारिबलः सनातनो,
विधूतहारावलितुल्यकीर्तिभाक् ।
प्रयोगमुक्तातिशयोर्जितस्थितिः,
प्रयोगशाली जिननायकः श्रिये ॥१॥

सुपुण्यसन्दानितकेशवप्रियः,
सदैव सन्दानितपोविधानकः ।
सुविस्मृताशोभनवृत्तिरैन्द्रक-
स्तिरस्कृताऽशोभनपापतापनः ॥२॥

स्थिता ततिः पुण्यभृतां क्षमालया,
पुरोऽपि यस्य प्रथिताऽक्षमालया ।
तमेव देवं प्रणमामि सादरं,
पुरोपचीर्णेन महेन सादरम् ॥३॥

कलापमुक्तव्रतसङ्ग्रहक्षमः,
कलापदेवाऽसुरवन्दितक्रमः ।
कलापवादेन विवर्जितो जिनः,
कलापमानं वितनोतु देहिषु ॥४॥

निदेशसम्भावितसर्वविष्टपः,
सदाप्यदम्भावितदस्युसंहतिः ।
पुराजनुर्भावितपोमहोदयः,
स नामसम्भावितसर्वचेष्टितः ॥५॥

## ❊ અષ્ટમ કુસુમાંજલિ ગીત ❊

### હરીગીત

જે કર્મરૂપી શત્રુની સેના સદા ધ્રૂજાવતો,
શશિકાંત મણિના હાર જેવી શુભ્ર કીર્તિ ધારતો;
ઉત્કૃષ્ટ ઊર્જાથી સભર તું નિષ્પ્રયોજન નિત્ય છે,
રે શ્રેષ્ઠ યોગે શોભતા જિનનાથ શ્રી-અર્થે થજે... ૧

બાંધી તમે લક્ષ્મી બધી શુભપુણ્યરૂપી દોરડે
ઉત્કૃષ્ટ ફળદાતા તપો કરતા સદા શક્તિ વડે
વિસરી બધી દુર્વૃત્તિઓને આત્સુખમાં લીન છો
દૂરે કરી દુષ્પાપ કેરો તાપ પુણ્યે પીન છો... ૨

જે દેવની આગળ ખડા કૈ પૂણ્યવંતા આતમા
સમતા તણા ભંડાર લઈને અક્ષમાળા હાથમાં
પૂર્વે ઉપાર્જિત પુણ્યથી જે પૂર્ણ નિર્ભય છે અહો
તે દેવને વંદન અમારા પૂર્ણ આદરયુક્ત હો... ૩

જેણે બધો છોડી પરિગ્રહ શુદ્ધ સંયમ આદર્યું
જેના ચરણમાં દેવ અસુરોના ગણે વંદન કર્યું
ના લેશ પણ અપવાદ જે જિનરાજને કલુષિત કરે,
વિસ્તારજો તે નાથ સહુમાં દિવ્યજ્ઞાનકલા ખરે... ૪

પૂર્વે કરેલા તપ થકી જેઓ મહોદયને વરે,
ને નામ જેનું સર્વ કાર્યોને સદા પૂરણ કરે,
નિશ્છળપણે તાર્યા ખરેખર દસ્યુને પણ જેમણે
સારૂં જગત ચાલે નિરંતર તેમની આજ્ઞાબળે... ૫

विभूषणोऽप्यद्भुतकान्तविभ्रमः,
सुरूपशाली धुतभीरविभ्रमः ।
जिनेश्वरो भात्यनघोरविभ्रमः,
प्रसादकारी महसाऽतिविभ्रमः ॥६॥

## ❊ પુષ્પાલંકાર અવતારણપૂજા ❊

**: દૂહો :**

અનઘ અભય વિભ્રમરહિત અનુપરૂપ દ્યુતિવંત,
રવિસમ ભૂષારહિત તોય, સોહે જિન અતિકંત.

**: ગીત :**

પ્રભુજી ભૂષણ સંગ તજે
તો પણ અદ્ભુત કાંતિ ભજે
અતિહી સુરૂપ સકલ ભયહારી, સર્વ વિલાસ નિવારી
તેજે અતિશય શોભિત રવિ જિમ, જિન સોહે અઘહારી
ભવિને દીઠે મુદ ઉપજે
પ્રભુજી ભૂષણ સંગ તજે....

## ✻ नवम - कुसुमाञ्जलिः ✻

### (इन्द्रवंशा)

प्रासङ्गताम्रं जिननाथ ! चेष्टितं,
प्रासङ्गमत्यद्भुतमोक्षवर्त्मनि ।
प्रासङ्गतात्यक्तभवाश्रयाशये,
प्रासङ्गवीराद्यभिदे नमांसि ते ॥१॥

कल्याणकल्याणकपञ्चकस्तुतः,
संभारसंभारमणीयविग्रहः ।
सन्तानसन्तानवसंश्रितस्थितिः,
कन्दर्पकन्दर्पभराञ्जयेज्जिनः ॥२॥

विश्वान्धकारैककरापवारणः,
क्रोधेभविस्फोटकरापवारणः ।
सिद्धान्तविस्तारकरापवारणः,
श्रीवीतरागोऽस्तु करापवारणः ॥३॥

सम्भिन्नसम्भिन्ननयप्रमापणः,
सिद्धान्तसिद्धान्तनयप्रमापणः ।
देवाधिदेवाधिनयप्रमापणः,
सञ्जातसञ्जातनयप्रमापणः ॥४॥

कालापयानं कलयन् कलानिधिः,
कालापरश्लोकचिताखिलक्षितिः ।
कालापवादोज्झितसिद्धिसङ्गतः,
कालापकारी भगवान् श्रियेऽस्तु नः ॥५॥

## * નવમ કુસુમાંજલિ ગીત *

અસંગભાવે ભવસંગતના ત્યાગરૂપ શિવપંથ પરે
અતિ અનુરાગી જેની ચેષ્ટા સદા સુસંગત રીત ધરે
રાગાદિક રિપુને હણનારા તે જિનવરને નમન ખરે,
કુસુમાંજલિ કરતાં સુરગિરિ પર સુરગણ ગુણનું ગાન કરે... ૧

જેની મંગળકારી પાંચે કલ્યાણકથી સ્તુતિ થતી
ભામંડલથી મંડિત જેની કાયા તેજે ઝળહળતી
ભવપરંપરાને હણનારી, ઉચ્ચદશામાંહિ રમતાં
તે જિનવર કંદર્પતણાં અતિદર્પ હરો મનને ગમતા... ૨

સઘળાયે અજ્ઞાનતિમિરને એક ઝાટકે નષ્ટ કરે,
ક્રોધરૂપ દુર્મદગજનો જે નાશ કરે જળ ગ્રાહ પરે,
ફેલાવે સિદ્ધાંત શુદ્ધને સકલ પરિગ્રહ દૂર ધરે
રાગરહિત જિનરાજ ધરો કર છત્ર અમારા નમ્ર શિરે... ૩

જટિલ નયોનું કરી વિભાજન સાચી સમજણ જે દેતા
નિજ શાશ્વત આગમના નિશ્ચિત નય પ્રમાણને જે કહેતા
દેવેન્દ્રોના પણ અધિનાયક એકમાત્ર જેઓ ઠરતા
સર્વપ્રમાણ નયોને દર્શન જગમાં જ્યાંથી વિસ્તરતા... ૪

સર્વકલાનિધિ ચંદ્રસમા પણ નિષ્કલંકતાને ધરતા
ઉજ્જ વળયશથી સમગ્ર ધરતીતલને જે ધવલિત કરતા
કાળતણું જ્યાં જોર ન ચાલે, તેવી સિદ્ધિને જેહ વરે
મૃત્યુંજય ભગવાન અમારા સહુનું તે કલ્યાણ કરે... ૫

## (द्रुतविलम्बितम्)

प्रकृतिभासुरभासुरसेवितो,
धृतसुराचलराचलसंस्थितिः ।
स्नपनपेषणपेषणयोग्यतां,
वहतु सम्प्रति सम्प्रति विष्टरः ॥६॥

## * સ્નાત્રપીઠ માર્જનપૂજા *

**: દૂહો :**

સેવિત ભાસુર સુરગણે, કનકાચલ સમ જેહ
સ્નાત્રપીઠ તુજ પ્રભુ વહો, ઉબટન હરતું ખેહ

**: ગીત :**

પ્રભુ તુજ નવણનું પીઠ અચંચલ
દિપ્તીમંત દેવોએ સેવિત, ચમકે જયું કનકાચલ
અબ ઉબટણનું મર્દન અંગે, વહજો થઈ થિર અંચલ
પ્રભુ તુજ નવણનું પીઠ અચંચલ...

## ✻ दशम - कुसुमाञ्जलिः ✻

### (द्रुतविलम्बितम्)

निहतसत्तमसत्तमसंश्रयं,
ननु निरावरणं वरणं श्रियाम् ।
धृतमहः करणं करणं धृते -
र्नमत लोकगुरुं कगुरुं सदा ।।१।।

सदभिनन्दननन्दनशेष्यको,
जयति जीवनजीवनशैत्यभाक् ।
उदितकन्दलकन्दलखण्डनः,
प्रथितभारतभारतदेशनः ।।२।।

वृषविधापनकार्यपरम्परा -
सुसदनं सदनं सदनं भुवि ।
अतिवसौ स्वकुले परमे पदे,
दकमलं कमलं कमलम्भुवि ।।३।।

तव जिनेन्द्र ! विभाति सरस्वती,
प्रवरपारमिता प्रतिभासिनी ।
न यदुपान्तगताऽवति बुद्धगीः,
प्रवरपारमिताऽप्रतिभासिनी ।।४।।

सदनुकम्पन ! कम्पनवर्जित !,
क्षतविकारणकारण ! सौहृद ! ।
जय कृपावन ! पावन! तीर्थकृत् !,
विमलमानस ! मानससद्यशः ! ।।५।।

## ✻ દશમ કુસુમાંજલિ ગીત ✻

નમિયે જગતગુરુ સુખકાર
કરતાં કુસુમાંજલિ મનહાર...
નિરાવરણ તોય લક્ષ્મીશ્વર જે ધૈર્યતણા ભંડાર
તેજોવલયે મંડિત જેણે, હણ્યો ઘોર અંધાર... ૧

નંદનવનથી પણ અતિમનહર, જળથી શીતળ સાર,
વાણી જેની ભરતે ફેલી, કામકંદ હણનાર... ૨

ધર્મતણી અણથક ધારાના, સદન જગતના પ્રાણ
કમળ બને જળમળ તુજ પદમાં, નિજકુળ કમળ સુભાણ... ૩

સકલ પદારથમાં પારંગત, શોભે અતિ તુજ વાણી
બુદ્ધગિરા તુજ પાસે પામે, પારમિતાની હાણી... ૪

નિષ્પ્રકંપ અનુકંપામય તું, સુહૃદય તું અવિકાર
નિર્મલયશ, પાવન તું કૃપાવન, જય તું તીર્થાધાર... ૫

**(हरिणी)**

नहि मलभरो विश्वस्वामिन् ! त्वदीयतनौ क्वचि -
द्विदितमिति च प्राज्ञैः पूर्वैरथाप्यधुनाभवैः ।
स्नपनसलिलं स्पृष्टं सद्भिर्महामलमान्तरं,
नयति निधनं मार्ज्यं बिम्बं वृथा तव देव ! हि ॥६॥

## * બિંબમાર્જન પૂજા *

### : દૂહો :

જાણે સહુ તુજ તનુ વિમલ
જળથી માર્જન વ્યર્થ
નવણ સલિલ ફરસ્યે હરે
આંતરમળ તે અર્થ.

### : ગીત :

ઓ ત્રણે જગતના સ્વામી !
તુજ શરીરના અંગે કયાંયે
મળનો નહિ લવલેશ જરાયે
જાણે નૂતન તેમ પુરાતન
વિશ્વતણા સર્વે પંડિતજન
તું નિર્મલ અતિશય ધામી... ૧

ઓ ત્રણે જગતના સ્વામી...
વૃથાભલે તુજ બિંબનું માર્જન
કિંતુ નવણ જલ ફરસી સજ્જન
નિજ આંતરમળ દૂર હટાવે
તેથી નવણ તુજ સફળ કહાવે...
હે સહુના અંતરયામી... ૨
ઓ ત્રણે જગતના સ્વામી...

# ✻ एकादश - कुसुमाञ्जलिः ✻

## (रथोद्धता)

संवरः प्रतिनियुक्तसंवरो -
ऽविग्रहः प्रकमनीयविग्रहः।
संयतः सकलुषैरसंयतः,
पङ्कहृद् दिशतु शान्तिपङ्कहृत् ॥१॥

जम्भजित् प्रणतसूरजम्भजित् -
सङ्गतः शिवपदं सुसङ्गतः ।
जीवनः सपदि सर्वजीवनो,
निर्वृतिर्भविकदत्तनिर्वृतिः ॥२॥

निर्जरप्रतिनुतश्च निर्जरः,
पावनः श्रितमहात्रपावनः ।
नायको जितदयाविनायको,
हंसगः सविनयोरुहंसगः ॥३॥

धारितप्रवरसत्कृपाशयः,
पाशयष्टिधरदेवसंस्तुतः ।
संस्तुतो दमवतां सनातनो,
नातनः कुगतिमङ्गभृन्मुधा ॥४॥

लोभकारिपरिमुक्तभूषणो,
भूषणो विगतसर्वपातकः ।
पातकः कुमनसां महाबलो,
हावलोपकरणो जिनः श्रिये ॥५॥

## ✻ એકાદશ કુસુમાંજલિ ગીત ✻

સાહિબો મેરુશિખર પર ઝીલતો
સેવે મળીયા ચોસઠ ઈંદ
કરતા પુષ્પાંજલિ બહુભાવથી
ગાવે પ્રભુના શુભ ગુણવૃંદ... ૧

ખેલતો સંવર ભાવમાં શ્રેષ્ઠ જે,
ટાળતો વિગ્રહ સુંદર દેહ,
વારતો પાપીજનોને સંયમી
જારતો પાતક શાંતિનું ગેહ... ૨

ઈન્દ્રે વંદિત, શિવપદને વર્યો
જેને સેવે જાગૃત સંત
જીવન, જગજીવન નિરાવરણ
કરતો ભવિને નિર્વૃતિવંત... ૩

જેને દેવો સ્તવે, ન નડે જરા
પાવન પૃથુયશનો વિશ્રામ
નાયક વિઘ્ન દયાના જીતતો,
હંસગતિ વિનયે વર્યો શિવધામ... ૪

સેવે શસ્ત્રધર દેવ છતાંય તું,
કરુણા આકર શાશ્વત દેવ
ઓળખે મુનિગણ દાંત તને સદા
તેં તો ટાળી દુર્ગતિ હેવ... ૫

છોડ્યાં આભૂષણ લોભામણાં
તોય તું જગભૂષણ નિષ્પાપ
મારતો મોહવિકાર મહાબલી
કાઢતો મેલો મનનો કાંપ... ૬

## (शार्दूलविक्रीडितम्)

कार्यं कारणमीश ! सर्वभुवने युक्तं दरीदृश्यते,
त्वत्पूजाविषये द्वयं तदपि न प्राप्नोति योगं क्वचित् ।
यस्मात् पुष्पममीभिरर्चकजनैस्त्वन्मस्तके स्थाप्यते,
तेषामेव पुनर्भवी शिवपदे स्फीतं फलं प्राप्नुयात् ॥६॥

## * પુષ્પ પૂજા *

### : દૂહો :

કાર્યકારણનો નિયમ તુજ,
પૂજનમાં ઉલટાય
ફૂલ ચડે તુજ શિર ઉપર
ફળ મળે શિવપદમાંહ્ય... ૧

### : ગીત :

પ્રભુ તુજ પૂજા ગજબ કરે !
કાર્ય કારણનો મેળ કદાપિ થાવા દે ન ખરે!
પૂજક લોક સદા તુજ મસ્તક ઉપર પુષ્પ ધરે
પણ ફળ પામે જન્માંતરમાં, જબ શિવધામ વરે
કાર્યકારણ ભેળા રહે, જગનો, નિયમ અસત્ય ઠરે...
પ્રભુ તુજ પૂજા ગજબ કરે...

## * द्वादश - कुसुमाञ्जलिः *

### (उपजातिः)

महामनोजन्मिनिषेव्यमाणो–
ऽनन्याय युक्तोत्थित एव मर्त्यैः ।
महामनोजन्मनिकृन्तनश्च,
न न्याययुग्रक्षिततीर्थनाथः ॥१॥

कामानुयातो निधनं विमुञ्चन्,
प्रियानुलापावरणं विहाय ।
गतो विशेषान्निधनं पदं यः,
स दुष्टकर्मावरणं भिनत्तु ॥२॥

मृदुत्वसन्त्यक्तमहाभिमानो,
भक्तिप्रणम्रोरुसहस्रनेत्रः ।
अम्भोजसंलक्ष्यतमाभिमानः,
कृतार्थतात्मस्मृतिघस्रनेत्रः ॥३॥

समस्तसम्भावनयाऽवियुक्त -
प्रतापसम्भावनयाऽभिनन्दन् ।
अलालसं भावनयाऽनकाङ्क्षी,
वरिष्ठसम्भावनयानकाङ्क्षी ॥४॥

समस्तविज्ञानगुणावगन्ता,
गुणावगन्ता परमाभिरामः ।
रामाभिरामः कुशलाविसर्पः,
शिलावसर्पो जयताज्जिनेन्द्रः ॥५॥

## ✻ દ્વાદશ કુસુમાંજલિ ગીત ✻

દિલડાનો માન્યો રે, મોરો પ્રભુ મનડાનો માન્યો રે
સુરગિરિ પર કુસુમાંજલિ કરતાં, ઉરમાં આણ્યો રે...
મોરો પ્રભુ મનડાનો માન્યો રે... ૧

જન્મથી જ સુરસેવિત ન્યાયી, તું હતકામ અનન્ય
મહામાનવ પણ સેવે તુજને, તીર્થરક્ષક તું ધન્ય
ઈચ્છાઓ જેને અનુસરતી, અમરણ માણ્યો રે
મોરો પ્રભુ મનડાનો માન્યો રે... ૨

પ્રીતિબંધ તોડી શિવ પામે, કરે કર્મનો ખેહ
મૃદુતાથી અભિમાન તજંતો, ઈન્દ્રે પૂજિત જેહ...
નવકમલે કરી સહુથી મોટો, તુંહી પીછાણ્યો રે...
મોરો પ્રભુ દિલડાનો માન્યો રે... ૩

સઘળી પૂજાઓના ભાગી, પ્રતાપથી ઉલ્લસતો
ભાવપંથનો ચાહક નિસ્પૃહ, મોક્ષમાર્ગમાં ધસતો
સકલ જ્ઞાન વિજ્ઞાનનો પારગ, વિબુધ પ્રમાણ્યો રે...
મોરો પ્રભુ દિલડાનો માન્યો રે... ૪

ગુણનો જાણ પરમ સુંદર તું, લક્ષ્મીથી અભિરામ
ધીરગતિ જિનરાજ તમારો, જય હો શુભ વિશ્રામ
કૃતાર્થ તું નિજભાવે રમતો, રવિસમ જાણ્યો રે...
મોરો પ્રભુ દિલડાનો માન્યો રે... ૫

**(वसन्ततिलका)**

रम्यैरनन्तगुणषड्रसशोभमानैः,
सद्वर्णवर्णिततमैरमृतोपमेयैः ।
स्वाङ्गैरवाद्यफलविस्तरणैर्जिनार्चा–
मर्चामि वर्चसि परैः कृतनित्यचर्चः ॥६॥

## * ફળ પૂજા *

### : દૂહો :

રમ્ય અનંત રસે ભર્યા
અમૃતમધુર શુભદેહ
ફળપુંજે પૂજું જિનપ
ફળે અકલ્પિત જેહ

### : ગીત :

ધરિએ જિન આગળ ફળથાળ
રમ્ય અનંતગુણ ખટરસ શોભિત
સુંદર રંગ રસાળ... ૧
સુઘડ સ્વચ્છ અમૃત સમ મીઠા
ચમકે અતિ તેજાળ...
ફળપુંજે કરી જિનવર પૂજું
દેતા ફળ સુવિશાળ...૨
ધરિએ જિન આગળ ફળથાળ...

## ✻ त्रयोदश - कुसुमाञ्जलिः ✻

### (मञ्जुभाषिणी)

करवालपातरहितां जयश्रियं,
करवालपातरहितां जय श्रियम् ।
विनयन्नयापदसुचारिसंयमो,
विनयन्नयापदसुचारिसंयमः ॥१॥

इनमन्धतामसहरं सदासुखं,
प्रणमामि कामितफलप्रदायकम् ।
इनमन्धतामसहरं सदा सुखं,
विजये च तेजसि परिष्ठितं चिरम् ॥२॥

निजभावचौरदमनं दयानिधिं,
दमनं च सर्वमुनिमण्डलीवृतम् ।
मुनिमञ्जसा भवलसत्पयोनिधौ,
निलसत्कवीर्यसहितं नमामि तम् ॥३॥

बहुलक्षणौघकमनीयविग्रहः,
क्षणमात्रभिन्नकमनीयविग्रहः ।
कमनीयविग्रहपदावतारणो,
भवभुक्तमुक्तकुपदावतारणः ॥४॥

सुरनाथमानहरसम्पदश्रितः,
क्षतराजमानहरहासकीर्तिभाक् ।
विगतोपमानचरणोद्धृताशयो,
विगताभिमानहरवध्यशातनः ॥५॥

## * ત્રયોદશ કુસુમાંજલિ ગીત *

જિનવર તું જગ જયકારી
હિંસા વિણ જયલક્ષ્મી વરતો, શસ્ત્ર વિના પણ શોભા ધરતો
દુર્જન દુર્નય વિપદને દમતો, શુભસંયમ ધારી

જિનવર તું... **૧**

રવિસમ ઘોર તમસ હરનારો, સદા સુખી વાંછિત દેનારો
નિત્ય વિનય તેજે વિલસંતો, નરકતિમિરહારી

જિનવર તું...**૨**

ભાવ ચોરનું દમન કરંતો, દયાનિધાન મુનિવૃંદ વસંતો
અજબ વીર્ય ઉલ્લાસ થકી ઝટ, ભવસાગર પારી

જિનવર તું...**૩**

બહુ લક્ષણ શોભિત તનુ ધરતો, ક્ષણમાં સવિ તનુ ભેદન કરતો
ભવનો ભોગી કુપદ અયોગી, વર તનુ અવતારી

જિનવર તું...**૪**

સંપદ સુરઈશ ગર્વ હરે વળી, કીર્તિ શશિ-હરહાસથી ઉજળી
અનુપમ ચરણે ઉચક્યો આશય, અમદ મદન મારી

જિનવર તું...**૫**

**(स्रग्धरा)**

धाराधाराभिमुक्तोद्रसबलसबलक्षोदकाम्यो दकाम्यो,
भिक्षाभिक्षाविचारस्वजनित ! जनितप्रातिमानोऽतिमानः ।
प्राणप्राणप्रमोदप्रणयननयनं घातहन्ताऽन्तहन्ता,
श्रीदः श्रीदप्रणोदी स्वभवनभवनः काकतुण्डः कतुण्डः ।।६।।

## ✻ અગર પૂજા ✻

### : દૂહો :

ઉત્કટ મેઘરસે બન્યો
મુનિજન સમ જે શ્યામ
શ્રીપ્રદ હિમગિરિ ઉપન્યો
અગરૂ પ્રાણમુદધામ.

### : ગીત :

મેઘના પ્રબલ વરસેલ ઉત્કટ રસે
સભર નિર્મળ જળે પુષ્ટ જેહ
કલ્પ્ય અકલ્પ્યનું મનન જેનું સ્વજન
તેહ મુનિજન સમું શ્યામ દેહ
પ્રાણને પોષતું હૈયું હુલસાવતું
ઘા હરે મોત રોકે અકાળ
સંપદા આપતું સૌખ્ય આકર્ષતું
હિમગિરિ નીપનું અતિ સુખાળ
એહવા અતિઘણા અગરૂથી પૂજીયે
જગતના નાથને દુરિત સબ છીજીયે.

## ✻ चतुर्दश - कुसुमाञ्जलिः ✻

### (चन्द्रवर्त्म)

ज्ञानकेलिकलितं गुणनिलयं,
विश्वसारचरितं गुणनिलयम् ।
कामदाहदहनं परममृतं,
स्वर्गमोक्षसुखदं परममृतम् ॥१॥

स्वावबोधरचनापरमहितं,
विश्वजन्तुनिकरे परमहितम् ।
रागसङ्गिमनसां परमहितं,
दुष्टचित्तसुमुचां परमहितम् ॥२॥

भव्यभावजनतापविहननं,
भव्यभावजनतापविहननम् ।
जीवजीवभवसारविनयनं,
जीवजीवभवसारविनयनम् ॥३॥

कालपाशपरिघातबहुबलं,
कालपाशकृतहारविहरणम् ।
नीलकण्ठसखिसन्निभनिनदं,
नीलकण्ठहसितोत्तमयशसम् ॥४॥

न्यायबन्धुरविचारविलसनं,
लोकबन्धुरविचारसुमहसम् ।
शीलसारसनवीरतनुधरं,
सर्वसारसनवीरमुपनये ॥५॥

## ✻ ચતુર્દશ કુસુમાંજલિ ગીત ✻

મારો જિનવર જગહિતકારી
સેવું શિવ સુરસુખ દાતારી
એ તો પરમ અમૃત અનુકારી
કરે કુસુમાંજલિ સુરનારી
જઈ મેરુશિખર પર સારી... **૧**

ગુણમાં લીન ગુણોનું મંદિર, જ્ઞાનકેલિમાં રમતો
જગમાં શ્રેષ્ઠ કથા જેની છે, કામદેવને દહતો
**મારો જિનવર...૧**

અનુભવ જ્ઞાની ગણથી પૂજિત, જગમાં પરમ મહસ્વી
રાગી જનનું હિત ના કરતો, ત્યાગી પરમ હિતસ્વી
**મારો જિનવર...૨**

શુભ ભાવુકના તાપ નિવારે, ભવ્ય લોકનો ઈંદો
સારભૂત આપે સહુ જીવને, ટાળે ભવનો ફંદો...
**મારો જિનવર...૩**

કાલપાશનો નાશક સ્વામી, દુઃષમકાળ વિચરતો,
શંકર હાસ ધવલ જસ કીર્તિ, મેઘ સમો ધ્વનિ ધરતો
**મારો જિનવર...૪**

ન્યાયોચિત ચિંતનમાં વિલસે, તેજે રવિને જીપે
શીલ કછોટે વીરાસન ધરી, વીર પરમ બળી દીપે
**મારો જિનવર...૫**

(मालिनी)

विनयविनयवाक्यस्फारयुक्तो रयुक्तः,
पुरुषपुरुषकाराद् भावनीयोऽवनीयः ।
जयतु जयतुषारो दीप्रमादे प्रमादे,
सपदि सपदि भङ्क्ता वासधूपः सधूपः ॥६॥

## * વાસ ચૂર્ણ પૂજા *

**: દૂહો :**

સ્તુતિ સાથે અગને ધર્યો, ધમ્યો ધવલ અતિધૂપ,
વાસચૂર્ણનો ભાંજતો, મદપ્રમાદ અરિરૂપ...

**: ગીત :**

ધૂપ કરે ભવિજન જિન આગે
વિવિધ સુગંધી દ્રવ્યે મિશ્રિત
દિવ્ય વાસચૂર્ણે અતિરાગે
આગ ઉપર ભભક્યો, અતિ યત્ને
મદ પ્રમાદ તણું બળ ભાંગે
સ્તવના સાથે ધૂપ કરંતા
બદબૂ દુરિત તણી સબ ભાગે...

## ✻ पञ्चदश – कुसुमाञ्जलिः ✻

### (स्वागता)

आततायिनिकरं परिनिघ्न–
न्नाततायिचरितः परमेष्ठी ।
एकपादरचनासुकृताशी–
रेकपाददयिता कमनीयः ॥१॥

वर्षदानकरभाजितलक्ष्मी–
श्चारुभीरुकरभाऽजितचित्तः ।
मुक्तशुभ्रतरलालसहारो,
ध्वस्तभूरितरलालसकृत्यः ॥२॥

युक्तसत्यबहुमानवदान्यः,
कल्पितद्रविणमानवदान्यः ।
देशनारचितसाधुविचारो,
मुक्ताविजितसाधुविचारः ॥३॥

उक्तसंशयहरोरुकृतान्त –
स्तान्तसेवकपलायकृतान्तः ।
पावनीकृतवरिष्ठकृतान्त –
स्तान्तथा गिरमवेत्य कृतान्तः ॥४॥

यच्छतु श्रियमनर्गलदानो,
दानवत्रिदशपुण्यनिदानः ।
दानवारिकिरिविभ्रमयानो,
यानवर्जितपदोऽतिदयानः ॥५॥

## ✻ પંચદશ કુસુમાંજલિ ગીત ✻

મેરુ ઉપર કુસુમાંજલિ કરતાં, પ્રભુને પ્રાર્થે સુરનરનાર
આપો અમને આત્મિક લક્ષ્મી, રે ત્રિભુવનના તારણહાર...
જગતદયાળુ જગમાં ઉત્તમ
આતતાયી ગણના હણનાર
શિવલક્ષ્મીથી અતિસુંદર ઓ,
એક પગે તપસા કરનાર... આપો... ૧

લક્ષ્મી લલનામાં ના મોહ્યા
વાર્ષિક દાન તણા દાતાર
ત્યાગી સઘળી આળસ તૃષ્ણા
છોડ્યા સઘળા મુક્તાહાર... આપો... ૨

સાચી મધુરી જેની વાણી
મન માંગ્યું વાંછિત દેનાર
સાધુમાર્ગના શુભ ઉપદેશક
નિસ્પૃહતાને આચરનાર... આપો... ૩

ભવભ્રમણા ટાળે ભક્તોની,
આગમથી સંશય હરનાર
પાવન કીધાં મોટાં શાસ્ત્રો
જે જિનવાણી અનુસરનાર.... આપો... ૪

ઐરાવણ ગજવર જિમ ચાલે
વાહનને ના વાપરનાર
સુર અસુરોના પુણ્યનો હેતુ
દાન અનર્ગલના દેનાર... આપો... ૫

**(मालिनी)**

अमृतविहितपोषं शैशवं यस्य पूर्वा-
दमृतपथनिदेशाद् दुर्धरा कीर्तिरासीत् ।
अमृतरचितभिक्षा यस्य वृत्तिर्व्रतादो-
रमृतममृतसंस्थस्यार्चनायाऽस्तु तस्य ॥६॥

## ❊ અમૃતજળ પૂજા ❊

**: દૂહો :**

પીધું ખાધું ઉપદિશ્યું, જેણે અમૃતસાર
અમૃતપદમાં જે વસ્યો, અરચું અમૃત ધાર...

**: ગીત :**

સીંચો સીંચો રે પ્રભુને, જળની અમૃત ધારે
શૈશવમાં અમૃતના પાને, કાયા જેહ વધારે...
ઉજ્જ્વળ કીર્તિ અર્જિત કીધી
અમૃતપથ ઉપદેશે
મુનિ થઇ અમૃતભિક્ષા લીધી
વસિયો અમૃત નિવેશે
અમૃત જેના અંગઅંગથી વરસે અગણિત ધારે...

# ※ षोडश - कुसुमाञ्जलिः ※

## (प्रहर्षिणी)

विश्वेशः क्षितिलसमानमानमानः,
प्रोद्योती मरुदुपहारहारहारः ।
सन्त्यक्तप्रवरवितानतानतानः,
सामस्त्याद्विगतविगानगानगानः ॥१॥

विस्फूर्जन् मथितविलासलासलासः,
संक्षेपक्षपितविकारकारकारः ।
सेवार्थव्रजितविकालकालकाल-
श्चारित्रक्षरितनिदानदानदानः ॥२॥

पूजायां प्रभवदपुण्यपुण्यपुण्य-
स्तीर्थार्थं विलसदगण्यगण्यगण्यः।
सद्ध्यानैः स्फुरदवलोकलोकलोको,
दीक्षायां हतभवजालजालजालः ॥३॥

स्मृत्यैव क्षतकरवीरवीरवीरः,
पादान्तप्रतिनतराजराजराजः ।
सद्विद्याजितशतपत्रपत्रपत्रः,
पार्श्वस्थप्रवरविमानमानमानः ॥४॥

नेत्रश्रीजितजलवाहवाहवाहो,
योगित्वामृतघनशीतशीतशीतः ।
वैराग्यादधृतसुबालबालबालो,
नामार्थोत्थितमुदधीरधीरधीरः ॥५॥

## ✻ ષોકશ કુસુમાંજલિ ગીત ✻

જય જય જિનવર જગત દયાળા
ભૂતલ અતિ સન્માનિત જગપતિ
સુર ફૂલે શોભિત તેજલ અતિ
ગાન તાનમાં જેને ન રતિ
જે નિર્વિઘ્ને પળાવે વિરતિ... ૧

હાસ વિલાસમાં નવિ રમનારા
વિકારના કારણ દમનારા
નિર્નિદાન સંયમ દેનારા
સેવક સકલ અશુભ હરનારા... ૨

પૂજનહિંસા પુણ્યે પલટતા
તીર્થ હેતુ ગણિગણથી વિલસતા
ધ્યાની જ્ઞાનથી જગત નિરખતા
મુનિની ભવજંજાળ વિઘટતા... જય જય... ૩

અતિબળી સુભટ હરાવે સ્મરતાં
રાજ રાજેશ્વર ચરણે નમતા
જીત્યા સરસતી સદ્‌વિદ્યાથી
વૈમાનિક સુર જસ સેવાર્થી... જય જય... ૪

નેત્ર અષાઢી ઘનથી શ્યામલ
યોગામૃતથી શશિ હિમ શીતલ
શિશુ લલના ત્યાગી નિજ નામે
રૂપે ધરે ધીર આનન્દ ધામે... જય જય... ૫

**(द्रुतविलम्बितम्)**

क्षणनताडनमर्दनलक्षणं,
किमपि कष्टमवाप्य तितिक्षितम् ।
त्रिभुवनस्तुतियोग्य ! यदक्षतै-
स्तव तनुष्वजने फलितं हि तत् ॥६॥

## ✻ અક્ષત પૂજા ✻

**: દૂહો :**

ખંડન તાડન આદિના
અતિશય કષ્ટ સહંત
અક્ષત તુજ અંગે ચઢી
તેનું સુફળ લહંત.

**: ગીત :**

ઓ જગની સ્તવના લાયક,
પ્રભુ, તુજ પર અક્ષત ચઢતા
ખંડાતા ને કૂટાતા, વળી સબળે હાથે છડતાં
એણે કષ્ટ સહ્યાં જે કોઇ, સમતાનો સાથ પકડતાં
તુજ પાવન અંગ ફરસતાં
તે સઘળાં સફળ નીવડતા

## * सप्तदश - कुसुमाञ्जलिः *

### (मत्तमयूरम्)

तारं तारङ्गामलनैः स्यादवतारं,
सारं सारङ्गेक्षणनार्यक्षतसारम् ।
कामं कामं घातितवन्तं कृतकामं,
वामं वामं विद्रुतमुज्झितगतवामम् ॥१॥

देहं देहं त्याजितनम्रोरुविदेहं,
भावं भावं मोचितवेगं द्रुतभावम् ।
नारं नारं शुद्धभवन्तं भुवनारं
मारं मारं विश्वजयन्तं सुकुमारम् ॥२॥

देवं देवं पादतलालं नरदेवं,
नाथं नाथं चान्तिकदीप्यत्सुरनाथम् ।
पाकं पाकं संयमयन्तं कृतपाकं,
वृद्धं वृद्धं कुड्मलयन्तं सुरवृद्धम् ॥३॥

कारं कारम्भाविरसानामुपकारं,
काम्यं काम्यं भाविरसानामतिकाम्यम् ।
जीवं जीवं भाविरसानामुपजीवं,
वं देवं देऽभाविरसानामभिवन्दे ॥४॥

सर्वैः कार्यैः सङ्कुलरत्नं कुलरत्नं,
शुद्धस्फूर्त्याभाविवितानं विवितानम् ।
वन्दे जातत्राससमाधिं ससमाधिं,
तीर्थाधीशं सङ्गतसङ्गं गतसङ्गम् ॥५॥

## ✻ સપ્તદશ કુસુમાંજલિ ગીત ✻

મેરુશિખર પર જિનવર સોહે, કુસુમાંજલિ વેળા મન મોહે
કરતા પ્રભુની સુંદર સેવા, સ્તવતા નવ નવ છંદે દેવા... ૧

અનેકાંતનો શુભ અવતાર, કરતો તુજ વાણી વિસ્તાર
નારી જેનો ન લહે સાર, સ્મરનો તેં જ કર્યો સંહાર... ૨

પીડાયો ના આશા-પાશે, સરલ તું ન ધરે વામા પાસે
દેહાંતરમાં નવિ આસક્ત, કરુણાભાવે નિત અનુસક્ત... ૩

શુદ્ધાતમનો તારણહાર, મૃદુ તો યે તેં માર્યો માર
તારા ચરણ કમળની સેવા, કરી તેજે ચમકે નરદેવા... ૪

સુરપતિ પણ તુજ પાસે વસતો, નાથ અસુરને તુહીંજ દમતો
જીરણને નવજીવન દેતો, દેવોમાંહી વડેરો રહેતો... ૫

નિરારંભીનું વાંછિત પૂરે, ભાવિ ભદ્રકને પ્રિય અતિ ધૂરે
જીવતણો જીવન તું સ્હેજે, ફીક્કાને ભરતો અતિતેજે... ૬

અનાસક્તનો દેવ છે જેહ, વંદુ દાતા મુખ્યને તેહ
રત્ન સમાં કાર્યો કરનાર, કુલમાં રત્ન સમો શૃંગાર... ૭

વિશુદ્ધ ભાવિતણો ઘડનારો, શુદ્ધ સમાધિનો ધરનારો
શુભસંગીને અસંગી જેહ, તીર્થેશ્વર વંદુ ધરી નેહ... ૮

स्वामिन् ! जायेताखिललोकोऽभयरक्षो,
नामोच्चारात् तीर्थकराणामनघानाम् ।
यत्तद्बिम्बे रक्षणकर्म व्यवसेयं,
तत्र प्रायः श्लाघ्यतमः स्याद् व्यवहारः ॥६॥

## * રક્ષા વિધાન ગીત *

### : દૂહો :

જેનો નામોચ્ચાર પણ, જગનો રક્ષણહાર
તે જિનવરના બિંબની, રક્ષા શુભ વ્યવહાર

### : ગીત :

પ્રભુ, જેના નામ તણો ઉચ્ચાર
સકલ જગતને અભય કવચનું રક્ષણ દેતો સાર
આવો પાવન મંગલ તું છે, તો યે આ વ્યવહાર
તુજ જિનબિંબની રક્ષા કરવી, મંત્ર થકી શુભકાર...

## * अष्टादश - कुसुमाञ्जलिः *

### (स्त्रग्विणी)

बद्धनीतासुगं बद्धनीतासुगं,
सानुकम्पाकरं सानुकम्पाकरं ।
मुक्तसङ्घाश्रयं मुक्तसङ्घाश्रयं,
प्रीतिनिर्यातनं प्रीतिनिर्यातनम् ॥१॥

सर्वदादक्षणं पारमार्थे रतं,
पारमार्थेरतं सर्वदादक्षणम् ।
निर्जराराधनं संवराभासनं,
संवराभासनं निर्जराराधनम् ॥२॥

तैजसं सङ्गतं सङ्गतं तैजसं,
दैवतं बन्धुरं बन्धुरं दैवतम् ।
सत्तमं चागमात् चागमात् सत्तमं,
साहसेऽकारणं कारणं साहसे ॥३॥

विश्वसाधारणं विश्वसाधारणं,
वीतसंवाहनं वीतशंवाहनम् ।
मुक्तिचन्द्रार्जनं मुक्तिचन्द्रार्जनं,
सारसंवाहनं सारसंवाहनम् ॥४॥

कामलाभासहं पापरक्षाकरं,
पापरक्षाकरं कामलाभासहम् ।
बाणवीवर्धनं पूरकार्याधरं,
पूरकार्याधरं वाणवीवर्धनम् ॥५॥

## * અષ્ટાદશ કુસુમાંજલિ ગીત *

ભાવે ભર્યાં રે હૈયાં ભાવે  ભર્યાં રે હૈયાં ભાવે ભર્યાં
મેરુશિખર પર દેવોની ટોળી, કુસુમાંજલિ કરે હૈયે હેત ઘોળી
ગાયે ગુણલા નવ નવ ગીતે, નાચે રાચે પ્રભુજીની પ્રીતે
આનંદના સાગરમાં રંગે તર્યા... હૈયાં ભાવે...   **૧**

જિન તુજ થિર છે મન અને પ્રાણ, વાંછાનો પૂરક તું જગત્રાણ
સંઘાધાર એકાકી અસંગ, પ્રેમ થકી જીત્યા તે વૈરના પ્રસંગ
પૌદ્‌ગલિક પ્રેમના રંગ ઓસર્યા... હૈયાં ભાવે...   **૨**

સદા અહિંસક સંવર સાધક, નિર્જરા ભાવ કેરો નિત્ય આરાધક
નિત્ય વર્ધમાન તો ય પરિગ્રહ વારક, દેવે પૂજિત દિવ્યતેજ ધારક
પરમાર્થ ભાવ જેના હૈયે નર્યા... હૈયાં ભાવે...   **૩**

દેવોને પૂજનીય સર્વ દેવથી વડો, અંધારે પ્રગટાવ્યો આગમનો દીવડો
શુભનો નિમિત્ત વળી અશુભનો અહેતુ, આતમાના સાચા તેજને વહે તું...
દિવ્ય ભામંડલના તેજને ધર્યા... હૈયાં ભાવે...   **૪**

સહુને સુલભ્ય, વિશ્વ લક્ષ્મીના ધારક, વાહન ને અંગતણી શોભાના વારક
શ્રેષ્ઠતાના વાહક સંસાર તારક, મુક્તિને પામવાના ઉદ્યમના કારક
મુક્ત થઇ સિદ્ધશિલા ધામમાં ઠર્યા... હૈયાં ભાવે... **૫**

કામરાગ મારતો ભ્રાંતિ નિવારતો, પાપથી બચાવતો પાપીને તારતો
હિંસાને કાપતો વાણી શોભાવતો, દેહતણી માંગણીને સ્હેજે ન ધારતો
શ્રમણો ને શ્રમણીના સંઘે વર્યા... હૈયાં ભાવે...   **૬**

(इन्द्रवज्रा)

संसारसंसारसुतारणाय,
सन्तानसन्तानकतारणाय ।
देवाय देवार्यतितारणाय,
नामोऽस्तु नामोस्तुतितारणाय ॥६॥

## * નિરૂંછન ગીત *

### : દૂહો :

શ્રી જિન અંગ કોરૂં કરી, કરૂં કોરો સંસાર
ભવતારક પ્રભુ નામથી, ભવસંતતિ કરૂં પાર...

### : ગીત :

નમો નમો શ્રી જિનના ચરણે
જેના અંગને કોરૂં કરતા
ઈન્દ્રિય ગણ સહુ આવે શરણે...
ટૂંકાતો સંસાર પ્રસરતો
ભવસંતતિથી પાર ઊતરતો
ભવિજન પ્રભુનું નામ ઉચ્ચરતો
ન ભમે ભવના વિકટ રણે
નમો નમો શ્રી જિનના ચરણે...

## ✻ एकोनविंशति - कुसुमाञ्जलिः ✻

### (प्रमाणिका)

सदातनुं दयाकरं, दयाकरं सदातनुम् ।
विभावरं विसङ्गरं, विसङ्गरं विभावरम् ॥१॥

निरञ्जनं, निरञ्जनं कुपोषणं कुपोषणम् ।
सुराजितं सुराजितं, धराधरं धराधरम् ॥२॥

जनं विधाय रञ्जनं, कुलं वितन्य सङ्कुलम् ।
भवं विजित्य सद्भवं, जयं प्रतोष्य वैजयतम् ॥३॥

घनं शिवं शिवं घनं, चिरन्तनं तनं चिरम् ।
कलावृतं वृतं कला-भुवः समं समं भुवः ॥४॥

नमामि तं जिनेश्वरं, सदा विहारिशासनम् ।
सुराधिनाथमानसे, सदाऽविहारिशासनम् ॥५॥

## * એકોનવિંશતિ કુસુમાંજલિ ગીત *

પ્રભુ પર ફૂલ પગર વરસે, સુરાસુર કિન્નર મન હરષે
દેહભાવથી મુક્ત સનાતન, દેવદયાળુ દયા નિકેતન
તેજ અખંડિત મુનિગણ મંડિત, વિભાવને વિગ્રહ જયાં ખંડિત,
તે જિન જોવા મન તરસે... પ્રભુ પર... ૧

પરમ નિરંજન જનમન રંજન, અતિશય શોભિત સુરમદ ભંજન
ધરથી ધીર રહિત જે રોષે, ધરતીને ધારે ને પોષે,
નિપજ્યો જાણે અમૃત રસે... પ્રભુ પર... ૨

જનગણને સુપ્રસન્ન કરીને, ઋદ્ધિસિદ્ધિથી કુળને ભરીને
પુણ્યભર્યો સંસાર તજીને, સંતોષ્યો જય મોહ દમીને
અલૌકિક સંયમના ફરસે... પ્રભુ પર... ૩

જેહ ચિરંતન અતિ હિ ઉદાર, શિવપદ સર્વ ઉપદ્રવ હાર
ચંદ્રકલાસમ શોભે જેહ, પૂર્ણકલામય વરિયું તેહ
અનોપમ વિશુદ્ધ યોગ વશે... પ્રભુ પર... ૪

જેનું શાસન સુરપતિ માને, જે રોકે સઘળી હિંસાને
સકલ જગતમાં અવિચલ વિચરે, તે જિનવરને પ્રણમું સુપરે
વિશ્વમાં જે સઘળે વિલસે... પ્રભુ પર... ૫

**(द्रुतविलम्बितम्)**

प्रकटमानवमानवमण्डलं,
प्रगुणमानवमानवसङ्कुलम् ।
नमणिमानवमानवरं चिरं,
जयति मानवमानवकौसुमम् ॥६॥

## ✻ પુષ્પમાળા અર્ચાગીત ✻

### : દૂહો :

ગુંથી બહુવિધ પુષ્પથી, ભ્રમર ભમે ચોપાસ
મણિથી અધિક શોભા ધરે, ફૂલમાળા શુભવાસ

### : ગીત :

સુરભિત વિવિધ કુસુમની માળા
મણિગણથી પણ અધિકી સુંદર શોભા જાસ વિશાળ
પરિમલ પ્રસરે પ્રબલ ચિહું દિશિ
ભ્રમર ટોરિ જ્યાં ભમતી
બહુરંગી પુષ્પોથી ગુંથી
માનવને મનગમતી
જાણે મુક્તિ વધૂ વરમાળા...

## ✻ विंशतितम - कुसुमाञ्जलिः ✻

(तोटकम्)

बहुशोकहरं बहुशोकहरं,
कलिकालमुदं कलिकालमुदम् ।
हरिविक्रमणं हरिविक्रमणम्,
सकलाभिमतं सकलाभिमतम् ॥१॥

कमलाक्षमलं विनयाय तनं,
विनयायतनं कमलाक्षमलम् ।
परमातिशयं वसुसम्बलभं,
वसुसंवलभं परमातिशयम् ॥२॥

अतिपाटवपाटबलं जयिनं,
हतदानवदानवसुं सगुणम् ।
उपचारजचारजनाश्रयणं,
प्रतिमानवमानवरिष्ठरुचम् ॥३॥

सरमं कृतमुक्तिविलासरमं,
भयदं भयमुक्तमिलाभयदम् ।
परम व्रजनेत्रमिमं परमं,
भगवन्तमये प्रभुताभगवम् ॥४॥

भवभीतनरप्रमदाशरणं,
शरणं कुशलस्य मुनीशरणम् ।
शरणं प्रणमामि जिनं सदये,
सदये हृदि दीप्तमहागमकम् ॥५॥

## * વિશંતિ કુસુમાંજલિ ગીત *

ફૂલવારી ફૂલવારી ફૂલવારી કે વરસે ફૂલવારી
બલિહારી બલિહારી બલિહારી કે પ્રભુજીની બલિહારી
મારા પ્રભુજી સૂરજ સમ સોહે છે
વળી શશિ જિમ મનડું મોહે છે
દુઃખ શોક કલહ હરનારા છે
કલિકાળે આનંદ દેનારા છે
સિંહ જેવા પરાક્રમશાળી કે પ્રભુજીની બલિહારી... ૧
જેનાં નેત્ર કમળથી અતિ સુંદર
જે નય વિનયનું છે કુલઘર
જેની અતિશય લક્ષ્મી જગમાં પરમ
ભામંડલ વસુધારા અનુપમ
સ્થિર લક્ષ્મીના દાતારી કે પ્રભુજીની બલિહારી... ૨
દુર્બોધિને દૂર ખદેડનારા
દાનવની લક્ષ્મીને હરનારા
અંગ સૌષ્ઠવ જેનું અકલ્પિત છે
સાધુને સેવક જસ આશ્રિત છે
જયવંતા ને ગુણધારી કે પ્રભુજીની બલિહારી... ૩
જે મુક્તિવધૂથી વિલાસ કરે
નિર્ભય જે જગના ભયને હરે,
લઈ જાવે ભવિકને પરમપથે
જેની વાણીથી પ્રભુતા પ્રગટે
તે સ્વામી ઉપર જાઉં વારી કે પ્રભુજીની બલિહારી... ૪
ભવભીત નરનાર જ્યાં શરણ લહે
મુનિગણ જેને મંગલનિલય કહે
જેનું દીલ દયાનો દરિયો છે
જ્યાં આગમદીપ ઝળહળિયો છે
નમું તેનું શરણ સ્વીકારી કે પ્રભુજીની બલિહારી... ૫

**(उपजातिः)**

आशातना या किल देवदेव !,
मया त्वदर्चारचनेऽनुषक्ता ।
क्षमस्व तां नाथ! कुरु प्रसादं,
प्रायो नराः स्युः प्रचुरप्रमादाः ॥६॥

## * ક્ષમાપના *

**: દૂહો :**

તુજ પૂજા કરતાં થકા, થઈ આશાતના જેહ
ખમજો ને કરજો કૃપા, મનુજ પ્રમાદનું ગેહ.

**: ગીત :**

પ્રભુજી, કરજો કૃપા પ્રસાદ
તારી પૂજા કરતાં કરતાં
વશ પડિયા પરમાદ
આશાતન થઈ જાય જે મુજથી
ખમજો તે અપરાધ
મને દેજો પ્રેમે સાદ
પ્રભુજી કરજો કૃપા પ્રસાદ.

## ✻ एकविंशति - कुसुमाञ्जलिः ✻

### (गीतिः)

करकलितपालनीयः,
कमनीयगुणैकनिधिर्महाकरणः ।
करकलितपालनीयः,
स जयति जिनपतिरकर्मकृतकरणः ॥१॥

विनयनयगुणनिधानं,
सदारतावर्जनं विसमवायम् ।
वन्दे जिनेश्वरमहं,
सदारतावर्जनं विसमवायम् ॥२॥

जलतापवारणमहं,
नमामि सुखदं विशालवासचयम् ।
जलतापवारणमहं,
नमामि सुखदं विशालवासचयम् ॥३॥

शृङ्गारसमर्यादं,
यादःपतिवत् सदाप्यगाधञ्च ।
शृङ्गारसमर्यादं,
यादः पतिवन्दितं प्रणिपतामि ॥४॥

भीमभवार्णवपोतं,
वं दे परमेश्वरं सितश्लोकम् ।
उज्झितकलत्रपोतं,
वन्दे परमेश्वरं सितश्लोकम् ॥५॥

## ❋ એકવિંશતિ કુસુમાંજલિ ગીત ❋

જે નાથ ઝાલે હાથ તેનું, સર્વદા પાલન કરે
કરકમળથી કલિકાલના, સંતાપને જે સંહરે
કમનીયતાની એક માત્ર નિધાન કાયા જેમની
જયવંત હો તે જિનપતિ નિષ્કર્મ ઇન્દ્રિયના ધણી... ૧

સઘળા નયોને વિનય આદિ દિવ્ય ગુણના જે નિધિ
ત્યાગી સદા સ્ત્રીસંગના નિઃસંગ જેની સન્નિધિ
જે ભક્ત તેમ વિરક્ત મુનિઓના સમૂહે પરિવર્યા
તે દેવને વંદું હું બારે પર્ષદાથી અલંકર્યા... ૨

નિજ તેજથી જે વિશ્વની જડતા બધી દૂરે કરે
ને અગ્નિ ને અપકાયના વપરાશને જે પરિહરે
વસતા સમવસરણે સદા સુખદાયી નમું તે નાથને
માપી શકું ના જેમના સુપ્રસન્ન વાસ-સ્થાનને... ૩

શૃંગારની સીમા સમીપે વર્ત્તતી જેની સદા
શૃંગારનાં રસ જેમની સીમા ન ઓળંગે કદા
ગાંભીર્ય જેનું અગાધ છે વળી મહાસાગરની પરે
ચરણે નમું તે નાથના જેને વરુણ વંદન કરે... ૪

જે ભીમ ભવસાગર થકી નૌકા બનીને તારતા
જે પુત્રદારાદિક પરિગ્રહને સદૈવ નિવારતા
જે પરમ લક્ષ્મીના પતિ જશ જેમનો છે ઊજળો
વંદુ હું તે પરમેશને જે પરમપુણ્યતણો ધરો... ૫

### (वसन्ततिलका)

नीरस्य तर्षहरणं ज्वलनस्य तापं,
ताक्ष्र्यस्य गारुडमनङ्गतनोर्विभूषाम् ।
कुर्मो जिनेश्वर ! जगत्त्रयदीपरूप!,
दीपोपदां तव पुरो व्यवहारहेतोः ।।६।।

## * દીપ દર્શન *

### : દૂહો :

અનલ-નીર-અનંગને
ગરમ-શીત-શૃંગાર
કરીએ તિમ તુજ આગળે
દીપકનો વ્યવહાર...

### : ગીત :

હે જગદીપક તારી આગળ
હું જે દીપ ધરૂં
નથી પ્રયોજન તોયે સ્વામી
બસ વ્યવહાર કરૂં
અગ્નિને આપું હું ઉષ્મા
જળની તરસ હરૂં
અનંગનો શૃંગાર કરૂં ને,
ગારૂડ મંત્ર સ્મરૂં
ગરૂડ તણી પાસે હું કેવો, ત્યારે મુગ્ધ ઠરૂં ?...

## ✻ द्वाविंशति - कुसुमाञ्जलिः ✻

### (स्कन्धकजातिः)

वनवासं वनवासं,
गुणहारि गुणहारिविपुषं वपुषम् ।
विजयानं विजयानं,
प्रभुं प्रभुं नमत नमत बलिनं वलिनम् ॥१॥

सोमकलं सोमकलं,
पङ्के पङ्केऽहितं हितं पुण्येऽपुण्ये ।
बहिर्मुखबहिर्मुख-
महितं महितं परं परं धीरं धीरम् ॥२॥

स्मृतिदायी स्मृतिदायी,
जिनो जिनोपास्तिपास्तिकायः कायः ।
नखरायुधनखरायुध-
वन्द्यो वन्द्यो यहृद्यहृत्कान्तः कान्तः ॥३॥

शङ्काहृत् शङ्काहृत्,
कुलाकुलाहरहरकरणः करणः ।
विश्वगुरुर्विश्वगुरुः,
कविराट् कविराट् महामहाकामः कामः ॥४॥

कल्याणं कल्याणं,
प्रथयन् प्रथयन् हिते हिते प्रख्यः प्रख्यः ।
परमेष्ठी परमेष्ठी-
लालो लालो वितर वितर स त्वं सत्त्वम् ॥५॥

## * દ્વાવિંશતિ કુસુમાંજલિ ગીત *

નિત્ય વનવાસિ જે સુરભિ વસતિ વસે
શ્રેષ્ઠ ગુણવૃંદથી જાસ તનુ ઉલ્લસે
સબળ ભયનો કરે વિજય જે અતિબળી
પરમ સમરત્થ પ્રભુને નમું વળી વળી... ૧

ચન્દ્રસમ જસ કળા જે કપૂર ઊજળા
પાપમાં અહિત ને પુણ્યમાં હિતકરા
આત્મભાવે રસિક મુનિજનોને ગમ્યા
પરમ તેજસ્વિ જે ધીર શુભમતિ રમ્યા... ૨

સ્વરૂપ સ્મૃતિ આપતા, અસત્ સ્મૃતિ કાપતા
જૈનમતિ પાળતા, બ્રહ્મસુખ લાભતા
ક્રૂર કોમળ પશુ સાર્થ જેને નમે
વંદું તે નાથ જે સંયમીને ગમે... ૩

સંશયીના હરે સંશયો પરિહરે
દેહના ભાવને ઈન્દ્રિયો વશ કરે
જગતગુરૂ વિશ્વગુરૂ કવિવર શોભતા
જે અકામી મહાતેજથી દીપતા... ૪

શ્રેય વિસ્તારતા સ્વર્ણ પણ આપતા
હિત અને ઈષ્ટને શ્રેષ્ઠ જે સાધતા
પ્રથમ પરમેષ્ઠિ પરમેષ્ઠિમાં શ્રેષ્ઠ જે
લાલસા રહિત તું સત્ત્વ બહુ આપજે... ૫

**(स्रग्धरा)**

धीराधीरावगाहः कलिलकलिलताच्छेदकारीदकारी,
प्राणिप्राणिप्रयोगः सरुचिसरुचिताभासमानः समानः ।
कल्पाकल्पात्मदर्शः परमपरमताच्छेदक्षो ददक्षो,
देवादेवात्महृद्यः स जयति जयतिर्यत्प्रकृष्टः प्रकृष्टः ॥६॥

## * દર્પણ સમર્પણ *

**: દૂહો :**

થીર રહી નિજ રૂપમાં, દેખાડે સબરૂપ
મેલ હરે શોભા કરે, દર્પણ તુજ પ્રતિરૂપ...

**: ગીત :**

પ્રભુ તુજ સંમુખ દર્પણ ધરતા, દર્પણ તુજ સમ ભાસે રે,
દેવ મનુજને સહુને વ્હાલું, ભરતું પ્રાણ ઉલ્લાસે રે... **૧**

ધીર અધીર સમાવે સહુને, ચમકે દિન અંધારે રે
મેલ મલિનતા સઘળી ટાળે, શોભારૂપ વધારે રે... **૨**

જે જેવું તેવું દેખાડે, કૂડ કપટ ના આલે રે
દશ્યે તન્મય તો પણ અળગું, નિર્મળ જગ અજવાળે રે... **૩**

## * त्रयोविंशति - कुसुमाञ्जलिः *

### (पृथ्वी)

अनारतमनारतं सगुणसङ्कुलं सङ्कुलं,
विशालकविशालकं स्मरगजे समञ्जे समम् ।
सुधाकरसुधाकरं निजगिरा जितं राजितं,
जिनेश्वरजिनेश्वरं प्रणिपतामि तं तामितम् ॥१॥

जरामरणबाधनं विलयसाधुतासाधनं,
नमामि परमेश्वरं स्तुतिनिषक्तवागीश्वरम् ।
जरामरणबाधनं विलयसाधुतासाधनं,
कुरङ्गनयनालटत्कटुकटाक्षतिव्रव्रतम् ॥२॥

अनन्यशुभदेशनावशगतोरुदेवासुरं,
पुराणपुरुषार्दनप्रचलदक्षभङ्गिश्रियम् ।
अशेषमुनिमण्डलीप्रणतिरञ्जिताखण्डलं,
पुराणपुरुषार्दनप्रचलदक्षभङ्गिश्रियम् ॥३॥

स्मरामि तव शासनं सुकृतसत्त्वसंरक्षणं,
महाकुमतवारणं सुकृतसत्त्वसंरक्षणम् ।
परिस्फुरदुपासकं मृदुतया महाचेतनं,
वीतीर्णजननिर्वृतिं मृदुतया महाचेतनम् ॥४॥

पयोधरविहारणं जिनवरं श्रियां कारणं,
पयोधरविहारणं सरलदेहिनां तारणम् ।
अनङ्गकपरासनं नमत मङ्क्षु तीर्थेश्वरं,
अनङ्गकपरासनं विधृतयोगनित्यस्मृतम् ॥५॥

## * ત્રયોવિંશતિ કુસુમાંજલિ ગીત *

વરસે પુષ્પાંજલી મનોહાર
પ્રભુ પર દેવ દનુજ પરિવાર
પ્રભુની સ્તવના કરે રસાળ હૈયે ધરતા ભાવ વિશાળ
અનાસક્ત જે રહે નિરંતર, ગુણિજનથી પરિવરિયા
વિશાળ ગઢના સ્વામી, કામી નિષ્કામી સમ ધરિયા
શીતળ - મધુરી વાણી જેની, શશી સુધારસ જીતે
શ્રીવંતા જયવંતા જિનવર ચરણ નમું હું પ્રીતે...
વરસે પુષ્પાંજલિ... ૧

જરા-મરણથી રહિત મોક્ષનો, મારગડો જે સાધે
નમું જિનવરને જેને સ્તુતિથી, વાગીશ્વર આરાધે
મૃત્યુ - રોગ-જર ટાળણહારા, નિર્વિચારના સાધક
જેના વ્રતમાં મૃગનયનાના, તીક્ષ્ણ કટાક્ષ ન બાધક...૨

જ્યાં પ્રભુજીની અનન્ય દેશના, સુણી સુરાસુર ડોલે
સ્વરૂપ બ્રહ્મા વિષ્ણુ - શિવના, જે ત્રિપદીથી ખોલે
સઘળા ઋષિવર નમતા જેને, ઈન્દ્રો રાગે પકડે
શોભિત ચંચળ નયચક્રે જે, જૂના દર્શન કચડે... ૩

પ્રણમું તુજ શાસનને જે નિત, જીવ જગતને પાળે
સુકૃત - સત્ત્વનું સંરક્ષક જે, મહાકુમતને ટાળે
ચેતનવંતું ઉપાસકોને, મૃદુતાથી સંભાળે
પરમાતમ સમ મૃદુ જે સહુને, પરમશાંતિ પહોંચાડે...૪

જળધર જિમ વિચરંતા જિનવર, સકલ સંપદા આપે
સકલ જીવના તારક સાગર, સૂર સમા ગુણ વ્યાપે
રંગ અનંગનો દૂર કરી જે, પરમ વિદેહ બનાવે
નમું તે તીર્થેશ્વરને જેને, યોગી નિરંતર ધ્યાવે... ૫

(मन्दाक्रान्ता)

त्वय्यज्ञाते स्तुतिपदमहो ! किं त्वयि ज्ञातरुपे,
स्तुत्युत्कण्ठा न तदुभयथा त्वत्स्तुतिनार्थ ! योग्या ।
तस्मात्  सिद्धयुद्धव्रजनविधिना किञ्चिदाख्यातिभाजो,
लोका भक्तिप्रगुणहृदया नापराधास्पदं स्युः ॥६॥

## * સ્તવન વિધાન *

### : દૂહો :

સ્તવન અજાણ્યો શું કરે? કરી શકે ના જાણ
તો ય ભક્તજન વિધિવશે, સ્તવના કરે પ્રમાણ

### : ગીત :

પ્રભુ હું તો સાવ રે અજાણ
કેમ કરૂં તારા વખાણ
થાઉં તારા રૂપનો જો જાણ, તો યે કાંઇ સૂઝે ન વાણ !
સિદ્ધિના મારગે મૂંગા જવાય નહિ
ભક્ત જનોથી ચૂપ રહેવાય નહિ
જબરી પડી છે તાણ, કેમ કરૂં તારા વખાણ?
આવડે એવી સ્તવના કરીશું
અપરાધ દોષને દૂર ઉદ્ધરીશું
થોડું પણ ગાવું પ્રમાણ
કેમ કરૂં તારા વખાણ...

# ✻ चतुर्विंशति - कुसुमाञ्जलिः ✻

## (अनुष्टुप्)

कुलालतां च पर्याप्तं, निर्माणे शुभकर्मणाम् ।
कुलालतां च पर्याप्तं, वन्दे तीर्थपतिं सदा ॥१॥

जयताज्जगतामीशः कल्पवत्तापमानदः ।
निरस्तममतामायः, कल्पवत्तापमानदः ॥२॥

महामोहमहाशैलपविज्ञानपरायप! ।
परायणपविज्ञान ! जय पारगतेश्वर! ॥३॥

समाहितपरिवार! परिवारसमाहित! ।
नमोऽस्तु ते भवच्छ्रेयो! भवच्छ्रेयो ! नमोऽस्तु ते ॥४॥

वराभिख्य! वराभिख्य ! कृपाकर! कृपाकर ! ।
निराधारनिराधार! जयानतजयानत! ॥५॥

## ❊ ચતુર્વિંશતિ-પુષ્પાંજલિ ગીત ❊

તીર્થપતિ તુજને નમું, કુલભૂષણ શ્રેષ્ઠ
કુંભકાર જિમ જે ઘડે, શુભકર્મ વિશિષ્ટ... ૧

જયવંતા જગદીશ તે, માયા મમતા માર્યા
તાપ હર્યા સુરતરૂ પરે, સંશય ધૂતકાર્યા... ૨

મોહ મહા નગ ઉપરે, જ્ઞાન વજ્ર ચલાવે
પારગ તું વિજ્ઞાનથી, ભવિલોક બચાવે... ૩

બહુ પરિવારે પરિવર્યો, સહુનો હિતકાર
મંગળરૂપ નમું તને, મૂઢ મંગળ હાર... ૪

નામ શોભા તુજ રૂઅડા, કરૂણાવંત કૃપાળ
વિનયીને જીતાડતો જય દીન દયાળ... ૫

## (शार्दूलविक्रीडितम्)

न स्वर्गाप्सरसां स्पृहा समुदये नो नारकच्छेदने,
नो संसारपरिक्षितौ न च पुनर्निर्वाणनित्यस्थितौ ।
त्वत्पादद्वितयं नमामि भगवन् ! किन्त्वेककं प्रार्थये,
त्वद्भक्तिर्मम मानसे भवभवे भूयाद्विभो ! निश्चला ॥६॥

## * અંતિમ વિનંતિ *

### : દૂહો :

સ્વર્ગ - નરક, સંસારને નિર્વાણે નિરપેક્ષ
ભવ ભવ તારી ભક્તિનો, માંગું નિશ્ચલ પક્ષ.

### : ગીત :

ઓ જગના સ્વામી, શું માંગુ તુમ પાસે?
નાં માંગું હું સ્વર્ગલોકનો
અપ્સરવૃંદ ઝમેલો
ના માંગું હું ઘોર નરકની
પીડા દૂરે ઠલો
ના માંગું હું ભીષણ ભવના
પૂર્ણ ક્ષયને સ્વામી
ના માંગું નિર્વાણ નગરનો
નિવાસ અવિચલ ધામી
તારા ચરણકમળને પ્રણમી.
હું તો એકજ માંગું,
ભવોભવે તુજ ભક્તિભાવમાં
નિશ્ચલ મનથી લાગું
આવ્યો આ એક જ આશે...
હે સ્વામી તુજ પાસે...

## * पञ्चविंशति - कुसुमाञ्जलिः *

### (हरिणी)

अधिकविरसः श्रृङ्गाराङ्गः समाप्तपरिग्रहो,
जयति जगतां श्रेयस्कारी तवागमविग्रहः ।
अधिकविरसः श्रृङ्गाराङ्गः समाप्तपरिग्रहो,
न खलु कुमतव्यूहो यत्र प्रवर्तितविग्रहः ॥१॥

विषयविषमं हन्तुं मङ्क्षु प्रगाढभवभ्रमं,
बहुलबलिनो देवाधीशा नितान्तमुपासते ।
तव वृषवनं यस्मिन् कुञ्जान् महत्तमयोगिनो,
बहुलबलि नो देवा धीशानितान्तमुपासते ॥२॥

समवसरणं साधुव्याघ्रैर्वृषैरहिभिर्वरं,
जयति मधुभित्क्लृप्तानेकाविनश्वरनाटकम् ।
तव जिनपते ! काङ्क्षापूर्तिं प्रयच्छतु सङ्कुलं,
समवसरणं साधुव्याघ्रैर्वृषैरहिभिर्वरम् ॥३॥

तव चिदुदयो विश्वस्वामिन्नियर्ति विशङ्कितो,
जलधरपदं स्वर्गव्यूहं भुजङ्गगृहं परम् ।
जलधरपदं स्वर्गव्यूहं भुजङ्गगृहं परं,
त्यजति भवता कारुण्याढ्याक्षिपक्ष्मकटाक्षितः ॥४॥

विशदविशदप्राज्यप्राज्यप्रवारणवारणा,
हरिणहरिणश्रीदश्रीदप्रबोधनबोधना ।
कमलकमलव्याप ! व्यापद्दरीतिदरीतिदा,
गहनगहनश्रेणीश्रेणी विमाऽतिविभाति वः ॥५॥

## ❊ પંચવિંશતિતમ કુસુમાંજલિ ગીત ❊

શણગાર્યું શબ્દોથી, મહાકવિનેય જેમાં રસ પડે
મૂર્છા હરે ના કુમત જ્યાં વિગ્રહતણા વ્યૂહો ઘડે
વૈરાગ્ય રસથી છલકતું જે આપ્ત વચનોને ધરે
તુજ અંગ આગમરૂપ જગજયવંત જગમંગળ કરે... ૧

અતિઘોર ભવકેરૂં ભ્રમણ વિષયો થકી છે વિષમ જે
સંહારવા તેને મહાબળી ઇન્દ્ર એકાંતે ભજે
તુજ ધર્મવનને જ્યાં નિકુંજે શ્રેષ્ઠ યોગીજન વસે
બળવંત ને ધીમંત, દેવો જ્યાં નિરંતર ઉલ્લસે... ૨

જ્યાં વ્યાઘ્ર વૃષભો નાગ આદિ શાંત થઇ ભેગા વસે
નાટ્યો અભંગ રચે વિવિધ જ્યાં ઇન્દ્રગણ ભક્તિરસે
ત્રણ ગઢ થકી જે શ્રેષ્ઠ જ્યાં નિત ધાર્મિકો ને મુનિવરો
તે સમવસરણ તમારું જિનવર ઇષ્ટની પૂર્તિ કરો... ૩

હે વિશ્વના સ્વામી તમારી જ્ઞાનની જ્યોતિ ખરે
આ વિશ્વના ત્રણ લોકમાં નિઃશંક થઇને સંચરે
કરુણા ભરેલી નજર તિરછી પણ પડે જેના ઉપર
ત્રણ લોકનું છોડી ભ્રમણ તે જઇ ઠરે શિવને નગર... ૪

અત્યંત ઉજ્જ્વળ, ગાઢ કર્માવરણને જે વારતી
શશિ જેમ શોભા આપતી ને સૂર્ય જેમ જગાડતી
વળી મલિનતા આપત્તિ ઇતિ નાશની રીત ખોલતી
અતિગહન તમને ભેદતી તુજ કાંતિ અતિશય ઓપતી... ૫

## (दण्डकवृतम्)

जय जय जय देव देवाधिनाथोल्लसत्–
सेवया प्रीणितस्वान्त ! कान्तप्रभ !,
प्रतिघबहुलदावनिर्वापणे
पावनाम्भोदवृष्टे विनष्टाखिलाघव्रज ! ।।

मरणभयहराधिकध्यानविस्फूर्जित !
ज्ञानदृष्टिप्रकृष्टेक्षणाशंसन,
त्रिभुवनपरिवेषनि:शेषविद्वज्जन–
श्लाघ्यकीर्तिस्थितिख्यातिताश ! प्रभो ! ।।६।।

## (स्रग्धरा)

*लक्ष्मीरद्यानवद्यप्रतिभपरिनिगद्याद्यपुण्यप्रकर्षो–*
*त्कर्षैराकृष्यमाणा करतलमुकुलारोहमारोहति स्म ।*
*शश्वद्विश्वातिविश्वोपशमविशदतोद्भासविस्मापनीयं,*
*स्नात्रं सुत्रामयात्राप्रणिधि जिनविभोर्यत् समारब्धमेतत् ।।*

## * અંજલિબદ્ધ ગીત *

### : દૂહો :

ઈન્દ્રે સેવિત દીપ્રદેહ, અઘહર દ્વેષદવનીર
જ્ઞાનદષ્ટિ ધ્યાને પ્રબળ, જય જગ કીર્તિ શરીર...

### : ગીત :

જય હો જય હો દેવ અજોડ
તું છે ધ્યાવા લાયક જગમાં, ધ્યાન કરૂં કરજોડ
ઈન્દ્રો પણ સેવાથી અહનિશ જેને પ્રસન્ન કરતા
દેહ પ્રભાથી અતિ ચમકતાં, સઘળા અઘને હરતા
ટાળે જનમ મરણની દોડ... **જય હો...૧**

હિંસા ને પ્રતિહિંસા કેરા, ઘોર દવાનળ ઠારે
પાવન મેઘ તણી પરે વરસી, અખંડ કરુણાધારે
જેની કોઈ કરે ના હોડ... **જય હો...૨**

મૃત્યુના ભયને હરનારા, ધ્યાન બળે પ્રગટેલી
જ્ઞાન દષ્ટિથી જગને જોતાં, જેણે ખ્યાતિ વરેલી
જેમાં કોઈ મળે ના ખોડ... **જય હો...૩**

ત્રણે ભુવનના સઘળા વિબુધે જેને નિત્ય વખાણી
એવી ઉજ્જ્વળ કીર્તિ જેની, દશદિશિમાં ફેલાણી
વંદન કરીએ તેને ક્રોડ... **જય હો...૪**

***જિનેશ્વર પ્રભુના લોકોત્તર પ્રશમથી ઉપાર્જિત, ઉજ્જ્વલ પ્રકાશ વડે વિસ્મય ઉપજાવનાર તથા ઈન્દ્રમહારાજાની યાત્રાનું સૂચક એવા ભગવંતના સ્નાત્રનો જે પ્રારંભ કરવામાં આવ્યો, તે નિર્મલ પુણ્યના અતિશયથી આકર્ષાઈને સ્વયં લક્ષ્મીએ અંજલિ-સ્થિત પુષ્પોમાં આજના દિવસે નિવાસ કર્યો છે.***

# श्री आदिनाथ वंदना

बालत्तणंमि सामिय, सुमेरुसिहरंमि कणयकलसेहिं ।
तिअसासुरेहिं न्हविओ, ते धन्ना जेहिं दिट्ठो सि ॥१॥

तिअसिंदकयविवाहो, देवी सुमंगला सुनंदाए ।
नवकंकणो सि सामिअ, ते धन्ना जेहिं दिट्ठो सि ॥२॥

रायाभिसेयकाले, विणीयनगरीइ तिअसलोगंमि ।
न्हविओ मिहुणनरेहिं, ते धन्ना जेहिं दिट्ठो सि ॥३॥

दाणं दाऊण पुणो, रज्जं चइऊण जगगुरू पढमो ।
निक्खमणमहिमकाले, ते धन्ना जेहिं दिट्ठो सि ॥४॥

सिबिअविमाणारूढो, जईआ तं नाह दिक्खसमयंमि ।
पत्तो सिद्धत्थवणं, ते धन्ना जेहिं दिट्ठो सि ॥५॥

काऊण य चउमुट्ठिं, लोयं भयवं पि सक्कवयणेणं ।
वाससहस्सं विहरइ, ते धन्ना जेहिं दिट्ठो सि ॥६॥

रंजंतो वणराई, कंचणवन्नेण नाह देहेण ।
धन्नाइं मयकुलाइं, ते धन्ना जेहिं दिट्ठो सि ॥७॥

# શ્રી આદિનાથ વંદના

## ✻ ઋષભની શોભા શી કહું? ✻

જે જન્મ સમયે મેરૂગિરિની સ્વર્ણરંગી ટોચ પર,
લઇ જઇ તમોને દેવને દાનવગણો ભાવે સભર.
ક્રોડો કનક કળશો વડે કરતા મહાઅભિષેકને,
**ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે...૧**

સોહામણી સુમંગલાને વળી સુનંદા સાથમાં,
ચતુરાઇથી ચોરી રચી ઇન્દ્રે કરેલ વિવાહમાં.
મીંઢોળબંધા વર બની શોભી રહ્યાતા જે ક્ષણે... **ત્યારે...૨**

નગરી વિનીતામાં સુરો રાજ્યાભિષેક રૂડો કરે,
થાપે તમોને સ્વર્ણના સિંહાસને તે અવસરે.
વિનયી યુગલિયા માત્ર અંગૂઠે કરે અભિષેકને... **ત્યારે...૩**

દઇ દાન સંવત્સર લગી દારિદ્રય જગનું સંહર્યું,
ને જગતગુરૂ તેં વિશ્વનું સામ્રાજ્ય પળમાં પરહર્યું.
સંસારથી નિષ્ક્રમણ કેરો પ્રથમ ભવ્યપ્રસંગ તે... **ત્યારે...૪**

રે દેવ-દેવેન્દ્રો નરેન્દ્રોએ વહન જેને કરી,
થઇ દિવ્ય શિબિકારૂઢ ચાલ્યા સમય સંયમનો કળી.
સિદ્ધાર્થ વનમાં સર્વત્યાગ કરી રહ્યા'તા જે સમે... **ત્યારે...૫**

ત્યાં લોચની વેળા વચન જે ઇન્દ્રદેવે ઉચ્ચર્યા,
તેથી કર્યો ચઉમુષ્ટિ લોચ પછી મહાવ્રત આદર્યા.
ને વર્ષ એક સહસ્ર કીધો નિત્ય પાદ વિહારને... **ત્યારે...૬**

કાયા તમારી કનકવરણી તેજપુંજ વિખેરતી,
વનરાઇ પૂર્ણ વિહારપથની તેથી રંગાઇ જતી.
તે દશ્યના સાક્ષી મૃગોના વૃંદ પણ અતિ ધન્ય છે... **ત્યારે...૭**

नमिविनमी रायाणो, तह पयपउमंमि नाहमल्लीणा ।
पत्ता वंछियरिद्धिं, ते धन्ना जेहिं दिट्ठो सि ॥८॥

गयपुर सेयंसराइणो, पढमदिन्नपारणए ।
इक्खुरसं विहरंतो, ते धन्ना जेहिं दिट्ठो सि ॥९॥

अध्धतेरसकोडीओ, मुक्का सुरवरेहिं तुम्हे(ट्ठे)हिं ।
उक्कोसा वसुहारा, ते धन्ना जेहिं दिट्ठो सि ॥१०॥

छठ्ठठ्ठमदसमदुवालसेहिं, मासद्धमासखणमणेहिं ।
उग्गं तवं तवंतो, ते धन्ना जेहिं दिट्ठो सि ॥११॥

लंबंतबाहुज्जु(जु)यलो, निच्चलकाओ पसन्नचित्तमणो ।
धम्मज्झाणंमि ठिओ, ते धन्ना जेहिं दिट्ठो सि ॥१२॥

तह पुरिमतालनयरे, नग्गोहदुमस्स संठिओ हिठ्ठा ।
केवलमहिमा गहिओ, ते धन्ना जेहिं दिट्ठो सि ॥१३॥

पउमेसु ठविअचलणो, बोहंतो भविअकमलसंडाइं ।
सामिअ तेच्चिअ धन्ना, ते धन्ना जेहिं दिट्ठो सि ॥१४॥

तिअसासुरमज्झगओ, कंचणपीढंमि संठिओ नाह ! ।
धम्मं वागरमाणो, ते धन्ना जेहिं दिट्ठो सि ॥१५॥

બે ભાઇ નમિ ને વિનમિએ તુજ ચરણરૂપી પદ્મમાં,
થઇ લીન કીધી સેવના કેવી ગજબ વન ભોમમાં.
કે સર્વ વાંછિત રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થઇ'તી એમને... **ત્યારે...૮**

સોહામણું તે હસ્તિનાપુર નગર પહેલા પારણે,
જ્યાં આપ જઇ ઉભા હતા શ્રેયાંસ નૃપના બારણે.
વહોર્યો હતો ત્યાં ઇક્ષુરસ કરયુગલ લંબાવી તમે... **ત્યારે...૯**

અવસર્પિણીના પ્રથમ એ ભિક્ષાગ્રહણના અવસરે,
થઇ હરખઘેલા દેવગણ ઉત્કૃષ્ટ વસુધારા કરે.
થઇ સાડીબાર કરોડ સોનૈયાની વૃષ્ટિ આંગણે... **ત્યારે...૧૦**

છદ્મસ્થકાળે છટ્ઠ અટ્ઠમ દશમ દ્વાદશ ભક્તને,
પન્નર વળી માસક્ષમણના ઉગ્ર તપ આચારને.
પ્રભુ નિત્ય કરતા'તા ઉમંગે આપ વારંવાર જે... **ત્યારે...૧૧**

એકાંતમાં જ્યારે તમે બે હાથને લાંબા કરી,
કાયા કરી થિર ચિત્તને મન સુપ્રસન્નપણે ધરી.
નિષ્કંપ કાયોત્સર્ગમાં ધરતા ધરમના ધ્યાનને... **ત્યારે...૧૨**

રૂડી અહો તે પુરિમતાલ પુરી અયોધ્યાનું પરૂં,
રૂડો હજારો ડાળથી તે વિસ્તરેલો વટતરૂ.
જ્યાં ધ્યાનની ધૂણી ધખાવી વર્યા કેવલજ્ઞાનને... **ત્યારે...૧૩**

નવ કનક કમળે પાય ઠવતાં વિચરતાં પૃથ્વીતળે,
તું ભવ્યરૂપી કમળવનને ખીલવે પ્રવચન બળે.
તુજ દેશનાથી જે થયા પ્રતિબુદ્ધ તે અતિધન્ય છે... **ત્યારે...૧૪**

હે ત્રણ ભુવનના નાથ બેસી સ્વર્ણના સિંહાસને,
સુર અસુર કેરી પર્ષદાથી વીંટળાઇ તે ક્ષણે.
દેતા અપૂરવ ધર્મ કેરી દેશનાને આપ જે... **ત્યારે...૧૫**

ते धन्ना कयपुन्ना, जेहिं जिणो वंदिओ तया काले ।
केवल(ल्ल ?)नाणसमये, ते धन्ना जेहिं दिट्ठो सि ॥१६॥

धन्नेहिं तुमं दीससि, नविअ अहन्नेहिं अकयपुन्नेहिं ।
तुह दंसणरहियाणं, निरत्थयं माणुसं जम्म ॥१७॥

मिच्छत्ततिमिरवामोहिअंमि, जयनाह तिहुअणे सयले ।
उम्मीलीऊण नयणे, ते धन्ना जेहिं दिट्ठो सि ॥१८॥

अट्ठवयंमि सेले, चउदसभत्तेण मुक्खमणुपत्तो ।
दसहि सहस्सेहि समं, ते धन्ना जेहिं दिट्ठो सि ॥१९॥

इअ चवण-जम्म-निक्खमण- नाण-निव्वाणकालसमयंमि ।
(भत्तिब्भर निब्भरेहिं,) ते धन्ना जेहिं दिट्ठो सि ॥२०॥

दढ-मूढ-अयाणेण, (भत्तिए संथुओ सया भयवं ।)
तं कुणसु नाभिनंदण !, पुणो वि जिणसासणे बोहीं(हिं)
॥२१॥

જે વંદનીય બન્યા નિરંતર દેવતાના વૃંદથી,
કૈવલ્ય પામ્યા બાદ તેવા નાથને બહુ ભાવથી.
જેણે કર્યાં વંદન અહો તે ધન્ય છે કૃતપુણ્ય છે... **ત્યારે...૧૬**

જે ધન્ય છે તેને જ તારૂં દિવ્યદર્શન સાંપડે,
રે પુણ્યહીન અભાગિયાની નજરમાં તું ના પડે.
તેનો જન્મ નિષ્ફળ ગયો જેણે નિહાળ્યો ના તને... **ત્યારે...૧૭**

મિથ્યાત્વ કેરૂં ઘોર અંધારૂં છવાયું વિશ્વમાં,
વ્યામૂઢ થયું ત્રણ ભુવન પુરૂં મોહના અતિજોશમાં.
હે ત્રણ ભુવનના નાથ ખોલી મોહઘેલી આંખને... **ત્યારે...૧૮**

રજતાદ્રિના શિખરે બની આરૂઢ પર્યંકાસને
દશ સહસ મુનિવર વૃંદ સાથે તું લહ્યો નિર્વાણને
પચખાણ ચઉદશભક્તનું પચખ્યું હતું સહુએ તમે... **ત્યારે...૧૯**

તુજ ચ્યવન, જન્મ, વ્રતગ્રહણ, કૈવલ્ય, મુક્તિ અવસરે,
જે દેવતાઓ પંચ કલ્યાણકતણા ઉત્સવ કરે.
તેમાં ભળી ઉરના ઉછળતા ભક્તિભાવે આર્દ્ર થૈ... **ત્યારે...૨૦**

અતિમૂઢને અજ્ઞાનથી પરિપૂર્ણ છું તોયે વિભો !,
બહુ ભક્તિભાવે આપની સ્તવના કરી છે મેં પ્રભો !.
તો ત્રિજગવંદન નાભિનંદન એટલી કરજો હવે,
કરૂણા તમારૂં દિવ્યશાસન પ્રાપ્ત થાય ભવોભવે... **ત્યારે...૨૧**

## ✻ અનુવાદ પ્રશસ્તિ ✻

અજ્ઞાત કવિવર કો ઋષિએ અવનવા ભાવે ભરી,
પ્રાકૃત ગિરામાં આદિજિનની રસીલી સ્તવના કરી.
**પ્રદ્યુમ્નસૂરિએ** કોક પ્રાચીન પત્રથી એ ઉદ્ધર્યું,
**તેનું ધુરંધર વિજયજી**એ ગાન હરિગીતે કર્યું...૨૨

आ. श्री विबुधप्रभसूरिकृता

# श्री ऋषभकुंतल-पंचविंशतिका

(शार्दूलविक्रीडित)

चञ्चत्पञ्चममुष्टिकुंतलततिः प्राचीपति प्रार्थनाऽ-
नुत्खाता तव राजति श्रवणयोः पार्श्वे युगादिप्रभो ! ।
स्नेहद्रोहसमिद्धमानहृदयध्यानप्रदीपोद्भवा,
सज्जेवाऽञ्जनमञ्जरीश्रुतियुगद्वाभ्यां विनिर्गत्वरी ॥१॥

श्रीनाभेय ! भवान् नवाभ्युदयिनः श्रीधर्मभूमीपतेः,
प्रासादेऽभिनवोऽस्ति सर्वभुवनप्रीत्यै धृतः स्वस्तिकः ॥
स्कंधे तच्चिकुरच्छलादुभयतो दृग्दोषमोषक्षमा
नीलीचर्चितचीरखंडयुगलीलेयमालोक्यते ॥२॥

गोस्वामिन्नसहाय एव वृषभ-स्कंध-स्थलास्थायिनम्,
त्वं प्राग् यं बिभरांबभूविथ महाधुर्यो युगादौ स्थितः ॥
भारे राज्यरथस्य तत्र भरत-स्कंधाऽर्पिते कुंतल,-
व्याजादंसतटे तव व्रणकिणश्रेणिर्ध्रुवं दृश्यते ॥३॥

# ઋષભના કુંતલની પંચવિંશતિકા

**પ્રેરક: પરમ સુહૃદ સ્વર્ગસ્થ**
**આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**

**❊ તુમ્હારે શિર રાજત અજબ જરા ❊**

**૧**

જિન તુજ કર્ણ યુગલ પર ઝૂલે
ઈન્દ્ર તણી વિનતીથી જેને નતી ઉખાડી મૂલે
શ્યામ ચમકતી અલક લટો તબ ધ્યાન રહસ્યો ખૂલે. ...૧
ધ્યાન દીપ પ્રગટ્યો તુજ ભીતર સ્નેહ બધોયે બાળે
કાજલ તેનું લાગ્યું જાણે કર્ણ યુગલની પાળે
અલક લટોની આવી શોભા નિરખી હરિ ઉર ફૂલે ...૨
જિન તુજ કર્ણ યુગલ પર ઝૂલે

**૨**

અભિનવ ધર્મરાજનો મહેલ
નવો નવો બંધાયો તેમાં કરવા મંગલ વેલ ...૧
પ્રભુ તું સ્વસ્તિક રૂપે પ્રગટ્યો સૌને પ્રસન્ન કરતો,
નીલ વસ્ત્ર નો ટૂકડો મૂક્યો દષ્ટિદોષને હરતો,
તેવી અલક લટો તુજ શોભે ખભે કરંતી સહેલ ...૨

**૩**

પ્રભુ તેં એકાકી જ ધરેલો
રાજ્યના રથનો ભાર યુગાદિકાળે સૌથી પહેલો ...૧
ભરતને સોંપી ભાર તમારો સ્કંધ થયો જબ ખાલી,
આંટણનાં ચિન્હોની જાણે ખભા ઉપર થઇ જાળી
તેવો શોભી રહ્યો વાંકડીયો અલક લટોનો મેળો ...૨

प्रव्रज्यां प्रतिपन्न-वत्सल ! जगन्नाथ ! प्रपद्य त्वया,
किं त्यक्ताऽहमतीव विज्ञपयितुं संप्रेषिता पद्मया ।।
तद्गेहाम्बुरुहोपजीवनपरा स्वामिन् ! सुवाणिर्भवत्-
कर्णान्ते निभृता विभाति चिकुर-व्याजेन भृंगावलिः ॥४॥

क्षेत्रे श्रीभरतेऽत्र तत्रसमये केनाप्यतीर्णं पुरा,
प्राक् संसारमहार्णवं प्रतरतः स्वामिँस्तव स्कंधयोः ।।
लग्ना शैवलवल्लरी ध्रुवमियं नीलाऽलकाऽलिच्छलात्,
पश्चात् तीर्णवतामियं यदजिताऽऽदीनां तु नो व्यज्यते ॥५॥

श्रीमन्नाभिनरेन्द्रपुत्र ! भवतो हृन्मध्यभागे सदा,
शुद्धध्यानधनंजयस्य दहतः कर्मद्रुमाणां वनम् ।।
प्रोन्मीलत्कुटिलाऽलकाऽऽवलि-लता व्याजेन निर्जग्मुषी,
रेजे ध्यामलधूमधोरणिरियं श्रोत्रद्वयद्वारतः ॥६॥

श्रीयेऽहं बहिरंगवायुपटलेनाऽपि त्वया नु प्रभो,
यस्याभ्यंतरवायुरप्यनुचरो योगायितं जन्मनः ।।
तन्मे वायुजयं वदेति जलदः प्रष्टुं कचच्छद्मना,
कर्णान्ते स्थितवान् परोपकरणक्रीडासनीडस्तव ॥७॥

૪

પ્રભુ તુજ ખભા ઉપર ફરફરતી
કેશ લટો તુજ કાને કહેતી
મીઠું ગુંજન કરતી ...૧
જગન્નાથ તે તુજ જીવનને સંયમ સાથે જોડી
શરણાગત વત્સલ હે સ્વામિ! કેમ મને તરછોડી ? ...૨
તુજ ગૃહ અંબુજ સાથે મેં તો બાંધી જીવન ડોરી
લક્ષ્મી વતી વિનંતી કરતી જાણે ભ્રમરની ટોરી

૫

પ્રભુ તુજ ખભા ઉપર લહેરાતી
કાળી કાળી કેશ તણી લટ
કેવી ગજબ સોહાતી ! ...૧
આ ભરતે તેં ભવસાગરને તરવા પહેલ કરેલી
કેશ મિષે સેવાળ બધીયે તને જ શું વળગેલી ?
તેથી અજિતાદિક જિનવરનાં અંગે નથી જણાતી ...૨

૬

પ્રભુ તારી કેશ વલ્લરી વહાલી
કાન ઉપર ફરફરતી કેવી સોહી રહી લટકાળી ...૧
તુજ ભીતર ભભક્યો ધ્યાનાનલ કર્મ તણા વન બાળી
ધૂમ સેર તેની શું નીકળી કર્ણ છિદ્રથી કાળી ...૨

૭

બાહરી વા વંટોળ વિખે રે
નભપટ જેવા વિશાળ મુજને ખંડખંડ કરી વેરે ...૧
તેં તો અંદરના વાયુને પણ કીધો નિજ દાસ
વાયુ વિજયની રીત પૂછવા આવી તારી પાસ
અલક લટોનાં રૂપે મેહુલો કર્ણ યુગલ તુજ ઘેરે ...૨

स्वामिन्! यद् भवता व्रतं कलयिता सामायिकास्त्रोर्ज्जितैः,
रागद्वेषमहाभटद्वयपराभूतिः समासूत्र्यते ।।
तेनेयं मरुदेवि-संभव ! तव स्कंधोपरिष्टात् कच -
श्रेणी संततनुते प्रशस्ति-युगली सख्यं मषीवर्णभाक्   ।।८।।

त्रैरत्नी-त्रिपदी-त्रिकालविषयज्ञान-त्रिलोकाद्भुत-,
स्वामिन् वप्रभृतिच्छदत्रयभृतः सद्ब्रह्मवृक्षस्य ते ।।
श्लिष्ट-स्कंधतटाः शिरोरुहजटाः पुण्यैकलभ्यं सदा
पादाधः स्थितविश्ववैभवनिधिं संसूचयन्ति प्रभो !   ।।९।।

सन्मार्गं व्रजतां सतामभिमुखी-भूत स्त्रिलोकीवधू-
शीर्षालंकरणं शिवाय भवसि त्वं पूर्णकुंभः प्रभो ! ।।
पूर्णस्य प्रशमामृतेन भवतः कर्णोपकंठे लुठत्
केशौघ-व्यपदेशतो विलसति श्रीवृक्ष-पत्रावलिः   ।।१०।।

## ૮

ઓ મરૂદેવા નંદન સ્વામી,
સામાયિકનું શસ્ત્ર ઉગામી
નિઃસ્પૃહ સાધુ થઇ તું પ્રીતે,
રાગ અને વળી દ્વેષ ને જીતે ...૧
તુજ બન્ને સ્કંધે ફેલાણી,
અલક લટો જે શ્યામ સુહાની
વિજય પ્રશસ્તિ લખાણી તારી,
એવું દીસે જગ ઉપકારી ...૨

## ૯

પ્રભુ તુજ અક્ષય લક્ષ્મી વિલાસ
છત્રત્રય આદિથી શોભિત તું છે શ્વેત પલાશ ...૧
રત્નત્રય આદિ નિધિગણનો તુજ છાયામાં વાસ
ખભા ઉપર લપટાતી જટા તુજ સુચવે ઋદ્ધિ નિવાસ ...૨

## ૧૦

પ્રભુ તું પૂરણ કુંભ ભલેરો
ત્રણે લોકની લક્ષ્મીને શિર પ્રશમ અમૃત રસ કેરો ...૧
સતને મારગ જાતાં જનને સંમુખ મંગલ કરતો
શ્રીતરુ પત્તા સરખી કાને અલક લટોને ધરતો ...૨

त्वं स्वामिन् ! परितापहृत् ! त्रिजगतामानंदनश्चंदन:
कुंडं ज्ञानसुधारसस्य सुगुणश्रेणीमणीनां निधि: ।।
युक्तं त्रिष्वपि रूपकेषु भवत: कचानां कुलम्
नीलाम्भोजविभं निलीनफणभृद्धंगीनिभं गीयते ।।११।।

दोर्दण्डद्वयदंभतोरणमहास्तंभाग्र जाग्रद्-गुरु-
स्कंधप्रोन्नतकुंभकोटिविलसत्केशौघचूतच्छद: ।।
वक्त्रांभोरुहविभ्रमभ्रमदलिव्याजोल्लसत्तोरण-
स्त्रग्रम्योऽद्भुतसिद्धिसौधपुरतो द्वारायसे त्वं प्रभो ! ।।१२।।

स्मेरत्पक्ष्मकपाटनेत्रयुगली वातायनं प्रांतयो:
स्कंधाऽऽक्रीडनगोपरि श्रुतिलता-व्यालंबि दोलाद्वयम् ।।
वक्त्रं गौर-कपोल-भित्ति भवतो वाग्देवता-पद्मयो:
क्रीडा-सौधमुपान्तयोरुपवनप्रायोल्लसत्-कुंतलम् ।।१३।।

त्वद्वक्त्रस्य सुधारुचे: पुर इह स्थातुं न शक्तो द्विषा-
मप्याह्लादकमस्य चारिमगुणं व्यालोकितुं चोत्सुक: ।।
उच्चै: स्कंधगिरीन्द्रयोरुभयतो भीत्या निलीय प्रभो !
मन्ये श्यामल-कुंतल-स्थलमुपादायांधकार: स्थित: ।।१४।।

૧૧

તું છે સ્વામી ત્રણે લોકને આનંદ અતિ દેનારો
ચંદનતરુ શીતલને સુરભિત પરિતાપો હરનારો ...૧
તું છે જ્ઞાન સુધારસ કેરો કુંડ તૃષાને હરતો
ગુણમણિ કેરો નિધાન તું છે દાલિદ્ર સંહરતો ...૨
આવી તારી ત્રણે ઋદ્ધિની ચોકી પાકી કરતી
અલક લટો છે ફણિધર જેવી તુજ ખંધે ફરફરતી ...૩

૧૨

પ્રભુ તું મુક્તિ મહાલય દ્વાર
ભૂજા દંડનાં સ્તંભ યુગલ પર સ્કંધકુંભ અનુહાર ...૧
આમ્રપર્ણનાં તોરણ જેવી અલકલટોની હાર
સુરભિત મુખકમલે ભમતાં અલિ લટકંતા ફુલહાર ...૨

૧૩

પ્રભુ તુજ મુખ સોહે અદકેરું
વાણીને લક્ષ્મીનું જાણે ક્રિડા ભવન અનેરું ...૧
નેત્રોનાં વાતાયન છે ત્યાં પાંપણ કમાડ ખૂલે
સ્કંધોનાં ક્રિડાપર્વત પર કાન હિંચકા ઝૂલે
બન્ને પડખે સોહે અદ્ભૂત ઉપવન કુંતલ કેરું ...૨

૧૪

જિન તુજ મુખ સોહે અતિ સુંદર
ઉરને અતિ આહ્લાદક જાણે પૂનમ કેરો ચંદર ...૧
ઉત્સુક તેની રૂપચારિમા વિલોકવાને માટે
કુંતલનાં છળથી સ્કંધોનાં ગિરિવરિયાની ઘાટે
છુપાઇને અંધકારશું નિરખે રૂપ સમુંદર ...૨

योगिन्नाननकानने सुरभिणि द्योति: प्रधाने तव
त्यक्त्वा शाश्वत-मत्सरं निवसत: पाथोज-चंद्रश्रियौ ।।
तस्मिन् शुद्धिभृति प्रसंगमनयोरप्राप्नुवंतौ ध्रुवम्
पर्यन्ते चिकुरस्थलेन मधुपश्रेणीकलंकौ स्थितौ ।।१५।।

ङ्ङ्ङनित्यं कांतिकल: कलङ्कविकलंस्त्वद्वक्त्रचंद्रो यथा
देव ! त्वं वद तादृश: कथमयं मत्पुत्रचंद्रो भजेत्फ्क्ष ।।
एवं प्रष्टुमिवाभित: श्रुतियुगं संकुच्य कल्लोलिनी-
कान्त: कुंतलकैतवादुपययौ गांभीर्यमंत्रं तव ।।१६।।

सौरभ्यातिशयेन ते यदि मुखं श्रीसद्म-पद्मं, स्फुरत्-
द्योति: पाथसि कंठनालमभित: पंकंति तत्कुंतला: ।।
विश्वाह्लादि-विभावशाद् यदि मुखं चंद्रोऽथ तत्पृष्ठत-
स्तत्कान्ता चिकुरच्छलेन रजनि: केनाऽत्र नो मन्यते ।।१७।।

**૧૫**

તેજોમય ને સુરભિત તારા આનનના ઉદ્યાને
ચંદ્ર અને પંકજની લક્ષ્મી વિશુદ્ધ થઈ વસવાને ...૧
આવી શાશ્વત મત્સર છોડી તેઓ પાછળ દોડી
કલંક અને ભમરાઓ થઈ ગ્યાં અલક લટોની જોડી ...૨

**૧૬**

દરિયો પ્રભુ પાસે આયો
અલકલટો રૂપે નાનો થઈ કર્ણનિકટ છાયો ...૧
તુજ મુખ ચંદ્ર કલંક રહિત નિત પૂર્ણ પ્રકાશે ભાસે
મારો તનય ચંદ્ર પણ તેવો કેવી રીતે થાશે ?
તેનો મંત્ર બતાવો મુજને તે પૂછવા આયો ...૨

**૧૭**

પ્રભુ તુજ મુખ તો સુરભિત પદ્મ
કંઠ નાળ પર ખીલ્યું જાણે શ્રીદેવીનું સદ્મ
તનુ કાંતિ જળપંક છવાયો અલક લટોને છદ્મ ...૧
વિશ્વ તણું આહલાદક તારું મુખ જો પૂરણ ચંદ
રજનીપ્રિયા તો અલક લટોનાં છળથી વળગી કંઠ ...૨

स्वामिँस्त्वन्नयनाद्भुताद्भुततमश्री–निर्जिता लज्जया,
न स्थातुं पुरतः क्षमा कुवलयश्रेणिर्निलीय ध्रुवम् ।।
प्राग्मित्रीकृतचंद्रतोऽप्यतिसुखं द्रष्टुं त्वदीयं मुखम्,
प्रान्तस्कंधशिलोच्चयोपरि समारुढा शिरोजच्छलात् ।।१८।।

नित्यं मानवदेवदानवदृशां व्यूहेन लेह्याप्यसौ
श्रीनाभेय ! भवन्मुखौषधिपतेर्ज्योत्स्ना कथं क्षीयताम् ।।
यस्मादत्र जगत्त्रयी–परिवृढ ! प्रान्तद्वये कुंतल–
व्याजाद् राजति कृष्ण–चित्रकलताजालप्रवालावलिः ।।१९।।

आलोक्य त्रिदिवापगां परिलसत्–कैलाशशैलाशनाऽ
ध्यासीनस्य वृषध्वजस्य शिरसि प्रेंखोलनादुन्मदाम् ।।
संहर्षादिव देव ! ते रविसुता मूर्धानमासेवते
केशश्रेणिमिषाद् वृषाङ्क! विमलक्ष्माभृत्–तटीमंडनम् ।।२०।।

## ૧૮

પ્રભુ તુજ નયનો ગજબ રૂપાળા
જીતી જેણે કુવલય માળા
ચંદ્રમિત્રથી પણ અતિ સુખકર
તુજ મુખનું દર્શન છે મનહર ...૧
લજ્જાથી સન્મુખ નવિ આવે
મુખ જોવા તે યુક્તિ લડાવે
કેશવલ્લરી થઈને હરખે
સ્કંધોનાં શિખરે ચડી નિરખે ...૨

## ૧૯

પ્રભુ તુજ મુખનાં ચંદ્રની જ્યોત્સ્નાની ધારા
દેવો દાનવ માનવો પિયે નિત્ય અપારા ...૧
તો પણ તે ખૂટે નહીં તુજ બન્ને સ્કંધે
શ્યામ જટા થઈ ઝૂલતી ચિત્રાવેલ સંબંધે ...૨

## ૨૦

રજત ધવલ કૈલાશ શિખર પર ધ્યાનલીન ગૌરીશ્વર
તસ શિર પર ઉછળે છે ઉન્મદ સુરસરિતા ઉજ્જવલ તર ...૧
તેની હરિફાઈને કરતી યમુના વિમલગિરિ શૈલે
સભાસીન શ્રી ઋષભને મસ્તક જટા થઈ ખેલે ...૨

## ૨૧-૨૨

આ શત્રુંજય ગિરિ હાથી
મોહરાજના સમરાંગણમાં તારો વિરાટ સાથી
નાભિનંદન! હણો મોહના રાગાદિક સંગાથી ...૧
ચમક ચમકતી વિજળી મંડિત મેઘ ઘટાની ઝૂલ
સ્વર્ણ ખચિત તેના પર છાયી સોહી રહી અમૂલ ...૨
ઉંચા ચૈત્યની અંબાડી પર ધર્મધનુષને ધારી
સમાસીન તું મોહ ચોરને હણવાને નિરધારી ...૩
ત્યારે તારા સ્કંધ યુગલ પર અલક લટો પથરાઇ
જાણે બાણનું અક્ષય ભાથું તેવી શોભા ધરાઇ ...૪

## ૨૩

પ્રભુ તારા ગોરા ગોરા ગાલ
    જાણે ચન્દ્રયુગલ સુકુમાલ
    લાંછન રૂપ હરણીયા તેના કેવી કરે કમાલ ...૧
તારા ઉંચા ખભા ઉપર જે અલક લટો ની વેલ
    ઝૂલી રહી છે શ્યામલ કોમલ ત્યાં જે કરતાં સહેલ ...૨
હરણા તે ત્યાં કર્ણપાશને ભાળી ભયથી ભાગ્યા
    તુજ દર્શનના રસિયા જઇને ધર્મચક્રમાં લાગ્યા ...૩

श्री शत्रुंजय एष कुंजरवरः प्रोद्दामसौदामिनी-
श्लिष्टाम्भोद-मिषेण हेमखचितप्रत्यङ्गरङ्गद्गुडः ।।
तत्रोच्चैस्तर चैत्यकोष्टकगतो धर्मं दधानः प्रभो ! ।
विश्लिष्यद् विषमेषुमद्भुतगुणं त्वं नाभिभूतो भटः ।।२१।।

दृष्टवा कुंतलदंभतोऽसतटयो स्त्वत्पृष्ठबद्धोल्लसत्-
तूणीरद्वयबाणसंचयशिखा संदोह पिच्छच्छविः ।।
जेतव्यस्तव सज्जित स्त्रिभुवनद्रोहश्च मोहः स्फुरन्
राग-द्वेष-कषायपंचविषयप्रायः प्रवीरै र्वृतः ।।२२।। **युग्मम्**

उच्चांऽसस्थलसंस्थकुंतललताजालप्रवालश्रित-
प्रत्यासन्नविलोलकर्णलतिका-पाशद्वयत्रासतः ।।
देव ! त्वत्क-कपोल चंद्रयुगलस्येणौ प्रणस्य ध्रुवम्,
त्वद्दीक्षा-रसिकौ स्थितौ पुर इमौ श्रीधर्माचक्रान्तिके ।।२३।।

अश्रान्तं विबुधप्रभुप्रभृतिकत्रैलोक्यलोकस्तुति-
वर्षन्ती परितः सुधां श्रवणयोः प्रान्ते तव स्फूर्जति ।।
तस्याः स्यन्दवशाद् दिवोद्गतमिदं स्वामिँस्तवांऽसस्थले
श्रीनाभेय ! शिरोजराजिमिषतो दूर्वावनं पावनम् ।।२४।।

एवं नाभितनूद्भव ! प्रतिलवं कृत्वा मनः सौष्ठवं
स्वामिन् ! वर्णित-कुंतलं तव नवं यः पापठीति स्तवम् ।।
प्राप्य प्राक् विबुधप्रभुत्व-विभवं मुक्त्वाऽथ दूरे भवं
संप्राप्नोति शिवं गलत्परिभवं निःश्रेयस-श्री-भवम् ।।२५।।

**इति श्रीविबुधप्रभसूरिकृता**

**श्रीऋषभकुंतल स्तुतिः ।।**

## ૨૪

સ્તવના ત્રણે લોક તુજ કરતું
તારા શ્રવણ યુગલની ચોગમ
નિત અમૃતરસ ઝરતું ...૧
તેના સ્પર્શે ભીના નભમાં દૂર્વા વન ઉગેલું
હોયે તેવું જટાજૂટ તુજ સ્કંધો ઉપર રહેલું
હળવી હળવી હવા લહેરે કેવું સરસ ફરફરતું ...૨

## ૨૫

ઋષભ તુજ કુંતલ કેરું ગાન
ગાઇ નિરંતર અંતરતલમાં કરીએ શુભ સંધાન ...૧
જે આ ઋષભના કુંતલ કેરી
સ્તવના ભાવે ગાશે;
દેવોનો સ્વામિ થઇ અંતે
શિવ મંદિરીયે જાશે...
અનુપમ કુંતલની શોભાનું ધરતાં ધરતાં ધ્યાન...
ઋષભ તુજ કુંતલ કેરું ગાન.... ...૨

# श्री भक्तामर स्तोत्रम्

भक्तामर-प्रणत-मौलि-मणि-प्रभाणा-
मुद्द्योतकं दलितपापतमोवितानम् ।
सम्यक् प्रणम्य जिनपादयुगं युगादा-
वालम्बनं भवजले पततां जनानाम् ॥१॥

यः संस्तुतः सकल-वाङ्मय-तत्त्वबोधा-
दुद्भूत-बुद्धिपटुभिः सुरलोकनाथैः ।
स्तोत्रैर्जगत्त्रितय-चित्तहरैरुदारैः,
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ॥२॥

बुद्ध्या विनापि विबुधार्चित-पादपीठ !,
स्तोतुं समुद्यत-मतिर्विगतत्रपोऽहम् ।
बालं विहाय जलसंस्थितमिन्दुबिम्ब-
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ? ॥३॥

वक्तुं गुणान् गुणसमुद्र ! शशाङ्क-कान्तान्,
कस्ते क्षमः सुरगुरुप्रतिमोऽपि बुद्ध्या ।
कल्पान्तकाल-पवनोद्धत-नक्रचक्रं,
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम्? ॥४॥

# શ્રી ભક્તામર સ્તોત્ર

## ❋ ગીત-અનુવાદ ❋

૧

પ્રણમી પાદયુગલ જિન કેરા,
પ્રણત ભક્ત સુર મુકુટમણી કી, છવિમેં કરત ઉજેરા... ૧
પાપ તિમિર કો દૂર કરત હૈ, જયું રવિકિરન સવેરા
ભવજળ પડત ભવિક ઉદ્ધારન, ભયે યુગાદિમ વેરા
આલંબન અધિકેરા... પ્રણમી પાદયુગલ જિનકેરા... ૨

૨

અબ મૈં સ્તવું પ્રથમ જિનચંદા !
સકલ શાસ્ત્ર કે જાનપનેસે, ધારત બુદ્ધિ અમંદા ;
તીન જગત કે મનકો મોહત, સોહત નવનવ છંદા,
જિન કી સ્તવના કરે અતિસુંદર સકલ સુરાસુર ઈંદા,
મૈં ભી ઐસે પ્રથમ જિણંદકી,
સ્તવના કરૂં મતિમંદા

૩

જય જય જિનવર જગત કૃપાલ !
વિબુધવૃંદથી અર્ચિત જેનું, પાદ પીઠ સુકુમાલ... ૧
સ્તવવા તમને જડમતિ મૂકી, શરમ થયો ઉજમાળ;
જળ પ્રતિબિંબિત ચંદ્ર પકડવા, કુણ દોડે વિણ બાળ...
જય જય...૨

૪

ગુણ સાગર શશિ ઉજળા, તુજ ગુણને કહેવા
જગમાં સમરથ કોઈના, સુરગુરૂની જેવા... ૧
પ્રલય અનિલથી ઉછળે, જળચર જિહાં ઘોર ;
તે સાગર તરવા સ્વયં, કુણ રાખે જોર?... ૨

सोऽहं तथापि तव भक्तिवशान्मुनीश !,
कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः ।
प्रीत्यात्मवीर्यमविचार्य मृगो मृगेन्द्रं,
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ॥५॥

अल्पश्रुतं श्रुतवतां परिहासधाम,
त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम् ।
यत्कोकिलः किल मधौ मधुरं विरौति,
तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥६॥

त्वत्संस्तवेन भवसन्ततिसन्निबद्धं,
पापं क्षणात्क्षयमुपैति शरीरभाजाम् ।
आक्रान्तलोकमलिनीलमशेषमाशु,
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥७॥

मत्वेति नाथ! तव संस्तवनं मयेद-
मारभ्यते तनुधियापि तव प्रभावात् ।
चेतो हरिष्यति सतां नलिनीदलेषु,
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥८॥

आस्तां तव स्तवनमस्तसमस्तदोषं,
त्वत्संकथापि जगतां दुरितानि हन्ति ।

### ૫

જિનજી, ગાવું તમારૂં ગીત,
શક્તિ ન તોયે ખેંચી પ્રેરે, એ ભક્તિની રીત...૧
નિજ શિશુ રક્ષણ કાજે નબળું, મૃગલું બની અભીત ;
સિંહતણી પણ સામું ધસતું, પ્રીતતણી એ જીત...
જિનજી...૨

### ૬

જિનવર કરૂં તમારૂં ગાન !
મધુઋતુમાં કોયલ જેમ ગાતી, કરી માંજરનું પાન... ૧
બહુ શ્રુતને હસવા સરખો છું, હું તો અલ્પ જ્ઞાન
તોય તમારી ભક્તિ પ્રેરે, ગાવા ગુણ ગુણવાન...
જિનવર... ૨

### ૭

પ્રભુ, તારા [૧]ગીતતણું અતિજોર,
ભવ ભવ સંચિત પાપ પલકમાં જેણે જાય નિઠોર... ૧
જગને ઢાંકે કાળું ભમ્મર, અંધારૂં નિશિ ઘોર
કિરણ ગણે ભેદ્યું જિમ ભાગે, ઉદિત થયે રવિ ભોર...
પ્રભુ તારા... ૨

### ૮-૯

પ્રભુ તુજ સ્તવનતણો અતિ મહિમા જાણી હુંય અબૂઝરે ;
સ્તવના આરંભુ તુજ મોટી એ મહિમા પ્રભુ તુજ રે... ૧
જિમ નલિનીદલ પર જળ બિંદુ, મુક્તાકણ સમ સોહે રે,
તિમ તુજ સંગે આ મુજ રચના સજ્જનના મન મોહે રે... ૨
દૂર રહો પ્રભુ તારી સ્તવના જગમાંહી નિર્દોષ રે ;
નામ કથા પણ તારી કરતી પાપ સક્લનો શોષ રે... ૩

### ૯-અ

જિન તારી સ્તવનાનું શું કામ
સક્લ દોષને દૂરે કરતી દેતી શાશ્વત ધામ... ૧
દુરિત હરે સહુ જગનાં લેતાં કેવળ તારૂં નામ...
દૂર રહ્યો રવિ માત્ર પ્રભાથી ખીલે કમળ તમામ... ૨

दूरे सहस्रकिरण: कुरुते प्रभैव,
पद्माकरेषु जलजानि विकासभाञ्जि ॥९॥

नात्यद्‌भुतं भुवनभूषण ! भूतनाथ !,
भूतैर्गुणैर्भुवि भवन्तमभिष्टुवन्तः
तुल्या भवन्ति भवतो ननु तेन किं वा?,
भूत्याश्रितं य इह नात्मसमं करोति? ॥१०॥

दृष्ट्वा भवन्तमनिमेषविकलोनीयं,
नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः।
पीत्वा पय: शशिकरद्युतिदुग्धसिन्धोः,
क्षारं जलं जलनिधेरशितुं क इच्छेत् ? ॥११॥

यैःशान्तरागरुचिभि: परमाणुभिस्त्वं,
निर्मापितस्त्रिभुवनैकललामभूत ! ।
तावन्त एव खलु तेऽप्यणव: पृथिव्यां,
यत्ते समानमपरं नहि रूपमस्ति ॥१२॥

वक्त्रं क्व ते सुरनरोरगनेत्रहारि,
नि:शेषनिर्जितजगत्त्रितयोपमानम् ? ।
बिम्बं कलङ्कमलिनं क्व निशाकरस्य?,
यद्वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥१३॥

## ૯-બ

જિન તારૂં નામ જ દુરિત હરે
દૂર રહો રવિ તાસ પ્રભાથી ખીલે કમળ સરે... ૧
દૂર રહો તારી સ્તવના જેણે સઘલા દોષ ટળે
પાવન નામ તમારૂં લેતાં સઘલાં કામ સરે... ૨
જિમ રવિ અણઉગ્યે તસ આભા, પ્રગટી નભને ખોળે;
સરવરમાં કમલાકર કેરી પાંખડીયોને ખોલે... ૩

## ૧૦

ઓ ભુવન વિભૂષણ નાથ
જે નિજસમ સેવકને કરતો તેનો સાચો સાથ... ૧
ભૂતળના ભાવુક ભવિજન જે ભવ્ય ગુણો તુજ ગાવે,
અદ્ભુત ભાવે ભજતા તુજને વૈભવ તુજસમ પાવે... ૨
તેમાં અચરજ શું જગનાથ ?
ઓ ભુવનવિભૂષણ નાથ !...

## ૧૧

અનુપમ રૂપ તમારૂં સ્વામી, અનિમિષ નયણે નિરખી રે,
અવર રૂપ જોવા નવ કોઇ નજર કરે હિય હરખી રે... ૧
નિર્મળ શશિ ઉજ્વળ જળ જેઓ ક્ષીર સાગરના પીવે રે,
ખારાં જળ લવણોદધિ કેરાં,
તેઓ શું મુખ લેવે રે... ૨

## ૧૨

જિનજી, તું જગ અનુપમ રૂપ સોહે કેવો એકમાત્ર તું,
ત્રિભુવન તિલક સ્વરૂપ... ૧
જે પરમાણુ થકી તું નિરમ્યો, શાંતરાગ રૂચિ રૂપ,
તેટલા જ અણુ જગમાં તેથી, તું હી અનન્ય અનૂપ... ૨
જિનજી...

## ૧૩

પ્રભુજી, ક્યાં તુજ મુખ ક્યાં ચાંદ ?
કલંકથી મેલો શશિ દીસે દિવસે પીળો પાંદ... ૧
સુર-નર-ઉરગતણાં નેત્રોને, મોહી લેતું અમાન;
તુજ મુખ તો શોભાથી જીતે જગના સહુ ઉપમાન... ૨
પ્રભુજી...

संपूर्णमण्डलशशाङ्ककलाकलाप-
शुभ्रा गुणास्त्रिभुवनं तव लङ्घयन्ति ।
ये संश्रितास्त्रिजगदीश्वर! नाथमेकं,
कस्तान्निवारयति संचरतो यथेष्टम् ? ॥१४॥

चित्रं किमत्र यदि ते त्रिदशाङ्गनाभि-
र्नीतं मनागपि मनो न विकारमार्गम्? ।
कल्पान्तकालमरुता चलिताचलेन,
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ? ॥१५॥

निर्धूमवर्तिरपवर्जिततैलपूरः,
कृत्स्नं जगत्त्रयमिदं प्रकटीकरोषि ।
गम्यो न जातु मरुतां चलिताचलानां,
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥१६॥

नास्तं कदाचिदुपयासि न राहुगम्यः,
स्पष्टीकरोषि सहसा युगपज्जगन्ति ।
नाम्भोधरोदरनिरुद्धमहाप्रभावः,
सूर्यातिशायिमहिमासि मुनीन्द्र ! लोके ॥१७॥

नित्योदयं दलितमोहमहान्धकारं,
गम्यं न राहुवदनस्य न वारिदानाम् !।
विभ्राजते तव मुखाब्जमनल्पकान्ति,
विद्योतयज्जगदपूर्व-शशाङ्कबिम्बम् ॥१८॥

किं शर्वरीषु शशिनाह्नि विवस्वता वा ?
युष्मन्मुखेन्दुदलितेषु तमस्सु नाथ ! ।
निष्पन्नशालिवनशालिनि जीवलोके,
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ? ॥१९॥

૧૪

પેલો પૂનમ કેરો ચાંદ કેવો ખીલે રે,
એનો ઉજળો કિરણ કલાપ, જગમાં રેલે રે... ૧
તેવા ઉજ્વળ તારા ગુણગણ ત્રિભુવન ફેલે રે...
જેનો સ્વામી તું જગનાથ, તેને કુણ ઠેલે રે... ૨

૧૫

અચરિજ તેમાં શું પ્રભુ, સુરરમણી હેજે,
કામવિકાર ન પામતું, તુજ મન ના સ્હેજે... ૧
પ્રલય સમયનો વાયરો, ભલે પ્હાડ ચલાવે !
પણ સુરગિરિની ટોચને તે શું ડોલાવે ?... ૨

૧૬

જિનવર, તું જગદીપ અનેરો !
વિણ બાતી વિણ તૈલે ચાલે નૈવ ધૂમ્રની સેરો... ૧
જગત પ્રકાશી પ્રગટ કરે તું અણુ અણુ ત્રિભુવન કેરો ;
થિર તું તુજને ના કંપાવે, પ્રલય અનિલની લ્હેરો... ૨

૧૭

સૂરજથી પણ અધિકો મહિમા, જગમાં તારો ઓપે રે;
અસ્ત ન તારો થાય કદાપિ રાહુ પણ ના લોપે રે... ૧
કાળી મેઘ ઘટાઓ પણ તુજ ઉપર કદી ન ચાલે રે;
સકલ જગતને તું અજવાળે સ્વામી, એકજ કાળે રે... ૨

૧૮

જિન તુજ મુખકજ અભિનવ ચંદ
નિત્ય ઉદિત જે હરતો મોટો મોહ તિમિરનો ફંદ... ૧
રાહુ કદીના ઢાંકે જેને ન નડે વાદળ વૃંદ,
અજવાળે ત્રિભુવન ઝળહળતો ધરતો તેજ અમંદ... ૨

૧૯

દાડે કે રાતે શું કરવા જગમાં સૂરજ ચાંદ?
અંધારાનો ઓઘ હરે જો તુજ મુખ કેરો ચાંદ... ૧
શાલીવન જો સ્હેજે નીપજે, ધરતી કેરે ધામ
જળના ભાર થકી ઝૂકેલા, જળધરનું શું કામ?... ૨

ज्ञानं यथा त्वयि विभाति कृतावकाशं,
नैवं तथा हरिहरादिषु नायकेषु ।
तेजः स्फुरन्मणिषु याति यथा महत्त्वं,
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥२०॥

मन्ये वरं हरिहरादय एव दृष्टा,
दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति ।
किं वीक्षितेन भवता भुवि येन नाऽन्यः,
कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि ॥२१॥

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्,
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता ।
सर्वा दिशो दधति भानि सहस्त्ररश्मिं,
प्राच्येव दिग्जनयति स्फुरदंशुजालम् ॥२२॥

त्वामामनन्ति मुनयः परमं पुमांस–
मादित्यवर्णममलं तमसः परस्तात् ।
त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं,
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र! पन्थाः ॥२३॥

त्वामव्ययं विभुमचिन्त्यमसंख्यमाद्यं,
ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकं,
ज्ञानस्वरुपममलं प्रवदन्ति सन्तः ॥२४॥

## ૨૦

જિનવર જ્ઞાન ગજબ તુજ માંહી !
તેવું હરિહર બ્રહ્માદિકમાં દીઠું નહી જગ માંહી... ૧
તેજે ઝળહળતા મણિરત્નો જેમ લહે મોટાઇ,
કિરણે ઝગમગ કાચ ટૂકડો તેમ લહે ના કાંઇ... ૨

## ૨૧

ભલા મેં દીઠા હરિહર બ્રહ્મ !...
જિણ દીઠે સંતોષ હું પાયો તું હી એક પરમ... ૧
અવર દેવ મન ખેંચે તો તને દીઠાનો શું મરમ ?
ભવ બદલે પણ નાથ ન બદલે ભાંગ્યા સર્વ ભરમ... ૨

## ૨૨

પેલો સૂરજ ઊગે લાલ, એતો પ્રાચી કેરો લાલ
ચમકે એની કિરણજાલ, લેતી દુનિયાની સંભાલ !...
અન્ય દિશામાં ઉગે ભલેને લખ તારાના ઝૂંડ
પૂરવમાં એક સૂરજ ઉગ્યે, સઘળા બૂડાબૂડ... ૧
એમ દુનિયાની સઘળી નારી, ભલે જણે લખ પૂત
પણ તારી માતાએ એકજ, તું હી જણ્યો સપૂત... ૨
માતા મરૂદેવાના બાલ જગમાં એકજ તું છે લાલ
જેનાં હૈયે જગનું વ્હાલ સહુના સ્વામી દીનદયાળ... ૩

## ૨૩

સઘળા અંધારાની પાર
જેવું ઉજ્વળ સૂરજ રંગી ચમકે તેજ અપાર... ૧
એવા પરમપુરૂષ તમે સ્વામી, મુનિજન સર્વે માને,
જીતે જમને પામી તમને પામી પુલકિત પ્રાને...
વિઘ્ન રહિત ના બીજો કોઇ શિવનો મારગ સાર...
મુનિવર વિઘ્ન રહિત આ એક જ શિવનો મારગ સાર
સઘળા અંધારાની પાર... ૨

## ૨૪

સંતો નવ નવ નામે ગાવે તુજને વિધવિધ રૂપે ધ્યાવે...
તું અવ્યય વિભુ તુંહી અચિંત્ય તું, તુંહી આદ્ય અસંખ્ય;
તું બ્રહ્મા ઈશ્વર તું અનંત તું, અનંગ કેતુ અલક્ષ્ય...
યોગીશ્વર તું યોગનો જ્ઞાતા નિર્મલ જ્ઞાન સ્વરૂપ વિખ્યાતા
એક અનેક બતાવે સંતો નવનવ નામે ગાવે.

बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्,

त्वं शंकरोऽसि भुवनत्रयशंकरत्वात् ।

धाताऽसि धीर! शिवमार्गविधेर्विधानाद्,

व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥२५॥

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ!,

तुभ्यं नमः क्षितितलामलभूषणाय !।

तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय,

तुभ्यं नमो जिन! भवोदधिशोषणाय ॥२६॥

को विस्मयोऽत्र ? यदि नाम गुणैरशेषै-

स्त्वं संश्रितो निरवकाशतया मुनीश !।

दोषैरुपात्तविविधाश्रयजातगर्वैः,

स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥२७॥

उच्चैरशोकतरुसंश्रितमुन्मयूख-

माभाति रूपममलं भवतो नितान्तम् ।

स्पष्टोल्लसत्किरणमस्ततमोवितानं,

बिम्बं रवेरिव पयोधरपार्श्ववर्ति ॥२८॥

## ૨૫

જિનવર તું વિધિ બુદ્ધને શંકર, તું પુરૂષોત્તમ જગત સુહંકર...
વિબુધજને પૂજિત નિજ બોધે, તું હી બુદ્ધ કહાયો,
ત્રિભુવનને સુખનો દેનારો, શંકર તુંજ ગવાયો...
શિવપથનો રચનાર વિધાતા ગાવે સહુ તુજ ગુણ જગમાતા...
તું સ્વામી હું કિંકર...
જિનવર તું વિધિ બુદ્ધને શંકર...

## ૨૬

તુજને નમું તુજને નમું તુજને નમું રે...
મરૂદેવાના નંદ સ્વામી... ત્રિભુવનના નાથ વ્હાલા...
તુજને નમું રે...
ત્રણે ભુવનની પીડા હરનાર તું,
સારીયે ધરતીનો દિવ્ય શણગાર તું...
તુજને નમું તો નવિ ભવમાં ભમું રે... તુજને...
સ્વર્ગ મર્ત્ય પાતાળ લોકનો અધીશ તું,
ભવનો વિરાટ સિંધુ શોષનાર ઈશ તું...
તુજને નમીને નિજ ગુણમાં રમું રે...
તુજને નમું તુજને નમું તુજને નમું રે...

## ૨૭

જિનવર, એમાં શું અચરીજ ?
ગુણગણ સઘળા આવી તુજમાં ભરિયા ખીચોખીચ...
જિનવર, એમાં શું અચરીજ...
આશ્રય બહોળો પામી જગમાં, ગર્વે ધરતા રીઝ,
દોષોએ સપનાંતરમાં પણ, જોયો તને નથી જ
જિનવર એમાં શું અચરીજ ?...

## ૨૮

ઉંચા અશોક વૃક્ષના છાંયડે તારૂં નિર્મલરૂપ રેલાય છે !
ઉંચે ઉંચે કાળા વાદળ સૂરજ શોભે એની આગળ
જેનું ઉછળતું અજવાળું ભેદે અંધારાનું જાળું...
એવી તારી આભા ફેલાય છે. ઉંચા અશોક વૃક્ષના છાંયડે...

सिंहासने मणिमयूखशिखाविचित्रे,
विभ्राजते तव वपुः कनकावदातम् ।
बिम्बं वियद्विलसदंशुलतावितानं,
तुङ्गोदयाद्रिशिरसीव सहस्त्ररश्मेः ॥२९॥

कुन्दावदातचलचामरचारुशोभं,
विभ्राजते तव वपुः कलधौतकान्तम् ।
उद्यच्छशाङ्कशुचिनिर्झरवारिधार-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥३०॥

छत्र-त्रयं तव विभाति शशाङ्ककान्त-
मुच्चैः स्थितं स्थगितभानुकरप्रतापम् ।
मुक्ताफलप्रकरजालविवृद्धशोभं,
प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वम् ॥३१॥

उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्ति-
पर्युल्लसन्नखमयूखशिखाभिरामौ ।
पादौ पदानि तव यत्र जिनेन्द्र ! धत्तः,
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ॥३२॥

इत्थं यथा तव विभूतिरभूज्जिनेन्द्र !,
धर्मोपदेशनविधौ न तथा परस्य ।
यादृक् प्रभा दिनकृतः प्रहतान्धकारा,
तादृक् कुतो ग्रहगणस्य विकाशिनोऽपि ? ॥३३॥

૨૯

કેવો તું સ્વામી સોહે સહુ ભક્તોના મન મોહે !
સોનાને સિંહાસન સોહે, તારી કંચન કાયા
જ્યાં રત્નોના તેજ કિરણની, અદ્‌ભુત છાઇ છાયા
ઉંચા ઉદયાચળ પર ઊગે સૂરજબિંબ સવારે,
કિરણ છટાઓ ઉછળે તેની, આભતણા ઓવારે
તેવો તું સ્વામી સોહે સહુ ભવ્યોને પડિબોહે...

૩૦

દેહડી રે મારા પ્રભુજીની દીપતી !
કેવી રે દીપતી? સોના જેવી દીપતી... દેહ...
દેહડી ઉપર ઢળે ચામરની જોડલી
મોગરાના ફૂલ જેવી ઊજળી એ ઓપતી...
ચંદ્ર જેવું ઉજળું ઝરણું વહાવતી
મેરૂની સોનેરી ટોચ સમી શોભતી...
દેહડીરે...

૩૧

પ્રભુ પ્રેમનો તું અખૂટ છે ખજાનો ગમે છે ઘણો તું મઝાનો મઝાનો !
ઝૂલે તારી ઉપર ત્રણે છત્ર સુંદર જાણ્યે ઉગ્યો અંબર પૂનમ કેરો ચંદર
જેના તેજમાં સૂર્ય છૂપાય છાનો ગમે છે ઘણો તું મઝાનો મઝાનો...
ઝૂલે ઝૂલ મોતીતણી ચોતરફ જ્યાં ત્રણે છત્ર પૂકારે એકજ હરફ ત્યાં
ત્રણે લોકનો નાથ તુંહી અછાનો ગમે છે ઘણો તું મઝાનો મઝાનો...

૩૨

તુજ પગલે પગલે કમલ ધરે સહુ દેવ ગજબની ભક્તિ કરે...
તાજાં ખીલેલાં સ્વર્ણકમલ તેવા ચમકે છે તુજ પદતલ
ઉછળતા નખતેજે મનહર તુજ ચરણ ઠવે તું જ્યાં જિનવર
ત્યાં નવનવ કનકકમલ પ્રસરે સહુ દેવ ગજબની ભક્તિ કરે...

૩૩

તું અજબ ધર્મ ઉપદેષ્ટા
કેવી ગજબ તમારી ઋદ્ધિ કેવી ગજબ પ્રતિષ્ઠા...
તુજ ઋદ્ધિની હોડ કરેના, જગના કોઇ દેવો
તિમિર હરંતા સૂરજ આગળ, ગ્રહગણ ચમકે કેવો ?
તુજ રૂદ્ધિ જગમાં શ્રેષ્ઠા તું અજબ ધર્મ ઉપદેષ્ટા !...

श्च्योतन्मदाविलविलोलकपोलमूल-

मत्तभ्रमद्भ्रमरनादविवृद्धकोपम् ।

ऐरावताभमिभमुद्धतमापतन्तं,

दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥३४॥

भिन्नेभकुम्भगलदुज्ज्वलशोणिताक्त-

मुक्ताफलप्रकरभूषितभूमिभागः ।

बद्धक्रमक्रमगतं हरिणाधिपोऽपि,

नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ॥३५॥

कल्पान्तकालपवनोद्धतवह्निकल्पं,

दावानलं ज्वलितमुज्ज्वलमुत्फुलिङ्गम् ।

विश्वं जिघत्सुमिव संमुखमापतन्तं,

त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ॥३६॥

रक्तेक्षणं समदकोकिलकण्ठनीलं,

क्रोधोद्धतं फणिनमुत्फणमापतन्तम् ।

आक्रामति क्रमयुगेन निरस्तशङ्क-

स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥३७॥

૩૪

જે રહ્યા તુજ આશરે તે કોઈથી પણ ના ડરે... પ્રભુ...
જંગલી હાથી ભલેને, જોરથી હુમલો કરે... પ્રભુ...
મદજળે ઝરતા છલોછલ ચપળ ગંડસ્થળ પરે,
મત્તભમરા કરી ગુંજન કોપથી જેને ભરે...
પ્રભુ, જે રહ્યા તુજ આશરે...
ખૂબ ભડકેલો ભયંકર હાથી ઐરાવણ સમો
ભક્તને સામે મળે તો, થાય તે ક્ષણમાં સમો
જે રહ્યા તુજ આશરે તે કોઈથી પણ ના ડરે...

૩૫

તારા ચરણ કમળનું જેણે શરણ ગ્રહ્યું સુખદાઇ
તેને સિંહ કરે નહિ કાંઇ
હાથીનું કુંભસ્થળ ભેદે જબરી ફાળો ભરતો
શોણિત ભીના મુક્તાફળથી ભૂમિ ભૂષિત કરતો
પંજા હેઠળ આવી જાય તો, પંજો રહે બંધાઇ
તેને સિંહ કરે નહિ કાંઇ

૩૬

ભલેને દવ લાગ્યો વિકરાળ
ભલેને ભડકે આગ કરાળ, શમે એ તુજ નામે તતકાળ...
પ્રલય પવનથી પ્રેરી જાણે ઉજ્વળ અગનઝાળ,
તડતડત તણખાઓ ઊડે, ચિહું દિશિ લાલમ લાલ...
સકલ જગતને ગળવા જાણે ધસતો આવે કાળ,
નામતણા સંકીર્તન જળથી હોય તુરત વિસરાળ...

૩૭

તુજ નામ નાગદમની, જે ભવ્ય હૃદય ધરતો,
તે ભકતપુરૂષ જગમાં, સઘળે જયને વરતો
કોયલથી પણ કાળો, આંખોથી અગન ઝરતો
ક્રોધે છંછેડાઇ, ફૂંફાડા બહુ કરતો... તુજ...
ફણિધર સામે આવે, ના તોયે થરથરતો,
દાબે બંને પગથી, ભય દૂરે પરહરતો... તુજ...

वल्गत्तुरङ्गगजगर्जितभीमनाद-
माजौ बलं बलवतामपि भूपतीनाम् ।
उद्यद्दिवाकरमयूखशिखापविद्धं,
त्वत्कीर्तनात्तम इवाशु भिदामुपैति ॥३८॥

कुन्ताग्रभिन्नगजशोणितवारिवाह-
वेगावतारतरणातुरयोधभीमे ।
युद्धे जयं विजितदुर्जयजेयपक्षा-
स्त्वपादपङ्कजवनाश्रयिणो लभन्ते ॥३९॥

अम्भोनिधौ क्षुभितभीषणनक्रचक्र-
पाठीनपीठभयदोल्बणवाडवाग्नौ ।
रङ्गत्तरङ्गशिखरस्थितयानपात्रा-,
स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥४०॥

उद्भूतभीषणजलोदरभारभुग्नाः,
शोच्यां दशामुपगताश्च्युतजीविताशाः ।
त्वत्पादपङ्कजरजोऽमृतदिग्धदेहा,
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरूपाः ॥४१॥

૩૮

ઉછળતા તુરગના ગાજતા ગજતણા, શોરથી જેહ અતિઘોર ભાસે,
યુદ્ધના આંગણે પ્રબળ સેનાગણે, સબલ અરિનૃપ લડે જોર ખાસે.
ઉદિત રવિતેજથી ભેદ્યું અતિવેગથી,તિમિરગણ પલકમાં જેમ નાસે,
નામ કીર્તન બળે તેમ રિપુદળ ગળે, ના ટકે તેહ તુજ ભક્ત પાસે...

૩૯

તીક્ષ્ણ ભાલા વડે ભેદ્યું ગજતનુ પડે, દડદડે રક્તની લાખ ધારા,
રક્તનદીઓ મહીં તરણતૃષ્ણા લહી, દોડતા સુભટદળ જ્યાં અપારા...
ભીષણ રણરંગમાં, ઝૂઝતાં જંગમાં જીતી દુર્જય અરી સૈન્ય સારાં,
તુજ ચરણ પદ્મના આશ્રયે ભક્તનાં, જીતનાં નિત્ય વાગે નગારાં...

૪૦

તે ના ડૂબે મઝધારે જેને તારો ભરોસો ભારે,
તેને તું પાર ઉતારે, જેને...
ઊંચા ઊંચા મહાસાગરના મોજાં ઉપર સરતું
વહાણ કદીના ડૂબે તેનું, નિત્ય અભય થઇ તરતું...
જે નિજ હૈયાના તારે
પ્રભુ તારૂં સમરણ ધારે... તે ના ડૂબે...
ધૂંધવાયલા જળના જીવો, ભીષણ જ્યાં ઉછળતા
જવાળાઓથી અતિભયંકર, વડવાનળ ભડભડતા
તોફાની સાગર આરે ના થડકે હૈયે લગારે
તેને તું પાર ઉતારે જેને તારો ભરોસો ભારે...

૪૧

તારાં ચરણ કમળની રજનાં, અમૃત જેને અડતાં
તેનાં કોમળ અંગે કોઇ રોગ કદી ના નડતાં...
ઘોર જળોદર કેરા ભારે જેની કેડ નમેલી
દીન દશાને પામી જેણે જીવન આશા મેલી
એવા નર નીરોગી બનીને રૂપ અનંગનું વરતા... તારાં...

आपादकण्ठमुरुशृङ्खलवेष्टिताङ्गा,
गाढं बृहन्निगडकोटिनिघृष्टजङ्घाः ।
त्वन्नाममन्त्रमनिशं मनुजाः स्मरन्तः,
सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ॥४२॥

मत्तद्विपेन्द्रमृगराजदवानलाहि-
संग्रामवारिधिमहोदरबन्धनोत्थम् ।
तस्याशु नाशमुपयाति भयं भियेव,
यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥४३॥

स्तोत्रस्रजं तव जिनेन्द्र ! गुणैर्निबद्धां,
भक्त्या मया रुचिरवर्णविचित्रपुष्पाम् ।
धत्ते जनो य इह कण्ठगतामजस्रं,
तं मानतुङ्गमवशा समुपैति लक्ष्मी : ॥४४॥

૪૨

તૂટે પળમાં બંધન, તેનાં...
નામ મંત્ર તમારો જેઓ નિત્ય સમરતાં નિજમન...
પગથી કંઠ લગીના અંગો સાંકળથી જકડાયા
નિબિડ નિગડની ધારે જેના સાથળ બહુ રગડાયા
ઘોર કેદમાં સપડાઈને કરી શકે ના સ્પંદન...
તૂટે પળમાં બંધન... તેનાં તૂટે...

૪૩

જે સ્તવન તમારૂં ગાતા તેના ભય દૂર પલાતા,
માતો મયગલ સિંહ ભયંકર દાવાનલ બળબળતો
કાળો ફણિધર યુદ્ધ ભયાનક રત્નાકર ઉછળતો
જીવલેણ વ્યાધિને બંધન ભય પળમાં વિખરાતા
આ સ્તવન તમારૂં ગાતા...

૪૪

જિન તુજ સ્તોત્રતણી આ માળા,
તારા ગુણો વડે બાંધેલી ભક્તિ થકી વિરચેલી;
સુંદરવર્ણોના ફૂલોથી અદ્ભુત જે ગૂંથેલી...
માની નર જે નિજના કંઠે નિત્ય ધરે આ માળા
નિજની લક્ષ્મી તેને ન તજે, સદા ભજે સુવિશાળા
જિન તુજ સ્તોત્રતણી આ માળા...

**(કળશ)**

ઈમ મેં ગાયો **ઋષભ**જિણંદા...
ભક્તામર કેરા કાવ્યોનાં, ગીત રચ્યાં આણંદા... ૧
તપાગચ્છમાં ગુરૂજી બિરાજે, વિજય **પ્રેમસૂરીન્દા**...
તાસ પટ્ટ પર સૂરિવર રાજે, **રામચંદ્ર** મુનિચંદા... ૨
તેહ તણા પંડિત પદભાગી, **ભદ્રંકર** ગણિ ઈન્દા,
તાસ શિષ્ય **મહાયશ** વિજયા, વાચકપ્રવર મુણીંદા... ૩
તાસ શિષ્ય **ધુરંધર વિજયે,** રચના કીધી અમંદા
**વેદ-બાણ નભ-વિધુ**-મિતવર્ષે, ફાગણ માસ સોહંદા... ૪
**અર્બુદગિરિયે** ઋષભ પસાયે, ગાયા નવનવ છંદા
આજે મારે આંગણ પ્રગટ્યા, જિનગુણ સુરતરૂકંદા... ૫

# ऋषभ पंचाशिका

जय जंतु कप्पपायव । चंदायव रागपंकयवणस्स ।
सयलमुणिगामगामणि । तिलोअचूडामणि नमो ते ॥१॥

जय रोसजलणजलहर । कुलहर वरनाणदंसणसिरीणं ।
मोहतिमिरोहदिणयर । नयर गुणगणाण पउराणं ॥२॥

दिठ्ठो कह वि विहडिए । गंठिम्मि कवाडसंपुडघणंमि ।
मोहंधयारचारयगएण दिणयरुव्व तुमं ॥३॥

भविअकमलाण जिणरवि । तुहदंसणपहरिसूससंताणं ।
दढबद्धा इव विहडंति । मोहतमभमरविंदाइं ॥४॥

लठ्ठत्तणाभिमाणो । सव्वो सव्वठ्ठसुरविमाणस्स ।
पइं नाह नाहिकुलगरघरावयारुम्मुहे नठ्ठो ॥५॥

पइं चिंतादुल्लहमुक्खसुक्खफलए अउव्वकप्पदुमे ।
अवइन्ने कप्पतरू । जयगुरूहित्था इव पओत्था ॥६॥

अरएणं तइएणं इमाइ उस्सप्पिणीइ तुह जम्मे ।
फुरिअं कणगमएणं व । कालचक्किक्कपासंमि ॥७॥

# ઋષભ પંચાશિકા

**✻ ગુજરાતી પદ્યાનુવાદ ✻**

જય હો તમારો જંતુગણના દિવ્ય કલ્પતરૂ સમા,
હે રાગરૂપી કમલવનમાં પૂર્ણિમાના ચંદ્રમા !
સહ મુનિજનોમાં પ્રથમ ને ચૂડામણિ ત્રણ જગતના,
હે નાભિનંદન! નાથ તમને ભાવભીની વંદના...
**હે નાભિનંદન! નાથ તમને કોટિ કોટિ વંદના...૧**

જય હો તમારો રોષ કેરી આગમાં જલધર પ્રભો!
કુલઘર તમે છો જ્ઞાન - દર્શન લક્ષ્મી કેરા હે વિભો!
દિનકર સમા છો મોહ અંધારે નગર ગુણગણ તણા, **હે નાભિનંદન!...૨**

સબડી રહ્યા'તા કેદખાને મોહ અંધારે ભર્યા,
ત્યારે અચાનક ગ્રંથિ ભેદાઇ કમાડો ઊઘડ્યાં.
સૂરજ પરે ઝળહળ થતાં દર્શન થયાં તબ આપનાં, **હે નાભિનંદન!...૩**

સૂરજ સમા હે નાથ! તુજ દર્શન થતાં અતિહર્ષથી,
ખીલી ઉઠેલા ભવ્ય જીવો રૂપ પંકજ ગર્ભથી.
ભાગે પલકમાં મોહરૂપી ભ્રમરનાં ટોળાં ઘણાં, **હે નાભિનંદન!...૪**

ઉન્મુખ થયા'તા નાથ જ્યારે નાભિકુલકરના ઘરે,
અવતરણ અર્થે આપ ભુક્કા થઇ ગયા'તા તે પળે.
સર્વાર્થસિદ્ધ વિમાનના અતિશ્રેષ્ઠતાના ગર્વના, **હે નાભિનંદન!...૫**

દાતા અચિંતિત મોક્ષસુખના દિવ્ય ફળનો અવતર્યો,
જ્યારે ધરા પર તું અપૂરવ સુરતરુ મહિમા ભર્યો.
શરમાઇ ત્યારે કલ્પતરુ ગાયબ થયા ભૂલોકના, **હે નાભિનંદન!...૬**

હે નાથ તારા પરમ પાવન જન્મથી ચમકી રહ્યો,
અવસર્પિણીનો તૃતીય આરો સ્વર્ણથી જાણે રચ્યો,
શું! અન્ય આરાથી અલગ તે કાળ કેરા ચક્રના, **હે નાભિનંદન!...૭**

जंमि तुमं अहिसित्तो । जत्थ य सिवसुक्खसंपयं पत्तो ।
ते अट्ठावयसेला । सीसामेला गिरिकुलस्स ॥८॥

धन्ना सविम्हयं जेहिं । झत्ति कयरज्जमज्जणो हरिणा ।
चिरधरिअनलिणपत्ताभिसेअसलिलेहिं दिट्ठो सि ॥९॥

दाविअविज्जासिप्पो । वज्जरिआसेसलोअववहारो ।
जाओ सि जाण सामिअ । पयाऊ ताऊ कयत्थाऊ ॥१०॥

बंधुविहत्तवसुमई । वच्छरमच्छिन्नदिन्नधणनिवहो ।
जह तं तह को अन्नो । निअमधुरं धीर पडिवन्नो ॥११॥

सोहसि पसाहिअंसो । कज्जलकसिणाहिं जयगुरु जडाहिं ।
उवगूढविसज्जिअरायलच्छिबाहच्छडाहिं व ॥१२॥

उवसामिआ अणज्जा । देसेसु तए पवन्नमोणेणं ।
अभणंत च्चिअ कज्जं । परस्स साहंति सप्पुरिसा ॥१३॥

मुणिणो वि तुहल्लीणा । नमिविनमी खेअराहिवा जाया ।
गुरुआण चलणसेवा । न निप्फला होइ कइआ वि ॥१४॥

भद्दं से सेअंसस्स । जेण तवसोसिओ निराहारो ।
वरिसंते निव्ववेिओ । मेहेण व वणदुमो तं सि ॥१५॥

उप्पन्नविमलनाणे । तुमंमि भुवणस्स विअलिओ मोहो ।
सयलुग्गयसूरे वासरंमि गयणस्स व तमोहो ॥१६॥

જન્માભિષેક થયો તમારો તેય અષ્ટાપદગિરિ,
જ્યાં મોક્ષ પામ્યા તેય સોહે નામ અષ્ટાપદ ધરી.
એ બેય અષ્ટાપદ તમારા મુકુટ સર્વ ગિરીન્દ્રના, **હે નાભિનંદન!...૮**
થાપ્યા તમોને રાજ પર અભિષેક ઝટ ઇન્દ્રે કરી,
ત્યારે ભર્યા નલિનીદલે અભિષેક જળ કરમાં ધરી.
તમને ચકિત થઇ નિરખતાં તે ધન્ય યુગલિક ત્યારના, **હે નાભિનંદન!...૯**
વિદ્યા બધી ને શિલ્પ સઘળાં તેં પ્રભુ અહીં શીખવ્યા,
તેં લગ્ન આદિ સર્વ વ્યવહારો જગતમાં દાખવ્યા,
કૃતકૃત્ય તે લોકો તમે સ્વામી બન્યા'તા જેમના. **હે નાભિનંદન!...૧૦**
વ્હેંચી બધી ધરતી વિભાગે સર્વ બાંધવમાં તમે,
આપ્યું નિરંતર દાન વાર્ષિક સ્વર્ણમેઘ સમા તમે,
તુજ જેમ વ્રત કેરી ધુરા ધારી શકે કો અન્ય ના. **હે નાભિનંદન!...૧૧**
તેં રાજલક્ષ્મીને યદા, આશ્લેષથી અલગી કરી,
કાજળ ભરી તસ આંખથી જે અશ્રુની ધારા ઝરી,
તેવી જટા શોભી રહી તુજ બેય પડખે સ્કંધના, **હે નાભિનંદન!...૧૨**
વિચર્યા તમે પ્રભુ ! મૌન ધારી દેશ ને પરદેશમાં,
તોયે અનાર્યો સર્વ તે સમયે સ્વભાવે ઉપશમ્યાં,
બોલ્યા વિના પણ કાર્ય સાધે સંતપુરુષો અન્યનાં, **હે નાભિનંદન!...૧૩**
નિઃસંગ ને અણગાર તું ને તોય તુજ આશ્રયબળે,
નમિ-વિનમિ બંને ભાઇને સામ્રાજ્ય ખેચરનું મળે,
ના હોય નિષ્ફળ કોઇ કાળે ગુરુચરણની સેવના, **હે નાભિનંદન!...૧૪**
જિમ મેહુલો લીલા કરે વન વૃક્ષ ને વનપ્રાંતમાં,
તિમ તપથકી શોષાયેલા તુજ દેહનું વર્ષાંતમાં,
શ્રેયાંસ સંતર્પણ કરી ભાગી બન્યા કલ્યાણના, **હે નાભિનંદન!...૧૫**
હે નાથ ! નિર્મલ શુદ્ધ કેવલજ્ઞાન તમને સાંપડ્યું,
ને ત્રણ ભુવનમાં મોહ કેરું જોર સબ તૂટી પડ્યું,
દિવસે ઉગે પૂરો સૂરજ ને તિમિર ટળતાં અભ્રનાં, **હે નાભિનંદન!...૧૬**

पूआवसरे सरिसो । दिट्ठो चक्कस्स तं सि भरहेण ।
विसमा हु विसय तिन्हा । गरुआण वि कुणइ मइमोहं ॥१७॥

पढमसमोसरणंमुहे । तुह केवलसुरवहूकओज्जोआ ।
जाया अग्गेइ दिसा । सेवासयमागयसिहिव्व ॥१८॥

गहिअवयभंगमलिणो । नूणं दूरोणएहिं मुहराओ ।
ठइओ पढमिल्लुअतावसेहिं तुह दंसणे पढमे ॥१९॥

तेहिं परिवेढिएणय । वूढा तुमए खणं कुलवइस्स ।
सोहा विअडंसत्थलघोलंतजडाकलावेण ॥२०॥

तुह रूवं पिच्छंता । न हुंति जे नाह हरिसपडिहत्था ।
समणा वि गयमणच्चिय । ते केवलिणो जइ न हुंति ॥२१॥

पत्तानि असामन्नं । समुन्नइं जेहिं देवया अन्ने ।
ते दिंति तुम्ह गुणसंकहासु हासं गुणा मज्झ ॥२२॥

दोसरहिअस्स तुह जिण निंदावसरंमि भग्गपसराए ।
वायाइ वयणकुसला वि बालिसायंति मच्छरिणो ॥२३॥

अणुरायपल्लविल्ले । रइवल्लिफुरंतहासकुसुमंमि ।
तवताविऊवि न मणो । सिंगारवणे तुहल्लीणो ॥२४॥

आणा जस्स विलइआ । सीसे सेसव्व हरिहरेहिंपि ।
सो वि तुह झाणजलणे । मयणो मयणं विअ विलीणो ॥२५॥

કૈવલ્યની કે ચક્રની કોની કરું પૂજા પ્રથમ ?
વ્યામૂઢ ક્ષણભર ભરત તૃષ્ણા વિષયની કેવી વિષમ?
જેણે ભુલાવ્યો ભરત સરખા મૂલ્ય આંકે બેયનાં! **હે નાભિનંદન!...૧૭**

ઊભેલ કેવલ સુરવધૂના તેજપૂંજે રાજતો,
તુજ પહેલવેલા સમવસરણે અગ્નિખૂણો લાગતો,
જાણે તમોને સેવવા ખુદ અગ્નિ આવ્યો હોય ના ! **હે નાભિનંદન!...૧૮**

જે આદિ ટોળુ તાપસોનું આદ્ય દર્શનની પળે,
તુજ દૂરથી વંદન કરે તે ઢાંકવાને શું અરે!
જે કાલિમા મુખ પર ઢળી'તી પાપથી વ્રતભંગના, **હે નાભિનંદન!...૧૯**

ત્યારે જટાળા જોગીઓના જૂથથી ઘેરાયેલા
ક્ષણભર તમે શોભી રહ્યા ત્યાં કુલપતિ સરખા ભલા,
બંને ખભા પર ઝૂલતી'તી કેશની લટ જેહના, **હે નાભિનંદન!...૨૦**

તુજ રૂપ અનુપમ નિરખતાં નવિ હર્ષ થાયે જેહને,
તે કેવલી ના હોય તો છો મન હોયે તેહને,
તોયે બધા અમનસ્ક છે તે મૂઢ જેની ચેતના, **હે નાભિનંદન!...૨૧**

રે અન્ય દેવો જે ગુણે પામ્યા અનેરી ઉન્નતિ,
તુજ ગુણકથામાં તે ગુણોની થાય એવી અવનતિ,
તે દેવ હાસ્યાસ્પદ બને મુજ હૃદયમાં આ લોકના, **હે નાભિનંદન!...૨૨**

નિર્દોષ હે જિનવર ! તમારી ઉપર જે મત્સર ધરે,
તે બોલવામાં કુશળ તોયે લોકમાં મૂરખ ઠરે,
અટકાય તેની જીભ પણ જ્યારે કરે તુજ નિંદના, **હે નાભિનંદન!...૨૩**

અનુરાગના મૃદુ પલ્લવોથી જે રહે નિત હર્યુંભર્યું,
રતિવેલડી પર ફૂલ ખીલે હાસ્યનાં જ્યાં ના ઠર્યું,
તપથી તપેલું તોય તુજ મન વન મહીં શૃંગારના, **હે નાભિનંદન!...૨૪**

રે દેવની શેષા પરે જસ આણ ના શિર પર ધરે,
દેવો હરિહર પ્રમુખ તે પણ મીણની જિમ પીગળે,
કાઠો મદન હે દેવ! તારા ઘોર અનલે ધ્યાનના, **હે નાભિનંદન!...૨૫**

पइं नवरि निरभिमाणा । जाया जयदप्पभञ्जणुत्ताणा ।
वम्महनरिंदजोहा । दिठ्ठिच्छोहा मयच्छीणम्                ॥२६॥

विसमा रागद्दोसा । निंता तुरयव्व उप्पहेण मणम् ।
ठायंति धम्मसारहि । दिट्ठे तुह पवयणे नवरं                ॥२७॥

पच्चलकसायचोरे । सइसंनिहिआसिचक्कधणुरेहा ।
हुंति तुह च्चिअ चलणा । सरणं भीआण भवरन्ने                ॥२८॥

तुह समयसरब्भट्ठा । भमंति सयलासु रुक्खजाईसु ।
सारणि जलं व जीवा । ठाणठाणेसु बज्झंता                ॥२९॥

सलिलव्व पवयणे । तुह गहिए उड्ढं अहो विमुक्कम्मि ।
वच्चंति नाह कूवयरहट्टघडिसंनिहा जीवा                ॥३०॥

लीलाइ निंति सुक्खं । अन्ने जह तित्थिआ तहा न तुमम् ।
तह वि तुह मग्गलग्गा । मग्गंति बुहा सिवसुहाइं                ॥३१॥

सारि व्व बंधवहमरणभाइणो जिण न हुंति पइं दिट्ठे ।
अक्खेहिं वि हीरंता जीवा संसारफलयंमि                ॥३२॥

अवहीरिआ तए पहु निंति निओगिक्कसंखलाबद्धा ।
कालमणंतं सत्ता । समं कयाहारनीहारा                ॥३३॥

जेहिं तविआणं तवनिहि जायइ परमा तुमम्मि पडिवत्ती ।
दुक्खाइं ताइं मन्ने न हुंति कम्मं अहम्मस्स                ॥३४॥

જેણે જગતનો દર્પ તોડ્યો સુભટ કામ નરેન્દ્રના,
તીખા કટાક્ષો નજરના મદમત્ત તરુણીવૃંદના,
તે પણ તમારી પાસ મૂકી માન ઊભા ક્યાંય ના, **હે નાભિનંદન!...૨૬**
ઉદ્ધત તુરગની જેમ અવળે માર્ગ મનને ખેંચતા,
તે વિષમ રાગ-દ્વેષ જેને નિરખતાં થંભી જતા,
પ્રવચન તણો મહિમા અહો ! શો ધર્મસારથી આપના, **હે નાભિનંદન!...૨૭**
જબરા કષાયો રૂપ ડાકુ જ્યાં સદા ફરતા રહે.
તે ઘોર ભવ વેરાનમાં ડરતા જનો શરણું લહે.
તારા ચરણનું ચિહ્ન જ્યાં ચમકે ધનુષ-અસિ-ચક્રના, **હે નાભિનંદન!...૨૮**
સરવર થકી અળગું પડેલું જળ વહે પરનાળમાં,
રે વૃક્ષ વૃક્ષે ભટકતું બંધાય ક્યારા પાળમાં.
તિમ તુજ વચનથી ભ્રષ્ટ જન ફેરા ફરે સંસારના, **હે નાભિનંદન!...૨૯**
તારા વચન અવલંબને જીવો બધા ઊંચે ચડે,
મૂકી વચનના દોરને પાછા બધા નીચે પડે,
ભમતા સદા ભવચક્રમાં જળની પરે અરહટ્ટના, **હે નાભિનંદન!...૩૦**
આરામથી જિમ મોક્ષમાર્ગે અન્યતીર્થિક લઇ જતા,
ના તેમ તું લઇ જાય તોયે માર્ગ પર તુજ ચાલતા,
બુધલોક કરતા તુજ સમીપે મુક્તિ સુખની યાચના, **હે નાભિનંદન!...૩૧**
સંસારની ચોપાટમાં છે જીવ સર્વે સોગઠા,
પાશા વડે ખેંચાય તોયે જે તમોને દેખતા,
તે ના લહે વધ બંધ ને વળી મૃત્યુકેરી યંત્રણા, **હે નાભિનંદન!...૩૨**
જેની કરે અવહેલના તું પણ અનંતો કાળ તે,
નિગોદ કેરી હેડમાં જકડાઇ દુઃખો ભોગવે.
આહાર ને નિહાર ચાલે એક સાથ અનંતના, **હે નાભિનંદન!...૩૩**
જે દુઃખ ને દર્દો વડે તપતા જગતના જીવને
હે તપનિધિ ! તુજ ઉપર આસ્થા પરમ કોટિની બને,
માનું નહિ તે દુઃખગણને ફળસ્વરૂપ અધર્મના, **હે નાભિનંદન!...૩૪**

होही मोहुच्छेओ तुह सेवाए धुव त्ति नंदामि ।
जं पुण न वंदिअव्वो तत्थ तुमं तेण झिज्जामि ॥३५॥

जो तुह सेवाविमुहस्स । हुंतु मा ताउ मह समिद्धीओ ।
अहिगारसंपया इव । पेरंतविडंबणफलाओ ॥३६॥

भित्तूण तमं दीवो । देव पयत्थे जणस्स पयडेइ ।
तुह पुण विवरीयमिणं । जइक्कदीवस्स निव्वडिअम् ॥३७॥

मिच्छत्तविसपसुत्ता । सचेयणा जिण न हुंति किं जीवा ।
कन्नम्मि कमइ जइ । कित्तिअं पि तुह वयणमन्तस्स ॥३८॥

आयन्निआ खणद्धं पि । पइं थिरं ते करिंति अणुरायं ।
परसमया तह वि मणं । तुह समयन्नूण न हरंति ॥३९॥

वाईहिं परिग्गहिआ । करंति विमुहं खणेख पडिवक्खम् ।
तुज्झ नया नाह महागय व्व अन्नुन्नसंलग्गा ॥४०॥

पावंति जसं असमंजसा वि वयणेहिं जेहिं परसमया ।
तुह समयमहोअहिणो । ते मंदा बिंदुनिस्संदा ॥४१॥

पइ मुक्के पोअम्मि व । जीवेहिं भवन्नवम्मि पत्ताओ ।
अणुवेलमावयामुहपडिएहिं विडंबणा विविहा ॥४२॥

वुच्छं अपत्थिआगयमच्छभवंतो मुहुत्त वसिएण ।
छावट्ठी अयराइं । निरंतरं अप्पइट्ठाणे ॥४३॥

નક્કી તમારી સેવનાથી મોહ કેરો ક્ષય થતો,
તેથી ઘણો હું ખુશ પરંતુ ખેદ એક જ પીડતો,
મુજ હૃદયને નિર્મોહથી ના થાય તુજને વંદનાં **હે નાભિનંદન!...૩૫**

અધિકારના ઉપયોગથી જે સંપદાઓ અહીં મળે,
ઘોરાતિઘોર વિડંબના રૂપે વિપાકે તે ફળે.
સમૃદ્ધિ તે ન મળો મને જ્યાં છૂટતી તુજ સેવના, **હે નાભિનંદન!...૩૬**

દીવો હરે અંધારું પહેલા પછી વસ્તુ બતાડતો,
જગદીપ ! તું વિપરીત પહેલા બોધ સહુને આપતો,
ને ત્યાર બાદ જ તિમિર હરતો તું પ્રભુ ! અજ્ઞાનનાં, **હે નાભિનંદન!...૩૭**

મિથ્યાત્વ કેરા ઘોર વિષથી જીવ જે બેહોશ છે.
તે પણ પ્રભો! તારા પ્રભાવે શું ન પામે હોશને ?
જ્યાં કાનમાં પડતાં તમારાં વચન અમૃતછાંટણાં. **હે નાભિનંદન!...૩૮**

અડધી ઘડી પણ દિલ દઈને તુજ વચન જે સાંભળે,
અનુરાગ તારા ઉપર એવો અચલ તેને સાંપડે,
સમયજ્ઞ તે પર સમયથી પળવાર પણ મૂંઝાય ના, **હે નાભિનંદન!...૩૯**

વાદીજનો વિલખા કરે ક્ષણવારમાં પરપક્ષને,
અન્યોન્યથી ગૂંથાયેલા તુજ નયરૂપી ગજસૈન્યને,
રણમાં ઉતારી નાથ ! તારી અજબ નય સંયોજના, **હે નાભિનંદન!...૪૦**

રે ! સાવ ઢંગધડા વિનાના અન્ય દર્શનના મતો,
પામે અહો ! જે વચનથી યશકીર્તિ જગમાં તેહ તો.
સર્વે ફુવારા તુજ સમયના સિંધુના પણ બિંદુના, **હે નાભિનંદન!...૪૧**

આ ઘોર ભવસાગરમહીં જે વ્હાણ સરખા આપને,
છોડી જતા તે જગતના જીવો બિચારા હરક્ષણે,
આપત્તિના મુખમાં પડી પામે અનેક વિડંબના, **હે નાભિનંદન!...૪૨**

માથે પડેલા મત્સ્યના ભવમાં વસીને બે ઘડી,
મેં તીવ્ર બાંધી પાપ ફરીથી સાતમી નરકે પડી,
સહી છાસઠ સાગરોપમ નિરંતર અતિવેદના, **હે નાભિનંદન!...૪૩**

सीउन्हवासधारानिवायदुक्खं सुतिक्खमणुभूअं ।
तिरिअत्तणंमि नाणावरणसमच्छाइएणावि ॥४४॥

अंतोनिक्खंतेहिं । पत्तेहिं पिअकलत्तपुत्तेहिं ।
सुन्ना मणस्सभवणाडएसु निब्भाइआ अंका ॥४५॥

दिट्ठा रिउरिद्धीओ । आणाउ कया महड्ढिअसुराणं ।
सहियाय हीणदेवत्तणेसु दोगच्चसंतावा ॥४६॥

सिंचंतेण भववणं । पल्लट्टा पल्लिआ रहट्टुव्व।
घडिसंठाणो सप्पिणिअवसप्पिणिपरिगया बहुसो ॥४७॥

भमिओ कालमणंतं । भवंमि भीओ न नाह दुक्खाणं ।
संपइ (य) तुमंमि दिट्ठे । जायं च भयं पलायं च ॥४८॥

जइ वि कयत्थो जगगुरु । मज्झत्थो जइ वि तह वि पत्थेमि ।
दाविज्जसु अप्पाणं । पुणो वि कइया वि अम्हाणं ॥४९॥

इअ झाणग्गिपलीविअकम्मिन्धणबालबुद्धिणा वि मए ।
भत्तीइ थुओ भवभयसमुद्दबोहित्थबोहिफलो ॥५०॥

જ્ઞાનવરણના ઉદયથી અતિમૂઢ મેં પીડા સહી,
વરસાદ તડકા ટાઢની તિર્યંચના ભવમાં રહી,
પરવશ પણે ક્ષણવાર પણ ના સુખતણી સંવેદના **હે નાભિનંદન!...૪૪**
નરભવતણા નાટક મહીં અલ્પાયુષી સ્વજનો મળ્યા,
વ્હાલી પ્રિયાને પુત્ર આદિ યમતણા પંથે વળ્યા,
ભજવ્યા અરે મેં શૂન્ય અંકો એકલા સંતાપના, **હે નાભિનંદન!...૪૫**
સમૃદ્ધિ દેખી દુશ્મનોની ને મહર્દ્ધિક દેવની,
કરતાં ગુલામી દેવગણમાં હાસ્યપાત્ર સદા બની,
મેં હીન દેવ ભવે સહ્યા સંતાપ ને અવહેલના, **હે નાભિનંદન!...૪૬**
ઉત્સર્પિણી અવસર્પિણીના ઘડુલિયે પાણીભરી,
સંસારને સીંચ્યો અનંતા પુદ્ગલાવર્ત્તો ફરી,
અરહટ્ટની જિમ ચાર ગતિના ચક્કેરો અંત ના, **હે નાભિનંદન!...૪૭**
રવડ્યો અનંતો કાળ ભવમાં દુઃખથી પણ ના ડર્યો,
પણ આજ બાંધી ટકટકી નિરખી તને ચેતન થયો,
કીધું પલાયન ભયથકી મેં આજ આ ભવભ્રમણના. **હે નાભિનંદન!...૪૮**
તું છે કૃતારથ જગગુરુ! સહુ ભાવમાં મધ્યસ્થતા,
તારી અનોપમ તોય તુજને એક છે મુજ પ્રાર્થના,
ક્યારેક મારી આંખમાં દીદાર દેજો આપના. **હે નાભિનંદન!...૪૯**
હું બાળબુદ્ધિ છું છતાં બહુ ભક્તિથી સ્તવતો તને
ભવસાગરે પ્રભુ ! વ્હાણ સરખું બોધિફળ દેજો મને.
જે ધ્યાનના અનલે કરી ઇંધન જલાવે કર્મના, **હે નાભિનંદન!...૫૦**

*** પંચાશિકા સંપૂર્ણ ***

# श्री कल्याणमंदिर स्तोत्रम्

(वसन्ततिलका वृतम्)

कल्याणमन्दिर - मुदार - मवद्यभेदि,
भीताभयप्रदम-निन्दित-मङ्घ्रिपद्मम् ।
संसारसागर - निमज्ज - दशेषजन्तु-
पोतायमानमभिनम्य जिनेश्वरस्य ।। १

यस्य स्वयं सुरगुरुर्गरिमाम्बुराशेः,
स्तोत्रं सुविस्तृत-मतिर्न विभुर्विधातुम् ।
तीर्थेश्वरस्य कमठ-स्मय-धूमकेतो-
स्तस्याहमेष किल संस्तवनं करिष्ये ।। २

सामान्यतोऽपि तव वर्णयितुं स्वरुप-
मस्मादृशाः कथमधीश! भवन्त्यधीशाः ।
धृष्टोपि कौशिकशिशुर्यदिवा दिवान्धो
रुपं प्ररुपयति किं किल घर्मरश्मेः ? ।। ३

# કલ્યાણમંદિર સ્તોત્ર

**✻ ગીત-અનુવાદ ✻**

**૧**

વંદી પાદ યુગલ પારસનું...
મંગલ કેરું મોટું મંદિર
ભેદક જે અઘચયનું,
જેહ અનિંદિત ભીરુજનને
આપે દાન અભયનું **...૧**
ભવસાગરમાં ડૂબી રહેલા
સઘળા જીવ જગતનું,
વ્હાણ તણી પરે ત્રાણ કરે તે
પરમ ઉદાર જિનપનું **...૨**
વંદી પાય યુગલ પારસનું...

**૨**

સુરગુરુ પણ જે દેવની
સ્તવના કરવાને,
બ્હોળી બુદ્ધિ છતાં અહો!
નિજ શક્તિ ન માને **...૧**
કમઠ હઠી મદગંજના
ગરિમામય જેહ
તે પ્રભુની સ્તવના કરું
ધરી ભક્તિ સનેહ **...૨**

**૩**

જિન તુજ, અકલ અગમ્ય સ્વરૂપ...
થોડું પણ તેને વર્ણવવા,
અમ સરખા જગભૂપ!
સમરથ કેવી રીતે હોવે?
તું જગમાંહી અનૂપ **...૧**
ધૃષ્ટ છતાં ઘૂવડનું બચ્ચું
દિવા અંધ રવિરૂપ
કહી શકે શું ? તેમજ સ્વામી
મારી વાચા ચૂપ **...૨**

मोहक्षयादनुभवन्नपि नाथ! मर्त्यो,
नूनं गुणान् गणयितुं न तव क्षमेत ।
कल्पान्तवान्तपयसः प्रकटोऽपि यस्मान्-
मीयेत केन जलधेर्ननु रत्नराशिः ? ।। ४

अभ्युद्यतोस्मि तव नाथ! जडाशयोऽपि,
कर्तुं स्तवं लसदसंख्य-गुणाकरस्य ।
बालोऽपि किं न निजबाहुयुगं वितत्य,
विस्तीर्णतां कथयति स्वधियाम्बुराशेः ? ।। ५

ये योगिनामपि न यान्ति गुणास्तवेश!,
वक्तुं कथं भवति तेषु ममावकाशः ? ।
जाता तदेवमसमीक्षित-कारितेयं,
जल्पन्ति वा निजगिरा ननु पक्षिणोपि ।। ६

૪

તુજ ગુણ ગણી શકે ના કોઇ...
મોહ તણા ક્ષયથી પામેલા,
જ્ઞાનબળે રહે જોઇ ...૧
પ્રલય કાળના પવને પ્રેર્યો
સાગર ખાલી હોઇ,
મણિગણ સઘળો પરગટ દીસે
તોય ગણાય ના સોઇ ...૨

૫

જિનવર, તુજ અગણિત ગુણમાળ
થયો ખરેખર જડમતિ તોયે,
ગુણ ગાવા ઉજમાળ ...૧
બાહુ યુગલને પ્હોળું કરીને
નાનેરો પણ બાળ,
પોતાની બુદ્ધિથી કેવો?
માપે સિંધુ વિશાળ...
તિમ હું ગાઉં તુજ ગુણ માળ ...૨

૬

પ્રભુજી, તુજ ગુણ અગમ અપાર,
યોગીજનો પણ કહી શકે ના,
કોઇ ન પામે પાર ...૧
તો પણ ગાવા સજ્જ થયો હું
મુજ કારજ અવિચાર,
જિમ પંછી પણ નિજ ભાષામાં
બોલે તિમ એ ધાર ...૨

आस्तामचिन्त्यमहिमा-जिन! संस्तवस्ते,
नामापि पाति भवतो भवतो जगन्ति ।
तीव्रातपोपहत-पान्थजनान् निदाघे,
प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि ।। ७

हृद्वर्त्तिनि त्वयि विभो! शिथिलीभवन्ति,
जन्तोः क्षणेन निबिडा अपि कर्मबन्धाः ।
सद्यो भुजंगममया इव मध्यभाग-
मभ्यागते वनशिखंडिनि चन्दनस्य ।। ८

मुच्यन्त एव मनुजाः सहसा जिनेन्द्र!,
रौद्रैरुपद्रव-शतैस्त्वयि वीक्षितेऽपि ।
गोस्वामिनि स्फुरित-तेजसि दृष्टमात्रे,
चौरैरिवाशु पशवः प्रपलायमानैः ।। ९

७

જિનવર, સ્તવના તાહરી,
અણચિંત પ્રભાવી,
દૂર રહો, તુજ નામથી
ભવ તરતા ભાવી ...૧
ઘોર ઉનાળુ તાપથી,
અતિ તપિયા જેહ
પદ્મસરોવર વાયરે,
પણ ઠરતા તેહ ...૨

૮

તું હૈયે આવે ને,
દઢ કર્મોના બંધન
થઇ જાય શિથિલ પળમાં
પ્રભુ તુજને મુજ વંદન ...૧
કાળા ફણિધર નાગો
વીંટલાયા તરૂ ચંદન
એક મોરતણા ટહુકે
ઢીલું છોડે જિમ તન ...૨

૯

પ્રભુ તુમ દીઠે પણ તૂટે
ઘોર ઉપદ્રવ કેરી શૃંખલા
પળભરમાં ભવિજન છૂટે ...૧
ચોર ચખારી અંધારામાં
પશુઓના ધણને લૂંટે
ભાગે મૂકી સહુને જોતા
જબ સૂરજ કિરણો ફૂટે ...૨

त्वं तारको जिन! कथं भविनां त एव,
त्वामुद्वहन्ति हृदयेन यदुत्तरन्तः ।
यद्वा दृतिस्तरति यज्जलमेष नून-
मन्तर्गतस्य मरुतः स किलानुभावः ।। १०

यस्मिन् हर-प्रभृतयोऽपि हतप्रभावाः,
सोऽपि त्वया रतिपतिः क्षपितः क्षणेन ।
विध्यापिता हुतभुजः पयसाथ येन,
पीतं न किं तदपि दुर्धर-वाडवेन ? ।। ११

स्वामिन्ननल्प-गरिमाणमपि प्रपन्ना-
स्त्वां जन्तवः कथमहो हृदये दधानाः? ।
जन्मोदधिं लघु तरन्त्यति-लाघवेन,
चिन्त्यो न हन्त महतां यदि वा प्रभावः ।। १२

### ૧૦

પ્રભુ! તું તારક કેમ કહાવે
હૃદય મહીં પધરાવી પ્રેમે
ભક્તો તને તરાવે,
જેમ ભરેલી હવા બતકને
સાગર પાર કરાવે
ભક્તોના હૈયે બેસી તું
તિમ સંસાર તરાવે...
તેથી તારક થાવે...

### ૧૧

પ્રભુ! તેં જીત્યો કામ સુભટને
જેણે હરિહર બ્રહ્મા જીત્યા
તોડયો તેના વટને ...૧
ભડભડતા દાવાનળને જે
જળની ધાર શમાવે
તે અથાહ જળના સિંધુને
વડવાનલ પી જાવે
તેમ તમે પણ નિષ્ફળ કીધી
કામ તણી લટપટને ...૨

### ૧૨

પ્રભુ! તારો મહિમા અગમ અપાર,
ગજબ તમારી ગરિમા તો યે
તુજ ના ભાર લગાર...
ફૂલસમા હળવા પ્રભુ! તુજને
ધારી હૃદય મઝાર
હળવા થઈને ભવસાગરનો
પાર લહે નરનાર...

क्रोधस्त्वया यदि विभो! प्रथमं निरस्तो,
ध्वस्तास्तदा बत कथं किल कर्मचौराः ? ।
प्लोषत्यमुत्र यदि वा शिशिराऽपि लोके,
नीलद्रुमाणि विपिनानि न किं हिमानी ?।। १३

त्वां योगिनो जिन! सदा परमात्मरुप-
मन्वेषयन्ति हृदयाम्बुज-कोश-देशे ।
पूतस्य निर्मलरुचेर्यदि वा किमन्य-
दक्षस्य संभवि पदं ननु कर्णिकायाः ? ।। १४

ध्यानाज्जिनेश! भवतो भविनः क्षणेन,
देहं विहाय परमात्म-दशां व्रजन्ति ।
तीव्रानलादुपलभावमपास्य लोके,
चामीकरत्वमचिरादिव धातुभेदाः ।। १५

**૧૨**

ભક્તો ભવસાગર ઝટ તરતા
અતિભારે ને ગરિમાવંતા
તુજને અંતર ધરતા
વ્હાણ બધા ડૂબે દરિયામાં
અતિભારે જો ભરતાં
અવળો તારો મહિમાં સ્વામી!
હું જાણું કેમ કરતાં ?

**૧૩**

પ્રભુ! તું પ્રથમ ક્રોધને ગાળે
તો બાકીના કર્મઓઘને
કઇ રીતે તું ટાળે?
જિમ અતિ ઠંડો હિમ પણ લીલી
વનરાઇને બાળે
તિમ અતિ શીતલ તારો શમરસ
કર્મ કટક પરજાળે...

**૧૪-૧૫**

હૃદય કમળના કોષ મહીં તું
ચમકે પૂરણ જ્યોતે રે,
પરમાતમ રૂપે ત્યાં તુજને
યોગીજન નિત ગોતે રે ...૧
પાવનને નિર્મળ તેજસ્વી
બીજે ક્યાંય ન તું વસતો રે
કમલ કર્ણિકા જેવા સ્થાને
રહે સદા ઉલ્લસતો રે ...૨
તારા ધ્યાનબળે પળભરમાં
દેહભાવને તજવા રે,
ભવ્ય જીવ સહુ પરમાતમના
પરમરૂપને ભજતા રે ...૩
અન્ય ધાતુ પણ નિજ રૂપ છંડી
તીવ્ર અનલના યોગે રે
સ્વર્ણ રૂપમાં જિમ પરિણમતી
તિમ ભવિ તુમ સંયોગે રે ...૪

अन्तः सदैव जिन! यस्य विभाव्यसे त्वं,
भव्यैः कथं तदपि नाशयसे शरीरम् ? ।
अेतत्स्वरुपमथ मध्य-विवर्त्तिनो हि,
यद्विग्रहं प्रशमयन्ति महानुभावाः ।। १६

आत्मा मनीषिभिरयं त्वदभेद-बुद्धया,
ध्यातो जिनेन्द्र! भवतीह भवत्प्रभावः ।
पानीयमप्यमृतमित्यनुचिन्त्यमानं,
किं नाम नो विषविकारमपाकरोति ? ।। १७

त्वामेव वीततमसं परवादिनोपि,
नूनं विभो! हरिहरादिधिया प्रपन्नाः ।
किं काच-कामलिभिरीश! सितोऽपि शंखो,
नो गृह्यते विविधवर्ण-विपर्ययेण ।। १८

**૧૬**

જે ભક્તો નિજ અંતરિયે
તુજને નાથ! નિરંતર ધ્યાવે
તેનું શરીર કિમ જરીયે?
મોટાનું એવું સ્વરૂપ શું?
મહીં રહી વિગ્રહ હરિયે...

**૧૭**

તારી સાથે અભેદ સાધી
જે નિજ આતમ ધ્યાવે,
તેહ મનીષી તારા સરખો
હોવે પ્રગટ પ્રભાવે ...૧
જિમ અમૃતરૂપે ચિંતવતા
સાદું નિર્મલ નીર,
દૂર કરે છે પલક માત્રમાં,
ઘોર ઝેરની પીર ...૨

**૧૮**

તું નિર્ગુણ અવિકાર!
તોયે તુજને અન્યમતી સહુ
માને વિવિધ પ્રકાર ...૧
કોઇ તુજને માને બ્રહ્મા,
કોઇ તુજને શંકર;
કોઇ તુજને માને વિષ્ણુ
વીતરાગ તું ભવહર ...૨
શ્વેત શંખ ને પણ જિમ નિરખે
કમલાના રોગીની આંખો
બહુવિધ રંગવિકાર ...૩

धर्मोपदेश-समये सविधानुभावा-
दास्तां जनो भवति ते तरुरप्यशोकः ।
अभ्युद्गते दिनपतौ समहीरुहोऽपि,
किं वा विबोधमुपयाति न जीवलोकः ? ।। १९

चित्रं विभो! कथमवाङ्मुख-वृन्तमेव,
विष्वक् पतत्यविरला सुर-पुष्प-वृष्टिः ।
त्वद्गोचरे सुमनसां यदि वा मुनीश!
गच्छन्ति नूनमध एव हि बन्धनानि ।। २०

स्थाने गभीर-हृदयोदधि-संभवायाः,
पीयूषतां तव गिरः समुदीरयन्ति ।
पीत्वा यतः परम-संमद-संगभाजो,
भव्या व्रजन्ति तरसाप्यजरामरत्वम् ।। २१

**૧૯**

તુજ ધર્મ કથનની વેળા
થયા સચર અચરના મેળા
લોક અશોક થતા તુજ સંગે
તેમાં નવું નથી જ
વૃક્ષ અશોક થયું તુજ સંગે
તે મોટું અચરિજ
સૂરજ ઉદયે જાગે છે જિમ
વૃક્ષ મનુજ સહુ ભેળા ...૧

**૨૦**

તું જ્યાં વિહરે તે ધરતી
પંચવર્ણની પુષ્પવૃષ્ટિથી
જગત સુગંધે ભરતી ...૧
બડો અચંબો પુષ્પો સર્વે
ત્યાં તો પડતા સવળા
સુમનસ કેરાં બંધન જાણે
નીચે જાતાં સઘળાં
કહેતાં તારી સંગત જગમાં
સઘળું સવળું કરતી ...૨
તું જ્યાં વિહરે ત્યાં ધરતી...

**૨૧**

પ્રભુ તારી વાણી અમૃત ઝરે
ઉંડા હૃદય સમુંદરમાંથી
પરગટ થઈને ખરે ...૧
તેનું પાન કરીને ભવ્યો
અજર અમર પદ વરે
ચિદાનંદ ની મોજ મઝામાં
લીલા લ્હેર કરે ...૨
પ્રભુ તારી વાણી અમૃતઝરે

स्वामिन्! सुदूरमवनम्य समुत्पतन्तो,
मन्ये वदन्ति शुचयः सुर-चामरौघाः ।
येऽस्मै नतिं विदधते मुनिपुंगवाय,
ते नूनमूर्ध्वगतयः खलु शुद्धभावाः ।। २२

श्यामं गभीर-गिर-मुज्ज्वल-हेमरत्न-
सिंहासनस्थमिह भव्यशिखंडिनस्त्वाम् ।
आलोकयन्ति रभसेन नदन्तमुच्चै-
श्चामीकराद्रि-शिरसीव नवाम्बुवाहम् ।। २३

उद्गच्छता तव शितिद्युति-मंडलेन,
लुप्तच्छदच्छविरशोकतरुर्बभूव ।
सान्निध्यतोऽपि यदि वा तव वीतराग!,
नीरागतां व्रजति को न सचेतनोऽपि ? ।। २४

**૨૨**

દેવ કુમર કુમરી શુભ્ર ચામરોને ઢાળે
નીચા નમાવી ખૂબ ઉંચે ઉછાળે
નીચા નમીને ખૂબ ઊંચે ઉછળતી
ચામરોની જોડલી ભવ્યોને બોલતી
આવા સ્વામીને શુદ્ધ ભવ્યો નમે છે
તેઓ સદાય ઉચ્ચ ગતિમાં રમે છે

**૨૩**

ધર્મદેશનાના રૂડા અવસરે
સ્વામી તું શામળીયો સોહે
રત્ને જડેલા સ્વર્ણના સિંહાસને
ઘેરા અવાજે જગ મોહે...
સ્વર્ણગિરિ શિખરે ગરજંતા આષાઢી
મેહુલા જેવો તું લાગે
ભવ્યજીવ રૂપી મોરલાના ટોળાં
તમને જોવાને ભાગે...

**૨૪**

ઓ નીલ વરણા નાહ, તારું
નીલ આભા મંડળ
ઉંચે ઉંચે છવાય
તેમાં પત્તા અશોકના
રંગહીન થાય
કેમકે-
તારી સંગતથી ઓ
નાથ વીતરાગ!
કોણ સચેતન એવો
જેનો જાય ના રાગ?...

भो भो प्रमादमवधूय भजध्वमेन-
मागत्य निर्वृतिपुरीं प्रति सार्थवाहम् ।
एतन्निवेदयति देव! जगत्त्रयाय,
मन्ये नदन्नभिनभः सुरदुन्दुभिस्ते ।। २५

उद्योतितेषु भवता भुवनेषु नाथ!,
तारान्वितो विधुरयं विहिताधिकारः ।
मुक्ता-कलाप-कलितोच्छ्वसितातपत्र-
व्याजात्त्रिधा धृततनुर्ध्रुवमभ्युपेतः ।। २६

स्वेन प्रपूरित-जगत्त्रय-पिंडितेन,
कान्ति-प्रताप-यशसामिव संचयेन ।
माणिक्य - हेम - रजत - प्रविनिर्मितेन,
साल-त्रयेण भगवन्नभितो विभासि ।। २७

૨૫

આ મોક્ષનગરનો વણઝારો વણઝારો...
સહુને સાથે લઈને ચાલે
        આવો જગના નરનારો...
પ્રમાદને દૂરે તરછોડી
        ભજો એહને મન જોડી...
ગગને ગર્જંતી દુંદુભિઓ
        ગજવે મોક્ષનો નારો...

૨૬

ત્રણે ભુવનનો તું તો સ્વામી,
        એકી સાથે અજવાળે,
તારામંડળ સાથે ચંદ્રના
        અધિકારનો મદ ટાળે
તેથી તારા સાથે ચંદ્રમાં
        સેવે તમને ભાવ ધરી
મુક્તાની ઝોલે સોહંતા
        ત્રણ છત્રોનું રૂપ ધરી...

૨૭

પ્રભુ! તારા ત્રણ ગઢ ઝાક ઝમાલ
તારી શક્તિથી નિર્મિત જાણે
        કેવી તારી કમાલ ? ...૧
નીલમ જેવી તુજ તનુ કાંતિ
        પહેલો ગઢ બનાવે
તપ્ત કનક શો પ્રતાપ તારો
        બીજો ગઢ વિરચાવે ...૨
તારા ઉજ્વળ યશથી નિર્મિત
        ત્રીજો ગઢ રજતનો
આવા ત્રણ ગઢથી તું સોહે
        સ્વામી ત્રણે ભુવનનો ...૩
        પ્રણમું તને ત્રિકાળ
પ્રભુ તારા ત્રણ ગઢ ઝાકઝમાળ...

दिव्यस्रजो जिन! नमत्त्रिदशाधिपाना-
मुत्सृज्य रत्नरचितानपि मौलिबन्धान् ।
पादौ श्रयन्ति भवतो यदि वा परत्र,
त्वत्संगमे सुमनसो न रमन्त एव ।। २८

त्वं नाथ! जन्मजलधेर्विपराङ्मुखोपि,
यत्तारयस्यसुमतो निज-पृष्ठ-लग्नान् ।
युक्तं हि पार्थिव-निपस्य सतस्तवैव,
चित्रं विभो! यदसि कर्म-विपाकशून्यः ।। २९

विश्वेश्वरोऽपि जनपालक! दुर्गतस्त्वं,
किं वाक्षरप्रकृतिरप्यलिपिस्त्वमीश! ।
अज्ञानवत्यपि सदैव कथंचिदेव,
ज्ञानं त्वयि स्फुरति विश्व-विकास-हेतुः ।। ३०

## ૨૮

તુજને નમે તુજને નમે
તુજને નમે રે
દેવોના નાથ પ્રભુ! તુજને નમે રે
તુજને નમે તો નવિ ભવમાં ભમે રે...
દેવોના નાથ...
ઈંદ્રોના મુકુટોમાં ગૂંથેલી માળા
તોડીને રત્નોના બંધન રૂપાળા
તારા ચરણોમાં ઝૂકી ઝૂકી રમે રે
સુમનસને તારા સિવાય
ક્યાંય ન ગમે રે...

## ૨૯

પ્રભુ! તું ભવથી પાર કરાવે
ભવસાગરથી ઉન્મુખ તોયે
નિજ પૂંઠે લાગેલા
ભક્તોને તું તારે તેમાં,
નવું નથી અલબેલા
માટીનું મટકું પાકેલું
તે તો જલધિ તરાવે
વણપાકેલો તોય તું તારે
એ અચરિજ કરાવે...

## ૩૦

તું જગદીશ્વર તોય અકિંચન
જગના પાલનહાર
અક્ષર તારી પ્રકૃતિ તોય તું
સર્વ લિપિ થી બહાર ...૧
અજ્ઞાનીનો રક્ષક તું છે
તોય તમારું જ્ઞાન
સકલ વિશ્વના વિકાસ માટે
સ્ફૂરી રહ્યું જગભાણ ...૨

प्राग्भार-संभृत-नभांसि रजांसि रोषा-
दुत्थापितानि कमठेन शठेन यानि ।
छायापि तैस्तव न नाथ! हता हताशो,
ग्रस्तस्त्वमीभिरयमेव परं दुरात्मा ।। ३१

यद् गर्जदूर्जित-घनौघमदभ्रभीमं,
भ्रश्यत्तडिन्मुसल-मांसल-घोर-धारम् ।
दैत्येन मुक्तमथ दुस्तर-वारि दध्रे,
तेनैव तस्य जिन! दुस्तर-वारि-कृत्यम् ।। ३२

ध्वस्तोर्ध्वकेश-विकृताकृति-मर्त्य-मुण्ड-
प्रालम्बभृद् भयद-वक्त्र-विनिर्यदग्निः ।
प्रेतव्रजः प्रतिभवन्तमपीरितो यः,
सोऽस्याभवत्प्रतिभवं भव-दुःखहेतुः ।। ३३

धन्यास्त एव भुवनाधिप! ये त्रिसन्ध्य-
माराधयन्ति विधिवद् विधूतान्यकृत्याः ।
भक्त्योल्लसत्पुलक - पक्ष्मल - देहदेशाः,
पादद्वयं तव विभो! भुवि जन्मभाजः ।। ३४

**૩૧-૩૨**

ઘોર ઉપસર્ગનો દોર કમઠે કર્યો
ધૂળવંટોળથી આભ પૂરો ભર્યો
તારી પરછાઇ પણ નાથ ના મલીન થઇ
રજ બધી એ દુરાત્માને ચોંટી ગઇ

ઘોર ગર્જન કરી આભ પૂરું ભરી
વીજથી કડકતું મૂશળધારે કરી
વરસતો વારિ દુસ્તર તમારી ઉપર
તસ શિરે ખડગની ધાર થઇ તે પ્રખર

**૩૩**

વાળ ઉંચા ઉડે મુંડમાળા ગળે
વિકૃત રૂપો કરે આગ મુખથી ઝરે
પ્રેતનું ટોળું બીહામણું મોકલે
તેજ ભવભવ મહીં દુઃખથી સાંકળે
કમઠના ઘોર ઉપસર્ગ તુજ ના નડયા
તેજ તેના ઉપર ઘોર દુઃખ થઇ પડયા.

**૩૪**

હે સકલ ભુવનના સ્વામી,
તારી ભક્તિ જેહ કરે
ત્રણ સંધ્યાયે ત્રણે જગતમાં
તેજ ધન્ય ખરે ...૧
અન્ય બધાયે કાર્યો છોડી
વિધિ હૃદયમાં ધરે
રોમે રોમે રાજી થઇને
તારા ચરણે ઠરે
તારી ભક્તિ જેહ કરે
જગતમાં તેજ ધન્ય ખરે ...૨

अस्मिन्नपार-भव-वारिनिधौ मुनीश!,
मन्ये न मे श्रवणगोचरतां गतोऽसि ।
आकर्णिते तु तव गोत्र-पवित्र-मन्त्रे,
किं वा विपद्विषधरी सविधं समेति ? ।। ३५

जन्मान्तरेऽपि तव पादयुगं न देव !
मन्ये मया महित-मीहित-दानदक्षम् ।
तेनेह जन्मनि मुनीश! पराभवानां,
जातो निकेतनमहं मथिताशयानाम् ।। ३६

नूनं न मोह-तिमिरावृत-लोचनेन,
पूर्वं विभो! सकृदपि प्रविलोकितोऽसि ।
मर्माविधो विधुरयन्ति हि मामनर्थाः,
प्रोद्यत्प्रबन्ध-गतयः कथमन्यथैते ।। ३७

૩૫

તુજ નામનો મહિમા ભારી
એ તો મંત્ર છે પાવનકારી
ભમતાં ભમતાં ભવસાગરમાં
સુણ્યો ન તે ભયહારી
નહિતર વિપદા નાગણ શેની?
ભટકે પાસે મારી
મુનિઓના હે ઈશ! હવે તો
આયો શરણ તુમ્હારી

૩૬

જન્માતરમાં પણ મેં તારું
ચરણ કમળ ના પૂજ્યું,
વાંછિત ફળનું દાતા તે છે
એવું કદી ન સૂઝ્યું...
તેથી આ ભવમાં હું સ્વામી
સહું પરાભવ ભારે
ડગલે ને પગલે મુજ ઊરમે
ચેન પડે ન લગારે
અવ શરણે આવ્યો તારે

૩૭

પ્રભુજી, મોહ તિમિરથી અંધ
નજર અમારી તમને જોવા
થઈ ગઈ બિલ્કુલ બંધ...
એકવાર પણ પહેલા સ્વામી,
જોયા હોત મેં તમને
અનર્થ કેરી પરંપરાઓ
વળગી હોત ન મુજને,
મર્મ વીંધતી પીડા કરતી
સુખની જ્યાં નવિ ગંધ.

आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि,
नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या ।
जातोऽस्मि तेन जनबान्धव! दुःखपात्रं
यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ।। ३८

त्वं नाथ! दुःखिजन-वत्सल! हे शरण्य!,
कारुण्य-पुण्य-वसते! वशिनां वरेण्य! ।
भक्त्या नते मयि महेश! दयां विधाय,
दुःखांकुरोद्दलन-तत्परतां विधेहि ।। ३९

निःसंख्य-सार-शरणं शरणं शरण्य-
मासाद्य सादित-रिपु-प्रथितावदातम् ।
त्वत्पाद-पङ्कजमपि प्रणिधान-वन्ध्यो,
वध्योऽस्मि चेद् भुवनपावन! हा हतोस्मि ४०

### ૩૮

કિરિયા ભાવહીન નવિ ફળતી

દુ:ખનું પાત્ર બન્યો હું હરદમ

સુખની લહેર ન મળતી...

જનમોથી જગબાંધવ તમને

સાંભળતો હું આવ્યો

પૂજ્યા તમને નિરખ્યા તમને

પણ હૈયે ના લાવ્યો...

ભાવરહિત કિરિયાઓ કરતાં

દુ:ખઘટા નવિ ટળતી...

### ૩૯

હે દુ:ખીજન વત્સલ સ્વામી

શરણ તણા દાતાર રે.

કરૂણા કેરા પુણ્યનિકેતન

ઈન્દ્રિય વશ કરનાર રે

ભક્તિ થકી પ્રણમી હું વીનવું

દયા કરી મહારાજ રે

દુ:ખોના અંકુરા જડથી

ઉખાડજો મુજ આજ રે !

### ૪૦

તુજ ચરણકમળ જગનાયક!

અસંખ્ય જનનું આશ્રય જે છે

શરણું લેવા લાયક

જગમાં જેની કીર્તિ પ્રસરી

સર્વ શત્રુની ઘાયક ...૧

પામી પણ તે ચરણ કમળને

હું નિષ્ફળ પ્રણિધાને

વધ્ય બનું જો રાગાદિકથી

હાય હણાયો જાણે! ...૨

देवेन्द्रवन्द्य! विदिताखिल-वस्तुसार!,
संसार-तारक! विभो! भुवनाधिनाथ! ।
त्रायस्व देव! करुणाह्रद! मां पुनीहि,
सीदन्तमद्य भयदव्यसनाम्बुराशेः ।। ४१

यद्यस्ति नाथ! भवदङ्घ्रि-सरोरुहाणां,
भक्तेः फलं किमपि सन्तति-संचितायाः ।
तन्मे त्वदेक-शरणस्य शरण्य! भूयाः,
स्वामी त्वमेव भुवनेऽत्र भवान्तरेऽपि ।। ४२

इत्थं समाहित-धियो विधिवज्जिनेन्द्र!,
सान्द्रोल्लसत्पुलक-कंचुकितांग-भागाः ।
त्वद्बिम्ब-निर्मल-मुखाम्बुज-बद्धलक्ष्या,
ये संस्तवं तव विभो! रचयन्ति भव्याः ।। ४३

जननयन-कुमुदचन्द्र-!
प्रभास्वराः स्वर्गसम्पदो भुक्त्वा ।
ते विगलित-मल-निचया,
अचिरान्मोक्षं प्रपद्यन्ते ।। ४४ (युग्मम्)

૪૧

દેવેન્દ્રોના વંદનીય હે
જગના તારણહાર
જાણ્યો જેણે ત્રણે જગતની
સકલ વસ્તુનો સાર ...૧
ત્રણે ભુવનના અધિનાયક હે
કરૂણા કેરી ખાણ
ભયદાયી સંકટ સાગરથી
કરો અમારૂં ત્રાણ ...૨

૪૨

નાથ તમારા ચરણ કમળની
કરી નિરંતર સેવા
તેનું જો કોઇ ફળ હોવે તો
દ્યો દેવાધિદેવા
આ ભવમાં ને પરભવમાં પણ
તમે થજો મુજ સ્વામી
એક માત્ર તારો શરણાગત
માંગું છું શિરનામી...

૪૩-૪૪

પ્રભુ તારૂં બિંબ અનોપમ સોહે
નિર્મલ કમલ સમું તુજ મુખડું
ભવિકોના મનડાને મોહે ...૧
નિર્નિમેષ નજરે મુખ જોતાં
અંગ અંગ પુલકિત હોવંતા
વિધિથી શુદ્ધ સમાધિ ધરતા
જે ભવ્યો તુજ સ્તવના કરતા ...૨
ભાવુકવનના નેત્ર કુમુદને
ચંદ્ર સમાન પ્રભુ સ્તવતા તમને
પહેલા સ્વર્ગ તણાં સુખ પામી
પછી કર્મમલ સઘળો વામી
બને મોક્ષના શાશ્વત ધામી.

# श्री गोडीपार्श्वनाथ - स्तोत्रम्

(नमोऽर्हंस्ते नित्यं परमहितसत्याय महसे,
नमो रुपातीताद्भुतविमलरुपाय महते ।
नमोऽनन्तस्तोत्राकलितवरगोत्राय गुणिने,
नमो गोडीपार्श्वप्रकटपरनाम्नेऽत्र भवते ॥१॥)

**(शिखरिणी)**

(कदाचित् कान्तारे विहितवसतिर्नाथ! नियतं,
नितान्ताऽकान्तारेरसुकमठादन्धतमसः ।
महाकष्टं प्राप्तः क्षणमयि न रोषं त्वमगमः,
क्षमाया ईशित्रे भवतु भवते किञ्चन नमः ॥२॥)

(समे त्वा संप्राप्ताश्चतुरधिकषष्टिः सुरवराः
क्षणं ते सामीप्यं न च जहति कोटीदिविषदः ।
मदं पूर्णं तूर्णं निरवधिविलासं त्वमवधी -
र्महान्तोऽपेक्षन्ते नहि कृतिविधौ साधनविधीन् ॥३॥)

(विचित्रां त्वं मायां मनुजभुवि निर्माय भगवन्!,
अयासीर्मायायाः कथमपि वशं क्वापि नतराम्!
अनादिः सम्बन्धो व्रजति न विनाशं क्वचिदिति,
श्रुतं शश्वन्मिथ्याकृततरममायेन भवता ॥४॥)

(विलासानां त्वत्तः प्रमदभरलास्यं व्यपगतं,
कषायाणां कायस्तव नहि सहायः समजनि ।
त्वया प्राप्ता मुक्तिर्विरहरहितानुत्तरहिता,
प्रभो! ते वैलक्ष्यं भवति न हि लक्ष्यं क्षणमपि ॥५॥)

(पुरा स्वान्तं शान्तं न भवदभिमतस्तान्तमभवद्,
भवत्सत्कं कान्तं वदनमधुनाऽकान्तसदनम् ।
मया दर्शं दर्शं स्मररिपुसुताङ्केन मुदिरं,
यथा नर्तं नर्तं विरचितमतान्तञ्च मुदितम् ॥६॥)

ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ કૃત

# ગોડી પાર્શ્વસ્તવ
# સમશ્લોકી અનુવાદ

પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી **યશોવિજયજી** મહારાજની
૧૦૮ શ્લોકની આ રચના ત્રુટિત થયેલી મળે છે.

તેથી આવા ( ) ગોળ બ્રેકેટ કરેલ શ્લોકો પૂ. શાસન સમ્રાટ
સમુદાયના પૂ. આ. શ્રી **અમૃતસૂરીશ્વરજી** મ.સા. એ
અનુસંધાનિત કરેલ છે.

● અનુવાદ મૂળ શ્લોકોનો જ છે.
અનુસંધાનિત શ્લોકોનો નથી કર્યો.

**મૂળ શ્લોક = ૭૧ (૧૦૮)**
**( ) વાળા અનુસંધાનિત શ્લોક = ૩૭**
**અનુવાદિત શ્લોક = ૭૧**

स्मर: स्मारंस्मारं भवदवथुमुच्चैर्भवरिपो:,
पुरस्ते चेदास्ते तदपि लभते तां बत दशाम् ।
रिपुर्वा मित्रं वा द्वयमपि समं हन्त! सुकृतो –
ज्झितानां किं ब्रूमो जगति गतिरेषाऽस्ति विदिता ॥७॥

दृशां प्रान्तै: कान्तैर्नहि वितनुषे स्नेहघटनां,
प्रसिद्धस्ते हस्ते न खलु कलितोऽनुग्रहविधि: ।
भवान् दाता चिन्तामणिरिव समाराधनकृता–,
मिदं मत्वा सत्वा दधति तव धर्मे दृढरतिम् ॥८॥

स सेवाहेवाकै: श्रित इह परैर्य: शुभकृते,
नियन्ता हन्ताऽयं सजति गृहिणीं गाढमुरसा ।
भवेदस्मात् कस्मात् फलमनुचितारम्भरभसा–,
ल्लतावृद्धिर्न स्याद् दवदहनतो जातु जगति ॥९॥

प्रदीपं विद्यानां प्रशमभवनं कर्मलवनं,
महामोहद्रोहप्रसरदवदाहेन विदितम् ।
स्कुटानेकोद्देशं शुचिपदनिवेशं जिन! तवो–
पदेशं नि:क्लेशं जगदधिप! सेवे शिवकृते ॥१०॥

अगण्यै: पुण्यैश्चेत्तवचरणपङ्केरुहरज:,
शुचिश्लोका लोका शिरसि रसिका देव! दधते ।
तदा पृष्ठाकृष्टा धृतधृतिरमीषां कृतधिया –
मविश्रान्तकान्तं त्यजति न निशान्तं जलधिजा ॥११॥

उदारं यस्तारं तव समुदयत्पूषविलस–
न्मयूखे प्रत्यूषे जिनप! जयति स्तोत्रमनिशम् ।
प्रसर्पद्दानाम्भ: सुभगकरटानां करटिनां,
घटा तस्य द्वारि स्फुरति सुभटानामपि न किम् ॥१२॥

ભવે બાળ્યો તેનું સ્મરણ કરતો કામ તુજને,
ભવારી જાણીને હરખી યદિ આવે તુજકને.
તુંયે દેતો બાળી અરર જગની રીત જબરી,
અભાગીને માટે સરખું બધું શું? મિત્ર શું અરી !... ૭

નમાવી નેણોને પ્રભુને નિરખો નેહ નજરે,
કરી ઉંચો પંજો નવ તું કરતો આશિષ ખરે!.
છતાં તું દાતા છે સુરમણિ સમો ભક્તજનને,
કરે તેથી જીવો તુજ ચરણમાં ચુસ્ત મનને... ૮

ભલા માટે જેને જગત ભજતું ઈશ સમજી,
ઉરે આલિંગે તે નિજ ગૃહીણીને ગાઢ રસથી.
અરે આવું જેઓ અનુચિત કરે તે કિમ ફળે?,
કદાપિ આ વિશ્વે દવ અનલથી વેલ ન વળે... ૯

બધી વિદ્યાઓને પ્રગટ કરતી કર્મ હણતી,
મહામોહાદીનું દહન કરતી સામ્ય ઝરતી.
વિભાગે વ્હેંચેલી વિશદ પદવિન્યાસ કરતી,
ભજું તારી વાણી જગ અધિપ! સૌ ક્લેશ હરતી.. ૧૦

ઘણાં પુણ્યે પામી તુજ ચરણની પુણ્ય રજને,
યશસ્વિ લોકો જે શિરપર ચડાવે નિજતણે.
સદા આકર્ષાઇ જગતભરની દિવ્યકમલા,
રહે તેના ઘેરે થિર થઇ તજે ના અચપલા... ૧૧

પ્રભાતે જ્યાં ફૂટે રવિકિરણની તેજલ છટા,
કરે ત્યારે તારૂં નિત મધુર સૂરે સ્તવન જે.
પ્રભો! તેના દ્વારે મદજલ ઝરંતી ગજઘટા,
ન ઝૂલે શું? મોટો સુભટગણ તેને શું ન ભજે?... ૧૨

महालोभक्षोभव्यसनरसिकं चेतसि यदि,
स्फुरेद् वारंवारं कृतभवनिकारं त्वदभिधम् ।
तमोह्लासादासादिततविकासाय मुनये,
तदा मायाकाया न खलु निखिला द्रुह्यति निशा ॥१३॥

स्थलीषु प्रभ्रष्टान् शिवपथपथ: सङ्भविनो,
विना त्वामन्य: क: पति नयति दीपानुकृतिभि: ।
प्रभावादुद्भूतस्तव सुचरित: कीर्तिनिकर:,
करोत्यच्छं स्वेच्छं कलिमलिनमह्नाय भुवनम् ॥१४॥

विलोलै: कल्लोलैर्जवनपवनैर्दुर्दिनशता –
हतोद्योतै: पोतैर्निकट विकटोद्यज्जलचरै: ।
जनानां भीतानां त्वयि परिणता भक्तिरवना,
जगद्बन्धो! सिन्धोर्नयति विलयं कष्टमखिलम् ॥१५॥

अटव्यायमेकाकी नतनिखिलनाकीश! पतितो,
वृतायां कीनाशैरयि (रिव) हरिकरिव्याघ्रनिकरै:।
जनस्तत् पूतात्मा भवन इव भीतिं न लभते,
मनश्चेत् त्वन्नामस्मरणकरणोत्कं वितनुते ॥१६॥

जपन्तस्त्वन्नाम प्रतिदशमि मन्त्राक्षरमयं,
दशानामाशानां श्रियमुपलभन्ते कृतधिय:।
दशाऽप्याचाम्लैस्तु त्रिदशतरव: सन्निदधते,
कृतै: किं वा न स्याद्दशनिरयवासार्तिविलय: ॥१७॥

स्रजं भक्त्या जन्तुर्घनसुमनसां सौरभमयीं,
न य: कण्ठे धत्ते तव भवभयार्तिक्षयकृत: ।
कथं प्रेत्याभ्येत्य त्रिदशतरुपुष्पस्रजमहो,
शुभायत्तां धत्तां त्रिदशतरुणी तस्य हृदये ॥१८॥

ઉરે જેના નામસ્મરણ તુજનું નિત્ય ફુરતું,
હણંતુ લોભાદિ... કુટિલ ભવને દૂર કરતું.
અહો તે યોગીનું તમસ વિઘટે સત્ત્વ નિખરે,
પછી તેને માયા રજની ઠગતી ક્યાંય ન ખરે!... ૧૩

થલીમાં ભૂલીને શિવપથ ભમે જેહ ભવિકો,
પ્રભો તેઓને તું પથ પર ધરે દીપ સરિખો.
જગત્સ્વામી તારો ધવલ યશ સ્વચ્છંદ ફરતો,
પખાલીને ધોળું કલિમલિન આ વિશ્વ કરતો... ૧૪

ચડો આંધી... મોજા પ્રબળ ઉછળે.. વ્હાણ થથરે,
છવાયું અંધારૂં... નિકટ જળજીવો બહુ ફરે.
ડરેલા લોકોને તુજ ઉપર જો ભક્તિ ઉરમાં,
જગત્‌બંધો! સિંધુભય વિલય પામે પલકમાં... ૧૫

સુરેન્દ્રોના સ્વામી ભવિક નર કો ઘોર વનમાં,
ફસાયો એકાકી પશુગણ ફરે જ્યાં જમ સમા.
છતાં તે પુણ્યાત્મા અભય ઘરની જેમ વિચરે,
તમારૂં જો નામ સ્મરણ ઉરમાં ઉત્કટ કરે... ૧૬

વરે તેને લક્ષ્મી દશ દિશની મંત્રાક્ષરમય,
જપે તારૂં નામ પ્રતિ દશમ આયંબિલ કરી.
રહે તેની પાસે દશ સુરતરૂઓ નિત વળી,
અને તેની પામે દશ નરકની પીડ વિલય... ૧૭

મનુષ્યો જે સ્વામી ભવભયતણો નાશ કરતા,
તમારા કંઠે ના સુરભિ ફૂલની માળ ધરતા!
અહો તેના હૈયે ત્રિદશ તરૂણી અગ્રિમ ભવે,
મહાપુણ્યે લભ્યા સુરકુસુમની માળ ન ઠવે... ૧૮

पिता त्वं बन्धुस्त्वं त्वमिह नयनं त्वं मम गति-
स्त्वमेवासि त्राता त्वमसि च नियन्ता नतनृपः ।
भजे नान्यं त्वत्तो जगति भगवन्! दैवतधिया,
दयस्वातः प्रीतः प्रतिदिनमनन्तस्तुतिसृजम् ॥१९॥

जगज्जैत्रैश्चित्रैस्तवगुणगणैर्यो निजमनः,
स्थिरीकृत्याकृत्याद् भृशमुपरतो ध्यायति यतिः।
इहाप्यस्योदेति प्रशमलसदन्तःकरणिका,
समप्रेमस्थेमप्रसरजयिनी मोक्षकणिका ॥२०॥

फणैः पृथ्वीं पृथ्वीं कथमिह फणीन्द्रः सुमृदुभि-
र्हरिन्नागा रागात् कथमतिभरक्लान्ततनवः ।
क्व कूर्मो वा धत्तां निभृततनुरेको जलचरः,
पटुर्धर्मः शर्मप्रभव! तव तां धर्तुमखिलाम् ॥२१॥

ज्वलन् ज्वालाजालैर्ज्वलनजनितैर्देव! भवता,
बहिः कृष्टः काष्ठात्कमठहठपूरैः सह दितात् ।
नमस्कारैः स्फारैर्दलितदुरितः सद्गुणफणी,
किमद्यापि प्रापि प्रथितयशसा नेन्द्रपदवीम् ॥२२॥

महारम्भा दम्भाः शठकमठपञ्चाग्निजनिता-
स्त्वया दीर्णाः शीर्णाखिलदुरितकौतूहलकृता ।
किमाश्चर्यं वर्यं तदिह निहताः किं न रविणा,
विनायासं व्यासं रजनिषु गता ध्वान्तनिकराः ॥२३॥

ज्वलत्काष्ठक्रोडात् फणिपतिसमाकर्षणभवं,
यशः कर्षत्युच्चैस्तव परयशःकारणगुणात् ।
इदं चित्रं काष्ठादबहिरपसताज्जातमहितो,
न यत् स्पष्टं काष्ठापसरणरसं हन्त! वहति ॥२४॥

પિતા તું તું બંધુ તુંહિ જ ગતિ મારી... નયન તું,
નિયંતાને માતા તુંહિ જ...તમને રાજ નમતું.
ભજું ના બીજાને પ્રભુ તુજ વિના દેવ સમજી,
કરૂં નિત્યે તારી સ્તુતિ કર દયા એજ અરજી... ૧૯

જગજજેતા તારા ગુણગણવડે ચિત્ત નિજનું,
અકૃત્યોને ત્યાગી થિર કરી કરે ધ્યાન તુજનું.
વિના મોક્ષે તેને અહીં પ્રશમપીયુષ ઝરતું,
અહો પ્રેમસ્થૈર્યે જગત જીતતું સૌખ્ય મળતું... ૨૦

ધરે શું પૃથ્વીને મૃદુલ ફૂલથી શેષ અહિ કે?
ઘણા ભારી દેહે શું ય? લથડતા દિગ્ગજ ધરે?
ધરે પેલો કૂર્મ લઘુ શું? જલમાંહી વિચરતો?
પ્રભો પૃથ્વીને તો બસ તુજતણો ધર્મ ધરતો... ૨૧

જ્વલંતો જ્વાલામાં અગન ભડકાથી પ્રભુ તમે,
હઠાવ્યો કાષ્ઠેથી કમઠ હઠની સાથ અહિ જે.
નમસ્કારે તેનાં દુરિત હરતાં તે ગુણી ફણી,
યશસ્વિન્ પામ્યો ના ફણિપતિપણું શું તુજ થકી?... ૨૨

મહા આરંભીને શઠ કમઠની કષ્ટ કિરિયા,
પ્રભો તોડી ફોડી રમત રમતાં તે અઘ વિના.
અચંબો એમાં શું? ક્ષિતિજ ઉગતા બાલ રવિના,
જરા'શા ઉજાશે રજનિભરના ધ્વાંત ન હર્યાં ?... ૨૩

જલંતા કાષ્ઠેથી અહિપતિ ઉગાર્યાથી યશ જે,
તમારો ફેલાણો અવરયશથી તે અવલ છે.
ઉઠે જ્યાંથી ત્યાંથી યશ અવરભાગે પ્રસરતો,
અહો આ તો કાષ્ઠાપસરણપણું નૈવ ભજતો... ૨૪

द्विषत्तापव्यापप्रथनपटुभिर्मोहमथनैः,
प्रतापैराक्रान्तस्तव न कमठः कान्तिमधृत ।
महोभिः सूरस्य प्रथितरुचिपूरस्य दलित-
द्युतिस्तोमः सोमः श्रयति किमु शोभालवमपि ॥२५॥

विकासः पद्मानां भवति तमसामप्युपशमः,
प्रलीयन्ते दोषा व्रजति भवपङ्कोऽपि विलयम् ।
प्रकाशः प्रोन्मीलेत् तव जिन! जगज्जित्वरगुण!-
प्रतापानां भानोखि जगदभिव्याप्तिसमये ॥२६॥

किमु स्पष्टैः कष्टैः किमु परिणतैरासनशतैः,
प्रयोगा योगानां नहि भववियोगाय पटवः ।
त्वदाज्ञा चेदेका शिरसि न विवेकादुपहृता,
विना वीर्यं कार्यं न भवति नृणां भेषजगणैः ॥२७॥

नराः शीर्षे शेषामिव तव विशेषार्थविदुषः,
शतै राज्ञामाज्ञामिह दधति ये देव! महिताम्।
अविश्रामैस्तेषामहमहमिकायातनृपति-
प्रणामैरुदामैः समुदयति कीर्तिर्दिशि दिशि... ॥२८॥

जगत्स्वामी चामीकररजतरत्नोपरचितै -
र्विशालैस्त्वं सालैः परमरमणीयद्युतिरसि ।
तव ब्रूते भूतेः समवसरणक्ष्माऽप्यतिशयं,
ध्वजव्याजभ्राजत्सरसरसना दुन्दुभिरवैः ॥२९॥

सभायामायाताः सुरनरतिरश्चां तव गणाः,
स्फुटाटोपं कोपं न दधति न पीडामपि मिथः ।
न भीतिं नानीतिं त्वदतिशयतः केवलमिमे,
सकर्णाः कर्णाभ्यां गिरमिह पिबन्ति प्रतिकलम् ॥३०॥

તમારા વૈરી ને અતિ તપવતા મોહ મથતા,
પ્રતાપે દાઝેલો કમઠ કરમાયો ક્ષણ મહીં.
પ્રભા જ્યાં ફેલાતી દિનપતિ તણી તેજલ અહીં,
થયો ઝાંખો પેલો રજનિપતિ શી શોભ ધરતો?... ૨૫

જગજ્જેત્રી તારી ગુણગણતણી તેજ લહરી,
પ્રભો જ્યારે વિશ્વે રવિકિરણની જેમ વિહરી.
તદા ખીલે પદ્માકર... તમ શમે.. જ્યોતિ પ્રગટે,
ટળે દોષાલી ને વિકટ ભવનો કીચડ હટે... ૨૬

ભલે વેઠે કષ્ટો અતિ વિકટ કે આસન કરે,
પ્રયોગો યોગોના પણ ભવતણી ભ્રાંતિ ન ટળે.
વિવેકે જો તારૂં વચન શિર એકે ન ધરતા !
અહો ભૈષજ્યો શું? કસ વગરના રોગ હરતા?... ૨૭

તમારી આણા જે (નૃપતિ શતને માન્ય) હરખી,
અહો જે શાણાઓ શિરપર વહે શેષ સરખી.
કરે દોડાદોડી બહુનૃપતિ તેના ચરણમાં,
નમે તેનો તેથી યશ પ્રસરતો વિશ્વભરમાં... ૨૮

ઉંચા સોના ચાંદી રતન ગઢથી રમ્યતમ છે,
જગત્સ્વામી તું તો... સમવસૃતિની દિવ્ય ધરતી-
અહો તારા ઝુદ્ધિ અતિશયતણું બ્યાન કરતી!
ધજારૂપી જીભે નભ ગજવતી દુંદુભિરવે... ૨૯

સભામાં આવેલા અમરનર તિર્યંચ ગણ જે,
અનીતિ ભીતિ કે ઉર ઉછળતાં કોપ ન ભજે.
ન પીડે અન્યોન્ય તુજ અતિશયે તન્મય બની,
પીએ ઉંચા કાને પ્રતિસમય વાણી જ તુજની... ૩૦

गिरः पायं पायं तव गलदपायं किमभवन्,
सुधापाने जाने नियतमलसा एव विबुधाः ।
तदक्षुद्रा मुद्रा सितमहसि पीयूषनिलये,
निजायत्ता दत्ता जठरविलुठल्लक्ष्ममिषतः ॥३१॥

तनीयानप्युच्चैर्न पटुरशनीयापरिभवः,
पिपासाऽपि क्वापि स्फुरति न भवद्गीः श्रवणतः ।
भवेत् साक्षाद् द्राक्षारसरसिकता हन्त ! बहुधा,
सुधास्वादः सद्यः किमु समुदयेन्नाधिवसुधम् ॥३२॥

बुवाणैर्गीर्वाणैर्जिन! सितकरं कीर्तिनिकरं,
तव प्रत्नै रत्नैर्झटिति घटिता धर्मपरिषत् ।
अमन्दा मन्दारद्रुमकुसुमसौरभ्यसुभगा,
न किं चित्ते धत्ते भुवनभविनां मेदुरमुदम् ॥३३॥

अशोकस्ते श्लोकश्रवणजनितोऽयं जयति किं,
शिरो धुन्वन् भूयश्चपलदलदम्भादतिमुदः ।
समस्तोदस्तोद्यद्दुरितपटस्य प्रतिभुवः,
शिवश्रीलाभस्य प्रथितगुणरत्नव्रजभुवः ॥३४॥

जगद्धानोर्जानोः सममसमसौरभ्यकलितं,
पुरः के वा देवास्तव न दधते पुष्पनिकरम् ।
प्रसर्पत्कन्दर्पस्मयमथन-मुक्ताश्रवभवत्-
प्रभावादस्यापि व्रजति नियतं बन्धनमधः ॥३५॥

गलद्रोधं बोधं निजनिजगिरा श्रोतृनिकरा,
लभन्ते हन्तेह त्वदुदितगिरा नात्तभिदया ।
इमां ते योगर्द्धिं न खलु कुशला स्पर्द्धितुमहो,
परे धामक्रामद् गगनमिव सूर्य्यस्य शलभाः ॥३६॥

પ્રભો પીપીને શું દુરિત હરતી વાણિ તુજની,
સુધાપાને જાણે અમરગણની તૂટી લગની.
દીધી તેથી મુદા અમૃતભરિયા ચંદ્ર કળશે,
સુરોએ પોતાની ઉર વિલસતા લાંછનમિષે?... ૩૧

તમારી વાણીના શ્રવણરસથી ભુખ કરતી-,
જરાયે ના પીડા... તરસ પણ ના ક્યાંય સ્ફુરતી.
મળ્યો જાણે દ્રાક્ષારસ સરસ કે દિવ્ય ઝરણું,
સુધાકેરૂં ફૂટ્યું ધરણિ ઉપરે એમ હું ગણું... ૩૨

પ્રભો ગાતાં ગાતાં ધવલ યશના ગીત તુજનાં,
અનેરા રત્નોથી સમવસૃતિની દિવ્ય રચના.
રચેલી દેવોએ સુરકુસુમ ગંધે મરકતી,
બધા ભવ્યોકેરા ઉરમહીં કરે ભાવભરતી... ૩૩

પ્રભો તું સંહર્તા દુરિત ગણનો સૌખ્ય શિવનું,
મળે તેનો સાક્ષી ગુણ રતનની ખાણ તું જ છે.
તમારી આ ખ્યાતિ શ્રવણ કરતાં ખુબ હરખે,
હલાવે માથાને ચપલ પરણે ચૈત્યતરૂ શું?... ૩૪

સુગંધી ફૂલોની ગજબ વરસા ઢીંચણ સમી,
ક્યાં દેવો તારી નિકટ ન કરે હે જગરવિ !
અને તે ફૂલોનું નીચું થઇ જતું બીંટ તુજના,
પ્રભાવે હે મુક્તાશ્રવા મદનઉન્માદ હરતા... ૩૫

પ્રભો તારી વાણી ત્રણ જગતના શ્રોતૃગણને,
કરે સૌની ભાષામહીં પરિણમી બોધ સરખો.
ન આવી યોગર્દ્ધિ સુલભ જગમાં અન્ય બુધને,
પ્રકાશ વ્યાપંતો ગગનરવિ ક્યાં? ક્યાં શલભ કો !..૩૬

मुखेन्दुज्योत्स्नेव स्फुटतनुलसत्कान्तियमुना -
प्रशंसा (प्रशस्ता) हंसाली किमु किमुत पुण्यर्द्धिरखिला ।
स्मितश्री: किं लक्ष्म्या: किमुत परमध्यानघटना,
प्रभो! त्वन्मौलिस्था विलसति सिता चामरतति: ॥३७॥

न किं देवा: सेवां विदधति मृगेन्द्रासनजुष-
स्तव प्रौढाम्भोदप्रतिमवपुष: पुण्यजनुष:।
प्रदेशे स्वर्णाद्रे: क्वचन रुचिरे नन्दनवने,
प्रियङ्गो: सङ्गोत्का: किमु न सततं षट्पदगणा: ॥३८॥

अभून्नेन्दुर्भूय:प्रभविभुमुखीभूय न सुखी,
तमोग्रासोल्लासस्तदिह ननु मय्येव पतित: ।
इदं मत्वा सत्वात् किमु तव रविर्मौलिमधुना,
श्रितो नेतश्चेत: सुखजननभामण्डलमिषात् ॥३९॥

स्फुरत्कैवल्यश्री - परिणयनदिव्योत्सवमिव,
त्रिलोकीलुण्टाकस्मरजयरमाताण्डवमिव ।
सदा धामस्थामप्रसरमिव शंसन्नतितरां,
तवाकाशेऽकस्मात् स्फुरति पुरतो दुन्दुभिरव: ॥४०॥

परं चिन्हं विश्वत्रितयजयदिव्यव्यवसिते:,
कृतव्यापत्तापत्रयविलयसौभाग्यनिलय: ।
धृतं हस्तै: शस्तैस्त्रिदशपतिभि: प्रेमतरलै -
र्भवन्मौलौ छत्रत्रयमतितरां भाति भगवन् ॥४१॥

विलासो नारीणामिह खलु पराभूतिरुदिता,
प्रसिद्धा चान्येषां तव च परमोहव्यवसिति: ।
इदं सर्वं साम्यं तदपि तव तैर्नैव तुलनां,
सहर्षं भाषन्ते परमकवय: कौतुकमद: ॥४२॥

પ્રભો તારા માથે ધવલ ઉજળા ચામર ઢળે,
શું તે લક્ષ્મી કેરૂં સ્મિત? શું સવિ પુણ્યર્દ્ધિ ઉછળે !
શું હંસો ખેલે છે કિરણ યમુનામાં તનુ તણી,
ઝરે શું તે જ્યોત્સ્ના મુખ શશીનો કે ધ્યાનલહરી !...૩૭

ન શું સેવે? દેવો કનકમય સિંહાસન વિષે,
બિરાજ્યા આષાઢી જલદ સરખા રમ્ય તમને.
અહો સ્વર્ણાદ્રિના રૂચિર શિખરે નંદનવને,
પ્રિયંગુના વૃક્ષે રસિકભ્રમરા શું ન વિલસે ?... ૩૮

થયો આ ઇન્દુ તો પ્રભુમુખ સ્વરૂપે થઇ સુખી,
હવે આ રાહુની વિપદ મુજ માથેજ પડશે.
શું આવું માનીને રવિ પણ તમારે શિર વસે!
પ્રકાશંતું તેજે સુખજનક ભામંડલ રચી... ૩૯

અકસ્માત્ જે તારી નિકટ નભમાં દુંદુભિ બજે,
કહે તે શું તારા થિર પ્રસરતા તેજ બળને?
ત્રિલોકીના ડાકુ સ્મર વિજયના નૃત્યલયને?
શું કૈવલ્યશ્રીના પરિણયતણા દિવ્ય મહને?... ૪૦

પ્રભો ! દેવેન્દ્રો જે તરલ થઇ પ્રેમે નિજ કરે,
તમારા સૌભાગી શિર ઉપર છત્રત્રય ધરે.
હર્યા તેં જે તાપો ત્રિવિધ જગના તેનું ફળ છે?
શું તે કિંવા તારા ત્રિજગ જયનું ચિન્હ ચમકે?... ૪૧

પરાભૂતિ માને તરૂણી નખરાને સહુ અહીં,
તમારી અન્યોની પ્રગટ પરમોહ વ્યવસિતિ.
જણાતા આ સામ્યે પણ કવિવરો હર્ષ ધરતા,
તમોને બીજાની સમ નવ કહે એ નવિનતા !... ૪૨

अपारव्यापारव्यसनरसनिर्माणविलय-
स्थितिक्रीडाव्रीडा न खलु तव विश्वे विलसति ।
न कोपं नारोपं न मदमदिरोन्मादमनिशं,
न मोहं न द्रोहं कलयसि निषेव्योऽसि जगतः ॥४३॥

भवेद् भूतावेशः परतनुनिवेशः कथमहो, ?
परेषां संक्लेशः स्फुरति हि महामोहवशतः ।
न चेदेवं देवं यदि चपलयेन्नमरचना,
विलीना दीनाऽसौ तदिह भुवनेऽधीरिमकथा ॥४४॥

त्वदौपम्यं रम्यं यदि हतधियो हन्त! ददते,
परेषामुल्लेखात् प्रकृतहितदानस्य जगति ।
न किं ते भाषन्ते विषतरुषु कल्पद्रुतुलनां,
प्रलापाः पापानां सपदि मदिरापानजनिताः ॥४५॥

निशाभ्यः प्रत्यूषे विफलबदरीभ्यः सुरतरौ,
विषेभ्यः पीयूषे चुलुकसलिलेभ्यो जलनिधौ ।
गिरिभ्यः स्वर्णाद्रौ करिणि हरिणेभ्यः खलु यथा,
तथान्येभ्यो नाथ! त्वयि गुणसमृद्धेरतिशयः ॥४६॥

मुखं ते निस्तन्द्रं जितसकलचन्द्रं विजयते,
कृपापात्रे नेत्रे हसितकजपत्रे विलसतः ।
त्वदमो वामाक्षी - परिचयकलमोज्झित इति,
प्रभो! मूर्तिस्फूर्तिस्तव शमरसोल्लासजननी ॥४७॥

तरी संसाराब्धेर्भुवनभविनां निर्वृतिकरी,
सदा सद्यः प्रोद्यत्सुकृतशतपीयूषलहरी ।
जरीजृम्भज्झिम्भत्रिदशमणिकान्तिस्मयहरी,
वरीवर्ति स्फुर्तिर्गतभव! भवन्मूर्तिनिलया ॥४८॥

અહો તે ઉત્પત્તિ સ્થિતિ વિલયની જાળ જબરી,
ઘણી લજ્જાદાયી તવ ન જગમાં ક્યાંય પ્રસરી.
ન આરોપી... ક્રોધી નવ તું મદઉન્મત્ત બનતો,
ન તું મોહી દ્રોહી સકલ જગની સેવ વરતો... ૪૩

પ્રવેશી બીજાના તનુમહીં અહો કેમ ધૂણતા,
મહામોહે પ્રેર્યા અવરસુર આ ક્લેશ કરતા.
ન ઉશ્કેરાયો તું રમત કરવા એહવી અહીં,
બિચારી આ તેથી અધીરપકથા ક્યાંય ન રહી... ૪૪

ઘણાં નાનાં દાનો અવરસુરના આગળ કરી,
કરે જે મૂર્ખાઓ તુજથી સરસાઇ રસ ધરી.
અરે તે પાપીઓ બડબડ કરે મદ્યરસ પી,
કરતા મોટાઇ વિષતરૂતણી કલ્પતરૂથી... ૪૫

નિશાથી ઉષામાં લઘુ બદરીથી કલ્પતરૂમાં,
સુધામાં ઝેરોથી ચુલુકજળથી સિંધુ જળમાં.
પહાડોથી મેરૂ મહીં મૃગથકી જેમ ગજમાં,
ગુણો બહોળા સ્વામી અવરસુરથી તેમ તુજમાં... ૪૬

જીતે પૂર્ણેન્દુને વદન તુજનું તેજ ઉજળું,
હસે તારી આંખો કમલદલને પ્રેમ ઝરતી.
કદી વામાક્ષીના પરિચય કલંકે ન રમતી,
પ્રભો ! તારી કાન્તિ પ્રશમરસનું દિવ્ય ઝરણું... ૪૭

ભવાબ્ધિથી તારે ભવિકગણ, વારે અશુભને,
વધારે જે જલ્દી અમૃતરસધારે સુકૃતને.
વળી સંહારે જે ત્રિદશમણિના કાંતિમદને,
પ્રભો ! તારે દેહે બહુ ગજબની સ્ફૂર્તિ વિલસે... ૪૮

इमां मूर्तिस्फूर्तिं तव जिन! समुद्वीक्ष्य सुदृशां,
सुधाभि: स्वच्छन्दं स्नपितमिव वृन्दं ननु दृशाम् ।
कुदृष्टीनां द्रष्टिर्भवति विषदिग्धेव किमतो,
विना घूकं प्रीति-र्जगति निखिले किं न तरणे: ॥४९॥

इमां मूर्तिस्फूर्तिं तव जिन ! गतापायपटलं,
नृणां द्रष्टुं स्पष्टं सततमनिमेषत्वमुचितम् ।
न देवत्वे ज्यायो विषयकुषं केवलमदोऽ -
निमेषं नि:शेषं विफलयतु वा ध्यानशुभदृक् ॥५०॥

भवद् ध्यानस्नानप्रकृतिसुभगं मेऽस्तु हृदयं,
पवित्रा चित्रा मे तव गरिमनुत्या भवतु गी:।
प्रणामै: सच्छायस्तव भवतु कायश्च सततं,
त्वदेकस्वामित्वं समुदितविवेकं विजयताम् ॥५१॥

अहीनत्वख्यातिं वहसि महसा पीनसुषमां,
क्षमां बिभ्रद् भूय: फणमणिघृणिध्वस्ततिमिर: ।
तथाप्येतच्चित्रं क्षणमपि न तृष्णाश्रयणकृन् -
न वाधो निर्बाधो वससि मितसिद्धीर्वितनुषे ॥५२॥

गलत्पोषा दोषास्त्वयि गुणगणा: क्लृप्तशरणा:
गतक्षोभा शोभा हृदयमपि लोभादुपरतम् ।
त्विषां पात्रं गात्रं वदनमतिलावण्यसदनं,
तवाक्षुद्रा मुद्राऽमृतरसकिर: पर्षदि गिर: ॥५३॥

विना बाणैर्विश्वं जितमिह गुणैरेव भवता,
विना रागं चित्तं भुवनभविनां रञ्जितमपि ।
विना मोहं मुग्ध: श्रितबुध ! विनाङ्गीकृतशिवो,
विरुपाक्षाकारं विगलितविकारं विजयसे ॥५४॥

તમારી શોભાને નિરખી નયનો સંતજનના,
સુધાથી સ્વચ્છંદે નવણ કર્યું હોયે તિમ ઠરે.
કુદૃષ્ટિના નેત્રો ગરલ પડ્યું હોયે તિમ બળે,
ન ચાહે શું પુરૂં જગત રવિને ઘૂવડ વિના... ૪૯

તમારી શોભાને બસ નિરખવા એક મટકે,
મનુષ્યો જો પામે અનિમિષપણું તે ઉચિત છે.
ન દેવોનું શોભે વિષયરસથી મેલું જરીકે,
શુભધ્યાની સ્વામી અનિમેષપણું એવું હરજે... ૫૦

પ્રભો ! તારા ધ્યાને નવણ કરી હૈયું શુભ થજો !
ગિરા ગીતો ગાઈ તુજગુણતણા પૂત બનજો.
નમી મારી કાયા સતત તુજને સ્વચ્છ બનજો !
તુહીં મારો સ્વામી સમજણ સદા એ મુજ હજો !... ૫૧

ફણા રત્નો કેરા કિરણ થકી અંધાર હરતો,
ક્ષમાને ધારીને અહીનપણું તેજે તું વહતો.
અચંબો તોયે આ જરી પણ ન કાળાશ ધરતો,
વસે ના તું નીચે અનઘ સઘળી સિદ્ધિ કરતો... ૫૨

ન પોષ્યા દોષોને ગુણ સહુ સમાયા તુજ મહીં,
શું શોભાનો મોભો! હૃદય પણ લોભે રમ્યું નહી.
તપે તેજે કાયા વદન અતિ લાવણ્ય ઝરતું,
ઉદારા મુદ્રાને અમૃત ઝરતી વાણિ વરતું... ૫૩

વિના બાણે જીત્યું જગત ગુણ દ્વારા જ પ્રભુ તેં !
વિના રાગે રંગ્યું સહુભવિકનું હૈયું વિભુ તેં !
વિના મોહે મોહ્યો બુધગણ... શિવાકાર વિણ ઓ-
વિકારો ગાળીને સ્વીકૃત શિવ તારો વિજય હો !...૫૪

गुणास्ते स्पर्धन्ते प्रसृमरशरच्चन्द्रनिकरान्,
कथं व्यक्तं रक्तं भवति हृदयं तैर्भवभृताम् ।
कठोरं चेतस्ते यदपि कुलिशाद् घोरनियमे,
कथं विश्वे विखेश्वरवर! कृपाकोमलमदः ॥५५॥

मुनीनां ध्यानाब्धौ तव मुखविधोर्दर्शनरसात्,
तरङ्गैरिङ्गद्भिः प्रशमरससंज्ञैः प्रसृमरैः ।
भृशं फेनायन्ते हत मदनसेना गुणगणा-
स्तवोच्चैः कैलासद्युतिमदभिदायां सुनिपुणाः ॥५६॥

गुणास्ते ते हंसास्त्रिजगदवतंसायित ! चिरं,
भजन्ते ये ध्यानामृतरसभृतं मानसमदः ।
भिदां तन्वन्त्येते बत परयशोमौक्तिकगणैः,
कृताहारा स्फारा न किमु पयसोर्दोषगुणयोः ॥५७॥

(अलोके लोके चापरिमितमनन्तं खमखिलं,
तवैकस्मिन् ज्ञाने विशति नियतं दर्पण इव ।
यदि ज्ञानं व्योम्नोऽप्यधिकतरमेकं तव ततो,
गुणानामानन्त्यं तुलयतु कथमारमतुलम् ॥५८॥)

(मषीपात्रं चन्द्रः किरणनिचया लम्बतरले-
खनीरुपाः पत्रं क्षितितलमुडुर्लेखकचणः ।
गुणास्तेऽनन्तास्तत्त्वरणजनितौत्सुक्यवशतो,
विधोर्वक्रीभूतादजनि गगने किं सुरधुनी ॥५९॥)

(गुणा स्थैर्यं प्राप्तास्त्वयि पुनरमी अत्र सततं,
भ्रमन्ति त्रैलोक्यं जनितुमवदातं किमु परम्।
गुणाद् गौणोत्पत्तिर्विदितविदिता साऽपि वितथा,
गुणास्ते गौणं नो विदधति यतः क्वापि भगवन् ॥६०॥)

ગુણો તારા ધોળા શરદઋતુના ચંદ્ર સરખા,
છતાં હૈયું રંગે જગતજનનું કેમ કરતાં!
તમારૂં હૈયું જે કઠિન વ્રતમાં વજ્ર સરખુ !
કૃપાભીનું તે તો જગ ઉપર વિશ્વેશ! નિરખું!...**૫૫**

મુનિ ધ્યાનાબ્ધિમાં તવ મુખ-તણો ચંદ્ર નિરખી,
તરંગો ઉઠે છે પ્રશમરસના જે પ્રસરતા.
ગુણો તારા તેની ઉપર ઉછળે ફીણ સરખા,
હણે જે કામારિ અતિધવલ કૈલાશગિરિથી... **૫૬**

જગત્સ્વામી તારા ગુણગણ અહો હંસ નવલા,
વસે જેઓ ધ્યાનામૃતભર્યા માનસ સરે.
ચરીને મોતીડા પરયશતણા ભેદ કરતા,
ગુણોને દોષોનો પણ ન પયનો ભેદ રચતા !... **૫૭**

(परेषां दोषाणां भवति परिणामो गुणतया,
गुणानां ते कामं परसदसि दोषात्मकतया ।
तव ध्यानं शुभ्रं धवलयति किं दोषनिकरं,
गुणग्रामं तेषां मलिनयति दुर्ध्यानमथवा ।।६१।।)

(प्रदेशा: सफ्म्राया विषयमतियातास्तदपि ते,
गुणानामानन्त्यं कथमिह वसेत्तर्कय मनाक् ।
त्वयैकस्मिन्नंशे निहितमखिलं प्रेक्ष्य भवतो,
न लक्ष्यं वैलक्ष्यं भवति विबुधानामपि धिय: ।।६२।।)

विधिः कारं कारं गणयति न रेखास्तव गुणान्,
सुधाबिन्दोरिन्दोर्वियति वितातास्तारकमिषाः ।
प्रतिश्यामायामान् व्रजति न विलासोऽस्य निधनं,
ततो रिक्ते चन्द्रे पुनरपि निधत्तेऽमृतरसम् ॥६३॥

महो राहोर्नाहो मलिनमलिपङ्क्तिश्च धवला,
बलाकामाकारा द्विकवृकपिकानामनुसृताः ।
न शैला कैलाशा इव किमभवन्नञ्जनमुखा,
भृशं विश्वं विश्वं सितयति भवत्कीर्तिनिकरे ॥६४॥

यशोभिस्तेऽशोभि त्रिजगदतिशुभ्रैर्भृशमित -
स्तिथिः सा का राका तिथिरिह न या हन्त ! भवति ।
कुहूर्नाम्नैवातः पिकवदनमातत्य शरणं,
श्रिता साक्षादेषा परवदनवेषा विलसति ॥६५॥

यशोदुग्धाम्भोधौ भवति तव मीनाकृति नभो,
ध्रुवं स्फारास्तारा जलकणतुलामीश! दधते ।
किमावर्तः श्वभ्रं गिरिशगिरिगौरीशशशभृत्,
त्रिपिण्डी डिण्डीरद्युतिमुपगता नास्ति किमिह ॥६६॥

प्रयागेऽस्मिन् विश्वे प्रसरति भवत्कीर्तिरनिशं,
रसैस्तुङ्गा गङ्गा गिरिशगिरिशीतांशुविशदा ।
परेषां निःशेषा जिनवर! कुकीर्तिश्च यमुना,
घनाम्भोदश्यामा ननु महसहस्राऽपतदिह ॥६७॥

(पुरा नो संप्राप्तं प्रवहणसमं ते प्रवचनं,
मनः प्राप्येदानीं कपिचपलतां कारयति माम् ।
ततः किं भावीति प्रभवति न निर्यामकवरे,
भवे चिन्ता चिन्तामणिसमधिके नाथ! नियतम् ॥६८॥)

શશીના કુંભેથી અમૃતલવ લૈ તારક મિષે,
કરે રેખા બ્રહ્મા ગણી ગણી ગુણો જે તુજ વિષે.
સદા રાતે રાતે ગુણગણિતનું કાજ કરતાં,
શશી ખાલી થાતાં અમૃતરસથી ફેર ભરતા... ૬૩

ન રહે મેલો રાહુ ભ્રમરગણ ધોળો થઇ જતો,
બલાકાની જેવા પિક-વૃક અને કાક ચળકે.
અને કાળા પ્હાડો હિમગિરિ સમા શુભ્ર ઝલકે,
પ્રભો ! જ્યારે તારો યશ જગતને શ્વેત કરતો !... ૬૪

ત્રિલોકી તેં ધોળી અતિધવલ તારા યશ થકીં,
પ્રભો ! એવી જેથી તિથિ પણ બધી પૂનમ બની.
અમાવાસ્યાતો કોયલ વદનમાં આશ્રય લહી,
બચી બિચારીએ કુહૂ કુહૂક ઉચ્ચારણ મહીં... ૬૫

તમારી છે કીર્તિ ક્ષીરજલધિ ત્યાં મીન નભ છે,
અને તારા પુંજો ઉદક કણ શા નિત્ય ચમકે!
શું મેઘો આવર્ત્તો ! હિમગિરિ-શશી શંકરતણી,
ત્રિપિંડી છે ધોળા ફિણ ઉછળતાં શું અહીં નથી?... ૬૬

પ્રયાગે આ વિશ્વે હિમગિરિ શશી જેમ ઉજળી,
વહે ગંગા તારા ધવલયશ કેરી ઉછળતી.
અને મેઘ શ્યામા કુયશ યમુના અન્યમતની,
હજારો યજ્ઞોથી મલિન અહીં હે દેવ ! પડતી... ૬૭

(निकारं पर्याप्तं त्वरितमयितो रागनिकरः,
करेऽहं तस्यागां व्यथयति स मां रोषवशतः ।
तवाऽहं त्वं मे तद् विदितमथ नाथ! त्वमवता-
न्न चेत्ते माहात्म्यं कथमवितथं स्थास्यति ततः ।।६९।।)

(प्रभो! ते दासानां गणितिरिह नास्ते मम पुन-
स्त्वमेवैको नाथः कमपरमहं वच्मि हृदयम् ।
त्यजौदासीन्यं तद्धर हर मदीयां मलिनतां,
त्वदीयं सान्निध्यं नय नय परं मां भववनात् ।।७०।।)

(ङ्गशठे शाठ्यंफ नीतिस्तदपि कमठे कर्मठमठे,
हठात् कष्टं स्पष्टं वितरति निकृष्टेऽधमतमे ।
त्वया दृष्ट्या दिष्ट्या प्रशममयितं तस्य दुरितं,
परात्मा दुष्टात्माा कुहचन न नूनं प्रभवति ।।७१।।)

(प्रियङ्गूणां रुपं मरकतमणीनामपि पुनः,
स्वरुपं ते स्वामिन्! कथमपि न च स्पर्धितुमलम् ।
यतो लोके नीलं परमरमणीयाणुमहितं,
न रुपं तेऽन्यस्मिन् क्वचिदपि हि दृष्टं श्रुतमपि ।।७२।।)

(प्रभो! श्लोके कर्स्मिश्चिदपि परिमाणं परिगता,
यतो वर्णा वर्णो न विशति तवैकोऽपि भुवने ।
अतः श्लोकैर्नो ते चरितममलं श्लोकितुमलं,
ततस्त्वां योगीन्द्रा विदधतितरां ध्यानविषयम् ।।७३।।)

(मनस्ते पादाब्जं मम सुकृततश्चेत् क्षणमपि,
प्रभो! सम्प्राप्तं तन्ननु मयि विधेयाऽतनुकृपा ।
निधेयं नो याम्यं नयनमिह देयं तदितर -
न्न भव्यानां भव्यार्थनविघटनं क्वापि भवति ।।७४।।)

(भवान् भानुर्भूत्वा हृदयकमलं स्मेरयतु मे,
द्विरेफः पर्याप्तं तदनु वसतिं तत्र कुरुतात् ।
सुधांशुः सन्नस्मिन् किरणनिकरैर्वर्षतु ततो,
न याचे त्वामन्यत् किमपि भगवन् ! भक्त्यधिकृतेः ।।७५।।)

(प्रभाते तिग्मांशोरपनयति तारास्तविभा,
प्रभाते स्याद्वादिन्! विशदयति सर्वा मुनितती: ।
स चाम्भोजं यद्वद्विकचयति नैवं कुवलयं,
भवान् भव्याम्भोजं कुवलयमपि प्रौढमहिमा ।।७६।।)

(भवान् नील: कामं सकलभुवि वर्णेन विदित-
स्तथापि त्रैलोक्यं धवलयति वर्णो भगवत: ।
न चित्रं तच्चित्रं किमपि यदवर्ण: समजनि,
प्रभुणां वैचित्र्यं भवति जगदाश्चर्यजननम् ।।७७।।)

(श्रुत: श्रीमानाप्तैरिह जगति भव्येष्वभयदो,
जनोऽयं चेद्भव्य: किमिति न भयाद् दूरमयित: ।
अभव्य: कामं त्वत्पदकमलमाप्तो न भविता,
भयं हत्वाऽभिख्यामुपनयतु पूर्णार्थललिताम् ।।७८।।)

(मया नर्तं नर्तं सुचिरमभिनीतं तव पुर:,
प्रसन्नश्चेत्तूर्णं वितरतु मदिष्टं वितरणम् ।
न चेद् दूरीकार्यो भवजवनिकात: सकृदहं,
मुनिप्रासादाद्यन्नृपतिरिव संपश्यति भवान् ।।७९।।)

(पुरा जन्मन्यासं जिनवर! तवोपास्तिनिरत -
स्ततो जन्मन्यस्मिन् समधिगतवांस्ते पदयुगम् ।
जनास्तीर्णास्तूर्णं सकृदपि भवन्तं प्रति नता,
भवं नाहं कस्मात्तदपि सपदि ब्रूहि भगवन्! ।।८०।।)

(अरोषोऽभू: पूर्वं तदनु निखिलं कर्म हतवान्,
कथं रोषाभावादरिनिकरनाशं विहितवान् ।
तदेतच्चित्रं वा तव चरितमाहात्म्यमथवा,
न तन्त्रं नीतीनां प्रभवति विशुद्धात्मनि परे ।।८१।।)

(विशिष्टा शिष्टानां प्रणतिरथसम्पत्तिवरणं,
तथैवोच्चस्थानस्थितिरपि महामानकरणम् ।
नते: स्वर्नाथानां समवसरणेऽत्युच्चपदवी-
स्थितेश्चापि श्रीमान् ! किमजनि न ते मानकलिका ॥८२॥)

(गुणश्रेण्यारुढस्त्वरितमपमाय: समभव-
स्तथापि त्वन्माया प्रसरति समस्तेऽत्र भुवने ।
अहो माया शब्दस्त्वदनुसरणात् कामपि निजां,
न जाने मायां किं दधदिह कृपार्थं प्रथयते ॥८३॥)

(कषायांशं लोभं गणितरहितांशं त्वमकरो-
रलोभ: सञ्जातस्तदनु भगवंस्तीर्थकृदहो !
परं बाह्याभ्यन्तर्विविधविधसम्पत्तिकलनं,
प्रभोर्लोकं लोकोत्तरचरतिवृत्तं ज्ञपयति ॥८४॥)

(प्रभो! दीनानाथस्त्वमसि नितरां कर्मरहित-
स्तथा दीनानाथ: पुनरहमहो! कर्मकलित: ।
कृपां कृत्वा कृत्वा दुरितनिचयं मां कुरु तथा,
यथा सम्प्राप्त: स्यां त्वमिव तव षष्ठीविधिमहम् ॥८५॥)

(अहं विश्वामित्र: समजनिषि विश्वाहिततया,
प्रभो! विश्वे मित्रं त्वमसि जनसन्तापहरणात् ।
निराकृत्याकारं कुरु कुरु कृपां मय्यतितमां,
भवेयं विश्वस्मिन् त्वमिव नियतं मित्रमचिरात् ॥८६॥)

(समाधिं मे हत्वा जिनवर! समाधिं वितरता,
दसारं मां सारं सपदि कुरु सारं वरतरम् ।
पराभूतिर्दूरं व्रजतु च पराभूतिरुपधिं,
विरुपं सद्रूपं भवति हि भवद्भक्तिविभवात् ॥८७॥)

(अलं दानैः कोटीप्रमितकनकादेः प्रतिदिनं,
कृतं शीलैर्जन्मप्रभृतिविमलैः शीलिततमैः ।
तपोभिः पर्याप्तं भवतु शुभभावैरविरतं,
भवानेकश्चित्ते यदि सुरतरुः कामफलिनः ॥८८॥)

(न ते गीतं गीतं श्रुतिविषयमानीतमथवा,
न ते रुपं दृष्टं प्रतिकृतिगतं कल्पितमपि ।
न ते ध्यानं ध्यातं मनसि धृतिर्माधाय भगवन् !,
न जाने संसारं कथमिय तरिष्यामि तदहम् ॥८९॥)

(महाव्याधिध्वंसप्रशमितसमस्ताधिनिकर–
प्रभावोद्भूतात्मप्रशमसमसद्भूतविभव!
पदं सर्वश्रेष्ठं परिचितमभूत्ते परतरं,
प्रयत्नानां सिद्धिः सकलभुवनेऽस्थापि भवता ॥९०॥)

(कदाऽहं सद्भाग्योदयजनितसद्धर्मनिरतः,
प्रणष्टाष्टक्लेशप्रथनघनकर्मव्यतिकरः ।
दिवानक्तं ध्यानं तव हि विदधानः स्वसमयं,
व्यतिष्यामि श्रद्धापुलकिततनुर्नाथ! निभृतः ॥९१॥)

(प्रभो! त्रैलोक्यं त्वद्यशसि सरसि स्नातमभितो,
विशुद्धं सम्भूतं हिमकरकराद्वैतमगमत् ।
तथापि त्वद्वर्णः समजनि विवर्णो न भगवन् !,
किमेतद्वैचित्र्यं प्रभुचरितमाहात्म्यमथवा ॥९२॥)

(अये वामामात ! त्वमसि सकलोदात्तचरितो –
वदान्यत्वं पूर्णं त्वयि पुनरपूर्वं लसति किम् ।
किमाहो माहात्म्यं सकलजनचेतोहरतरं,
विचित्रा यत् पुंसां श्रयति प्रकृतिस्त्वां परतरम् ॥९३॥)

कथा का ते ख्यातेः कृतविपुलसातेश्वर ! भवत् -
प्रभावादन्येषामपि भवति नो कूटघटना ।
न कः प्राणी वाणीरसहृतजगन्मानसतृषं,
श्रयेत त्वं नाथं दलितघनमायामृषमतः ॥९४॥

भवान् चक्री कर्मव्रजविकटवैताढ्यघटितं,
कपाटं ग्रन्थ्याख्यं सुपरिणतिदण्डाद् विघटयन् ।
प्रतीप्योद्यद्वीर्यो जयति सकलासद्ग्रहजलं,
प्रपूर्णेच्छ! म्लेच्छव्रजसदृशमिथ्यात्वविजयात् ॥९५॥

मता देवाः सुभ्रूस्तनजघनसेवासु - रसिका,
महादम्भारम्भाः प्रकृतिपिशुनास्तेऽपि गुरवः ।
दयाहीनो धर्मः श्रुतिविदितपीनोदय इति,
प्रवृद्धं मिथ्यात्वं सुसमयघरट्टैर्दलितवान् ॥९६॥

परं देवं त्वत्तो न खलु गणयामि क्षणमपि,
त्वदादिष्टादिष्टाद् गुरुमपि पथः प्रच्युतमिह ।
सहे नान्यं धर्मं नृपसदसि जल्पव्रजमहे,
महेश! त्वं तस्मान्मयि कुरु दयां शश्वदुदयाम् ॥९७॥

भयं सर्वं याति क्षयमुदयति श्रीः प्रतिदिनं,
विलीयन्ते रोगा लसति शुभयोगादपि सुखम् ।
महाविद्यामूलं सततमनुकूलं त्रिभुवना -
भिराम त्वन्नाम समरणपदवीमृच्छति यदि ॥९८॥

**(अत्र यावत् शिखरिणी छन्दः)**

नमदमर्त्यकिरीटमणिप्रभा-पटलपाटलपादनखत्विषे ।
गलितदोषवचोधुतपाप्मने, शुभवते भवते भगवन् नमः ॥९९॥

**(द्रुतविलम्बितम्)**

ઘણી શાતા દેતા તુજ કહું શું હું ખ્યાતિ? તુજના,
પ્રભાવે બીજાને પણ ન નડતી કૂટ ઘટના.
ક્યા પ્રાણી વાણી જળથી મનની પ્યાસ હરતા,
તમોને ના સેવે કૂડ કપટની જાળ હણતા !... ૯૪

તમે ચક્રી ખોલી કરમરૂપ વૈતાઢ્ય ગિરિએ,
કમાડો ગ્રંથીના સુપરિણતિનો દંડ ગ્રહીને.
તર્યા વીર્યોલ્લાસે અસદ્ગ્રહનું વારિ વિજયી,
બન્યા સ્વામી જીતી યવનસમ મિથ્યાત્વ અરિને... ૯૫

બન્યા દેવો સ્ત્રીના સ્તન જઘનની સેવ કરતા !
મહારંભી દંભી પિશુન કરતા તે ગુરૂ થતા !
દયાહીણો ચાલ્યો શ્રુતિ વચનથી ધર્મ બધુંએ.
વધેલું મિથ્યાત્વ સદવચન ઘંટીથી દળ્યું તે !... ૯૬

તને મૂકી બીજો ક્ષણ પણ ગણું દેવ ન અહીં,
તમારી આજ્ઞાના પથથી પડતાને ગુરૂ નહી.
સભામાં ચર્ચાની અવર ન સહું ધર્મ હું કદી,
કરો તેથી સ્વામી મુજ પર દયા નિત્ય ચડતી... ૯૭

ભયો સર્વે ભાગે પ્રતિદિન વધે શ્રી... સુખ ઘણું,
વધે પુણ્યો, વ્યાધિ સહુ પ્રશમતા નામ તુજનું.
બધી વિદ્યાઓનું જનક સ્મૃતિમાં જો નિત રહે,
સદા વ્હાલું વ્હાલું ત્રણ ભુવનમાં રમ્યતમ હે!... ૯૮

શુચિગિરાથી હરે અઘપુંજ જે,
શુભ તને ભગવન્ ! નમું જેહના.
પગ પડેલ અમર્ત્ય કિરીટના,
મણિ પ્રકાશથી લાલ નખો ઝગે !... ૯૯

सुरतरुः फलितो मम साम्प्रतं, विगलितोऽपि च दुष्कृतसञ्चयः ।
सुरमणी रमणीयभवन्नुतेः, करतले रतलेपहराऽलुठत् ।।१००।।

**(द्रुतविलम्बितम्)**

दिशति कार्मणमीश ! शिवश्रियः, प्रियसमागमहेतुरनुत्तरः ।
विजयते विहतोत्कटसङ्कट - व्युपरमा परमा तव संस्तुतिः ।।१०१।।

**(द्रुतविलम्बितम्)**

तव मतं यदि लब्धमिदं मया, किमपरं भगवन्नवशिष्यते ।
सुरमणौ करशालिनि किं धनं, स्थिमुदीतमुदीश! पराङ्मुखम् ।।१०२।।

**(द्रुतविलम्बितम्)**

सर्पत्कन्दर्पसर्पस्मयमथनमहामन्त्रकल्पेऽत्र कल्पे,
प्रत्यक्षे कल्पवृक्षे परमशुभनिधौ सत्तमोहे तमोहे।
निर्वाणानन्दकन्दे त्वयि भुवनरवौ याचना भावना भा-
ध्वस्तध्वान्ते समग्रा भवतु भवतुदे सङ्गता मे गतामे ।।१०३।।

**(स्रग्धरा)**

प्रसीद सद्यो भगवन्नवद्यं, हरस्व पुण्यानि पुषाण भर्तः ।
स्मर्तव्यतामेति न कश्चिदन्य - स्त्वमेव मे देव! निषेवणीयः ।।१०४।।

**(उपजातिः)**

हरिदन्तिसरीसृपानल - प्रघनाम्भोनिधिबन्धरोगजाः ।
न भियः प्रसरन्ति देहिनां, तव नामस्मरणं प्रकुर्वताम् ।।१०५।।

**(छन्दः सुन्दरी)**

સુરતરૂ હમણાં મુજને ફળ્યો,
ખડકલો સહુ દુષ્કૃતનો ગળ્યો.
સુરમણી રમણીય તને સ્તવ્યે,
વરમતી રમતી કરમાં હવે !... ૧૦૦

કરતું કામણ મુક્તિ વધૂતણું,
પ્રિય સમાગમ હેતુ વળી ઘણું.
સ્તવન તારૂં સદા જયવંત હો,
વિકટ સંકટ સંહરતું પ્રભો !... ૧૦૧

તુજ તણો મતજો મુજને મળ્યો,
અવરશું અવ મેળવવું રહ્યું?
(અવરશું વરશું જગમાં કશું?)
સુરમણી રમણીય કરે ગ્રહ્યો
મુદિત ઈશ મળે ધન ના કયું ?... ૧૦૨

સંહારે દર્પ ભારે મદન અહિતણો મંત્ર જેવો તું કેવો,
સાક્ષાત્ તું કલ્પશાખી પરમ શુભનિધિ સદ્વિચારી સુચારી.
નિર્વાણાનંદકંદો અરૂજ દ્યુતિ થકી ધ્વાંત વારી ભવારી,
તારે દ્વારે ધરેલી મુજ ભુવન રવિ ભાવના પાવના હો...૧૦૩

પ્રસન્ન થા હે ભગવન્! તું સદ્ય,
અવદ્ય મારાં હર પોષ પુણ્ય.
ન ચિત્તમાં હું સ્મરૂં કોઇ અન્ય,
હે દેવ મારો તુહિં એક સેવ્ય... ૧૦૪

હરિ-વારણ-નાગ-આગના,
સમરાં-ભોનિધિ બંધ રોગના.
ભય આઠ ન થાય દેહિને,
તુજ નામ સ્મરતાં અહીં કને... ૧૦૫

चिदानन्दनिस्यन्दवन्दारुशक्र –
स्फुरन्मौलिमन्दारमालारजोभिः ।
पिशङ्गौ भृशं गौरकीर्तेस्तवाङ्घ्री,
गलल्लोभ ! शोभाभिराम ! स्मरामः ॥१०६॥

**(भुजङ्गप्रयातम्)**

बहुधाऽत्र सुधारुचिरैर्वचनै – र्भवता भवतापभरः शमितः ।
अमितप्रसरद्गुणरत्ननिधे ! शरणं चरणौ तव तेन भजे ॥१०७॥

**(तोटकं वृत्तम्)**

इति प्रथितविक्रमः क्रमनमन्मरुन्मण्डली
किरीटमणिदर्पणप्रतिफलन्मुखेन्दुः शुभः ।
जगज्जनसमीहितप्रणयनैककल्पद्रुमो,
यशोविजयसम्पदं प्रवितनोतु वामाङ्गजः ॥१०८॥

**(पृथ्वी छन्दः)**

**इति श्री गोडीपार्श्वनाथ-स्तोत्रम्**

નમેલા સુરેન્દ્રોતણા મૌલિભાગે,
સદા ઝુલતી પુષ્પમાળા પરાગે.
થયા પિંગળા પાદ તારા સ્મરૂં હું,
અલોભી સુશોભી ચિદાનંદ સિંધુ !... **૧૦૬**

બહુધા જ સુધા મધુરા વચને,
ભવતાપ ઘણો શમવ્યો વિભુ ! તે.
તું અનંતનિધિ ગુણરત્ન તણો,
ભજું હું શરણું તુજના ચરણો !... **૧૦૭**

સ્તવ્યો જગપ્રસિદ્ધ તું ચરણમાં નમંતા સુરો-
તણાં મુકુટ રત્નના દરપણે કળાતો શુભ !
સમગ્ર જગનું અભીષ્ટ કરણૈક કલ્પદ્રુમ !
**યશોવિજય** સંપદા બહુ વધાર વામાસુત !... **૧૦૮**

## * અનુવાદ પ્રશસ્તિ *

**શ્રી યશોવિજય ગણીન્દ્રની** રચના ઘણી છે રસભરી,
**પંન્યાસજી સુપસાયથી** ભાષામહીં સ્તવના કરી.
તસ શિષ્ય બાળ **ધુરંધરે** શ્રી **ગોડિ પાર્શ્વ** જિનેન્દ્રની,
નિજ મિત્ર **ગણિ પ્રદ્યુમ્ન** કેરી પ્રેરણા પામી ઘણી...**૧**

વાચક પ્રવરના કાવ્યમાં ભાવો ભર્યા ગંભીર બહુ,
મુજ સમજવામાં હોય ત્રુટિ તો ક્ષમા કરજો ધીર સહુ.
વિક્રમ થકી **હર નેત્ર શર નભ યુગ્મ** વર્ષે ભાવથી,
રચના કરી **અષાઢ શુદ**માં **પાર્શ્વ**ના સુપ્રભાવથી...**૨**

# १८ अभिषेक काव्य

सुपवित्रतीर्थनीरेण, संयुतं गन्धपुष्पसंमिश्रम् ।

पततु जलं बिम्बोपरि, सहिरण्यं मन्त्रपरिपूतम् ॥१॥

नानारत्नौघयुतं, सुगन्धपुष्पाधिवासितं नीरम् ।

पतताद् विचित्रवर्णं, मन्त्राढ्यं स्थापनाबिम्बे ॥२॥

प्लक्षाश्वत्थोदुम्बर - शिरीषवल्कलादिकल्कसंमिश्रम् ।

बिम्बे कषायनीरं, पततादधिवासितं जैने ॥३॥

पर्वतसरोनदीसंगमादि - मृद्भिश्च मन्त्रपूताभि: ।

उद्वर्त्य जैनबिम्बं, स्नापयाम्यधिवासना-समये ॥४॥

जिनबिम्बोपरि निपतद्, घृत-दधि-दुग्धादिद्रव्यपरिपूतम् ।

दर्भोदकसंमिश्रं, पंचसुधं हरतु दुरितानि ॥५॥

सहदेव्यादिसदौषधि - वर्गेणोद्वर्तितस्य बिम्बस्य ।

संमिश्रं बिम्बोपरि पतज्जलं हरतु दुरितानि ॥ ॥६-A॥

सहदेवी शतमूली, शंखपुष्पी शतावरी ।

कुमारी लक्ष्मणाद्भिश्च, स्नापयामि जिनेश्वरम् ॥६-B॥

# ૧૮ અભિષેક કાવ્ય અનુવાદ

જેમાં મિલાવ્યા તીર્થજળને ગંધદ્રવ્યો મહેંકતા,
ફૂલો સુગંધિત સ્વર્ણકેરા વરખ બહોળા ચમકતા.
શુભમંત્રના ઉચ્ચારથી તેને કરી પાવન અતિ,
કરીએ પ્રથમ અભિષેક પ્રભુનો સ્વર્ણજળથી શુભમતિ....૧

બહુ પંચરંગી રત્નના ચૂર્ણો વડે મિશ્રિત કર્યું,
અત્યંત સુરભિત પુષ્પના પુંજે સુવાસિત જે કર્યું.
તે મંત્ર પાવન પંચરત્ન જળે કરી અભિષેકને,
જિનબિંબના મસ્તક ઉપર ભવ્યો હરે ભવપંકને....૨

શોભાવતા જે પંચવટ સહુ ગામ કેરા ગુંદરા,
તે પીંપળોને પીપળી વડલો સિરસડો ઉંબરા.
મિશ્રિત કરી જળમાં બધાની છાલના શુભકલ્કને,
ભવ્યો કષાયજળે કરી અભિષેક અકષાયી બને....૩

પર્વત સરોવરને નદીના સંગમોના તીર્થની,
શુભ મૃત્તિકાની પિંડલી મંત્રો થકી પાવન બની.
તેણે કરી ઉબટન પ્રભુના બિંબને ન્હવરાવતા,
પરગજુ ઉજ્જ્વળકાય ભવ્યો ભાવના શુભ ભાવતા....૪

જેમાં મિલાવ્યા ગાયનાં દહીં-દૂધ-ઘીને દર્ભજલ,
વળી ફૂલ ચંદન જેની ઉપર ભ્રમર ગુંજારવ પ્રબલ.
જે પરમપાવન પંચગવ્યતણો થતો અભિષેક આ,
જિનબિંબ પર દરદુરિતને દૂરે નિવારો સર્વના...૫

સહદેવી શતમૂલી શતાવરને વળી શંખાવલી,
કુંવારપાઠું લક્ષ્મણા મહાલક્ષ્મણા આદિ ભલી.
દિવ્યૌષધિના કલ્કથી ઉબટન કરી જિનઅંગને,
કરીએ ન્હવણ જે દૂર કરતું દુરિત કેરા પંકને...૬

सुपवित्र मूलिकावर्ग–मर्दिते तदुदकस्य शुभधारा ।
बिम्बेऽधिवाससमये, यच्छतु सौख्यानि निपतन्ती ।। ॥७–A॥
प्रियंगु – वत्स–कंकेली–रसालादितरूद्भवै : ।
पल्लवैः पत्रभल्लातै–रेलचीतजसत्फलैः ।। ॥७–B॥
विष्णुक्रान्ताहिप्रवाल – लवंगादिभिरष्टभिः
मूलाष्टकैस्तथा द्रव्यैः, सदौषधिविमिश्रितैः ।। ॥७–C॥
सुगन्धद्रव्यसन्दोह – मोदमत्तालिसंकुलैः
विदधेर्हन्महास्नात्रं, शुभसन्ततिसूचकम् ॥७–D॥

नानाकुष्ठाद्यौषधि – सम्मृष्टे तद्युतं पतन्नीरम् ।
बिम्बे कृतसन्मन्त्रं, कर्मौघं हन्तु भव्यानाम् ।। ॥८–A॥
उपलोट–वचा–लोद्र–हीरवणी–देवदारवः ।
यष्टि–मध्वर्द्धि–दूर्वाभिः, स्नापयामि जिनेश्वरम् ॥८–B॥

मेदाद्यौषधिभेदो– परोष्टवर्ग : सुमन्त्रपरिपूतः ।
जिनबिम्बोपरि निपतन्, सिद्धिं विदधातु भव्यजने ।। ॥९–A॥
पतंजरी विदारी च, कच्चूर : कच्चूरी नखः ।
काकोली क्षीरकन्दश्च, मुसल्या स्नापयाम्यहम् ॥९–B॥

सकलौषधिसंयुक्त्या, सुगंधया घर्षितं सुगतिहेतोः ।
स्नापयामि जैन बिम्बं, मंत्रिततन्नीरनिवहेन ॥१०॥

अधिवासितं सुमन्त्रैः, सुमनः किंजल्कवासितं तोयं ।
तीर्थजलादिसुपृक्तं, कलशोन्मुक्तं पततु बिम्बे ॥११॥

गन्धांगस्नानिकया, सम्मृष्टं तदुदकस्य धाराभिः ।
स्नापयामि जैनबिम्बं, कर्मौघोच्छित्तये शिवदम् ।। ॥१२–A॥
कंकुमाद्यैश्च कर्पूरै – मृगमदेन संयुतै : ।
अगरुचन्दनमिश्रैः, स्नापयामि जिनेश्वरम् ॥१२–B॥

આંબા વગેરે વૃક્ષના પત્તા ભીલામા એલચી,
તજ આદિ શુભફળ વિષ્ણુક્રાંતા પ્રમુખ મૂલાષ્ટક થકી.
મિશ્રિત સુગંધિત સર્વ ઔષધિ જળ જિનેશ્વર પર ઝરે,
મધુકરતણા ગુંજારવો તબ સૂચના શુભની કરે...**૭**
ઉપલોટ લોધર - વજ ને દેવદારુ - હિરવણી,
વળી જેઠીમધને ઋદ્ધિ દૂર્વા આદિ અષ્ટકવર્ગની.
મહિમામયી જડીબુટ્ટીથી મર્દન કરેલા બિંબ પર,
પડતી સલિલધારા બધાને આપજો સુખના પ્રકર...**૮**
કુષ્ઠાદિ ઔષધિને પતંજારી વિદારી કચ્ચૂરો,
ને કચ્ચૂરી નખલો વળી કંકોડી મુસલી ખિંદુલો.
આ અષ્ટવર્ગ વડે વિલેપિત બિંબના અંગો ઉપર,
ગૂગળું બની ઝરતું ન્હવણજલ દૂર કરજો કર્મમલ...**૯**
સઘળાં સુગંધિ ઔષધોનું શ્રેષ્ઠ સંયોજન કરી,
તેમાં ઘસારે બિંબને ખૂબ જ ઘસી આદર ધરી.
મંત્રિત સુગંધી ઔષધોના જળ વડે સહુ વિઘ્નહર,
કરું ન્હવણ પ્રભુનું પુણ્યવંતું મૂળ શુભગતિનું પ્રવર...**૧૦**
શુભમંત્રથી જેની કરી અધિવાસના અનુરાગથી,
જે સુરભિપુષ્પોથી ભર્યું રંગાવ્યું પુષ્પ પરાગથી.
મિશ્રિત કર્યું વળી તીર્થજળ તે પુષ્પજળ કળશો થકી,
જિનબિંબ પર પડતું નિહાળી ભવ્ય નમતા ભાવથી...**૧૧**
કર્પૂર-કેશર-અગર-ચંદન-મૃગમદે મઘમઘ થતું,
કરી ગંધદ્રવ્યોનું વિલેપન અંગે અંગે રેલતું.
તેના જ ગંધોદક થકી અભિષેક કરીએ બિંબનો,
જે આપતો શિવપદ કરી ઉચ્છેદ સઘળાં કર્મનો...**૧૨**

हृद्यैराह्लादकरैः, स्पृहणीयैर्मन्त्रसंस्कृतैर्जैनं ।
स्नापयामि सुगतिहेतो - र्वासैरधिवासितं बिम्बम् ।। ।।१३-A।।
शिशिर-कर-कराभैश्चन्दनैश्चन्द्रमिश्रैः ।
बहुलपरिमलौघैः प्रीणितं प्राणगन्धैः ।।
विनमदमरमौलि-प्रोत्थरत्नांशुजालैः ।
जिनपतिवरशृंगे स्नापयेद् भावभक्त्या ।।१३-B।।

शीतलसरससुगन्धि-र्मनोमतश्चन्दनद्रुमसमुत्थः ।
चन्दनकल्कः सजलो, मन्त्रयुतः पततु जिनबिम्बे ।। ।।१४-A।।
क्षैरेणाक्षतमन्मथस्य च महत्-श्रीसिद्धिकान्तापतेः ।
सर्वं तस्य शरच्छशांकविशद-जयोत्स्नारसस्पर्द्धिना ।।
कुर्मः सर्वसमृद्धये त्रिजगदा-नन्दप्रदं भूयसा ।
स्नात्रं सद्विकसत्कशेशयपद-न्यासस्य शस्याकृतेः ।।१३-B।।

कश्मीरजसुविलिप्तं, बिम्बं तन्नीरधारयाभिनवम् ।
सन्मन्त्रयुक्त्या शुचि, जैनं स्नापयामि सिद्ध्यर्थम् ।। ।।१५-A।।
वाचः स्फारविचारसारमपरैः स्याद्वादशुद्धामृत-
स्यन्दिन्यः परमार्हतः कथमपि प्राप्यं न सिद्धात्मनः ।
मुक्तिश्रीरसिकस्य यस्य सुरस-स्नात्रेण किं तस्य च,
श्रीपादद्वयभक्तिभावितधिया कुर्मः प्रभोस्तत्पुनः ।।१३-B।।

जलधिनदीद्रहकुंडेषु, यानि तीर्थोदकानि शुद्धानि ।
तैर्मन्त्रसंस्कृतैरिह, बिम्बं स्नापयामि सिद्ध्यर्थम् ।। ।।१६-A।।
नाकिनदीनदविहितैः पयोभिरम्भोजरेणुभिः सुभगैः ।
श्रीमज्जिनेन्द्रपादौ समर्चयेत् सर्वशान्त्यर्थम् ।।१६-B।।

કેસર-કપૂર અને સુખડના શુદ્ધ-ચૂર્ણે નીપન્યું,
જે હૃદયને આહ્‌લાદકારી બહુ સ્પૃહણીય છે બન્યું.
મંત્રો વડે મંત્રિત કરેલા વાસચૂર્ણે બિંબને,
વાસિત કરી અભિષેક કરતા ભક્ત બડભાગી બને... **૧૩(અ)**

ચંદન બરાસ તણો ઘસારો ચંદ્ર જેવો ઉજળો,
પરિમલ થકી મઘમઘ થતો કળશે ભરેલો નિર્મળો.
નમતા વિબુધના મુકુટમણિના તેજથી ઝળઝળ થતા,
જિનબિંબના શિર પર ભવિકજન ભક્તિભાવે અર્પતા...**૧૩(બ)**

શીતળ સુગંધિત સરસચંદન કલ્કનો દ્રવ લીજીયે,
તેમાં શરદની ચાંદની સમ દૂધ ભેળું કીજીયે.
સર્વજ્ઞ સિદ્ધિ વધૂપતિ નિષ્કામ જિનવરનો કરો,
અભિષેક જગ-આનંદકારી સર્વ સમૃદ્ધિ વરો...**૧૪**

સ્યાદ્વાદ અમૃત ઝરણ સમ જે નાથની વાણી તણો,
ના પાર પામે કોઈને જે મુક્તિનો રસિયો ઘણો.
કરીને વિલેપન શર્કરા કેસર તણું તસ બિંબ-પર,
કરું ન્હવણ મંત્રિત નીરની ધારા વડે સહુ સિદ્ધિ-કર...**૧૫**

સાગર નદીઓ ગંગા સિંધુ કુંડને ઉંડા ધરા,
વળી માગધાદિક તીર્થના ભેળા કરી જળ નિર્મળાં.
તે કમળની રજથી સુગંધિત શુદ્ધ શાંતિક તીર્થજળ,
મંત્રેલ પ્રભુને શિર ચડાવું સર્વ જગની શાંતિકર...**૧૬**

शशिकरतुषारधवला, उज्ज्वलगन्धा सुतीर्थजलमिश्रा ।
कर्पूरोदकधारा, सुमन्त्रपूता पततु बिम्बे ।। ।।१७-A।।

कनककरकनाली मुक्तधाराभिरद्भि-
र्मिलितनिखिलगन्धैः केलिकर्पूरभाभिः ।
अखिलभुवनशान्त्यै शान्तिधारा जिनेन्द्र-
क्रमसरसिजपीठे स्नापयेद् वीतरागान् ।।१७-B।।

सौरभ्यैः घनसारपंकजरजो निप्रीणितैः पुष्करैः,
शीतैः शीतकरावदातरुचिभिः काश्मीरसम्मिश्रितैः ।
श्रीखंड प्रसवाचलैश्च मधुरै - र्नित्यं लघिष्ठैर्वरैः,
सौरभ्योदकसख्यसार्व्वचरण - द्वन्द्वं यजे भावतः ।। ।।१८-A।।

मृगमदबहुलैः सलिलैः निपतद्भिर्भवतु जैनबिम्बस्य ।
लौहं कवचमिवोच्चैः परिहाराय व्यपायानाम् ।।१८-B।।

**(पुष्पाञ्जलि)**

नानासुगन्धिपुष्पौघ- रंजिता चंचरीककृतनादा ।
धूपामोदविमिश्रा पततात्पुष्पांजलिर्बिम्बे ।।१९।।

સૌરભ વડે મઘમઘ થતું કર્પૂરજળ શશિ ઉજળું,
મિશ્રિત કરેલું તીર્થજળથી મંત્રથી મંત્રિત ભલું.
તેની ધવલધારા કનક કલશો થકી પ્રભુ પર થતી,
જાણે જગતની શાંતિ કરતી શાંતિધારા દીસતી...**૧૭**

અત્યંત સુરભિત જે થયું કર્પૂર પદ્મપરાગથી,
જેની સુગંધે ભ્રમરનાં ટોળાં ભમે મદમાં છકી.
શીતલ અને શશિધવલ કેશર-સુખડમિશ્રિત જે વળી,
સૌરભ્યજળથી સિક્ત પ્રભુના ચરણ પૂજું લળી લળી.
જેની પ્રતિમાને પ્રણમતાં દેખતાં કે ફરસતાં,
જસ નામ ગણતાં કે સુણતાં કે અરથ ઉચ્ચારતાં.
સહુભવ્યના બહુ પાપકેરા મેલ સાફ થઇ જતા,
તે સ્વામીને શું સ્નાન કેરું કામ? તો એ ભક્તિને.
વશ થઇ કરે અભિષેક ભક્તો યોજતા બહુ યુક્તિને,
તે ભક્તિના ઉપચારથી કરતા સુલભ સહુ મુક્તિને...**૧૮**

## પુષ્પાંજલિ

બહુવિધ સુગંધિત પુષ્પના પુંજે ભરેલી અંજલિ,
ગુંજી રહ્યા છે ભ્રમર જેની ઉપર નીચે લળી લળી.
અત્યન્ત સુરભિત ધૂપની સૌરભ થકી મિશ્રિત બની,
જગનાથના શિર પર વરસતી પુષ્પવૃષ્ટિ સુંગધની...**૧૯**

## પ્રશસ્તિ

અભિષેક અષ્ટાદશતણા પ્રાચીન કાવ્યો રસભર્યા,
છે અર્થથી ગંભીર પણ દુર્બોધ સંસ્કૃતમાં રચ્યાં.
**રાજેન્દ્રસૂરિ**ના સૂચનથી અનુવાદ હરિગીતે કર્યો,
**મુનિ ધુરન્ધર વિજયે** પ્રભુની પ્રીતથી ભક્તિ ભર્યો...**૨૦**

महोपाध्यायश्रीविनयविजयविरचित :

# श्री शान्त सुधारसः

**(शार्दूलविक्रीडितं वृतम्)**

नीरन्ध्रे भवकानने परिगलत्-पञ्चाश्रवाम्भोधरे;
नाना - कर्मलता-वितानगहने, मोहान्धकारोद्धुरे ।
भ्रान्तानामिह देहिनां हितकृते, कारुण्य-पुण्यात्मभि-;
स्तीर्थेशैः प्रथितास्सुधारसकिरो, रम्या गिरः पान्तु वः ।।१।।

**(द्रुतविलम्बितं वृत्तत्रयम्)**

स्फुरति चेतसि भावनया विना; न विदुषामपि शान्त-सुधारसः ।
न च सुखं कृशमप्यमुना विना; जगति मोह-विषाद-विषाकुले ।।२।।

यदि भवभ्रम-खेद-पराङ्मुखं; यदि च चित्तमनन्तुसुखोन्मुखम् ।
शृणुत तत्सुधियः शुभभावना-; ऽमृतरसं मम शान्तसुधारसम् ।।३।।

सुमनसो मनसि श्रुतपावना; निदधतां द्व्यधिका दश भावनाः ।
यदिह रोहति मोहतिरोहिता-; ऽद्भुतगतिर्विदिता समतालता ।।४।।

**(रथोद्धतावृत्तम्)**

आर्तरौद्रपरिणामपावक,-प्लुष्ट-भावुक-विवेक-सौष्ठवे ।
मानसे विषयलोलुपात्मनां क्व प्ररोहिततमां शमाङ् कुरः ।।५।।

**(वसन्ततिलकावृत्तम्)**

यस्याशयं श्रुतकृतातिशयं विवेक-;
पीयुष-वर्ष-रमणीय-तमं श्रयन्ते ।
सद्भावना-सुरलता न हि तस्य दूरे;
लोकोत्तर-प्रशम-सौख्य-फल-प्रसूतिः ।।६।।

# શ્રી શાંત સુધારસ

## (સમશ્લોકી ભાવાનુવાદ)

### મંગલ

જામી મોહનિશા ઝરે દશ દિશા પંચાશ્રવોના ઘને,
છાયા કર્મલતાવનો, નિબિડ ત્યાં સંસારના કાનને,
ભૂલેલા જનને પથે લઈ જતી કારુણ્યથી ઓપતા,
અર્હંતોની ગિરા સુધા ટપકતી રક્ષો તમોને સદા. ૧

### પીઠિકા

બુધ તણાં મનમાં પણ ભાવના, વિણ સ્ફુરે નહિ શાંત સુધારસ;
નથી જ મોહ વિષાદ વિષે ઠસ, જગતમાં જરીયે સુખ તે વિના. ૨

મનડું જો ભવમાં ભમતાં થયું, વિલખું ને સુખ જો ધ્રુવ ઈચ્છતું
બુધ! સુણો તવ ભાવનના રસ, થકી ભર્યું મુજ શાંત સુધારસ. ૩

ઉર ધરો! સુજનો! શુભભાવના, શ્રવણ પાવન બાર, અહીં યથા;
ગતિ રૂંધાઈ વિમોહથી જેહની, ઉગતી દિવ્યલતા સમતા તણી. ૪

આર્તરૌદ્ર પરિણામ અગ્નિથી, જ્યાં વિવેકપટુતા બળી ગઈ,
ચિત્તમાં વિષયલોલુપો તણાં, કેમ અંકુર ફૂટે શમત્વના... ૫

### વસંતતિલકા

જેના વિવેક અમીવૃષ્ટિ થકી સુરમ્ય,
સમ્યક્ શ્રુતે નિપુણ, આશ્રયને શ્રયે છે,
સદ્ભાવના સુરલતા, ન રહે કદીયે,
તેને અલૌકિક ફળો શમનાં અગમ્ય. ૬

## (अनुष्टुब्वृत्तद्वयम्)

अनित्यत्वा-ऽशरणते, भवमेकत्वमन्यताम् ।
अशौचमाश्रवं चात्मन् !, संवरं परिभावय ॥७॥
कर्मणो निर्जरां धर्म-सूक्ततां लोकपद्धतिम् ।
बोधि-दुर्लभतामेतां, भावयन् मुच्यसे भवात् ॥८॥

## ✻ अनित्य-भावना ✻

## (पुष्पिताग्रावृत्तम्)

वपुरवपुरिदं विदभ्रलीला-;
परिचितमप्यतिभङ्गुरं नराणाम् ।
तदतिभिदुर - यौवनाविनीतं;
भवति कथं विदुषां महोदयाय ॥९॥

## (शार्दूलविक्रीडिवृत्तद्वयम्)

आयुर्वायुतरत्तरङ्गतरलं लग्नापदः सम्पदः;
सर्वेऽपीन्द्रियगोचराश्च चटुलाः, सन्ध्याभ्ररागादिवत् ।
मित्रस्त्रीस्वजनादिसङ्गमसुखं, स्वप्नेन्द्रजालोपमं ;
तत् किं वस्तु भवे भवेदिह मुदामालम्बनं यत्सताम् ॥१०॥
प्रातर्भ्रातरिहावदातरुचयो, ये चेतनाचेतना;
दृष्टा विश्वमनःप्रमोदविदुरा, भावाः स्वतः सुन्दराः ।
तांस्तत्रैव दिने विपाक-विरसान् हा नश्यतः पश्यत-;
श्चेतः प्रेतहतं जहाति न भव-प्रेमानुबन्धं मम ॥११॥

## ✻ प्रथमभावनागेयाष्टकम्-रामगिरि-राग ✻

मूढ मुह्यसि मुधा मूढ मुह्यसि मुधा;
विभवमनुचिन्त्य हृदि सपरिवारम् ।
कुशशिरसि नीरमिव गलदनिल-कम्पितं;
विनय जानीहि जीवितमसारम् ॥१॥

## (અનુષ્ટુપ)

અનિત્ય, અશરણતા, ભવ, એકત્વ, અન્યતા;
અશૌચ, આશ્રવ, આત્મન્! ભાવ, સંવરભાવના ૭
નિર્જરા, ધર્મ ને લોકસ્વરૂપ, બોધિદુર્લભ,
ભાવતો ભાવના બાર, ભવથી તું મૂકાઈશ! ૮

## ✻ ૧-અનિત્ય ભાવના ✻

## (પુષ્પિતાગ્રા)

ચલ જલદ વિલાસ જેમ એહ, અતિ અતિભંગુર છે મનુષ્યદેહ ;
ખિણ વિણસત યૌવને છકયો તે, કયમ બનતો બુધને મહોદયાર્થે ! ૧

## (શાર્દૂલવિક્રીકિત)

આયુ વાયુતરંગ જેવું ચલ છે, સંપત્તિ છે આપદા,
સંધ્યારંગ સમા વિનાશી વિષયો છે ઇંદ્રિયોના બધા ;
ને સ્વપ્નો વળી ઇન્દ્રજાળ સરખાં સંજોગ સૌ સ્નેહિના,
રે ! આલંબન હર્ષનું સુજનને સંસારમાં ક્યાંય ના. ૨

આહિં ભાઈ, પ્રભાતમાં જડ અને ચૈતન્યના ભાવ જે,
જોયા ઉજ્જ્વળ, સૌનું હૈયું ભરતા હર્ષે સ્વયં રમ્ય તે -
પામે નાશ વિપાકથી વિરસ તે, દહાડે જ જોઉં છતાં,
રાચે પાપ હણાયું મારું મન હા! સંસારના પ્રેમમાં. ૩

## ✻ ગીત ✻

## (રાગ : રામગિરિ)

**મૂઢ, તું મુંઝ મા! મુઢ, તું મુંઝ મા!**
ચિંતવી વિભવ - પરિવાર - ગેહ;
વાયુકંપિત તૃણે ઉદકબિંદુ જિસ્યું,
વિનય, તું જાણજે જીવિત એહ... **મૂઢ ! તું...૧**

पश्य भङ् गुरमिदं विषयसुख-सौहृदं;
पश्यतामेव नश्यति सहासम् ।
एतदनुहरति संसाररुपं रया-;
ज्वलज्जलदबालिका-रुचिविलासम् ॥२॥

हन्त हतयौवनं, पुच्छमिव शौवनं;
कुटिलमति तदपि लघुदृष्टनष्टम् ।
तेन बत परवशा: परवशा-हतधिय:;
कटुकमिह किं न कलयन्ति कष्टम् ॥३॥

यदपि पिण्याकतामङ्गमिदमुपगतं;
भुवनदुर्जयजरापीतसारम् ।
तदपि गतलज्जमुज्झति मनो नाङ्गिनां;
वितथमति कुथितमन्मथविकारम् ॥४॥

सुखमनुत्तरसुरावधि यदतिमेदुरं;
कालतस्तदपि कलयति विरामम् ।
कतरदितरत्तदा वस्तु सांसारिकं;
स्थिरतरं भवति चिन्तय निकामम् ॥५॥

यै: समं क्रीडिता ये च भृशमीडिता;
यै: सहाकृष्महि प्रीतिवादम् ।
तान् जनान् वीक्ष्य बत भस्मभूयङ्गतान्;
निर्विशङ्का: स्म इति धिक् प्रमादम् ॥६॥

असकृदुन्मिष्य निमिषन्ति सिन्धूर्मिव-;
च्चेतताचेतना: सर्वभावा: ।
इन्द्रजालोपमा: स्वजधनसङ्गमा-;
स्तेषु रज्यन्ति मूढस्वभावा: ॥७॥

પેખ, નશ્વર સદા, વિષયસુખ મિત્રતા,
જોતજોતાં જતી હાસ્ય સાથે,
એહ સંસાર છે ક્ષણિક જિમ એક પળ,
ઝળહળે વીજથી મેઘ માથે... **મૂઢ ! તું...૨**

દુષ્ટ યૌવન ખરે શ્વાન લાંગુલ પરે-
કુતિલ અતિ, તેય ઝટ નષ્ટ થાવે;
તેથી પરનારને વશ પડ્યા અધમ હા!
અહીં કયું કડવું ના કષ્ટ પાવે?... **મૂઢ ! તું...૩**

વિશ્વ દુર્જય જરા, પી જતી બળ ખરાં
દેહ આ લડથડી જાય સારો;
તોય જીવોનું નિર્લજ્જ દુર્બુદ્ધિ મન,
ના તજે ત્યાજ્ય મન્મથવિકારો... **મૂઢ ! તું...૪**

સુખ અનુત્તર સુધીનું અતિ શ્રેષ્ઠ જે,
કાળથી તેય પામે વિનાશ ;
તો પછી અન્ય, કઇ વસ્તુ સંસારની-,
સ્થિર થતી, તે તું મનમાં વિમાસ !... **મૂઢ ! તું...૫**

જેની સાથે રમ્યા, જેમને બહુ નમ્યા,
જેની સાથે કર્યા ,પ્રીતિવાદ-,
તેમની દેખીએ ભસ્મ તોયે છીએ-,
સ્વસ્થ, હા! ધિક્ અમારો પ્રમાદ... **મૂઢ ! તું...૬**

સિંધુની ઊર્મિ જયમ, વળી વળી લય ઉગમ,
સજીવ નિર્જીવ સહુ ભાવ પાવે,
ઇન્દ્રજાળની સમા સ્વજન ધન સંગમાં
રાચતા મૂઢ જન શાય ભાવે!... **મૂઢ ! તું...૭**

कवलयन्नविरतं जङ्गमाजङ्गमं;
जगदहो नैव तृप्यति कृतान्तः ।
मुखगतान् खादतस्तस्य करतलगतै-;
र्न कथमुपलप्स्यतेऽस्माभिरन्तः ॥८॥

नित्यमेकं चिदानन्दमयमात्मनो;
रूपमभिरूप्य सुखमनुभवेयम् ।
प्रशमरस-नवसुधा-पानविनयोत्सवो;
भवतु सततं सतामिह भवेऽयम् ॥९॥

## इति प्रथमः प्रकाशः

## * अशरण भावना *

### (शार्दूलविक्रीडितम्)

ये षट्खण्डमहीमहीनतरसा, निर्जित्य बभ्राजिरे;
ये च स्वर्गभुजो भुजोऽर्जितमदा, मेदुर्मुदा मेदुराः ।
तेऽपि क्रूरकृतान्तवक्त्ररदनै-र्निर्दल्यमाना हठा-;
दत्राणाः शरणाय हा दशदिशः, प्रैक्षन्त दीनाननाः ॥१॥

### (स्वागतावृत्तम्)

तावदेव मदविभ्रममाली, तावदेव गुणगौरवशाली ।
यावदक्षम - कृतान्त-कटाक्षै-र्नेक्षितो विशरणो नरकीटः ॥२॥

### (शिखरिणीवृत्तम्)

प्रतापैर्व्यापन्नं गलितमथ तेजोभिरुदितै-;
र्गतं धैर्योद्योगैः श्लथितमथ पुष्टेन वपुषा ।
प्रवृत्तं तद् द्रव्यग्रहणविषये बान्धवजनै- ;
र्जने कीनाशेन प्रसभमुपनीते निजवशम् ॥३॥

તૃપ્ત ના થાય રે, ત્રસ અને સ્થાવરે
જગતને નિત્ય ગળતો કૃતાંત,
વક્ત્રગત જે ગળે તાસ હાથે ચડી
આપણે કેમ નહિ લેશું અંત?... **મૂઢ ! તું...૮**

એક શાશ્વત ચિદાનંદમય આત્મનું
ધ્યાવતો રૂપ સુખ અનુભવું હું,
પ્રશમરસ અમૃતના પાનઉત્સવ સદા-
હો, અહીં સજ્જનોને હું ચાહું... **મૂઢ ! તું...૯**

## ❊ ૨-અશરણ ભાવના ❊

### (શાર્દૂલવિક્રીડિત)

જે જીતી ષટખંડભૂમિ બળથી ચક્રીપણે રાજતા !
ને અત્યંત બલિષ્ઠ દેવગણ જે આનંદથી ગાજતા !
રે, તેઓ પણ મૃત્યુના મુખતણી દાઢે દળાતા કરે-
દૃષ્ટિ દીન બની દશે દિશ મહીં કોઇ બચાવે અરે! ૧

### (સ્વાગતા)

ત્યાં સુધી જ મદમાં વિલસે છે! ત્યાં સુધી જ ગુણથી હુલસે છે!
જ્યાં સુધી મનુજકીટ બિચારો, રક્તનેત્ર જમડે ન નિહાળ્યો ! ૨

### (શિખરિણી)

થયું ઝાંખું તેજ પ્રજળતું, પ્રતાપે ય વિણસ્યો,
ગયા ઉદ્યોગો ને ધીરજ બળિયો દેહ કથળ્યો !
સગા ઝૂઝે તેનું ધન લઇ જવા ખૂબ ઝગડી,
મનુષ્યોને જ્યારે જમ નિજ કને જાય ઘસડી. ૩

## ✻ द्वितीयभावनागेयाष्टकम् मारुणी-राग ✻

स्वजनजनो बहुधा हितकामं, प्रीतिरसैरभिरामम्-;
मरणदशावशमुपगतवन्तं, रक्षति कोऽपि न सन्तम् ।
विनय ! विधीयतां रे, श्रीजिनधर्मः शरणम्;
अनुसन्धीयतां रे, शुचितरचरणस्मरणम् ॥१॥

तुरगरथेभनरावृतिकलितं, दधतं बलमस्खलितम् ।
हरति यमो नरपतिमपि दीनं, मैनिक इव लघुमीनम् ॥२॥

प्रविशति वज्रमये यदि सदने, तृणमथ घटयति वदने ।
तदपि न मुञ्चति हतसमवर्ती, निर्दय पौरुषनर्ती ॥३॥

विद्यामन्त्रमहौषधिसेवां, सृजतु वशीकृतदेवाम् ।
रसतु रसायनमुपचयकरणं, तदपि न मुञ्चति मरणम् ॥४॥

वपुषि चिरं निरुणद्धि समीरं, पतति जलधिपरतीरम् ।
शिरसि गिरेरधिरोहति तरसा, तदपि स जीर्यति जरसा ॥५॥

सृजतीमसितशिरोरुहललितं, मनुजशिरः सितपलितम् ।
को विदधानां भूघनमरसं, प्रभवति रोद्धुं जरसम् ॥६॥

उद्यत उग्ररुजा जनकायः, कः स्यात्तत्र सहायः ।
एकोऽनुभवति विधुरुपरागं, विभजति कोऽपि न भागम् ॥७॥

शरणमेकमनुसर चतुरङ्गं, परिहर ममतासङ्गम् ।
विनय ! रचय शिवसौख्यनिधानं, शान्तसुधारसपानम् ॥८॥

### इति द्वितीयः प्रकाशः

## ❋ ગીત ❋

## (રાગ : મારૂણી)

સ્વજનો પણ જે બહુ હિતકારી, પ્રીતિરસે મનહારી!
તેને પણ ના કોઇ બચાવે, મરણદશા જબ આવે;
**વિનય, તું સાધજે રે, શ્રી જિનધર્મનું શરણું !**
**હૃદયે સાંધજે રે, શુભ સંયમનું શમણું !** **૧**

અશ્વાદિક સૈન્યે પરિવરિયા, નરપતિ જે બહુ બળિયા !
જમથી તેય હરાય બિચારા,
મીન જિમ માછી દ્વારા... **વિનય... તું...૨**

પેસે જો વજ્જરના ગૃહમાં, તૃણ લ્યે અથવા મુંહમાં!
જમડો દુષ્ટ ન તોયે છોડે,
નિર્દય નૃત્યની દોડે... **વિનય... તું...૩**

વિદ્યા-મંત્ર ઔષધિઓ સેવો, જેને વશ છે દેવો ;
ખાવ, રસાયણ બળ બહુ દેતું,
તોય ન મૃત્યુ રે' તું... **વિનય... તું...૪**

વપુમાં બહુદિન વાયુ રૂંધે! સાગરના જલ વીંધે,
ગિરિના શિખરે વેગે ચડતો,
તો ય જરાથી જરતો... **વિનય... તું...૫**

કરતું જે કાળા વાંકડીયા, કેશના ધોળા પળીયા
કોણ તે નીરસ કરતા નરને,
રોકી શકે ઘડપણને?... **વિનય... તું...૬**

ઉગ્રરોગથી તન ઘેરાતું, કોઇ ન ભેરૂ થાતું!
ગ્રહણે વિધુ એકાકી થાવે,
કોઇ ન ભાગ પડાવે!... **વિનય... તું...૭**

શરણ એક ચતુરંગ ગ્રહીને! મમતા સંગ દહીને,
વિનયે શિવના સુખને દેતું,
શમનું અમૃત પી તું... **વિનય... તું...૮**

## ❋ संसार भावना ❋

### (शिखरिणी वृत्तत्रयम्)

इतो लोभः क्षोभं, जनयति दुरन्तो दव इवो-;
ल्लसल्लाभाम्भोभिः, कथमपि न शक्यः शमयितुम् ।
इतस्तुष्णाऽक्षाणां, तुदति मृगतृष्णेव विफला;
कथं स्वस्थैः स्थेयं, विविधभयभीमे भववने ॥१॥

गलत्येका चिन्ता भवति पुनरन्या तदधिका;
मनोवाक्काये हा ! विकृरतिरोषात्तरजसः ।
विपद्गर्तावर्ते, झटिति पतयालो : प्रतिपदं ;
न जन्तोः संसारे, भवति कथमप्यर्तिविरतिः ॥२॥

सहित्वा सन्तापा-नशुचिजननीकुक्षिकुहरे;
ततो जन्म प्राप्य, प्रचुरतरकष्टक्रमहतः ।
सुखाभासैर्यावत्, स्पृशति कथमप्यर्तिविरतिं;
जरा तावत् कायं, कवलयति मृत्योः सहचरी ॥३॥

### (उपजातिवृत्तम्)

विभ्रान्तचित्तो बत बम्भ्रमीति;
पक्षीव रुद्धस्तनुपञ्जरेऽङ्गी ।
नुन्नो नियत्याऽतनुकर्मतन्तु-;
सन्दानितः सन्निहितान्तकौतुः ॥४॥

### (अनुष्टुब्वृत्तम्)

अनन्तान् पुऽगलावर्ता-ननन्तानन्तरुपभृत् ।
अनन्तशो भ्रमत्येव, जीवोऽनादिभवार्णवे ॥५॥

## * 3 – સંસાર ભાવના *

### (શિખરિણી)

અહીં સંતાપે છે અખૂટ દવ શો લોભ વધતો,
ક્યમે જે લાભોના જળથી જરીયે નૈવ શમતો;
અહીં તૃષ્ણા પીડે મૃગજળ સમી વ્યર્થ સુખની,
નચિંતા શેં રે'વું બહુ ભયભર્યા આ ભવનને, ૧

ટળે ચિંતા પ્હેલી તુરત અધિકી તેથી ઉપજે,
ત્રિયોગોની ઈચ્છા વિકૃતિ-રતિ રોષાદિક રજે,
થતું પીડાઓનું શમન નવ કેમે ડગ ડગે,
ફસાતા જીવોને વિપદભમરીમાં અહીં જગે. ૨

સહીને પીડાઓ અશુચિ જનનીના જઠરમાં,
પછી કષ્ટે પામી જનમ સહતો દુઃખ વસમાં,
સુખોના આભાસે શમન કરતો દુઃખતણું જ્યાં,
ગ્રસી લેતી તેનું યમસખિ જરા રમ્ય તનુ ત્યાં. ૩

### (ઉપજાતિ)

પ્રાણી તનુ પિંજરામાં રૂંધાયો, પક્ષી પરે ખૂબ ભમે મૂંઝાયો;
પ્રેર્યો અદષ્ટે, દઢ કર્મતંતુએ, બાંધ્યો સમીપે જસ મૃત્યુ મીંદડો.૪

### (અનુષ્ટુપ)

અનંતાનંત રૂપો લૈ, અનાદિ ભવસાગરે,
અનંતા પુદ્ગલાવર્તો, અનંતીવાર એ ફરે. ૫

## * तृतीयभावनागेयाष्टकम् केदार-राग *

कलय संसारमतिदारुणं, जन्ममरणादिभयभीत रे ।
मोहरिपुणेह सगलग्रहं प्रतिपदं विपदमुपनीत रे ॥१॥

स्वजनतनयादिपरिचयगुणै-रिह मुधा बध्यसे मूढ रे ।
प्रतिपदं नवनवैरनुभवैः, परिभवैरसकृदुपगूढ रे ॥२॥

घटयसि क्वचन मदमुन्नतेः, क्वचिदहो हीनतादीन रे ।
प्रतिभवं रूपमपरापरं, वहसि बत कर्मणाधीन रे ॥३॥

जातु शैशवदशापरवशो, जातु तारुण्यमदमत्त रे ।
जातु दुर्जयजराजर्जरो, जातु पितुपतिकरायत्त रे ॥४॥

व्रजति तनयोऽपि ननु जनकतां, तनयतां व्रजति पुनरेष रे ।
भावयन्विकृतिमिति भवगते-स्त्यजतमां नृभवशुभशेष रे ॥५॥

यत्र दुःखार्तिगददवलवै-रनुदिनं दह्यसे जीव रे ।
हन्त तत्रैव रज्यसि चिरं, मोहमदिरामदक्षीब रे ॥६॥

दर्शयन् किमपि सुखवैभवं, संहरंस्तदथ सहसैव रे ।
विप्रलम्भयति शिशुमिव जनं, कालबटुकोऽयमत्रैव रे ॥७॥

सकलसंसारभयभेदकं, जिनवचो मनसि निबधान रे ।
विनय! परिणमय निःश्रेयसं, विहितशमरससुधापान ! रे ॥८॥

### इति तृतीयः प्रकाशः

## * ગીત *

### (રાગ : કેદાર)

જન્મ મરણાદિથી ત્રાસતો, સમજ! સંસાર અતિઘોર રે ;
જ્યાં સદા વિપદમાં પાડતો, ગ્રહી ગળે મોહરિપુ જોર રે. **જન્મ...૧**

સ્વજન પુત્રાદિના સ્નેહથી, મૂઢ તું વ્યર્થ મૂંઝાય રે;
પળપળે અવનવા અનુભવે, પરિભવે ખિન્ન અસહાય રે. **જન્મ...૨**

મદ કરે ક્યાંક ઉન્નતિ તણા, કયાંક પડતી થકી દીન રે ;
ભવભવે રૂપ તે જૂજવાં, તું ધરે કર્મ આધીન રે. **જન્મ...૩**

ક્વચિત થઇ બાળ પરવશ પડે, ક્વચિત યૌવન મદે મસ્ત રે;
ક્વચિત ઘડપણ થકી પાંગળો, ક્વચિત પકડાય યમ હસ્ત રે.**જન્મ...૪**

તાત પણ થાય છે પુત્ર ને, પુત્ર પણ થાય છે તાત રે;
ભાવતા વિકૃતિ ઈમ ભવ તણી, તજ તું તેને ભલા ભ્રાત રે. **જન્મ...૫**

જીવ તુજને સદા જ્યાં દહે, દુઃખ ચિંતાદિની આગ રે;
રાચતો ત્યાં જ હા ! નિત છકી, મોહમદિરા તણે લાગ રે. **જન્મ...૬**

કૈંક સુખલેશ દેખાડતો, તે જ લઇ લેત તતકાળ રે;
કાળબટુ આ અહિં જ લોકને, નિત ઠગે જેમ લઘુબાળ રે. **જન્મ...૭**

ભવ તણી ભીતિને જે હણે, તે જિનવચન મન ધાર રે;
પાન સમતાસુધાનું કરી, વિનય! તું પામ શિવ સાર રે. **જન્મ...૮**

## ❊ एकत्व भावना ❊

### (स्वागतावृत्तम्)

एक एव भगवानयमात्मा, ज्ञानदर्शनतरङ्गसरङ्गः ।
सर्वमन्यदुपकल्पितमेतद्, व्याकुलीकरणमेव ममत्वम् ॥१॥

### (प्रबोधतावृत्तत्रयम्)

अबुधैः परभावलालसा-लसदज्ञानदशावशात्मभिः ।
परवस्तुषु हा स्वकीयता, विषयावेशवशाद् विकल्प्यते ॥२॥

कृतिनां दयतेति चिन्तनं, परदारेषु यथा विपत्तये ।
विविधार्तिभयावहं तथा, परभावेषु ममत्वभावनम् ॥३॥

अधुना परभावसंवृतिं, हर चेतः परितोऽवगुण्ठिताम् ।
क्षणमात्मविचारचन्दन - द्रुमवातोर्मिरसाः स्पृशन्तु माम् ॥४॥

### (अनुष्टुब्वृत्तम्)

एकतां समतोपेता - मेनामात्मन् विभावय ।
लभस्व परमानन्द -सम्पदं नमिराजवत् ॥५॥

## ❊ चतुर्थ भावनागेयाष्टकम् परजीया-राग ❊

विनय ! चिन्तय वस्तुतत्त्वं, जगति निजमिह कस्य किम् ।
भवति मतिरिति यस्य हृदये, दुरितमुदयति तस्य किम् ॥१॥

एक उत्पद्यते तनुमा-नेक एव विपद्यते ।
एक एव कि कर्म चिनुते, सैककः फलमश्नुते ॥२॥

## ✻ ૪ - એકત્વ ભાવના ✻

### (સ્વાગતા)

એકલો જ નિત છે વિભુ આત્મા, જ્ઞાનદર્શન મહિં રમતો આ,
સર્વ અન્ય મનકલ્પિત રે! આ, વ્યર્થ વ્યાકુળ કરે મમતા હા ! ૧

### (પ્રબોધતા)

અબુઝો પરની જ લાલસા, રૂપ અજ્ઞાનદશામહીં ફસ્યા !
મમતા પરવસ્તુમાં કરે, વિષયોમાં થઇ લુબ્ધ હાય રે ! ૨

બુધને પરનારમાં યથા, દયિતા બુદ્ધિથી થાય આપદા !
બહુલાં ભય-દુ:ખ આપતી, મમતા તેમ પરાયી વસ્તુની ! ૩

પડદો પરભાવનો મના! મુજ વીંટયો હમણાં હટાવને !
ફરસો, નિજભાવ ચંદન, દ્રુમની વા'લહરી જરી મને ! ૪

### (અનુષ્ટુપ)

જીવ, તું ભાવ! એકત્વ ભાવના સમતાભરી,
ને નમિરાજની જેમ, પરમાનંદ પામ રી ! ૫

### ✻ ગીત ✻

### (રાગ : પરજીયા)

**વિનય, ચિંતવ ! તત્ત્વ સાચું, કોણ કોનું છે અહીં ?**
પાપ કયું તેને નડે જે, આવું સમજે મનમહીં ? **વિનય...૧**

એકલો જીવ જન્મતો ને, એકલો જ મરી જતો;
કર્મ બાંધે એકલો ને, એકલો ફળ ચાખતો ! **વિનય...૨**

यस्य यावान् परपरिग्रहो, विविधममतावीवधः ।
जलधिविनिहितपोतयुक्त्या, पततितावदसावधः ॥३॥

स्वस्वभावं मद्यमुदितो, भुवि विलुप्य विचेष्टते ।
दृश्यतां परभावघटनात्, पतति विलुठति जृम्भते ॥४॥

पश्य काञ्चनमितरपुद्गल-मिलितमञ्चति कां दशाम् ।
केवलस्य तु तस्य रूपं विदितमेव भवादृशाम् ॥५॥

एवमात्मनि कर्मवशतो, भवति रूपमनेकधा ।
कर्ममलरहिते तु भगवति, भासते काञ्चनविधा ॥६॥

ज्ञानदर्शनचरणपर्यव - परिवृतः परमेश्वरः ।
एक एवानुभवसदने, स रमतामविनश्वरः ॥७॥

रुचिरसमतामृतरसं क्षण-मुदितमास्वादय मुदा ।
विनय ! विषयातीतसुखरस-रतिरुदञ्चतु ते सदा ॥८॥

## इति चतुर्थः प्रकाशः

## * अन्यत्व भावना *

### (उपजातिवृत्तम्)

परः प्रविष्टः कुरुते विनाशं; लोकोक्तिरेषा न मृषेति मन्ये ।
निर्विश्य कर्माणुभिरस्य किं किं; ज्ञानात्मनो नो समपादि कष्टम् ॥१॥

### (स्वागतावृत्तम्)

खिद्यसे ननु किमन्यकथार्तः; सर्वदैव ममतापरतन्त्रः ।
चिन्तयस्यनुपमान् कथमात्मन्; नात्मनो गुणमणीन्न कदापि ॥२॥

જેમ બહુ ભારે ભરેલું, નાવ સાગરમાં બુડે;
તેમ પરિગ્રહ મમત ભારે, ભર્યો જીવ નીચે પડે. **વિનય...૩**

મદ્યપી નિજ ભાન ભૂલી, ભોંય ટળી આળોટતો;
પેખજો! પરભાવને વશ, કેવું કેવું વર્તતો ? **વિનય...૪**

જુઓ! કંચન મૃત્તિકામાં, મળી કેવું થઈ જતું !
શુદ્ધ કંચનનું સ્વરૂપ તો, છે તમોને જાણીતું ! **વિનય...૫**

એમ આત્મા કર્મને વશ, રૂપ બહુવિધ ધારતો,
તે જ કર્મથી મુક્ત થઈને, સ્વર્ણની સમ ભાસતો. **વિનય...૬**

જ્ઞાનદર્શન ને ચરણથી, પરિવર્યો પરમેશ્વરો;
એકલો અનુભવસદનમાં, તે રમો અવિનશ્વરો. **વિનય...૭**

મધુર સમતાસુધાને તું, હર્ષથી આસ્વાદજે !
પામજે સુખની રતિ તે, વિનય! વિષયાતીત જે ! **વિનય...૮**

## * ૫ - અન્યત્વ ભાવના *

### (ઉપજાતિ)

પેઠો પરાયો કરાતો વિનાશ, લોકોક્તિ આ જુઠ્ઠી નથી જ સ્હેજે.
કર્માણુઓએ જીવમાં પ્રવેશ, કરી શું? શું? કષ્ટ ન દીધું એને? **૧**

### (સ્વાગતા)

પીડ લૈ, તું પરની શું સદાને, ખિન્ન થાય? વશ થૈ મમતાને;
કેમ ચેતન! કદીય તું તારા ,ચિંતવે ન ગુણરત્ન અપારા? **૨**

### (शार्दूलविक्रीडितवृत्तद्वयम्)

यस्मै त्वं यतसे बिभेषि च यतो, यत्रानिशं मोदसे;
यद्यच्छोचसि यद्यदिच्छसि हृदा, यत्प्राप्य पेप्रीयसे ।
स्निग्धो येषु निजस्वभावममलं, निर्लोठ्य लालप्यसे;
तत्सर्वं परकीयमेव भगवन्, नात्मन्न किंञ्चित्तव ॥३॥

दुष्टाः कष्टदर्थनाः कति न ताः, सोढास्त्वया संसृतौ;
तिर्यङ्नारकयोनिषु प्रतिहतश्छिन्नो विभिन्नो मुहुः ।
सर्वं तत् परकीयदुर्विलसितं, विस्मृत्य तेष्वेव हा;
रज्यन् मुह्यसि ! तानुपचरन् - नात्मन्न किं लज्जसे ॥४॥

### (अनुष्टुब्वृत्तम्)

ज्ञानदर्शनचारित्र-केतनां चेतनां विना ।
सर्वमन्यद्विनिश्चित्य, यतस्व स्वहिताप्तये ॥५॥

### ✻ पञ्चमभावनागेयाष्टकम् श्री-राग ✻

विनय ! निभालय निज भवनं;
विनय ! निभालय निज भवनम् ।
तनुधनसुतसदन -स्वजनादिषु ;
किं निजमिह कुगतेरवनम् ॥१॥

येन सहाश्रयसेऽतिविमोहा-दिदमहमित्यविभेदम् ।
तदपि शरीरं नियतमधीरं, त्यजति भवन्तं धृतखेदम् ॥२॥

जन्मनि जन्मनि विविधपरिग्रह-मुपचिनुषे च कुटुम्बम् ।
तेषु भवन्तं परभवगमने, नानुसरति कृशमपि शुम्बम् ॥३॥

त्यज ममतापरितापनिदानं., परपरिचयपरिणामम् ।
भज निःसङ्गतया विशदीकृत-मनुभवसुखरसमभिरामम् ॥४॥

### (શાર્દૂલવિક્રીડિત)

જેને મેળવવા મથે, હરખતો જ્યાં, જેહથી તું ડરે,
જેને ચિંતવતો ઉરે તલખતો, જે પામી પ્રીતિ ધરે;
જ્યાં સાચી નિજનો સ્વભાવ વિમળો, ભૂલી નકામું બકે!
તે છે સર્વ પરાયું તારું ભગવન્ આત્મન્ ! નથી કાંઈકે. **૩**

બૂરી કષ્ટકદર્થના કઈ ન તે સંસારમાં, તેં સહી,
નર્કોમાં - પશુયોનિમાં વળી વળી છેદ્યો જ ભેદ્યો હણી;
તોફાનો પરનાં બધાંય વિસરી તે ત્યાં જ તું રાચતો,
મુંઝાતો મૂઢ! તેમને જ ભજતો ના કેમ તું લાજતો? **૪**

### (અનુષ્ટુપ)

જ્ઞાન-દર્શન-ચારિત્ર-રૂપ તે ચેતના વિના;
પરાયું સર્વ જાણી સ્વ-હિતમાં ઉદ્યમી તું થા ! **૫**

### ✻ ગીત ✻

### (રાગ : શ્રી)

**વિનય, નિહાળો નિજ ઘરને !**

દેહ પુત્ર સગામાં તારું શું! જે રક્ષે દુર્ગતિથી તને! **વિનય...૧**

જેની સાથે મોહથી સાધે, હું આ એમ અભેદ ;
તે અતિચંચળ દેહલડી પણ, તજે તને આપી બહુ ખેદ. **વિનય...૨**

જન્મે-જન્મે વિવિધ પરિગ્રહ, ઘણાં કુટુંબ કરે તું ;
તેમાંથી પરભવ જાતાં તને, ફોતરૂં ય ના અનુસરતું. **વિનય...૩**

મમતા-ખેદનું કારણ પરનાં, સ્નેહવિકારો તજ તું !
નિઃસંગતાથી નિર્મળ મધુરાં, અનુભવ-સુખરસને ભજ તું! **વિનય...૪**

पथि पथि विविधपथैः पथिकैः सह, कुरुते कः प्रतिबन्धम् ।
निजनिजकर्मवशैः स्वजनैः, सह, किं कुरुषे ममताबन्धम् ॥५॥

प्रणयविहीने दधदभिषङ्गं, सहते बहुसन्तापम् ।
त्वयि निःप्रणये पुद्गलनिचये, वहसि मुधा ममतातापम् ॥६॥

त्यज संयोगं नियतवियोगं, कुरु निर्मलमवधानम् ।
नहि विदधानः कथमपि तृप्यसि, मुगतुष्णाघनरसपानम् ॥७॥

भज जिनपतिमसहायसहायं, शिवगतिसुगमोपायम् ।
पिब गदशमनं परिहृतवमनं, शान्तसुधारसमनपायम् ॥८॥

## इति पञ्चमः प्रकाशः

## * अशुचि भावना *

### (शार्दूलविक्रीडितं वृत्तम्)

सच्छिद्रो मदिराघटः परिगलत्-तल्लेशसङ्गाशुचिः;
शुच्यामृद्य मृदा बहिः स बहुशो धौतोऽपि गङ्गोदकैः ।
नाधत्ते शुचितां यथा तनुभृतां, कायो निकायो महा-;
बीभत्सास्थिपुरीषमूत्ररजसां, नायं तथा शुद्ध्यति॥१॥

### (मन्दाक्रान्ता वृत्तम्)

स्नायं स्नायं, पुनरपि पुनः स्नान्ति शुद्धाभिरद्भि-;
र्वारं वारं बत मलतनुं चन्दनैरर्चयन्ते ।
मूढात्मानो, वयमपमलाः, प्रीतिमित्याश्रयन्ते;
नो शुध्यन्ते, कथमवकरः, शक्यते शोध्दुमेवम् ॥२॥

કોણ વિવિધ પથના પથિકોને, ચાહે પંથે પંથે?
નિજનિજ કર્મોને વશ સ્વજનો-સાથે મમતા શું ગૂંથે? **વિનય...૫**

પ્રેમરહિત પર પ્રેમ ધરે તે, બહુ સંતાપને સહતો,
તુજ પર પ્રેમરહિત પુદ્‌ગલની, ફોગટ મમતા શું વહતો ? **વિનય...૬**

તજ, સંયોગ વિયોગસ્વરૂપી, કર તું નિર્મલ ચિત્ત;
મૃગતૃષ્ણા જલકેરા પાને, તરસ ન છીપે કેમે મિત્ત ! **વિનય...૭**

દીનબંધુ જિનવરને ભજ! એ શિવનો સરળ ઉપાય ;
વમન હરંતી રોગ શમંતી, શાંત સુધા પીઓ! નિરપાય. **વિનય...૮**

## ✻ ૬ -અશુચિ ભાવના ✻

### (શાર્દૂલવિક્રીડિત)

કાણો મદ્યવિલિપ્ત મદ્યઘડુલો, જ્યાં મદ્યબિંદુ ઝરે,
માંજ્યો શુદ્ધમટોડીથી, બહુ અને ધોયો જ ગંગાજળે,
ચોકખો થાય ન જેમ, તેમ નરની કાયા થતી ના શુચિ,
ગંધાતા મળ-મૂત્ર-હાડ-ચરબી ને મેલની ખાણ શી. ૧

### (મંદાક્રાન્તા)

ન્હાયા તોયે વળી વળી કરે સ્નાન ચોક્ખા જળેથી,
વારે વારે મલિન તનુને ચર્ચતા ચંદનેથી;
મૂઢાત્માઓ નિરમળ અમે પામતા પ્રીતિ એમ,
ના જાણે હા! તન-ઉકરડો શુદ્ધ આ થાય કેમ ? ૨

## (शार्दूलविक्रीडितं वृतम्)

कर्पूरादिभिरर्चितोऽपि लशुनो, नो गाहते सौरभं;
नाजन्मोपकृतोऽपि हन्त पिशुनः, सौजन्यमालम्बते ।
देहो -ऽप्येष तथा जहाति न नृणां स्वाभाविकीं विस्रतां;
नाभ्यक्तोऽपि विभुषितोऽपि बहुधा, पुष्टोऽपि विश्वस्यते ॥३॥

## (उपेन्द्रवज्रावृत्तम्)

यदीयसंसर्गमवाप्य सद्यो, भवेच्छुचीना मशुचित्वमुच्चैः ।
अमैध्ययोनेर्वपुषोऽस्य शौच-सङ्कल्पमोहोऽयमहो महीयान् ॥४॥

## (स्वागतावृत्तम्)

इत्यवेत्य शुचिवादमतथ्यं, पथ्यमेव जगदेकपवित्रम् ।
शोधनं सकलदोषमलानां, धर्ममेव हृदये निदधीथाः ॥५॥

## * षष्ठभावनागेयाष्टकम् - आशावरी - राग *

भावय रे वपुरिदमतिमलिनं; विनय ! विबोधय मानसनलिनम् ।
पावनमनुचिन्तय विभुमेकं; परममहोदयमुदितविवेकम् ॥१॥

दम्पतिरेतोरुधिरविवर्ते; किं शुभमिह मलकश्मलगर्ते ।
भृशमपि पिहितः स्रवति विरूपं; को बहु मनुते-ऽवस्करकूपम् ॥२॥

भजति सचन्द्रं शुचिताम्बूलं; कर्तुं मुखमारुतमनुकुलम् ।
तिष्ठति सुरभि कियन्तं कालं; मुखमसुगन्धि, जुगुप्सितलालम् ॥३॥

असुरभिगन्धवहो - ऽन्तरचारी, आवरितुं शक्यो न विकारी ।
वपुरुपजिघ्रसि वारंवारं; हसति बुधस्तव शौचाचारम् ॥४॥

### (શાર્દૂલવિક્રીડિત)

સંસ્કાર્યું કપૂરાદિથી લસણ ના તોયે સુગંધિ બને,
પોષ્યો દુર્જન જન્મથી પણ છતાં પામે ન સૌજન્યને;
મેલો દેહ મનુષ્યનો મલિનતા ના મૂકતો તેમ આ,
ચોળો તેલ, કરો સુપુષ્ટ સજીએ શૃંગારથી તોય હા ! ૩

### (ઉપેન્દ્રવજ્રા)

સંસર્ગ જેનો લહીને તુરંત, ચોક્ખા પદાર્થોય બને અશુદ્ધ;
તે મેલની ખાણ સમા શરીરમાં, ચોક્ખાઈનો મોહ અહો અપૂર્વ. ૪

### (સ્વાગતા)

એમ જાણી શુચિવાદ અતથ્ય, વિશ્વમાં ઈક પવિત્ર ને પથ્ય;
સર્વદોષ મળને હરનારા, ધર્મને જ હૃદયે ધર, પ્યારા ! ૫

### ❋ ગીત ❋

### (રાગ : આશાવરી)

**ચિંતવ રે, તનુ આ અતિમેલું !** ખોલ વિનય ! ઉરપદ્મ બીડેલું,
વિભુ શિવ એક વિવેક નિધાન, પાવન આતમનું ધર ધ્યાન! **ચિંતવ રે...૧**

દંપતિ રજ વીરજ વિરચાઈ, સારી હોય શું આ મળખાઈ?
બહુ ઢાંક્યો તોય ગંદું ઝરતા, આ મળકૂએ પ્રેમ શું ધરતા ? **ચિંતવ રે...૨**

કર્પૂરવાસિત તાંબૂલ ચાવે, મુખને સુરભિત કરતા ભાવે;
પણ લાળે ગંદું દુર્ગંધિ, મુખ રહે કેતો કાળ સુગંધિ ? **ચિંતવ રે...૩**

ગંદો વાયુ અંદર ફરતો, ના રોકાતો જયાંથી સરતો;
તે તનુ સૂંઘે વારે વારે, બુધજન હસતા તુજ આચારે. **ચિંતવ રે...૪**

द्वादश नव रन्ध्राणि निकामं; गलदशुचीनि न यान्ति विरामम् ।
यत्र वपुषि तत् कलयसि पूतं; मन्ये तव नूतनमाकूतम् ॥५॥

अशितमुपस्करसंस्कृतमन्नं; जगति जुगुप्सां जनयति हन्नम् ।
पुंसवनं धैनवमपि लीढं; भवति विगर्हितमति जनमीढम् ॥६॥

केवलमलमयपुद्गलनिचये; अशुचीकृतशुचिभोजनसिचये ।
वपुषि विचिन्तय परमिह सारं; शिवसाधनसामर्थ्यमुदारम् ॥७॥

येन विराजितमिदमतिपुण्यं; तच्चिन्तय चेतन ! नैपुण्यम् ।
विशदागममधिगम्य निपानं; विरचय शान्तसुधारसपानम् ॥८॥

## इति षष्ठः प्रकाशः

## ✻ आश्रव भावना ✻

### (भुजङ्गप्रयातं वृत्तम्)

यथा सर्वतो निर्झरैरापतद्भिः;
प्रपूर्येत सद्यः पयोभिस्तटाकः ।
तथैवाश्रवैः कर्मभिः सम्भृतोऽङ्गी;
भवेद् व्याकुलश्चञ्चलपङ्किलश्च ॥१॥

### (शार्दूलविक्रीडितं वृतम्)

यावत्किञ्चिदिवानुभूय तरसा, कर्मेह निर्जीर्यते;
तावच्चाश्रवशत्रवोऽनुसमयं, सिञ्चन्ति भूयोऽपि तत् ।
हा कष्टं कथमाश्रवप्रतिभटाः, शक्या निरोद्धुं मया;
संसारादतिभीषणान्मम हहा, मुक्तिः कथं भाविनी ॥२॥

બાર અને નવ છિદ્ર જ્યાં ઝમતા, બહુ અશુચિને નિત ન વિરમતા;
તે વપુને તું માને પવિત્ર, માનું તે તુજ નવલ ચરિત્ર ! **ચિંતવ રે...૫**

ખાદ્યું સંસ્કૃત સ્વાદુ અન્ન, થાય જુગુપ્સિત જગમાં હન્ન !
પીધું પય પણ ગાયનું મીઠું, થાતું નિંદિત મૂત્ર અનીઠું. **ચિંતવ રે...૬**

કેવળ મળના ઢગલા ધરતા, શુચિ ભોજનને અશુચિ કરતા;
આ વપુમાં છે એક જ સાર, શિવસાધન સામર્થ્ય ઉદાર ! **ચિંતવ રે...૭**

પુણ્યલભ્ય આ જેણે દીપતું, તે ચેતન, ચાતુરી ચિંતવ તું!
સકલ આગમનો થઈને જાણ; કર, તું શાંત સુધારસ પાન ! **ચિંતવ રે...૮**

## ❋ ૭ – આશ્રવ ભાવના ❋

### (ભુજંગપ્રયાત)

બધી બાજુએથી પડંતા ઝરાઓ, થકી જેમ જલ્દી ભરાતાં તળાવો;
ભર્યા પાપથી આશ્રવે જીવ એમ, બને આકુળા ચંચળા મ્લાન તેમ... **૧**

### (શાર્દૂલવિક્રીડિત)

જ્યાં હું કાંઈક ભોગવી બળ થકી ખંખેરું કર્મો જરી,
ત્યાં તો આશ્રવશત્રુઓ પળ-પળે સિંચંત કર્મો વળી;
હા! હા! આશ્રવશત્રુઓ કયમ કરી તે રોકવા શક્ય છે?...
શી રીતે અતિ ભીમ આ ભવ થકી ને મુક્તિ મારી થશે?... **૨**

## (प्रहर्षिणीवृत्तम्)

मिथ्यात्वाविरतिकषाययोगसंज्ञा –;
श्चत्वारः सुकृतिभिराश्रवाः प्रदिष्टाः ।
कर्माणि प्रतिसमयं स्फुटैरमीभि–;
र्बध्नन्तो भ्रमवशतो भ्रमन्ति जीवाः ॥३॥

## (रथोद्धतावृत्तम्)

इन्द्रियाव्रतकषाययोगजाः, पञ्च पञ्च चतुरन्वितास्त्रयः ।
पञ्चविंशतिरसत्क्रिया इति, नेत्रवेदपरिसङ्ख्ययाऽप्यमी ॥४॥

## (इन्द्रवज्रावृत्तम्)

इत्याश्रवाणामधिगम्य तत्त्वं ;
निश्चित्य सत्त्वं श्रुतिसन्निधानात् ।
एषां निरोधे विगलद्विरोधे;
सर्वात्मना द्राग् यतितव्यमात्मन् ॥५॥

## * सप्तम भावनागेयाष्टकम् धनाश्री–राग *

परिहरणीया रे, सुकृतिभिराश्रवा, हृदि समतामवधाय ।
प्रभवन्त्येते रे, भृशमुच्छृङ्खला, विभुगुणविभववधाय ॥१॥

कुगुरुनियुक्ता रे, कुमतिपरिप्लुताः, शिवपुरपथमपहाय ।
प्रयतन्तेऽमी रे, क्रियया दुष्टया, प्रत्युत शिवविरहाय ॥२॥

अविरतचित्ता रे, विषयवशीकृता, विषहन्ते विततानि ।
इहपरलोके रे, कर्मविपाकजा – न्यविरलदुःखशतानि ॥३॥

करिझषमधुपा रे, शलभमृगादयो, विषयविनोदरसेन ।
हन्त लभन्ते रे, विविधा वेदना, बत परिणतिविरसेन ॥४॥

## (પ્રહર્ષિણી)

૧. મિથ્યાત્વ ૨. અવિરતિ  ૩. કષાય  ૪. યોગ નામે,
એ ચારેય અશુભ આશ્રવો કહ્યા છે,
કર્મોને પ્રતિપળ એહથી ઉપાર્જી,
સંસારે ભ્રમવશ પ્રાણીઓ ભમે છે... ૩

## (રથોદ્ધતા)

પાંચ ઈન્દ્રિય, કષાય ચાર ને, પાંચ અવ્રત, કુયોગ ને ત્રણે,
ને પચીશ અશુભક્રિયા મળ્યા, બાર-ત્રીશ પણ આશ્રવો કહ્યા... ૪

## (ઈન્દ્રવજ્રા)

એ આશ્રવો કેરું સ્વરૂપ જાણી, શાસ્ત્રો ભણી થૈ દૃઢ સત્ત્વશાળી,
જલ્દી કરો, તે સહુનો નિરોધ, જેથી શમે જીવ, બધા વિરોધ... ૫

## ✻ ગીત ✻

## (રાગ : ધનાશ્રી)

**ભવિજન, ભાવે રે આશ્રવ પરિહરો! સમતાગુણ ઉર આણિ,**
કરતા એહ રે બહુ ઉછાંછળા આતમગુણની રે હાણિ. **ભવિજન...૧**

કુગુરુને યોગે રે કુમતિએ ખેંચીયા, મૂકી શિવપુર પંથ,
દોડે જાવા રે શિવથી વેગળા, દુષ્ટ ક્રિયા કરી હંત ! **ભવિજન...૨**

અવિરત જીવો રે વિષયને વશ બની, કર્મવિપાક તણાં,
ઈહ પરલોકે  રે અતિ કષ્ટે ભર્યા, સહેતા દુઃખ ઘણાં. **ભવિજન...૩**

ગજ-મછ-ભમરા રે શલભ-મૃગાદિકા, વિષયરસે થઈ લીન,
તાસ વિપાકે રે વિવિધ પ્રકારની, પામે વેદન દીન. **ભવિજન...૪**

उदितकषाया रे, विषयवशीकृता, यान्ति महानरकेषु ।
परिवर्तन्ते रे, नियतमनन्तशो, जन्मजरामरणेषु ॥५॥

मनसा वाचा रे, वपुषा चञ्चला, दुर्जयदुरितभरेण ।
उपलिप्यन्ते रे, तत आश्रवजये, यततां कृतमपरेण ॥६॥

शुद्धा योगा रे, यदपि यतात्मनां, स्रवन्ते शुभकर्माणि ।
काञ्चननिगडां-स्तान्यपि जानीयात्, हत निर्वृतिशर्माणि ॥७॥

मोदस्वैवं रे, साश्रवपाप्मनां, रोधे धियमाधाय ।
शान्तसुधारस-पानमनारतम्, विनय ! विधाय विधाय ॥८॥

## इति सप्तमः प्रकाशः

## ❊ संवर भावना ❊

**(स्वागतावृत्तद्वयम्)**

येन येन य इहाश्रवरोधः, सम्भवेन्नियतमौपयिकेन ।
आद्रियस्व विनयोद्यतचेता-स्तत्तदान्तरदृशा परिभाव्य ॥१॥

संयमेन विषयाविरतत्वे, दर्शनेन वितथाऽभिनिवेशम् ।
ध्यानमार्तमथ रौद्रमजस्रं, चेतसः स्थिरतया च निरुन्ध्याः ॥२॥

**(शालिनीवृत्तम्)**

क्रोधं क्षान्त्या मार्दवेनाभिमानं, हन्या माया-मार्जवेनोज्ज्वलेन ।
लोभं वारांराशिरौद्रं निरुन्ध्याः, सन्तोषेण प्रांशुना सेतुनेव ॥३॥

ઉગ્ર કષાયી રે વિષયને વશ પડ્યા, ઘોર નરક માંહિં જાય,
વાર અનંતી રે જન્મ-જરાદિના, ચક્કરમાં કચરાય. **ભવિજન...૫**

મન-વચ-કાયે રે ચંચળ, ચીકણી પાપરજે લેપાય,
તેથી પહેલાં રે આશ્રવ જીતવા, યત્ન કરો સઘળાય. **ભવિજન...૬**

ચોક્ખા યોગો રે જો કે શ્રમણને, બંધાવે શુભ કર્મ,
તો પણ જાણે રે બેડી હેમની, તે હણતા શિવશર્મ. **ભવિજન...૭**

આનંદો! રે પાપાશ્રવ તણા, રોધમહીં મતિવંત,
શાંત સુધારસ કેરા પાનને, વિનય તું નિત્ય કરંત. **ભવિજન...૮**

## * ૮ - સંવર ભાવના *

**(સ્વાગતા)**

જેહ જેહ કરતા સદુપાય, રોધ આશ્રવતણો ઝટ થાય,
આદરો, વિનયમાં મન ધારી, તેહ તેહ ઉરમાંહી વિચારી! ૧

સંયમે અવિરતિ-વિષયોને, દર્શનેથી અસદાગ્રહિતાને,
ધ્યાન આર્ત્ત વળી રૌદ્ર તું રોજ, ચિત્તને સ્થિર કરી ઝટ રોક. ૨

**(શાલિની)**

મારો ગુસ્સો-માન ને તેમ માયા, શસ્ત્રે ક્ષાંતિ નમ્રતા ઋજુતાના !
સિંધુ જેવો રૌદ્ર તે લોભ રૂંધ, બાંધી ઊંચો ખૂબ સંતોષ-બંધ ! ૩

## (स्वागतावृत्तम्)

गुप्तिभिस्तिसृभिरेवमजप्यान्, त्रीन् विजित्य तरसाधमयोगान् ।
साधुसंवरपथे प्रयतेथा, लप्स्यसे हितमनीहितमिद्धम् ॥४॥

## (मन्दाक्रान्तावृत्तम्)

एवं रुद्धे-ष्वमलहृदयै - राश्रवेष्वाप्तवाक्य-;
श्रद्धाचञ्चत् - सितपटपटुः, सुप्रतिष्ठानशाली ।
शुद्धैर्योगै-र्जवनपवनैः, प्रेरितो जीवपोतः;
स्रोतस्तीर्त्वा, भवजलनिधे-र्याति निर्वाणपुर्याम् ॥५॥

## ❊ अष्टम भावनागेयाष्टकम् नट-राग ❊

शृणु शिवसुखसाधनसदुपायम् ।
ज्ञानादिकपावनरत्नत्रय-परमाराधनमनपायम् ॥१॥

विषयविकारमपाकुरु दूरं, क्रोधं मानं सह मायम् ।
लोभरिपुं च विजित्य सहेलं, भज संयमगुणमकषायम् ॥२॥

उपशमरसमनुशीलय मनसा, रोषदहनजलदप्रायम् ।
कलय विरागं धृतपरभागं, हृदि विनयं नायं नायम् ॥३॥

आर्तं रौद्रं ध्यानं मार्जय, दह विकल्परचनाऽनायम् ।
यदियमरुद्धा मानसवीथी, तत्त्वविदः पन्था नाऽयम् ॥४॥

संयमयोगैरवहितमानस-शुद्ध्या चरितार्थय कायम् ।
नानामतरुचिगहने भुवने, निश्चिनु शुद्धपथं नायम् ॥५॥

ब्रह्मव्रतमङ्गीकुरु विमलं, बिभ्राणं गुणसमवायम् ।
उदितं गुरुवदनादुपदेशं, सङ्गृहाण शुचिमिव रायम् ॥६॥

### (સ્વાગતા)

ગુપ્તિથી ત્રણથી તેમ અજેય, જીતતો અશુભયોગ ત્રણેય
શુદ્ધ સંવરપથે ચડ ભવ્ય! પામશો, હિત અકલ્પિત દિવ્ય. ૪

### (મંદાક્રાંતા)

રૂંધી દૈને વિમલ હૃદયે આશ્રવોરૂપ નાળાં,
શ્રદ્ધા કેરા ધવલ સઢને સુપ્રતિષ્ઠાનવાળા,
સદ્યોગોના પ્રબળ પવને પ્રેરિયા જીવપોત,
પ્હોંચે મુક્તિપુર ઝટ તરી તે ભવામ્ભોધિસ્રોત ! ૫

### * ગીત *

### (રાગ : નટ)

**શિવસુખનાં સાધન સાંભળ તું,**
સાંભળ તું રે ! સાંભળ તું રે.. શિવસુખનાં સાધન સાંભળ તું,
જ્ઞાનાદિક રત્નત્રયીનું કર, આરાધન અતિ સુંદર તું... **શિવ...૧**

વિષય વિકારો દૂર કરીને ક્રોધ-માનને પરિહર તું,
જીતી માયા-લોભ રમતમાં, અકષાયી સંયમ વર તું. **શિવ...૨**

ઘૂંટ હૃદયમાં ઉપશમરસ જે, રોષ-અગનમાં જલધર તું,
લાવી લાવી વિનય હૃદયમં, પરમ વિરાગદશા ધર તું. **શિવ...૩**

આર્ત રૌદ્રને વાળી ઝૂડી વિકલ્પજાળે કર બળતું,
તત્ત્વવેદીનો મારગ જાણી, મન મારગને સંવર તું. **શિવ...૪**

સંયમ યોગે શુદ્ધ કરી મન, કાયાનું કર મંગળ તું,
વિવિધ મતોથી ગીચ જગતમાં, શુદ્ધ સરલ પથ આદર તું. **શિવ...૫**

ગુણના વૃંદ ધરંતાં નિર્મળ, બ્રહ્મવ્રતને આચર તું,
ગુરુમુખથી ખરતાં વચનોને શુચિરત્નો જિમ સંઘર તું. **શિવ...૬**

संयमवाङ्मयकुसुमरसैरति–सुरभय निजमध्यवसायम् ।
चेतनमुपलक्षय कृतलक्षण–ज्ञानचरणगुणपर्यायम् ॥७॥

वदनमलङ्कुरु पावनरसनं, जिनचरितं गायं गायम् ।
सविनय ! शान्तसुधारसमेनं, चिरं नन्द पायं पायम् ॥८॥

## इति अष्टमः प्रकाशः

## * निर्जरा भावना *

### (इन्द्रवज्रावृत्तम्)

यन्निर्जरा द्वादशधा निरुक्ता, तद् द्वादशानां तपसां विभेदात् ।
हेतुप्रभेदादिह कार्यभेदः, स्वातन्त्र्यतस्त्वेकविधैव सा स्यात् ॥१॥

### (अनुष्टुब् वृत्तद्वयम्)

काष्ठोपलादिरूपाणां, निदानानां विभेदतः ।
वह्निर्यथैकरूपोऽपि, पृथग्रूपो विवक्ष्यते ॥२॥

निर्जरापि द्वादशधा, तपोभेदैस्तथोदिता ।
कर्मनिर्जरणात्मा तु, सैकरूपैव वस्तुतः ॥३॥

### (उपेन्द्रवज्रावृत्तम्)

निकाचितानामपि कर्मणां यद्, गरीयसां भूधरदुर्धराणाम् ।
विभेदने वज्रमिवातितीव्रं, नमोऽस्तु तस्मै तपसेऽद्भुताय ॥४॥

### (उपजातिवृत्तम्)

किमुच्यते सत्तपसः प्रभावः, कठोरकर्मार्जितकिल्बिषोऽपि ।
दृढप्रहारीव निहत्य पापं, यतो–ऽपवर्गं लभतेऽचिरेण ॥५॥

यथा सुवर्णस्य शुचिस्वरूपं, दीप्तः कृशानुः प्रकटीकरोति ।
तथात्मनः कर्मरजो निहत्य, ज्योतिस्तपस्तद्विशदीकरोति ॥६॥

સંયમ શાસ્ત્ર કુસુમ રસ ગંધે, અધ્યવસાયોને ભર તું,
જ્ઞાન-ચરણ ગુણમય લક્ષણથી, ચેતનની ઓળખ કર તું. **શિવ...૭**

જિનચરિતો ગાવાથી પાવન-જીભે મુખને અલંકર તું,
વિનયે શાંતસુધારસ પીને, આનંદે રહેજે ચિર તું. **શિવ...૮**

## ✻ ૯ – નિર્જરા ભાવના ✻

### (ઇંદ્રવજ્રા)

જે નિર્જરાને કહીં બાર ભેદે, છે બાર ભેદે તપ ધર્મ તેણે,
ભેદો પડ્યા કારણ ભેદથી એ, તે મૂળ તો એક જ ભેદની છે! **૧**

### (અનુષ્ટુપ)

કાષ્ઠ-પાષાણ ઈત્યાદિ પ્રભેદોથી નિદાનના,
એકરૂપ છતાં વહ્નિ, સ્વરૂપો ધારતો ઘણાં ! **૨**

તપના ભેદથી તેમ, નિર્જરા ભેદ બાર છે,
કર્મક્ષય સ્વરૂપે તે, વસ્તુતઃ એકરૂપ છે. **૩**

### (ઉપેન્દ્રવજ્રા)

ભવો ભવોના અતિચીકણા ને, પહાડ શા દુર્ધર કર્મપુંજ,
જે વજ્રની જેમ તુરંત ભેદે, અપૂર્વ તે હું તપને નમું છું. **૪**

### (ઉપજાતિ)

અઘોરકર્મી બહુ પાપીયાએ, જેણે હણી પાતિક મુક્તિ પામે,
દઢપ્રહારી જયમ શીઘ્ર થાય, પ્રભાવ તે આ તપના કહાય. **૫**

સુવર્ણનું શુદ્ધ સ્વરૂપ જેમ, ખુલ્લું કરે અગ્નિ જ્વલંત તેમ,
દૂરે કરી આત્મની કર્મધૂળ, જ્યોતિ ઉઘાડે તપ આ અમૂલ. **૬**

## (स्रग्धरावृत्तम्)

बाह्येनाभ्यन्तरेण, प्रथितबहुभिदा, जीयते येन शत्रु-;
श्रेणी बाह्यान्तरङ्गा, भरतनृपतिवद् भावलब्धद्रढिम्ना ।
यस्मात् प्रादुर्भवेयु:, प्रकटितविभवा, लब्धयः सिद्धयश्च;
वन्दे स्वर्गापवर्गा-र्पणपटु सततं, तत्तपो विश्ववन्द्यम् ॥७॥

### ❋ नवम भावनागेयाष्टकम् - सारंग - राग ❋

विभावय विनय ! तपोमहिमानं, विभावय विनय! तपोमहिमानम् ।
बहुभवसञ्चितदुष्कृतममुना, लभते लघु लघिमानम् ॥१॥

याति घनाऽपि घनाघनपटली, खरपवनेन विरामम् ।
भजति तथा तपसा दुरिताली, क्षणभङ्गुरपरिणामम् ॥२॥

वाञ्छितमाकर्षति दूरादपि, रिपुमपि व्रजति वयस्यम् ।
तप इदमाश्रय निर्मलभावा-दागमपरमरहस्यम् ॥३॥

अनशनमूनोदरतां वृत्ति-ह्रासं रसपरिहारम् ।
भज सांलीन्यं कायक्लेशं, तप इति बाह्यमुदारम् ॥४॥

प्रायश्चित्तं वैयावृत्त्यं, स्वाध्यायं विनयं च ।
कायोत्सर्गं शुभध्यान, - माभ्यन्तर-मिदमञ्च ॥५॥

शमयति तापं गमयति पापं, रमयति मानसहंसम् ।
हरति विमोहं दूरारोहं, तप इति विगताशंसम् ॥६॥

संयमकमलाकार्मणमुज्ज्वल - शिवसुखसत्यङ्कारम् ।
चिन्तितचिन्तामणिमाराधय, तप इह वारंवारम् ॥७॥

कर्मगदौषधमिदमिदमस्य च, जिनपतिमतमनुपानम् ।
विनय ! समाचार सौख्यनिधानं, शान्तसुधारसपानम् ॥८॥

## इति नवमः प्रकाशः

**(સ્ત્રગ્ધરા)**

બાહ્યાંતર બેય ભેદે વિપુલ સુદઢ થૈ ભાવના જોશથી જે,
જીતાડે સર્વ વૈરી ભરત નૃપ પરે બાહ્ય ને માંહ્યલા તે,
જેનાથી ઋદ્ધિવંતી સવિ પ્રગટ થતી લબ્ધિ ને સિદ્ધિ સદ્ય,
ને મુક્તિ સ્વર્ગ દેતો ઝટ નિત તપ તે વંદુ હું વિશ્વવંદ્ય. ૭

*** ગીત ***

**(રાગ : સારંગ)**

**વિનય, તું તપનો મહિમા જાણ!**
ભવ ભવ સંચિત પાપો જેણે, પામે જલ્દી હાણ... **વિનય...૧**

ગાઢાં વાદળ પણ જયમ ઝંઝાવાતે ઝટ વિખરાય;
તેમ દુરિતની શ્રેણિ તપથી, ક્ષણમાં નાશી જાય... **વિનય...૨**

આઘેથી પણ ઈચ્છિત આણે, રિપુને કરે વયસ્ય,
તપ તે આદર નિર્મળ ભાવે, જે આગમનું રહસ્ય... **વિનય...૩**

અણસણ-ઉણોદરી ને વૃત્તિહ્રાસ ને રસ પરિહાર,
સંલીનતાને કાયકલેશ એ, તપ છે બાહ્ય ઉદાર... **વિનય...૪**

પ્રાયશ્ચિત ને વૈયાવચ્ચ વળી, વિનય તેમ સ્વાધ્યાય,
કાઉસ્સગ્ગ ને શુદ્ધ ધ્યાન એ, આભ્યંતર તપ ભાય... **વિનય...૫**

તાપ શમાવે પાપ ગમાવે, માનસહંસ રમાવે,;
ગાઢો મોહ હરે તપ કરતાં; નિરાશંસ શુભસાવે... **વિનય...૬**

સંયમ લક્ષ્મીનું કામણ, ઉજ્જ્વળ-શિવસુખ કેરો કોલ!;
વળી વળી એ તપ આરાધો જે, ચિંતામણી જ્યું અમોલ !... **વિનય...૭**

કર્મરોગના ઔષધ તપનું, જિને કહ્યું અનુપાન,
સુખનું નિધિસમ શાંતસુધારસ, તેનું કર તું પાન!... **વિનય...૮**

## ✻ धर्मस्वाख्यात भावना ✻

### (उपजाति वृत्तम्)

दानं च शीलं च तपश्च भावो;
धर्मश्चतुर्धा जिनबान्धवेन ।
निरूपितो यो जगतां हिताय;
स मानसे मे रमतामजस्रम् ॥१॥

### (इन्द्रवज्रावृत्तत्रयम्)

सत्यक्षमामार्दवशौचसङ्ग-; त्यागाऽऽर्जवब्रह्मविमुक्तियुक्तः ।
यः संयमः किं च तपोऽवगूढ-; श्चारित्रधर्मो दशधाऽयमुक्तः ॥२॥
यस्य प्रभावादिह पुष्पदन्तौ; विश्वोपकाराय सदोदयेते ।
ग्रीष्मोष्मभीष्मामुदितस्तडित्वान्; काले समाश्वासयति क्षितिं च ॥३॥
उल्लोल कल्लोलकलाविलासै-; र्नाप्लावयत्यम्बुनिधिः क्षितिं यत् ।
न घ्नन्ति यद् व्याघ्रमरुद्दवाद्या; धर्मस्य सर्वोऽप्यनुभाव एषः ॥४॥

### (शार्दूलविक्रीडितं वृतम्)

यस्मिन्नैव पिता हिताय यतते, भ्राता च माता सुतः;
सैन्यं दैन्यमुपैति चापचपलं, यत्राऽफलं दोर्बलम् ।
तस्मिन् कष्टदशाविपाकसमये, धर्मस्तु संवर्मितः;
सज्जः सज्जन एष सर्वजगत-स्त्राणाय बद्धोद्यमः ॥५॥
त्रैलोक्यं सचराचरं विजयते, यस्य प्रसादादिदं;
योऽत्रा-ऽमुत्र हितावहस्तनुभृतां, सर्वार्थसिद्धिप्रदः ।
येनानर्थकदर्थना निजमहःसामर्थ्यतो व्यर्थिता;
तस्मै कारुणिकाय धर्मविभवे, भक्तिप्रणामोऽस्तु मे ॥६॥

### (मन्दाक्रान्ता वृत्तम्)

प्राज्यं राज्यं सुभगदयिता, नन्दना नन्दनानां;
रम्यं रूपं सरसकविताचातुरी, सुस्वरत्वम् ।
नीरोगत्वं गुणपरिचयः, सज्जनत्वं सुबुद्धिं;
किं नु ब्रूमः फलपरिणतिं, धर्मकल्पद्रुमस्य ॥७॥

## * ૧૦ - ધર્મ ભાવના *

### (ઉપજાતિ)

જે ધર્મ દાનાદિક ચાર ભેદે, કહ્યો જગદ્બંધુ જિનેશ્વરોએ, !
રે વિશ્વકેરા ઉપકાર માટે, રમો અમારા મનમાં સદા તે ! ૧

### (ઈન્દ્રવજ્રા)

સત્ય-ક્ષમા-માર્દવ-શૌચ-મુક્તિ નિઃસંગતા-આર્જવ-બ્રહ્મશુદ્ધિ,
ને સંયમાકિંચનતાથી યુક્ત, દશ પ્રકારે યતિધર્મ ઉક્ત. ૨
જેના પ્રભાવે શશિ-સૂર ઊગે, સદા અહીં વિશ્વ ભલાઇ કાજે,
આવી વળી વાદળવૃંદ કાળે, ઠારે તપેલી ધરતી ઉનાળે. ૩
અત્યંત ઊંચા જળના ઉછાળે, જે પૃથ્વીને સાગર ના ડૂબાડે,
ને વ્યાઘ્ર-દાવાદિ કરે ન નાશ, છે ધર્મનો એ સઘળો વિલાસ ! ૪

### (શાર્દૂલવિક્રીડિત)

જ્યારે માતપિતા-સુતાદિક સગા કલ્યાણકારી મટે,
સેના દીન બને, ધનુષ ચપળ, આ શક્તિ ભુજાની ઘટે,
તેવા એ કઠિણાઇના સમયમાં અંગો સજી બખ્તરે,
ઉભો સજ્જન ધર્મ સર્વજગની રક્ષા મહીં સજ્જ રે ! ૫

જેની દિવ્ય કૃપા થકી જગ કરે કલ્લોલ સૌ જીવનું,
જે આહીં પરલોકમાં હિત વહે વાંછા બધી પૂરતો;
પીઠા સર્વ અનર્થની નિજ મહા સામર્થ્યથી ચૂરતો,
જે તે વિશ્વકૃપાળુ ધર્મવિભુને હું ભક્તિભાવે નમું ! ૬

### (મંદાક્રાંતા)

મોટાં રાજ્યો, સુભગ દયિતા, પુત્રને ઘેર પુત્ર,
સારી બુદ્ધિ, ગુણિયલપણું, રમ્ય ને સ્વસ્થ ગાત્ર,
ઘેરો મીઠો સ્વર, સુજનતા, કાવ્યચાતુર્ય પાકે,
કેવાં? કેવાં? ફળઅજબ રે ધર્મકલ્પદ્રુશાખે। ૭

## ❊ दशम भावनागेयाष्टकम् वसन्त – राग ❊

पालय पालय रे पालय मां जिनधर्म!;
मङ्गलकमलाकेलिनिकेतन !, करुणाकेतन ! धीर ! ।
शिवसुखसाधन !, भवभयबाधन!, जगदाधार ! गंभीर ! ॥१॥

सिञ्चति पयसा जलधरपटली, भूतलममृतमयेन ।
सूर्याचन्द्रमसावुदयेते, तव महिमातिशयेन ॥२॥

निरालम्बमियमसदाधारा, तिष्ठति वसुधा येन ।
तं विश्वस्थितिमूलस्तम्भं, त्वां सेवे विनयेन ॥३॥

दानशीलशुभभावतपोमुख–चरितार्थीकृतलोकः ।
शरणस्मरणकृतामिह भविनां, दूरीकृतभयशोकः ॥४॥

क्षमासत्यसन्तोषदयादिक–सुभगसकलपरिवारः ।
देवासुरनरपूजितशासन–कृतबहुभवपरिहारः ॥५॥

बन्धुरबन्धुजनस्य, दिवानिश–मसहायस्य सहाय ।
भ्राम्यति भीमे भवगहनेऽङ्गी, त्वां बान्धवमपहाय ॥६॥

द्रङ्गति गहनं जलति कृशानुः, स्थलति जलधिरचिरेण ।
तव कृपयाखिलकामितसिद्धि–, र्बहुना किं नु परेण ? ॥७॥

इह यच्छसि सुखमुदितदशाङ्गं, प्रेत्येन्द्रादिपदानि ।
क्रमतो ज्ञानादीनि च वितरसि, निः श्रेयससुखदानि ॥८॥

सर्वतन्त्रनवनीत ! सनातन!, सिद्धिसदनसोपान !।
जय जय विनयवतां प्रतिलम्भित–शान्तसुधारसपान ! ॥९॥

**इति दशमः प्रकाशः**

## ✻ ગીત ✻

## (રાગ : વસંત)

**પાળ તું પાળતું રે, પાળ મને જિનધર્મ!**

મંગળ કમળાના ક્રીડા ઘર કરૂણાસાગર ધીર!
શિખસુખકારણ! ભવભયવારણ! જગદાધાર ગંભીર ! **પાળ તું ..૧**

મેઘમાળ ભૂતળને સીંચે, જે અમૃતમય જળથી,
સૂરજ-ચંદ સદા ઊગે જે, તે તુજ મહિમા બળથી. **પાળ તું ..૨**

નિરાધાર વસુધા વણટેકે, સ્થિર છે જાસ પ્રભાવે,
વિશ્વસ્થિતિના મૂળથંભ હે! ભજું તને નતભાવે... **પાળ તું ..૩**

દાન-શીલ-શુભભાવ-તપાદિથી કરતો વિશ્વ કૃતાર્થ,
ભીતિ-શોક હરે જે નિજનું, શરણ સ્મરે ભવિસાર્થ. **પાળ તું ..૪**

ક્ષમા- સત્ય-સંતોષ-દયાદિક, જાસ સુભગ પરિવાર,
દેવ અસુર નર પૂજે જેનું, શાસન ભવભયહાર... **પાળ તું ..૫**

નિઃસહાયનો સહાયક તું નિત, બંધુ રહિતનો ભાઇ,
તુજ સમ બંધુ તજી ભવવનમાં, ભમતા સહુ જીવ ધાઇ..**પાળ તું ..૬**

અટવી ગૃહસમ-જલસમ અગ્નિ, જલધિ સ્થલસમ થાય,
તુજ કૃપાથી સિવ કામિતસિદ્ધિ, બહુ પરથી શું પમાય? **પાળ તું ..૭**

અહીં આપે સુખ દશવિધ પરભવ, ઇંદ્રાદિક પદ દેતો,
ક્રમશઃ નિઃશ્રેયસ સુખદાયક, જ્ઞાનાદિક અર્પંતો! **પાળ તું ..૮**

સર્વ શાસ્ત્રના સાર! સનાતન! સિદ્ધિસદન સોપાન !
જય! જય! તું વિનયીને દેતો, શાંત સુધારસપાન ! **પાળ તું ..૯**

## ❊ लोक स्वरुप भावना ❊

### (शालिनीवृत्तम्)

सप्ताधोऽधो विस्तृता याः पृथिव्य-; श्छत्राकाराः सन्ति रत्नप्रभाद्याः ।
ताभिः पूर्णो यो-ऽस्त्यधोलोक एतौ; पादौ यस्य व्यायतौ सप्तरज्जू ।।१।।

तिर्यग्लोको विस्तृतो रज्जुमेकां; पूर्णो द्वीपैरर्णवान्तैरसंख्यैः ।
यस्य ज्योतिश्चक्रकाञ्चीकलापं; मध्ये कार्श्यं श्रीविचित्रं कटित्रम् ।।२।।

लोकोऽथोर्ध्वे ब्रह्मलोके द्युलोके; यस्य व्याप्तौ कूर्परो पञ्चरज्जू ।
लोकस्याऽन्तो विस्तृतो रज्जुमेकां; सिद्धज्योतिश्चित्रको यस्य मौलिः ।।३।।

यो वैशाखस्थानकस्थायिपादः; श्रोणीदेशे न्यस्तहस्तद्वयश्च ।
कालेऽनादौ शश्वदूर्ध्वं दमत्वाद्; बिभ्राणोऽपि श्रान्तमुद्रामखिन्नः ।।४।।

सोऽयं ज्ञेयः पूरुषो लोकनामा; षड्द्रव्यात्माऽकृत्रिमोऽनाद्यनन्तः ।
धर्माधर्माकाशकालात्मसंज्ञै-; र्द्रव्यैः पूर्णः सर्वतः पुद्गलैश्च ।।५।।

रङ्गस्थानं पुद्गलानां नटानां; नानारूपैर्नृत्यतामात्मनां च ।
कालोद्योगस्वस्वभावादिभावैः; कर्मातोद्यैर्नर्तितानां नियत्या ।।६।।

एवं लोको भाव्यमानो विविक्त्या; विज्ञानां स्यान् मानसस्थैर्यहेतुः ।
स्थैर्यं प्राप्ते मानसे चात्मनीना; सुप्राप्यैवाध्यात्मसौख्यप्रसूतिः ।।७।।

### ❊ एकादश भावनागेयाष्टकम् काफी-राग ❊

विनय ! विभावय शाश्वतं, हृदि लोकाकाशम् ।
सकलचराचरधारणे, परिणमदवकाशम् **विनय०** ।।१।।

लसदलोकरिवेष्टितं, गणनातिगमानम् ।
पञ्चभिरपि धर्मादिभिः सुघटितसीमानम् **विनय०** ।।२।।

## ❊ ૧૧ - લોકસ્વરૂપ ભાવના ❊

## (શાલિની)

નીચે નીચે સાત રત્નપ્રભાદી, જે છે નર્કો છત્ર આકારધારી,
તેણે પૂર્યો આ અધોલોક જેના, પાદો બે છે સાત રજ્જુ પહોળા. ૧

પ્હોળો તિર્છોલોક ને એક રાજ, જ્યાં છે દ્વીપો અબ્ધિવીંટ્યા અસંખ્ય,
વીંટી જ્યોતિશ્ચક્રની કાંચિ રમ્ય, જેનો સોહે પાતળો કેડ ભાગ. ૨

ઊર્ધ્વે લોકે જેહનો બ્રહ્મસ્વર્ગ પ્હોળો રજજુ પાંચ છે કોણિભાગ,
પ્હોળો રજ્જુ એક લોકાંત જાસ, મૌલી સિદ્ધોરૂપ જ્યોતે લસંત. ૩

જે વૈશાખસ્થાનકે પાદ રાખી, કેડે મૂકી હાથ બન્ને અનાદિ-
કાળેથી ઊભો છે ટટ્ટાર નિત્ય, થાક્યો લાગે તોય મુદ્રા અખિન્ન. ૪

તે આ જાણો લોક નામે પુરૂષ ષટ્દ્રવ્યાત્મા શાશ્વતો ને અનાદિ-
અનંતો ને ધર્મ આકાશ આદિ, દ્રવ્યે પૂર્યા જેહના સર્વદેશ. ૫

રંગસ્થાન પુદ્ગલોનું અને જે, નાના રૂપે નાચતા જીવનું છે,
કાલોદ્યોગાદિકના ભાવે કર્મ-વાજિંત્રોથી નિયતિએ નચાવ્યાં, ૬

આવો લોક ચિંતવાતો વિવેકે, આપે ડાહ્યાને મનઃસ્થૈર્ય સ્હેજે,
સ્થૈર્ય આવ્યે ચિત્તમાં તુર્ત થાતી આત્મા કેરા દિવ્ય સૌખ્યોની પ્રાપ્તિ. ૭

## ❊ ગીત ❊

## (રાગ : કાફી)

**વિનય, તું ચિંતવ ચિત્તમાં, શાશ્વત લોકાકાશ,**
સકલ ચરાચર વસ્તુને, આપે જે અવકાશ. **વિનય...૧**

દીપ્ર અલોકથી વીટ્યું જે, જેનું માન અમાપ,
ધર્માદિક દ્રવ્યે રચી, જેની સીમા આપ. **વિનય...૨**

समवघातसमये जिनैः, परिपूरितदेहम् ।
असुमदणुकविविधक्रिया-गुणगौरवगेहम्    **विनय०** ॥३॥

एकरूपमपि पुद्गलैः, कृतविविधविवर्तम् ।
क्वचनशैलशिखरोन्नतं, क्वचिदवनतगर्तम्    **विनय०** ॥४॥

क्वचन तविषमणिमन्दिरै-रुदितोदितरूपम् ।
घोरतिमिरनरकादिभिः, क्वचनातिविरूपम्    **विनय०** ॥५॥

क्वचिदुत्सवमयमुज्ज्वलं, जयमङ्गलनादम् ।
क्वचिदमन्दहाहारवं, पृथुशोकविषादम्    **विनय०** ॥६॥

बहुपरिचितमनन्तशो, निखिलैरपि सत्त्वैः ।
जन्ममरणपरिवर्तिभिः, कृतमुक्तममत्वैः    **विजय०** ॥७॥

इह पर्यटनपराङ् मुखाः, प्रणमत भगवन्तम् ।
शान्तसुधारसपानतो, धृतविनयमवन्तम्    **विनय०** ॥८॥

## इति एकादशः प्रकाशः

## ✻ बोधिदुर्लभभावना ✻

### (मन्दाक्रान्ता वृत्तम्)

यस्माद्विस्मा-पयितसुमनः- स्वर्गसम्पद्विलास-;
प्राप्तोल्लासाः, पुनरपि जनिः, सत्कुले भूरिभोगे ।
ब्रह्माद्वैत-प्रगुणपदवी-प्रापकं निःसपत्नं;
तद् दुष्प्रापं, भृशमुरुधियः, सेव्यतां बोधिरत्नम्    ॥१॥

સમુદ્‌ઘાત સમયે જિને, જેને નિજથી પૂર્યું,
જીવ અણુની વિવિધ ક્રિયા, ના ગૌરવે ઘેર્યું. **વિનય...૩**

એક છતાં પુદ્‌ગલ વડે રૂપો બહુવિધ કરતું,
કયાંક ઊંચા મેરુ કયહીં, ઊંડી ગર્ત્તા ધરતું. **વિનય...૪**

ક્યાંક અમર મણિ ગેહના, તેજે દીપે જેહ,
ક્યાંક વિરૂપ નરકાદિના, ઘોર તિમિરનું ગેહ. **વિનય...૫**

ક્યાંક ઉત્સવમય ઊજળું ગાજે જયનાદે,
કયાંક મહા હાહારવે ભર્યું શોક વિષાદે. **વિનય...૬**

મમતા કરીને મૂકતા, જન્મ-મરણે ફરતા,
વાર અનંતી જીવ સહુ, જસ પરિચય કરતા. **વિનય...૭**

પ્રણમો જિનને જો તમે, થાક્યા અહીં ફરતાં,
જેહ શમામૃત પાનથી, વિનયીને ઉદ્ધરતા. **વિનય...૮**

## ❊ ૧૨ - બોધિદુર્લભ ભાવના ❊

**(મંદાક્રાન્તા)**

જેણે સૌને ચકિત કરતા સ્વર્ગના ભોગ રંગ
ઊંચા ભોગી કુળ મહીં વળી જન્મ ઉલ્લાસ સંગ,
ને આપે જે પદવી પરમબ્રહ્મની તે અનન્ય,
સેવો નિત્યે પરમદુલહું બોધિનું રત્ન ધન્ય ! ૧

### (भुजङ्गप्रयातवृत्तत्रयम्)

अनादौ निगोदान्धकूपे स्थिताना-; मजस्रं जनुर्मृत्युदु:खार्दितानाम् ।
परीणामशुद्धि: कुतस्तादृशी स्याद्; यया हन्त तस्माद्विनिर्यान्ति जीवा: ॥२॥

ततो निर्गतानामपि स्थावरत्वं,; त्रसत्वं पुनर्दुर्लभं देहभाजाम् ।
त्रसत्वेऽपि पञ्चाक्षपर्याप्तसंज्ञि-; स्थिरायुष्यवद् दुर्लभं मानुषत्वम् ॥३॥

तदेतन्मनुष्यत्वमाप्यापि मूढो; महामोहमिथ्यात्वमायोपगूढ: ।
भ्रमन् दूरमग्नो भवागाधगर्ते; पुन: क्व प्रपद्येत तद्बोधिरत्नम् ॥४॥

### (शिखरिणी वृत्तम्)

विभिन्ना: पन्थान:, प्रतिपदमनल्पाश्च मतिन:;
कुयुक्तिव्यासङ् गै-र्निजनिजमतोल्लासरसिका: ।
न देवा: सांनिध्यं, विदधति नवा कोऽप्यतिशय-;
स्तदेवं कालेऽस्मिन्, य इह दृढधर्मा स सुकृती ॥५॥

### (शार्दूलविक्रीडितं वृत्तम्)

यावद्देहमिदं गदैर्न मृदितं, नो वा जराजर्जरं;
यावत्त्वक्षकदम्बकं स्वविषय-ज्ञानावगाहक्षमम् ।
यावच्चायुरभङ् गुरं निजहिते, तावद्बुधैर्यत्यतां;
कासारे स्फुटिते जले प्रचलिते, पालि: कथं बध्यते ॥६॥

### (अनुष्टुब्वृत्तम्)

विविधोपद्रवं देह-मायुश्च क्षणभङ् गुरम् ।
कामालम्ब्य धृतिं मूढै:, स्वश्रेयसि विलम्ब्यते ॥७॥

## (ભુજંગપ્રયાત)

અનાદિ નિગોદાંધ કૂપે પડેલા, સદા જન્મ ને મૃત્યુ દુઃખે પીડેલા,
જીવો ક્યાંથી તેવી પરિણામ શુદ્ધિ-લહે? જેથી પામે હાહા ત્યાંથી મુક્તિ ? ૨

લહે નીકળી ત્યાંજી જો સ્થાવરત્વ, વળી દુલ્લહું તે જીવોને ત્રસત્વ;
ત્રસત્વેય દુર્લભ્ય છે માનવત્વ, સ્થિરાયુષ્ય પંચેંદ્રિયાદિથી યુક્ત. ૩

મનુષ્યત્વ તેવું લહીનેય ઘેલો, મહામોહ-મિથ્યાત્થ્વ-માયાથી મેલો;
ભમંતો બૂડી ઘોર સંસાર ખાડે, ફરી પામશે બોધિનું રત્ન ક્યાં રે ! ૪

## (શિખરિણી)

ઘણેરા પંથો, ને ડગ-ડગ ફરે કૈંક કુમતિ,
કુતર્કો વિસ્તારી નિજ-નિજ મતોને નિરૂપતા,
ન આવે દેવો હ્યાં, અતિશય નથી કોઇય છતાં,
રહે આવા કાળે દૃઢ ધરમમાં, તે જ સુકૃતિ ! ૫

## (શાર્દૂલવિક્રીડિત)

કાયા રોગ થકી મથાય અથવા ઝૂકે જરાથી જરી,
ને આ ઇન્દ્રિયવૃંદ નિર્બળ બને, આયુષ્ય ખૂટે વળી;
પે પ્હેલાં થઇ સજ્જ આત્મહિતમાં સૌ સજ્જનો લાગજો !
ફૂટી જાય તળાવ વારિ વહતું ત્યારે શું પાળી રચો ! ૬

## (અનુષ્ટુપ)

ઉપદ્રવે ભર્યો દેહ, આયુને ક્ષણમાં તૂટે;
કયું ધૈર્ય ધરી મૂઢો, નિજના હિતથી હટે? ૭

## * द्वादश भावनागेयाष्टकम् धनाश्री-राग *

बुध्यतां बुध्यतां बोधिरतिदुर्लभा;
जलधिजलपतितसुररत्नयुक्त्या ।
सम्यगाराध्यतां स्वहितमिह साध्यतां;
बाध्यतामधरगतिरात्मशक्त्या ॥१॥

चक्रिभोज्यादिरिव नरभवो दुर्लभो, भ्राम्यतां घोरसंसारकक्षे ।
बहुनिगोदादिकायस्थितिव्यायते, मोहमिथ्यात्वमुखचोरलक्षे ॥२॥

लब्ध इह नरभवोऽनार्यदेशेषु यः, स भवति प्रत्युतानर्थकारी ।
जीवहिंसादिपापाश्रवव्यसनिनां, माघवत्यादिमार्गानुसारी ॥३॥

आर्यदेशस्पृशामपि सुकुलजन्मनां, दुर्लभा विविदिषा धर्मतत्त्वे ।
रतपरिग्रहभयाहारसंज्ञार्तिभि-र्हन्त मग्नं जगद्दुःस्थितत्वे ॥४॥

विविदिषायामपि श्रवणमतिदुर्लभं, धर्मशास्त्रस्य गुरुसन्निधाने ।
वितथविकथादितत्तद्रसावेशतो, विविधविक्षेपमलिनेऽवधाने ॥५॥

धर्ममाकर्ण्य सम्बुध्य तत्रोद्यमं, कुर्वतो वैरिवर्गोऽन्तरङ्गः ।
रागद्वेषश्रमालस्यनिद्रादिको, बाधते निहतसुकृतप्रसङ्गः ॥६॥

चतुरशीतावहो योनिलक्षेष्वियं, क्व त्वयाकर्णिता धर्मवार्ता ।
प्रायशो जगति जनता मिथो विवदते, ऋद्धिरसशातगुरुगौरवार्ता ॥७॥

एवमतिदुर्लभात् प्राप्य दुर्लभतमं, बोधिरत्नं सकलगुणनिधानम् ।
कुरु गुरुप्राज्यविनयप्रसादोदितं, शान्तरससरसपीयूषपानम् ॥८॥

### इति द्वादशः प्रकाशः

## * ગીત *

## (રાગ : ધનાશ્રી)

**જાણજો ! જાણજો ! બોધિ દુર્લભ અતિ**
જેમ સુરમણિ જલધિમાં પડેલો।
સાચું આરાધજો ! સ્વહિત અહીં સાધજો !
નિજ બળે નીચગતિ દૂર ઠેલો ! **જાણજો...૧**

ચક્રિભોજન પરે મનુજભવ નહિ મળે,
ઘોર સંસારવનમાંહિં ભમતાં,
જે નિગોદાદિની સ્થિતિરૂપે વિસ્તર્યું
લાખ મોહાદિ જ્યાં ચોર રમતા. **જાણજો...૨**

મ્લેચ્છદેશોમહીં મનુજભવ પામિયો,
થાય તે તો અહો અહિતકારી;
જીવહિંસાદિનાં ઘોર પાપો થકી,
નરકના પથમહીં થાય ચારી. **જાણજો...૩**

આર્યદેશે મળે સુકુલમાં જન્મ પણ,
ધર્મ જિજ્ઞાસુપણું હોય દૂરે,
ચાર સંજ્ઞા તણી પીડથી જગત હા !
દુર્દશામાં ડુબી દીન ઝૂરે. **જાણજો...૪**

હોય જિજ્ઞાસુ પણ શ્રવણ દુર્લભ અતિ,
ધર્મશાસ્ત્રો તણું સુગુરુ પાસે,
વ્યર્થ વિકથાદિને રસ રમ્યું ચિત્ત જ્યાં,
વિવિધ વિક્ષેપથી મલિન ભાસે ! **જાણજો...૫**

ધર્મને સાંભળી સમજી જ્યાં આદરે,
માંહ્યલા રિપુ મળી સર્વ ભેળા,
રાગ ને રોષ વળી થાક નિદ્રાદિ ત્યાં,
રોકતા ચૂકવી સુકૃતવેળા ! **જાણજો...૬**

લાખ ચોરાશીની યોનિમાં તેં અહો !
સાંભળી ધર્મની વાત ક્યાંયે ?
ઋદ્ધિ-રસ-શાતના ગૌરવે મસ્ત થૈ
જગતમાં પ્રાયઃ ઝગડે બધાયે... **જાણજો...૭**

એમ દુર્લભ થકી અતિ જ દુર્લભ-લહી,
બોધિમણિ સકલ ગુણથી ભરેલો,
ગુરુ તણી વિપુલ સેવા થકી મેળવી
શાંતરસનું સરસ અમૃત પી લો ! **જાણજો...૮**

## ❊ मैत्री भावना ❊

### (अनुष्टुब्वृत्तद्वयम्)

सद्धर्मध्यानसंध्यान-हेतवः श्रीजिनेश्वरैः ।
मैत्रीप्रभृतयः प्रोक्ता-श्चतस्रो भावनाः पराः ॥१॥

तथाहुः-मैत्रीप्रमोदकारुण्य-माध्यस्थ्यानि नियोजयेत् ।
धर्मध्यानमुपस्कर्तुं, तद्धि तस्य रसायनम् ॥२॥

### (उपजाति वृत्तानि)

मैत्री परेषां हितचिन्तनं यद्; भवेत् प्रमोदो गुणपक्षपातः ।
कारुण्यमार्ताङ्गि गरुजां जिहीर्षे-; त्युपेक्षणं दुष्टधियामुपेक्षा ॥३॥

सर्वत्र मैत्रीमुपकल्पयात्मन् !; चिन्त्यो जगत्यत्र न कोऽपि शत्रुः ।
कियद्दिनस्थायिनि जीवितेऽस्मिन्; किं खिद्यते वैरिधिया परस्मिन् ॥४॥

सर्वेऽप्यमी बन्धुतयानुभूताः; सहस्रशोऽस्मिन् भवता भवाब्धौ ।
जीवास्ततो बन्धव एव सर्वे; न कोऽपि ते शत्रुरिति प्रतीहि ॥५॥

सर्वे पितृभ्रातृपितृव्यमातृ-; पुत्राङ्गजास्त्रीभगिनीस्नुषात्वम् ।
जीवाः प्रपन्ना बहुशस्तदेतत्; कुटुम्बमेवेति परो न कश्चित् ॥६॥

### (इन्द्रवज्रावृत्तद्वयम्)

एकेन्द्रियाद्या अपि हन्त जीवाः; पञ्चेन्द्रियत्वाद्यधिगम्य सम्यक् ।
बोधिं समाराध्य कदा लभन्ते; भूयो भवभ्रान्तिभियां विरामम् ॥७॥

या रागरोषादिरुजो जनानां; शाम्यन्तु वाक्कायमनो द्रुहस्ताः ।
सर्वे-ऽप्युदासीनरसं रसन्तु; सर्वत्र सर्वे सुखिनो भवन्तु ॥८॥

## પીઠિકા

### (અનુષ્ટુપ)

સમ્યગ્ ધર્મતણું ધ્યાન, જોડતી ચિત્ત પાવના,
વીતરાગે કહી શ્રેષ્ઠ, મૈત્ર્યાદિ ચાર ભાવના. ૧
વળી કહ્યું છે કે -
મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્ય ભાવ જોડીએ,
પોષવા ધર્મનું ધ્યાન, છે રસાયણ દિવ્ય એ. ૨

### (ઉપજાતિ)

'મૈત્રી' બીજાની હિતચિંતના તે, 'પ્રમોદ' હોવે ગુણ પક્ષપાતે,
'કારુણ્ય' વિશ્વાર્ત્તિ હણ્યાની ઈચ્છા, 'માધ્યસ્થ્ય' પાપીજનની ઉપેક્ષા. ૩

## ✻ ૧૩ – મૈત્રી ભાવના ✻

### (ઉપજાતિ)

સૌ જીવમાં ચિંતવ જીવ! મૈત્રી, આ વિશ્વમાં કોઈ નથી જ વૈરી;
થોડાક દીની અહીં જિંદગીમાં, શું વેર બાંધી સળગો નકામાં? ૧

બધાય આ બંધુ થયા હશે આ, ભવાબ્ધિમાં વાર હજાર તારા;
તેથી જ આત્મા સઘળાય આહીં, છે બાંધવો શત્રુ ન કોઈ ભાઈ ! ૨

માતા પિતા ભાઈ બહેન પુત્રી, પુત્રાદિરૂપે સઘળાય જીવો;
મળ્યા અહીં વાર અનંત તેથી, છે સૌ કુટુંબીનવ કો પરાયો ? ૩

### (ઈન્દ્રવજ્રા)

એકેન્દ્રિયાદિ પણ જીવ પામી, પંચેન્દ્રિયાદિપણું સાચું સાધી,
સમ્યક્ત્વ ક્યારે ભવસિંધુ કેરો, મીટાવશે 'નાદિ અનંત ફેરો. ૪

લોકોની રાગાદિક જે પીડાઓ; યોગો ત્રણે પીડતી શાંત થાઓ!
બધાય ચાખો સમતાસુધાને, સર્વત્ર સર્વે સુખિ હો સદાને! ૫

## ※ त्रयोदशभावनागेयाष्टकम् देशाख-राग ※

विनय! विचिन्तय मित्रतां, त्रिजगति जनतासु ।
कर्मविचित्रतया गतिं, विविधां गमितासु. वि०॥१॥

सर्वे ते प्रियबान्धवा, न हि रिपुरिह कोऽपि ।
मा कुरु कलिकलुषं मनो, निजसुकृतविलोपि. वि०॥२॥

यदि कोपं कुरुते परो, निज-कर्मवशेन ।
अपि भवता किं भूयते हृदि रोषवशेन. वि०॥३॥

अनुचितमिह कलहं सतां, त्यज समरसमीन ! ।
भज विवेककलहंसतां, गुणपरिचयपीन ! वि०॥४॥

शत्रुजनाः सुखिनः समे, मत्सरमपहाय ।
सन्तु गन्तुमनसो-ऽप्यमी, शिवसौख्यगृहाय. वि०॥५॥

सकृदपि यदि समतालवं, हृदयेन लिहन्ति ।
विदितरसास्तत इह रतिं, स्वत एव वहन्ति. वि०॥६॥

किमुत कुमतमदमूर्छिता, दुरितेषु पतन्ति ।
जिनवचनानि कथं हहा, न रसादुपयन्ति. वि०॥७॥

परमात्मनि विमलात्मनां, परिणम्य वसन्तु ।
विनय! समामृतपानतो, जनता विलसन्तु. वि०॥८॥

**इति त्रयोदशः प्रकाशः**

## ✻ ગીત ✻

## (રાગ : દેશાખ)

**જાણ, વિનય જગના સહુ જીવગણને મિત્ર,**
જેઓ બહુ ભવમાં ભમે, કરી કર્મ વિચિત્ર. **જાણ...૧**

પ્રિય બાંધવ છે તે બધા, નથી રિપુ અહીં કોઇ;
મનને શું રોષે ભરો, નિજ સુકૃતને ખોઇ. **જાણ...૨**

કોપ કરે જો પારકો, નિજ પાપને જોરે,
પણ તેથી તું શું? ભલા, હૈયે રોષને વ્હોરે. **જાણ...૩**

કલહ સુજનને ત્યાજ્ય છે, તજ શમરસમીન!
પામ વિવેકની ચાતુરી, ગુણસંગમાં લીન. **જાણ...૪**

શત્રુજનો સુખિ હો! સહુ, મત્સરને છોડી,
એ પણ ઉત્સુક હો! જવા, શિવમંદિર દોડી. **જાણ...૫**

જરી પણ સમતાબિંદુને, મનથી જો ચાખો!
તો તો રસ જાણી સ્પૃહા, અહીં પોતે રાખો ! **જાણ...૬**

કુમત મદે મૂર્છિત બની, શું પાપમાં સરતા?
જિનવચનોને કેમ હા ! રસથી ના ધરતા ? **જાણ...૭**

પરમાત્મામાં પરિણમી, વિમળા સહુ વસજો !
વિનય શમામૃતપાનથી, જનતા ઉલ્લસજો ! **જાણ...૮**

## ✻ प्रमोद भावना ✻

### (स्त्रग्धरावृत्तचतुष्टयम्)

धन्यास्ते वीतरागाः, क्षपकपथगति-क्षीणकर्मोपरागा-;
स्त्रैलोक्ये गन्धनागाः, सहजसमुदितज्ञानजाग्रद्विरागाः ।
अध्यारुह्यात्मशुद्ध्या, सकलशशिकलानिर्मलध्यानधारा-;
मारान्मुक्तेः प्रपन्नाः,कृतसुकृत-शतो-पार्जितार्हन्त्यलक्ष्मीम् ।।१।।

तेषां कर्मक्षयोत्थै-रतनु-गुणगणै-र्निर्मलात्मस्वभावै-;
र्गायं गायं पुनीमः, स्तवनपरिणतै-रष्टवर्णास्पदानि ।
धन्यां मन्ये रसज्ञां, जगति भगवतः, स्तोत्रवाणी रसज्ञा-;
मज्ञां मन्ये तदन्यां, वितथजनकथा-कार्यमौखर्यमग्राम् ।।२।।

निर्ग्रन्थास्तेऽपि धन्या, गिरिगहनगुहा-गह्वरान्तर्निविष्टा;
धर्मध्यानावधानाः, समरससुहिताः, पक्षमासोपवासाः ।
येऽन्येऽपि ज्ञानवन्तः, श्रुतविततधियो, दत्तधर्मोपदेशाः;
शान्ता दान्ता जिताक्षा, जगति जिनपतेः, शासनं भासयन्ति ।।३।।

दानं शीलं तपो ये, विदधति गृहिणो, भावनां भावयन्ति;
धर्मं धन्याश्चतुर्धा, श्रुतसमुपचित-श्रद्धयाराधयन्ति।
साध्व्यः श्राद्ध्यश्च धन्याः श्रुतविशदधिया, शीलमुद्भावयन्त्य-;
स्तान् सर्वान् मुक्तगर्वाः, प्रतिदिनमसकृद्, भाग्यभाजः स्तुवन्ति ।।४।।

### (उपजाति वृत्तम्)

मिथ्यादृशामप्युपकारसारं, संतोषसत्यादिगुणप्रसारम् ।
वदान्यता-वैनयिकप्रकारं, मार्गानुसारीत्यनुमोदयामः ।।५।।

## ✻ ૧૪ – પ્રમોદ ભાવના ✻

### (સ્રગ્ધરા)

જેણે કર્મો હટાવ્યાં ક્ષપક પથ ચડી ધન્ય તે વીતરાગ!,
ત્રૈલોક્યે ગંધહસ્તી સહજ ઉદિત જ્ઞાને ધરે જે વિરાગ,
આરોહી આત્મશુદ્ધે શરદ શશી સમી નિર્મલી ધ્યાન ધારે,
પામી આર્હંત્યલક્ષ્મી સુકૃત શત વડે જે ગયા મુક્તિ આરે! ૧

તેઓના કર્મનાશે ઉદિત ગુણગણો નિર્મળા સ્તોત્રપાઠે
ગૂંથેલા, ગાઇ ગાઇ શુચિતર કરીએ વર્ણના સ્થાન આઠે!
જીહ્વા તે ધન્ય માનું, જગમહીં પ્રભુના સ્તોત્રની જે રસજ્ઞા,
બીજી તે અજ્ઞ જાણું, વ્યરથ જગતની વાતમાં જેહ મગ્ના ! ૨

નિર્ગ્રંથો ધન્ય છે તે ગિરિ-ગહન ગુહા-ગહ્વરોમાં નિવાસી,
ધર્મધ્યાને રમંતા શમરસ ભરિયા પક્ષ-માસોપવાસી;
ને બીજા જ્ઞાનીઓ જે શ્રુતવિપુલમતિ ધર્મનો મર્મ દેતા,
દીપાવે વિશ્વમાં જે જિન ધરમ શમી, દાંત ઇન્દ્રિયજેતા. ૩

ભાવે જે દાન-શીલાદિક નિત કરતા ધર્મ ચારે અનન્ય,
આરાધે, ધર્મશ્રદ્ધા શ્રુતથી દઢ કરી તે ગૃહસ્થોય ધન્ય!
સાધ્વી-શ્રાદ્ધીય ધન્ય શ્રુતથી મતિ કરી શુદ્ધ જે શીલ પાળી,
સોહંતી નમ્ર થૈને નિશદિન નમતા તેમને ભાગ્યશાળી! ૪

### (ઉપજાતિ)

મિથ્યાત્વિઓના ય પરોપકાર, સંતોષ સત્યાદિ ગુણો ઉદાર;
વિનમ્રતા દાનીપણું વગેરે, માર્ગાનુસારી સમજી પ્રશંસું! ૫

## (स्रग्धरावृत्तम्)

जिह्वे ! प्रह्वीभव त्वं, सुकृतिसुचरितो–च्चारणे सुप्रसन्ना;
भूयास्तामन्यकीर्ति–श्रुतिरसिकतया, मेऽद्य कर्णौ सुकर्णौ ।
वीक्ष्यान्यप्रौढलक्ष्मीं, द्रुतमुपचिनुतं, लोचने रोचनत्वं;
संसारेऽस्मिन्नसारे, फलमिति भवतां, जन्मनो मुख्यमेव ॥६॥

## (उपजाति वृत्तम)

प्रमोदमासाद्य गुणैः परेषां, येषां मतिर्मज्जति साम्यसिन्धौ ।
देदीप्यते तेषु मनःप्रसादो, गुणास्तथैते विशदीभवन्ति ॥७॥

## * चतुर्दशभावनागेयाष्टकम् टोडी–राग *

विनय! विभावय गुणपरितोषं, विनय! विभावय गुणपरितोषम् ।
निजसुकृताप्तवरेषु परेषु, परिहर दूरं मत्सरदोषम् ॥१॥

दिष्ट्यायं वितरति बहुदानं, वरमयमिह लभते बहुमानम् ।
किमिति विमृशसि परपरभागं, यद्विभजसि तत्सुकृतविभागम् ॥२॥

येषां मन इह विगतविकारं, ये विदधति भुवि जगदुपकारम् ।
तेषां वयमुचिताचरितानां, नाम जपामो वारंवारम् ॥३॥

अहह तितिक्षागुणमसमानं, पश्यत भगवति मुक्तिनिदानम् ।
येन रुषा सह लसदभिमानं, झटिति विघटते कर्मवितानम् ॥४॥

अदधुः केचन शीलमुदारं, गृहिणोऽपि परिहृतपरदारम् ।
यश इह सम्प्रत्यपि शुचि तेषां, विलसति फलिताफलसहकारम् ॥५॥

या वनिता अपि यशसा साकं, कुलयुगलं विदधति सुपताकम् ।
तासां सुचरितसञ्चितराकं, दर्शनमपि कृतसुकृतविपाकम् ॥६॥

### (સ્રગ્ધરા)

જિહ્વા તું મસ્ત થૈને કર સુકૃતિતણાં સચ્ચરિત્રોનું ગાન !
અન્યોની કીર્તિના થૈ શ્રવણ રસિક હો શ્રેષ્ઠ આ બેય કાન !
બીજાની પ્રૌઢ લક્ષ્મી નિરખી તુરત હે નેત્ર થાઓ પ્રસન્ન !
આ સંસારે તમારા જનમનું ફળ તો આ જ છે નૈવ અન્ય. ૬

### (ઉપજાતિ)

પ્રમોદ પામી પરના ગુણોથી શમાબ્ધિમાં ડૂબતી જાસ બુદ્ધિ,
દીપી ઊઠે તેમની ચિત્તતુષ્ટિ, અને ગુણો ઉજ્જ્વળ થાય તેથી. ૭

### * ગીત *

### (રાગ : રોડી)

**વિનય, વહો, ગુણનો પરિતોષ! વિનય વહો.**
નિજ પુણ્યે જેણે પાઇ વડાઇ, દૂર તજો તસ મત્સર રોષ! **વિનય...૧**

આપે અહો! આ દાન ઘણેરું, પામે એ અહીં માન ભલેરું!
એમ શું ના અનુમોદી ભાવે ,તાસ સુકૃતમાં ભાગ તું પાવે ? **વિનય...૨**

જેનું મન અહીં છે અવિકાર, જે કરતા જગમાં ઉપકાર;
પાળે વળી જે ઉચિત આચાર, નામ જપું તસ વારંવાર. **વિનય...૩**

અહહ! તિતિક્ષાગુણ પ્રભુ કેરો, પેખો! મુક્તિનિદાન અનેરો!
અભિમાની અઘવૃંદ તુરંત, જેણે નાસે રોષ ફુરંત ! **વિનય...૪**

પાળે કેઇક શીલ ઉદારા, ગૃહિજન પણ તજતા પરદારા,
આજે પણ અહીં યશ શુચિ તેહનો, વિલસે ફલિત અફલ સહકારા!**વિનય...૫**

સતીઓ પણ બંને કુળમાં જે, બાંધી કીર્તિધજા શીલ સાજે,
સચ્ચરિતે પૂનમ જિમ રાજે, દર્શન પણ તસ સુકૃત નવાજે. **વિનય...૬**

तात्त्विकसात्त्विकसुजनवतंसाः, केचन युक्तिविवेचनहंसाः ।
अलमकृषत किल भुवनाभोगं, स्मरणममीषां कृतशुभयोगम् ॥७॥

इति परगुणपरिभावनसारं, सफलय सततं निजमवतारम् ।
कुरु सुविहितगुणनिधिगुणगानं, विरचय शान्तसुधारसपानम् ॥८॥

## इति चतुर्दशः प्रकाशः

## * करुणा भावना *

### (मालिनी वृत्तम्)

प्रथममशनपानप्राप्तिवाञ्छाविहस्ता-;
स्तदनु वसनवेश्मालङ्कृतिव्यग्रचित्ताः ।
परिणयनमपत्यावाप्तिमिष्टेन्द्रियार्थान्;
सततमभिलषन्तः स्वस्थतां क्वाऽश्नुवीरन् ॥१॥

### (शिखरिणी वृत्तम्)

उपायानां लक्षैः, कथमपि समासाद्य विभवं;
भवाभ्यासात्तत्र, ध्रुवमिति निबध्नाति हृदयम् ।
अथाकस्मादस्मिन्, विकिरति रजः क्रूरहृदयो;
रिपुर्वा रोगो वा, भयमुत जरा मृत्यु रथवा ॥२॥

### (स्रग्धरावृत्तम्)

स्पर्धन्ते केऽपि केचिद्दधति हृदि मिथो, मत्सरं क्रोधदग्धा;
युध्यन्ते केऽप्यरुद्धा, धनयुवतिपशु-क्षेत्रपद्रादिहेतोः ।
केचिल्लोभाल्लभन्ते, विपदमनुपदं, दूरदेशानटन्तः;
किं कुर्मः किं वदामो, भृशमरतिशतै-र्व्याकुलं विश्वमेतत् ॥३॥

તાત્ત્વિક-સાત્ત્વિક-સુજનવતંસા, કેઈક યુક્તિવિવેકે હંસા;
જેઓ જગત સકલ શોભાવે, સ્મરણ તાલ શુભયોગ કરાવે ! **વિનય...૭**

એમ પરાયા ગુણ નિત ભાવો! નિજ અવતારનું સત્ફળ પાવો!
સુવિહિત-ગુણનિધિના ગુણ ગાવો! શાંત સુધારસ પાન રચાવો ! **વિનય...૮**

## ❊ ૧૫ - કરુણા ભાવના ❊

### (માલિની)

પ્રથમ અશન પાને વ્યાકુળા, ત્યારબાદ,
સરસ ઘર-ઘરેણાં વસ્ત્રમાં વ્યગ્રચિત્ત,
પછી રમણી-સુપુત્રો ભોગ હૈયે પસંદ,
સતત અભિલષંતા સ્વસ્થતા ક્યાં લહંત? **૧**

### (શિખરિણી)

ઉપાર્જીને કેમે ધનવિભવ લાખ્ખો જતનથી,
ભવાભ્યાસે માને 'ધ્રુવ' બધુંય આ એમ મનથી,
અને ઓચિંતા ત્યાં ક્રૂર હૃદય કો ભીતિ વયરી,
જરા કે રોગો કે મરણ અહ! નાંખે રજ ભરી! **૨**

### (સ્રગ્ધરા)

ક્રોધે અન્યોન્ય ઈર્ષ્યા હૃદય ધરત કૈં, કોઇ હોડે ચડયા છે,
સ્વચ્છંદે કોઇ ઝૂઝે ધન-પશુ લલના ખેતરાં સીમ માટે;
ને લોભે કેઇ પામે ડગ-ડગ વિપદા દોડતા દૂર દેશે,
શું કહૈયે? શું કરીએ? શતશત દુખડે વિશ્વ આ તર્ફડે છે! **૩**

## (उपजातिवृत्तत्रयम्)

स्वयं खनन्तः स्वकरेण गर्तां, मध्ये स्वयं तत्र तथा पतन्ति ।
यथा ततो निष्क्रमणं तु दूरेऽ-धोऽधः प्रपाताद्विरमन्ति नैव ॥४॥

प्रकल्पयन्नास्तिकतादिवाद - मेवं प्रमादं परिशीलयन्तः ।
मग्ना निगोदादिषु दोषदग्धा, दुरन्तदुःखानि हहा सहन्ते ॥५॥

श्रृण्वन्ति ये नैव हितोपदेशं, न धर्मलेशं मनसा स्पृशन्ति ।
रुजः कथङ् कारमथापनेया-स्तेषामुपायस्त्वयमेक एव ॥६॥

## (अनुष्टुब्वृत्तम)

परदुःखप्रतीकार-मेवं ध्यायन्ति ये हृदि ।
लभन्ते निर्विकारं ते, सुखमायतिसुन्दरम् ॥७॥

## ❊ पग्चदशभावनागेयाष्टकम् रामकुलि - राग ❊

सुजना ! भजत मुदा भगवन्तं, सुजना ! भजत मुदा भगवन्तम् ।
शरणागतजनमिह निष्कारण - करुणावन्तमवन्तं रे ॥१॥

क्षणमुपधाय मनःस्थिरतायां, पिबत जिनागमसारम् ।
कापथघटनाविकृतविचारं, त्यजत कृतान्तमसारं रे ॥२॥

परिहरणीयो गुरुरविवेकी, भ्रमयति यो मतिमन्दम् ।
सुगुरुवचः सकृदपि परिपीतं, प्रथयति परमानन्दं रे ॥३॥

कुमततमोभरमीलितनयनं, किमु पृच्छत पन्थानम् ।
दधिबुद्ध्या नर! जलमन्थन्यां, किमु निदधत मन्थानं रे ॥४॥

अनिरुद्धं मन एव जनानां, जनयति विविधातङ् कम् ।
सपदि सुखानि तदेव विधत्ते, आत्मारामशङ् कं रे ॥५॥

पीरहरताश्रव विकथागौरव-मदनमनादिवयस्यम् ।
क्रियतां सांवरसाप्तपदीनं, ध्रुवमिदमेव रहस्यं रे ॥६॥

**(ઉપજાતિ)**

ખાડા ખણંતા નિજ હાથ પોતે, એવા સ્વયં ત્યાં સરકી પડે છે!
ત્યાંથી રહ્યું નીકળવું ય દૂરે, નીચે પડંતા નવ ક્યાંય થંભે. **૪**

રચી નવા નાસ્તિકતાદિ વાદ, એણી પરે એ આચરતા પ્રમાદ,
ડૂબી નિગોદાદિકમાં અરે! તે, દોષે બળ્યા દુઃખ દુરંત વેદે! **૫**

ન સાંભળે જેહ હિતોપદેશ, હૈયે ધરે ના વળી ધર્મલેશ ;
શેં તેમના રોગ દૂરે કરાય? તેનો અહો એક જ એ ઉપાય. **૬**

**(અનુષ્ટુપ)**

એમ જે પરનાં દુઃખ, હરવા ચિંતવે ઉરે;
ભાવિમાં હિતકારી તે, અવિકારી સુખો વરે ! **૭**

*** ગીત ***

**(રાગ : રામક્રુલિ)**

**ભવિજન, ભજીએ પ્રભુને ભાવે !**
શરણાગતને જે નિષ્કારણ કરુણાવંત બચાવે... **ભવિજન...૧**

પળભર અંતર થિર કરી પીઓ, સાર જિનાગમ કેરો!
છોડ કુશાસ્ત્ર જે વિકૃત વિચારે, ચીંધે ખોટો કેડો! **ભવિજન...૨**

ગુરુ અવિવેકી પરિહરવો જે, ભોળાને ભરમાવે,
સુગુરુ વચન એકાદું ચાખ્યું, પરમાનંદ અપાવે. **ભવિજન...૩**

પંથ શું પૂછો ? કુમતિ-તિમિરથી નયનો મીંચ્યાં તેને !
જળના ઘટમાં કેમ વલોણું કરીએ દહીં સમજીને ? **ભવિજન...૪**

ચંચળ મનડું એજ જગતમાં,પીડ બધી ઉપજાવે,
નિજમાં રમતું તે જ અશંકિત, સુખડાં તુરત અપાવે. **ભવિજન...૫**

સ્મર-આશ્રવ વિકથાને ગૌરવ, આદિ અનાદિ વયસ્યો;
પરિહર, કર સંવરની મૈત્રી, શાશ્વત એ જ રહસ્યો. **ભવિજન...૬**

सह्यत इह किं भवकान्तारे, गदनिकुरम्बमपारम् ।
अनुसरताऽऽहितजगदुपकारं, जिनपतिमगदङ् कारं रे ॥७॥

शृणुतैकं विनयोदितवचनं, नियतायतिहितरचनम् ।
रचयत कृतसुखशतसन्धानं, शान्तसुधारसपानं रे ॥८॥

## इति पञ्चदशः प्रकाशः

## ✻ माध्यस्थ्य भावना ✻

### (पञ्चापि शालिनीवृत्तानि)

श्रान्ता यस्मिन् विश्रमं संश्रयन्ते; रुग्णाः प्रीतिं यत्समासाद्य सद्यः ।
लभ्यं रागद्वेषविद्वेषिरोधा-; दौदासीन्यं सर्वदा तत् प्रियं नः ॥१॥

लोके लोका भिन्नभिन्नस्वरुपा; भिन्नैर्भिन्नैः कर्मभिर्मर्मभिद्भिः ।
रम्यारम्यैश्चेष्टितैः कस्य कस्य; तद्विद्वद्भिः स्तूयते रुष्यते वा ॥२॥

मिथ्या शंसन् वीरतीर्थेश्वरेण; रोद्धुं शेके न स्वशिष्यो जमालिः ।
अन्यः को वा रोत्स्यते केन पापात्; तस्मादौदासीन्यमेवात्मनीनम् ॥३॥

अर्हन्तोऽपि प्राज्यशक्तिस्पृशः किं; धर्मोद्योगं कारयेयुः प्रसह्य ।
दद्युः शुद्धं किन्तु धर्मोपदेशं; यत्कुर्वाणा दुस्तरं निस्तरन्ति ॥४॥

तस्मादौदासीन्यपीयूषसारं; वारं वारं हन्त सन्तो लिहन्तु ।
आनन्दानामुत्तरङ् गत्तरङ् गै-; र्जीवद्भिर्यद् भुज्यते मुक्तिसौख्यम् ॥५॥

## ✻ षोडशभावनागेयाष्टकम् -प्रभाति-राग ✻

अनुभव विनय ! सदा सुखमनुभव, औदासीन्यमुदारं रे ।
कुशलसमागममागमसारं, कामितफलमन्दारं रे ॥१॥

કેમ અહીં ભવરણમાં ભાઈ, રોગ અપાર સહંતા?
સેવો, જગ ઉપકારે ઉદ્યત, જિનવર વૈદ્ય મહંતા. **ભવિજન...૭**

નિશ્ચિત ભાવિ હિતને કરતું, વિનય વચન સાંભળ તું,
શત શત સુખડાં આણી દેતું, શાંત સુધારસ પી તું ! **ભવિજન...૮**

## * ૧૬ - એકત્વ ભાવના *

## (શાલિની)

થાકેલાને જ્યાં વિસામો મળે છે, માંદા પામે પ્રીતિ જે મેળવીને;
રોક્યે રાગ દ્વેષ વૈરી મળે જે, નિત્યે તે માધ્યસ્થ્ય વ્હાલું અમોને! ૧

જુદા જુદા કર્મથી ભિન્ન મર્મે, સૌ આ વિશ્વમાં ભિન્ન ધર્મે !
સારા માઠા ચેષ્ટિતે સુજ્ઞ ત્યારે, કોના કોના રોષ કે તોષ ધારે ? ૨

વીરસ્વામીથીય કહેતો અસત્ય, ન્હોતો રોકાયો જમાલિ સ્વશિષ્ય,
બીજાને તો પાપથી કોણ વારે? તેથી કલ્યાણી ઉદાસી જ તારે. ૩

અર્હંતો યે શું મહાશક્તિવંતા, ધર્મે જોડે કોઈને યે દમંતા?
આપે સાચો ધર્મનો માર્ગ કિંતુ, જેણે પામો પાર સંસારસિંધુ ! ૪

પીઓ ઔદાસીન્ય પીયુષ તેણે, સંતો! વારંવાર પામો જ જેણે-,
આનંદોના ઉલ્લસંતા તરંગે-ખેલી જીવન્મુક્તિના સૌખ્યરંગે ! ૫

## * ગીત *

## (રાગ : પ્રભાતિ)

**ઔદાસીન્ય તણું સુખ અનુભવ વિનય, તું નિત્ય ઉદાર રે,**
કુશલ મિલાવત લાવત વાંછિત સૂત્રે જે કહ્યું સાર રે.**ઔદાસીન્ય...૧**

परिहर परचिन्तापरिवारं, चिन्तय निजमविकारं रे ।
तव किं कोऽपि चिनोति करीरं, चिनुतेऽन्यः सहकारं रे ॥२॥

योऽपि न सहते हितमुपदेशं, तदुपरि मा कुरु कोपं रे ।
निष्फलया किं परजनतप्त्या, कुरुषे निजसुखलोपं रे ॥३॥

सूत्रमपास्य जडा भाषन्ते, केचन मतमुत्सूत्रं रे ।
किं कुर्मस्ते परिहृतपयसो, यदि पिबन्ति मूत्रं रे ॥४॥

पश्यसि किं न मनःपरिणामं, निजनिजगत्यनुसारं रे ।
येन जनेन यथा भवितव्यं, तद् भवता दुर्वारं रे ॥५॥

रमय हृदा हृदयङ्गमसमतां, संवृणु मायाजालं रे ।
वृथा वहसि पुद्गलपरवशता-मायुः परिमितकालं रे ॥६॥

अनुपमतीर्थमिदं स्मर चेतन-मन्तःस्थितमभिरामं रे ।
विरतिभावविशदपरिणामं, लभसे सुखमविरामं रे ॥७॥

परब्रह्मपरिणामनिदानं, स्फुटकेवलविज्ञानं रे ।
विरचय विनय ! विवेचितज्ञानं, शान्तसुधारसपानं रे ॥८॥

## इति षोडशः प्रकाशः

### (स्रग्धरावृत्तद्वयम्)

एवं सद्भावनाभिः, सुरभितहृदयाः, संशयातीतगीतो-;
न्नीतस्फीतात्मतत्त्वा-स्त्वरितमपसरन् - मोहनिद्राममत्वाः ।
गत्वा सत्त्वा ममत्वा-ऽतिशयमनुपमां, चक्रिशक्राधिकानां;
सौख्यानां मङ्क्षु लक्ष्मीं, परिचितविनयाः, स्फारकीर्तिं श्रयन्ते ॥१॥
दुर्ध्यानप्रेतपीडा, प्रभवति न मनाक्, काचिदद्वन्द्वसौख्य-;
स्फातिः प्रीणाति चित्तं, प्रसरति परितः, सौख्यसौहित्यसिन्धुः ।
क्षीयन्ते रागरोषप्रभुतिरिपुभटाः, सिद्धिसाम्राज्यलक्ष्मीः;
स्याद्वश्या यन्महिम्ना, विनयशुचिधियो, भावनास्ताः श्रयध्वम् ॥२॥

પરની ચિંતાજાળ તજીને, ચિંતવ શુદ્ધ સ્વરૂપ રે,
તારે શું? કોઇ વીણે કેર કે, કેરી કોઇ અનૂપ રે. **ઔદાસીન્ય...૨**

હિત-ઉપદેશો પણ જે ન સહે, તેના પર શું? કોપે રે.
નિષ્ફલ એવી પરચિંતાથી નિજ સુખને શું? લોપે રે. **ઔદાસીન્ય...૩**

સૂત્ર તજીને જડજન કોઇ, ભાખે મત્ત ઉત્સૂત્ર રે,
શું કરીએ? પાયસ છંડી જો, તેઓ પીએ મૂત્ર રે. **ઔદાસીન્ય...૪**

કેમ ન જૂઓ ? મનની પરિણતિ, નિજ નિજ ગતિ અનુસાર રે,
જેનું જેવું હોય થવાનું, તે તુજથી દુર્વાર રે. **ઔદાસીન્ય...૫**

હૈયે ધર ! મનહર સમતાને, માયાજાળ તું મેલ રે,
પુદ્ગલની પરવશતા પરિહર! ટૂંકી આયુષ વેળ રે. **ઔદાસીન્ય...૬**

ચેતનરૂપ અનોપમ તીરથ, અંતરનું અભિરામ રે,
વિરતિભાવે નિરમળ સમરો, મળશે સુખ અવિરામ રે. **ઔદાસીન્ય...૭**

પરબ્રહ્મનું મૂળ જે કારણ, ખોલતું કેવળજ્ઞાન રે,
વિનયે ગાયેલું કર ભાવે શાંત સુધારસ પાન રે. **ઔદાસીન્ય...૮**

## ❊ ઉપસંહાર ❊

### (સ્રગ્ધરા)

આ રીતે ભાવનાથી ઉર સુરભિ કરી સંશયાતીત એવો-
આત્મા ઊંચો ઉઠાવ્યો દૂર કરી મમતા મોહની નિંદ જેણે,
પામીએ સત્ત્વસીમા અમમ થઇ લહે ચક્રિ ને શક્રથી યે-
ઝાઝેરી, કીર્તિવંતી નિરૂપમ સુખની લક્ષ્મી તે નમ્ર જીવો ! ૧

દુર્ધ્યાન પ્રેત પીડે નવ જરી, સુખની સ્ફાતિ રે કો અપૂર્વ -
હૈયાને ઉલ્લસાવે, ચિહુંગમ પ્રસરે શ્રેયને પ્રેય સર્વ ?
નાશંતા રાગરોષાદિક રિપુ, વશમાં સિદ્ધિ સામ્રાજ્ય આવે,
સેવો, તે ભાવનાઓ મતિ કરી વિનયે શુદ્ધ જેના પ્રભાવે ! ૨

**(पथ्यावृत्तम्)**

श्रीहीरविजयसूरीश्वरशिष्यौ, सोदरावभूतां द्वौ ।
श्रीसोमविजयवाचक-वाचकवरकीर्तिविजयाख्यौ ॥३॥

**(गीतिद्वयम्)**

श्रीकीर्तिविजयवाचक-शिष्योपाध्याय विनयविजयेन ।
शान्तसुधारसनामा, संदृब्धो भावनाप्रबन्धोऽयम् ॥४॥

शिखिनयनसिन्धुशशिमित-वर्षे हर्षेण गन्धपुरनगरे ।
श्रीविजयप्रभसूरि-प्रसादतो यत्न एष सफलोऽभूत् ॥५॥

**(उपजाति वृत्तम्)**

यथा विधुः षोडशभिः कलाभिः, सम्पूर्णतामेत्य जगत् पुनीते ।
ग्रन्थस्तथा षोडशभिः प्रकाशै-रयं समग्रैः शिवमातनोतु ॥६॥

**(इन्द्रवज्रावृत्तम्)**

यावज्जगत्येष सहस्रभानुः, पीयूषभानुश्च सदोदयेते ।
तावत् सतामेतदपि प्रमोदं, जयोतिःस्फुरद्वाङ्मयमातनोतु ॥७॥

**इति श्रीशान्तसुधारसनामा भावनाप्रबंधः समाप्तः**

## પ્રશસ્તિ

### (પથ્યા)

શ્રી **હીર** વિજયસૂરીશ્વર કેરા શિષ્ય સોદર હતા બે,
શ્રી **સોમવિજય** વાચક - વાચકવર **કીર્તિવિજય** અને ૧

### (ગીતિ)

તેમાં **શ્રીકીર્તિવિજય** વાચક-શિષ્ય ઉપાધ્યાય **વિનયવિજયજી**એ;
**શાંતસુધારસ** નામે વિરચ્યો આ **ભાવનાપ્રબંધ** ખરે! ૨
**શિખિ નયન સિંધુ શશિમિત વર્ષે ગંધારમાં** પ્રમોદભર્યો,
શ્રી **વિજયપ્રભસૂરિ** પ્રસાદથી યત્ન એહ સફળ થયો. ૩

### (ઉપજાતિ)

રે ! ચંદ્રમા સોળ કળાથી જેમ, સંપૂર્ણ થૈને જગને ઉજાળે!
વિસ્તારજો મંગળ, ગ્રંથ તેમ-સંપૂર્ણ આ સોળ પ્રકાશમાળે ! ૪
જિહાં લગે સૂરજ તેમ ચંદ્ર આ વિશ્વમાં નિત્ય ઊગે અતંદ્ર;
તિહાં લગે ગ્રંથ પ્રકાશવંતો આ દ્યો તમોને નિત હર્ષ સંતો ! ૫

## શાંત સુધારસ અનુવાદક પ્રશસ્તિ

### (હરિગીત)

જે ચમકતા તપગચ્છકેરા ગગનમાં રવિની પરે,
જેની નજરનું તેજ ભવિની મોહનિદ્રાને હરે,
તે **પ્રેમસૂરીશ્વર** પરમ ગુરૂદેવનું વર્તી રહ્યું,
સામ્રાજ્ય આજે સંઘમાં સહુ વિશ્વનું મંગલકરૂં... ૧

તસ પટ્ટ પર શોભી રહ્યા છે **રામચંદ્રસૂરીશ્વરા,**
**પંન્યાસ ભદ્રંકર વિજયજી** તાસ શિષ્ય સુહંકરા,
**શ્રીમદ્ મહાયશવિજયજી** તસ શિષ્ય સોહે સુંદરા,
તસ શિષ્ય રેણુ **ધુરંધર વિજયે** રચ્યો અનુવાદ આ... ૨

**યુગ-૨ નયન-૨ નભ-૦ યુગ-૨** સંમિતે વિક્રમતણા સંવત્સરે,
**શ્રી જામનગરે** પૂર્ણ થયું શુદ **ચૈત્ર**ના **બુધવાસરે,**
શુભ ભાવનાના અમૃત રસથી ભર્યું **શાંતસુધારસ,**
ટાળો પઠનથી મોહતૃષ્ણા ઝરી **શાંત સુધારસ...** ૩

प.पू. उपाध्याय श्री यशोविजय म. विरचित

# वैराग्य कल्पलता-वैराग्यरति

**વૈરાગ્ય કલ્પલતા**

સ્તબક-૫ : શ્લોક ૯૦૩ થી ૯૧૯ / ૯૯૫ થી ૧૦૦૩

**અપર ગ્રંથ**

**વૈરાગ્ય રતિ**

સર્ગ -૪ : કાવ્ય ૮૯૮ થી ૯૧૪ - ૯૮૯ થી ૯૯૭

**બંન્નેના શ્લોકો પ્રાયઃ સમાન છે, ગ્રંથ અલગ છે.**

अम्बरभ्रमणजश्रमतप्तो-
ध्वान्तपङ्कहरणाशुचिगात्रः ।
स्नातुमिच्छुरिव तिग्ममरीचि-
र्वारिधेरथ जगाम समीपम् ॥९०३॥

एकतामुपगता बभुरुच्चै-
राकुलाश्च निलयाश्रयणाय ।
स्वीयचार विषयाद्विनिवृत्ता
भास्करस्य च जनस्य च गावः ॥९०४॥

चक्रवाकहृदयात् परिदीर्घा-
ऽक्रन्दनिर्यदसुसन्ततिचेष्टा ।
मूर्च्छदुग्रविरहानलदग्धा-
दाकुलारवपतत्त्रिभिरूहे ॥९०५॥

पद्मिनीहृदयसंगतरागैः,
स्फूर्त्तिमद्भिरिव संभृतमूर्तेः ।
रश्मयो विबभुरम्बुधिकूलं,
यास्यतोऽहिमरुचेरतिशोणाः ॥९०६॥

ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ કૃત

# વૈરાગ્ય કલ્પલતા
# વૈરાગ્ય રતિ-અનુવાદ

## નિસર્ગ વર્ણનને ગીતાંજલી
## સૂર્યાસ્તના ગીત

**સૂરજ ઉતરે સાગરતીર...**

અવિરત ગગન ભ્રમણ શ્રમ કેરા તાપે થયો અધીર...
અંધકારનો કીચડ હરતા, ખરડાયેલ શરીર,
સંધ્યાકાળે સ્નાન સમુત્સુક, શીતળ અંબુધિનીર...
**સૂરજ ઉતરે સાગરતીર...**

**સૂરજ અસ્તની વેળા...**

ચાર ક્ષેત્ર નિજ છોડી થાતા, સૂર્યકિરણ સહુ ભેળા...
જેમ ચરીને ગામનું ગોકુલ,
જલ્દી ઘર જાવાને આકુલ
**કરતું પાદર મેળા...**

**સૂરજ પામે અસ્ત...**

ચકવા ચકવી વિરહાનલની, જ્વાલાથી અતિત્રસ્ત,
ઘોર કરી આક્રન્દ દુઃખીયા, બેહોશીથી ગ્રસ્ત...
તસ દુઃખે દુઃખી પંછીગણ, ઘોર કરી કોલાહલ;
શોકાતુર તરૂ ઉપર બેઠા, છોડી સઘળી હલચલ

**સોહત હૈ અતિલાલ**

જલધિકિનારે આવતા રવિની કિરણજાલ...
જાણે કમલિની પ્રિયાનો, પ્રીતિનો કુંકુમરેલ,
પિંડિત થઇ સાગરના તટ પર, ઉતર્યો સાંજની વેળ...

द्यामभित्वरयितुं रतयोग्य-
स्फारभूषणविधौ विधिवेत्री ।
आगता सितरुचेः प्रियदूती,
कुङ्कुमारुणतनुर्ननु संध्या ॥९०७॥

अञ्जनाचलभुवः प्रविसर्पत्-
पाटलापटलपाटलभासः ।
सान्ध्यरागकलितः किल भागः,
पश्चिमः श्रियमगाद्गगनस्य ॥९०८॥

व्याप्तमम्बरमथोल्बणसन्ध्या-
वह्निधूमसदृशैस्तिमिरौघैः ।
तारकैस्तरलकान्तिभिरुच्चै-
स्तत्स्फुलिङ्गनिकरैरिव रेजे ॥९०९॥

संहृता भुवि समासमभावाः,
दृष्टनष्टमुदभाव्यत विश्वम् ।
उद्धतेन तिमिरेण किमाप्तो
बौद्धबुद्धिपिटकात् पटुभावः ॥९१०॥

म्लानिमाप नलिनीवनलक्ष्मीः,
प्रोल्ललास रजनिचरराजी ।
कौशिकाः पथिसुखेन विचेरुः,
मूकतां परिययुर्बत काकाः ॥९११॥

स्फीतनीलसिचयोरुरुचीनां,
कामुकं प्रति रसेन यतीनाम् ।
निह्नवाञ्जनदृशां कुलटानां,
रुच्यतामुपययौ तिमिरौघः ॥९१२॥

## સંધ્યાના ગીત

**કુંકુમ અરૂણ સુરંગી,**

ચંદ્રતણો સંદેશો લઈને, આવે સંધ્યા સંગી...
ગગન પ્રિયાને અંગે અંગે ઉત્સુક કરતી રતિને રંગે,
ઉદ્‌ભટ સાજ કરે ઉછરંગે, **રચતી નવ નવભંગી...**

**સંધ્યા સુંદરી આઈ**

પશ્ચિમ ગગનતણા તટ પર તબ પ્રગટી અરૂણિમ ઝાંઈ...
લાલ ગુલાબતણા ખીલેલા ફૂલની હાર છવાઈ;
અંજનગિરિના શ્યામ શિખર પર, **ઐસી શોભ બનાઈ...**

**પ્રગટ્યો ઉત્કટ સંધ્યારાગ...**

જાણે અંબર કેરા વનમાં, લાગી ભીષણ આગ...
અંધકારતણો ફેલાયો, કાળો ધૂમ્ર અતાગ...
ટમકંતા તારાના ઉડે, તણખા તડ...તડ...લાગ...

## અંધારાના ગીત

**ઉદ્ધત અંધારૂં ફેલાયું**

ઉંચ નીચ ધરતી સમ થાતી
ક્ષણે ક્ષણે સૃષ્ટિ પલટાતી
શું? બૌદ્ધોના સિદ્ધાંતોની વાતો શીખી લાયું !
**ઉદ્ધત અંધારૂં ફેલાયું !**

**રજનિ ને અંધાર**

કમળોની શોભા મુરઝાણી,
આનંદ્યા રજનિચર પ્રાણી
કાગારોળ શમ્યાને ઘુવડ સુખે કરે સંચાર...

**ઉછળ્યો અંધારાનો ઓઘ...**

કુલટાને મન અતિશે ભાયો, રજનિ તિમિરનો યોગ,
અલોપ અંજન આંજી આંખે, રમવા કામુક સંગ
ચાલી રંગે અંતર ઈપ્સિત, નીલ વસન ધરી અંગ...

गच्छतेव निजकालनियोगा-
दाहिता दिनकृता पुनराप्त्यै ।।
दीप्तिरस्ततिमिरा प्रजजृम्भे ।
दीपकेष्वनुगृहं विधृतेषु ।।९१३।।

आबभार विधुना परिमुक्तं,
नव्यसङ्गमरसोल्लसितेन ।
नाकिनेतुरथ दिग् घनसार-
क्षोदसोदरमभीशुसमूहम् ।।९१४।।

क्षालयन्मलिनमम्बमुच्चै -
रुच्छलज्ज्वलकणोपमतारम् ।
निर्मलांशुसलिलैरुपशैलम्,
ध्वान्तपङ्कमनयद् व्ययमिन्दुः ।।९१५।।

सङ्गमो विधुकरैर्निपतद्भि-
र्जाह्नवीयमुनयोर्यदभूत् खे ।
तेन मुण्डनमभूदिह रात्रि-
ब्राह्मणीतिमिरकेशभरस्य ।।९१६।।

कुन्दसुन्दरलसत्करजालं,
विष्टपत्रयजयाय पटिष्ठम् ।
चारुचक्रमिव माम्मथमेकं ।
खे ररा विधुमणुलमुधत् ।।९१७।।

आददेऽङ्गममृतैः परिषिञ्चन्,
या विलासिषु सुधाघटलीलाम् ।
सोऽप्यभूद् विधुरहो विरहिण्या -
श्चण्डकुण्डलितनागकरण्डः ।।९१८।।

**ઘર ઘર પ્રગટી દીપકમાળા**

પડતીમાં પરદેશે જાતાં, રવિએ નિજ અજવાળાં,
દીપકને ત્યાં થાપણ મૂક્યાં, હરત તિમિરના જાળાં...
(હટ્યાં તિમિરગણ કાળાં)

## ચંદ્રના ગીત

**રતિ સંગમ રસના આવેગે,**

કર્પૂર ઉજ્વળ તેજ રે,
શશિએ છોડ્યું પૂર્વ દિશાએ,
તત્ક્ષણ ઝીલ્યું હેજ રે...

**ઊગ્યો અંબર ઈંદુ,**

મલિન ગગનને, ધોવા ઢોળે, જ્યોત્સ્ના કેરો સિંધુ...
અંધારાનો કાળો કીચડ, પહાડો સુધી છાયો,
ઉજ્વળ તેજતણી જળધારે, તેનો કીધ સફાયો
ધોતા ઊંચે ઊંચે ઉછળ્યા
તારાના જળબિંદુ...

**બરસત ચંદ્રકિરન ભઈ ગંગા,**

જમના નભ નીલિમાઈ સુચંગા,
યહ ગંગા જમના કો સંગમ,
અંબરમેં જબ ભયો હૃદયંગમ,
તિમિર કેશ કાલે કટવાકર
નિશિ બ્રાહ્મણી મૂંડાઈ વહાં પર...

**નભમાં ચમકે ચંદ્ર વિશાળ...**

જાણે મન્મથચક્ર સોહામણું, જગતવિજય ઉજમાળ;
કુંદકુસુમની પેરે ઉજ્વળ, સોહે જસ દ્યુતિમાળ...

**શશિયર બે ઉપમાને ધારે,**

અંગ અંગ રસિયા લોકોના, સીંચે અમૃતધારે
બુધજન તેને અમૃતઘટના રૂપે દેખે ત્યારે...
તેજ ચંદ્રના શીતલ કિરણો, અંગ દઝાડે જ્યારે,
વિષધર નાગ કરંડક જેવો, વિરહિલોક નિહારે...

पार्वतीप्रणतशङ्करचूला -
निर्गलत्सुरनदीजलरम्याः ।
धौतविश्ववलयाः प्रसरन्तो,
रेजिरे तुहिनरश्मिमयूखाः ॥९१९॥

आलिलिङ्ग रजनीविरहार्तो,
द्यां ससम्भ्रममथाम्बुजपाणिः ॥
तद्वशेन निपपात मणीनां,
हारयष्टिरिव तारकराजी ॥९९५॥

वासवस्य विधिनाऽजनि भासां,
गर्भिणीव परिपाण्डुमुखी दिग् ।
ध्वान्तशान्तिशुचिदोहदपूर्त्ते-
रुच्छ्वसत्तनुरनूनविनोदा ॥९९६॥

ध्वान्तधूलिरखिलाऽपि निरस्ता,
शोधिता भगणकर्करपङ्क्तिः ।
अंशुकुङ्कुमरसैः स्नपितं खं,
भास्करेण नववासरराज्ये ॥९९८॥

यद्भिया दिवमगात् पितुरङ्कं,
द्राग् विहाय परिशङ्क्य तमिन्दुः ।
ज्वालजालजटिलं वडवाग्निं,
भानुमुत्थितमयाच्चरमाशाम् ॥९९७॥

आगते न पिदधे किमु पत्यौ,
द्यौस्त्यजन्त्युपपतिं हिमभासम् ।
ऊषसाऽरुणिम कुंङ्कुमलेये,
तारकामिषनखव्रणपङ्क्तिम् ॥९९९॥

**ચિહુંગમ ચન્દ્ર કિરણ ફેલાયાં**
સકલ જગતને ઝળહળ કરતાં કેવાં ગજબ સુહાયાં !
ગિરિજાના ચરણે પ્રણમેલા શિવશિરથી જાણે ટપકેલાં
**સુરસરિજળ રેલાયાં !**

## સૂર્યોદયના ગીત

**સૂરજ નભલલનાને ભેટ્યો...**
રજનિ વિરહતણો દુ:ખ મેટ્યો;
દઢ આશ્લેષે મણિમય માળા,
તૂટી તારકની સુવિશાળા.

ગર્ભવતી લલનાની પેરે, પીળા મુખડાવાળી,
દિગ્વધૂના અંગે અંગે ઝળકી ઉઠી લાલી,
તિમિર નિકરની શાંતિ કેરો, દોહદ પૂર્ણ કર્યો,
રવિના તેજે તેથી તેને, ઉર આનંદ ઉછળ્યો.

**રવિએ નવા દિવસને રાજ...**
કિરણોનો કુંકુમ રસ છાંટયો, નભને આંગણ આજ...
અંધારાની ધૂળ બધીયે કાઢી આઘી ક્યાંય;
તારાના કંકર ઢગ ગોત્યા, જડે નહિં જરાય...

**તજી પિતાનો (સિંધુનો) ખોળો...**
જેના ભયથી નભમાં ભાગ્યો, શશિયર બાલોભોળો...
ઉગતો સૂરજ ભાળી ભડક્યો એ આવ્યો વડવાનલ,
જ્વાળા જાલ જટાળો જોગી, ગયો શશી અસ્તાચલ...

**રવિપીયુ ઘર આયો...**
નભરાણીએ પ્રભાતવેળા શશિયરને છટકાયો...
શશિયર સાથે જારી કરતાં,
વીતી રજનિ રંગે;
તારા રૂપ નખ ક્ષત દીધાં,
તેણે અંગે અંગે...
અરૂણ ઉષાના કુંકુમ લેપે, રતિનો ઘાવ છિપાયો...

किं पुनः स्पृशसि यः परकूले,
मामपश्रियमपोह्य गतोऽभूः ।
साञ्जनाश्रुततिमित्यभिभानुं,
पद्मिनी मधुकरैः किरति स्म ॥१०००॥

संहृतानृ-पशु-पक्षिगणेभ्य-
स्तामसी दिनकृतोदयभाजा ।
एकतामुपगता खलु निद्रा,
कौशिकालिनयनेषु निलीना ॥१००१॥

यद्गृहेऽन्धतमसामिधचौरः,
स्थास्यतीह स भविष्यति दण्ड्यः ॥
डिण्डिमध्वनिरभूदिह भानो -
श्चारुकाकुकृकवाकुकुटुम्बात् ॥१००२॥

गाढगात्रपरिरम्भविजृम्भि-
प्रेमनिर्दलितरात्रिवियोगाम् ।
चक्रवाकयुगसङ्गमलीला,
विस्मयं न हृदि कस्य वितेने ? ॥१००३॥

## शिशुपाल वध काव्यस्य श्लोकः

कुमुदवनमपश्रि श्रीमदम्भोजखण्डं,
त्यजति मुदमुलूकः प्रीतिमांञ्चक्रवाकः ॥
उदयमहिमरश्मिर्याति शीतांशुरस्तं,
हत विधिलसितानां ही विचित्रो विपाकः ॥११-६४॥

**કમલિની કલહ કરે**

શોભાહીન મને તું છોડી રખડ્યો અન્ય ઘરે...
અંજન મિશ્રિત આંસુ ઝરતી
મધુકર વૃંદ વડે;
સૂરજને તતડાવે પાછો
કેમ મને તું અડે?

**ઊગતો સૂરજ નિંદ હરે,**

મનુજ પશુ પંખીગણ કેરી આંખોમાંથી ખરે !
તે સહુ ભેગી થઈ ઘૂવડના નયનો માંહી ઠરે !...

**પીટે કૂકડાજી ઢંઢેરો...**

વહેલી પરોઢે મીઠા સાદે, સૂરજ રાજા કેરો...
જેના ઘરમાં અંધારાનો, ડાકુ દેશે ડેરો;
સાંભળજો! સહુ જગજન, તેને દેશું દંડ વડેરો...
**પીટે કૂકડાજી ઢંઢેરો...**

**સૂર્ય ઉદયની વેળા**

આસપાસનું ભાન ભૂલી થયા ચકવા ચકવી ભેળા...
ગાઢ કરી આશ્લેષ હટાવે
રજનિ વિયોગની પીડા
અંગ અંગ ઉછળે ઉલ્લાસે,
કરતાં નવ નવ ક્રીડા
કમળનયનથી નિરખે ના શું ? સરવર પણ એ મેળા...!
ઉંચી નજરે પણ ના ભાળે સરવર કમળ ખીલેલાં !

**વિ.સં. ૨૦૪૨**
**આસો વદ, ૨-૩-૪ રાત્રે**

## શિશુપાલ વધ - કાવ્યના ૧ શ્લોકનો અનુવાદ

કુમદ વન વિલાયું... પદ્મના વૃંદ ખીલ્યાં,
ઘૂવડ મદ તજંતા રીઝતાં ચક્રવાક.
રવિ ઉદય લહેતો આથમે ચંદ્રલીલા,
અહ અજબ વિધિના ખેલનો રે વિપાક.

ગુજરાતીનો સંસ્કૃત અનુવાદ

# ચૈત્યવંદન

## શ્રી સામાન્યજિન ચૈત્યવંદન

૧

પરમેશ્વર પરમાત્મા, પાવન પરમિટ્ઠ
જય જગગુરૂ દેવાધિદેવ, નયણે મેં દિટ્ઠ... ૧

અચલ અકલ અવિકાર સાર, કરૂણારસ સિંધુ,
જગતી જન આધાર એક, નિષ્કારણ બંધુ... ૨

ગુણ અનંત પ્રભુ તાહરા એ, કિમહિ કહ્યાં ન જાય,
રામ પ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય... ૩

૨

તુજ મૂરતિને નિરખવા, મુજ નયણાં તરસે,
તુજ ગુણ ગુણને બોલવા, રસના મુજ હરખે... ૧

કાયા અતિ આનંદ મુજ, તુમ યુગપદ ફરસે,
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરશે... ૨

એમ જાણીને સાહિબાએ, નેક નજર મોહે જોય,
જ્ઞાનવિમલ પ્રભુ સુનજરથી, તેહ શું? જે નવિ હોય... ૩

## શ્રી સિદ્ધગિરિજી ચૈત્યવંદન

૩

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દિઠે દુર્ગતિ વારે,
ભાવ ધરીને જે ચડે, તેને ભવપાર ઉતારે... ૧

અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય,
પૂર્વ નવાણું ઋષભદેવ, જિહાં ઠવિયા પ્રભુ પાય... ૨

સૂરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ,
નાભિરાયા કુલમંડણો, જિનવર કરૂં પ્રણામ... ૩

# चैत्यवन्दनानि

## १

परमेश्वर ! परमात्मनयि ! पावन ! परमेष्ट ! ।
जगद्गुरो ! देवाधिदेव !, जय नयनैर्द्रष्टः ॥१॥

अचलाकलाविकारसार ! करुणारससिन्धो! ।
जगदेकाधारस्वरुप ! निष्कारणबन्धो ! ॥२॥

गुणा अनन्तास्ते विभो ! कथमपि नहि कलयेयुः ।
राम ! प्रभो ! ते ध्यानतश्चिदानन्दसुखमीयुः ॥३॥

करुणासागर देव ते, भद्रङ्करचरणम् ।
भविकानां भवनीरधौ, भवतु **धुरन्धरण**म् ॥४॥

## २

जिन ! तव मूर्तिं वीक्षितुं, चक्षुर्मम झषते ।
गातुं तव गुणगौरवं, रसना उल्लसते ॥१॥

काया मम रोमाञ्चिता तव चरणे स्पृशतः ।
कथय किं नु सरतेऽथ ते मां नहि तारयतः ॥२॥

ज्ञात्वेदं करुणादृशा, दृष्टोऽहं नुवने ।
ज्ञानविमलदृष्ट्या प्रभोः किं न भवेद् भुवने ? ॥३॥

## ३

सिद्धभूमिः शत्रुञ्जयो, दृष्टो दुर्गतिवारः ।
यो भावेनाऽऽरोहते, तं भवपारोत्तारः ॥१॥

स्थानमनन्तसिद्धात्मनां, सकलतीर्थगणराजः ।
नवनवतिपूर्वाण्यथाऽऽययौ, ऋषभजिनराजः ॥२॥

सूर्यकुण्ड इह शोभनो, यक्षकपर्द्यभिरामः ।
नाभिराजकुलमण्डनाय जिनवर ! तेऽस्तु प्रणामः ॥३॥

## શ્રી ઋષભજિન ચૈત્યવંદન

૪

કલ્પવૃક્ષની છાંયડી, નાનડીયો રમતો
સોવન હિંડોળે હિંચતો, માતાને મન ગમતો... ૧

સહું દેવી બાલક થઇ, ઋષભજીને તેડે,
વ્હાલા લાગો છો કહી પ્રભુ, હૈડાશું ભીડે... ૨

જિનપતિ યૌવન પામીયા, ભાવે શું ભગવાન,
ઈન્દ્રે ઘાલ્યો માંડવો, વિવાહનો મંડાણ... ૩

ચોરી બાંધી ચિહું દિશિ, સુરગોરી ગીત ગાવે
સુનંદા સુમંગલા, પ્રભુજીને પરણાવે... ૪

સકલ સંગ છંડી કરી, કેવળજ્ઞાનને પામે,
અષ્ટકર્મનો ક્ષય કરી, પહોંચ્યા શિવપુર ધામે... ૫

ભરતે બિંબ ભરાવીયા, થાપ્યા શત્રુંજય ગિરિરાય,
શ્રી વિજયપ્રભસૂરિતણા, ઉદયરત્ન ગુણ ગાય... ૬

## શ્રી સીમંધર જિન ચૈત્યવંદન

૫

શ્રી સીમંધર! વીતરાગ! ત્રિભુવન તુમે ઉપગારી,
શ્રી શ્રેયાંસ પિતા કુળે બહુ શોભા તુમારી... ૧

ધન્ય ધન્ય માતા સત્ય કી, જેણે જાયો જયકારી,
વૃષભ લંછને બિરાજમાન, વંદે નરનારી... ૨

ધનુષ પાંચસે દેહડી એ, સોહીએ સોવનવાન,
કીર્તિવિજય ઉવજ્ઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન... ૩

## ४

कल्पतरोः शीतलतले, बालजिनो रमते ।
कनकदोलया दोलयन्, मातृमनो हरते ॥१॥

शिशूभूय देवीगणो, नाभिजमुद्वहते ।
उक्त्वा बहुवल्लभ इति, हृदये संश्लिषते ॥२॥

सुन्दर-यौवन-सङ्गतः, सञ्जातो भगवान् ।
वर्यं विवाह-मण्डपं, मघवा मण्डितवान् ॥३॥

चङ्गा बद्धा चत्वरी, सुर-गौर्यो गायन्ति ।
सुनन्दां सुमङ्गलां विभुनोद्वाहयति ॥४॥

त्यक्तसकलसङ्गोऽभवत् केवलज्ञानाय ।
प्राप्तः शिवपदमष्टकर्म - मण्डलमपहाय ॥५॥

( भरतेश्वरनृपनिर्मिते, संस्थित-चैत्ये तुङ्गे ।
सार्व**धुरन्धर** ! जय सदा, शत्रुञ्जयशृङ्गे ॥६॥ )

## ५

श्री सीमन्धर ! वीतराग ! त्रिजगदुपकारिन् !
श्रीश्रेयांसपितुः कुले, बहुशोभाकारिन् ! ॥१॥

धन्या माता सत्यकी, जातो यया जयकारी ।
वृषभ-लाञ्छनविराजितं, वन्दते नरनारी ॥२॥

धनुः पञ्चशतमान-तनु त्वां कनकोपमकान्ते !
ध्यायति विनयः कीर्तिविजयवाचक-शिशुरेकान्ते ॥३॥
( तव **भद्रङ्करदर्शनं**, **महायशो** विमलम् ।
धर्म**धुरन्धर** ! देव ! मे देहि सदाऽविकलम् ॥४॥ )

# સ્તવનો

## શ્રી આદિજિન જિન સ્તવન

૧

પ્રથમ જિણેસર પ્રણમીયે, જાસ સુગંધી રે કાય;
કલ્પવૃક્ષ પરે તાસ, ઇંદ્રાણી નયન જે ભૃંગપરે લપટાય. ૧

રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ;
તેહથી પ્રતિહત તેહ માનું, કોઇ નવિ કરે, જગમાં તુમશું રે વાદ. ૨

વિગર ધોઇ તુજ નિરમલી, કાયા કંચન વાન;
નહિ પ્રસ્વેદ લગાર, તારે તું તેહને, જેહ ધરે તાહરૂં ધ્યાન. ૩

રાગ થયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોય;
રૂધિર આમિષથી, રાગ ગયો તુજ જન્મથી, દૂધ સહોદર હોય. ૪

શ્વાસોશ્વાસ કમલ સમો, તુજ લોકોત્તર વાત;
દેખે ન આહાર નિહાર, ચરમચક્ષુ ધણી, એહવા તુજ અવદાત. ૫

ચાર અતિશય મૂલથી, ઓગણીસ દેવના કીધ;
કર્મ ખપ્યાથી અગ્યાર ચોત્રીસ એમ અતિશયા, સમવાયાંગે પ્રસિદ્ધ. ૬

જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
પદ્મવિજય કહે એહ, સમય પ્રભુ પાલજો, જિમ થાઉં અક્ષય અભંગ. ૭

૨

ઋષભદેવ હિતકારી, જગતગુરૂ ઋષભદેવ હિતકારી;
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર, પ્રથમ યતિ વ્રતધારી. જ...૧

વરસીદાન દેઇ તુમ જગમેં, ઇલતિ ઇતિ નિવારી;
તૈસી કાહી કરતુ નાહી કરૂણા, સાહિબ બેર હમારી. જ...૨

# स्तवनानि

## श्री आदिश्वर स्तवनम्

१

प्रणमत प्रथम-जिनेश्वरं देहे सुरभिवति ।
कल्पतराविव यस्य शचीनयन-द्वयं भृङ्ग इवापतति ।।१।। प्रणमत...

अमृतरसमास्वादितं, रोगोरगजातः ।
नोपद्रवते त्वां हत इव सुधया खलु, दूरे सञ्जातः ।।२।। प्रणमत...

कायाऽधौत-शुचिस्तव, काञ्चन-कान्ति-कला ।
स्वेदेनोज्झित ! तारयसे तान् ये सदा, ध्याने तेऽविचलाः ।।३।। प्रणमत...

तव मनसो रागो गतस्तस्मिन् किं नव्यम् ।
गतरागं रुधिरामिषमप्ययि ! देव ते, क्षीरसमं भव्यम् ।।४।। प्रणमत...

श्वासः कमलसुगन्धिक-स्तव लोकोत्तरितम् ।
द्रश्यौ नैवाहारनीहारौ मानवै-र्दिव्यमहो! चरितम् ।।५।। प्रणमत...

चतुरोऽतिशयाः मूलतः, सौरा निधिविधवः(१९) ।
कर्मक्षयतो रुद्रमिताः(११) युग-भुवि (३४) मिताः
सर्वेऽतिशयाः वः ।।६।। प्रणमत...

जिनपोत्तमगुणगानतः, सगुणं निजमङ्गम् ।
पद्मपदार्पय देव! **धुरन्धर**! ते पद- मक्षयमविभङ्गम् ।।७।। प्रणमत...

२

भुवनगुरुरादिजिनो हितकारी
प्रथमतीर्थकृत्प्रथमनरेशः, प्रथमयतिव्रतधारी ।।१।।

दत्वा वार्षिकदानमिलायां, दारिद्र्येति निवारी ।
मम वेलायां स्वामिन् किं नहि ? वर्षसि करुणावारि ।।२।।

માંગત નહીં હમ હાથી ઘોડે, ધન કન કંચન નારી;
દિઓ મોહિ ચરનકમલકી સેવા, યાહિ લગત મોહિ પ્યારી. જ...૩

ભવલીલા વાસિત સુર ડારે, તુમ પર સબહી ઉવારી;
મે મેરો મન નિશ્ચલ કીનો, તુમ આણા શિર ધારી. જ...૪

એસો સાહિબ નહિ કોઉ જગમેં, યાસું હોય દિલદારી;
દિલહી દલાલ પ્રેમકે બિચે, તિહાં હઠ ખેંચે ગમારી. જ...૫

તુમહી સાહિબ મેં હું બંદા, યા મત દિઓ વિસારી;
શ્રીનયવિજય વિબુધ સેવક કે, તુમ હો પરમ ઉપકારી. જ...૬

## શ્રી અજિતનાથ સ્તવન

૩

શુભ વેલા શુભ અવસરે રે, લાગ્યો પ્રભુ શું સ્નેહ;
વાધે મુજ મન વાલહો રે, દિન દિન બમણો નેહ,
અજિતજિન ! વિનતડી અવધાર.
મન માહરૂં લાગી રહ્યું રે, તુજ ચરણે એક તાર. અ...૧

હિયડું મુજ હેજાલઉ રે, કરે ઉમાહો અપાર;
ઘડી ઘડીને અંતરે રે, ચાહે તુજ દેદાર. અ...૨

મીઠો અમૃતની પરે રે, સાહિબ તાહરો સંગ;
નયણે નયણ મિલાવતાં રે, શીતળ થાયે અંગ. અ...૩

અવશપણે એક ઘડી રે, જાયે તુજ વિણ જેહ;
વરસા સો સમ સાહિબા રે, લાગે મુજ મન તેહ. અ...૪

याचे नहि गजरथतुरगादीन्, धन-कण-कञ्चन-नारी ।
चरणकमलसेवामर्पय ते, तद्धि मम प्रियकारी ॥३॥

भयदा: भवलीलाश्रित-देवा:, त्वं हि सकल-मनोहारी ।
नीत्वा निश्चलतां चेतो मम, शिरसि तवाज्ञाऽधारि ॥४॥

स्वामीदृशो नहि कोऽपि जगति, य: स्यात् हृदयविहारी ।
हृदयमेव कारयति प्रीतिं, हठयति तत्र बुधारी ॥५॥

त्वं मे स्वामी तव दासोऽहं, विस्मर्तव्यं न भवारी ।
श्रीनयविजय-विबुधशिशुकस्य त्वं हि परममुपकारी ॥६॥

भुवनगुरुरादिजिनो हितकारी....

## श्री अजित जिन स्तवनम्

३

शुभवेलायामवसरे रे, लग्ना प्रभुणा प्रीति: ।
प्रतिदिनमधिको वल्लभो रे, मम हृदये भवसीति ॥
अजितजिन अवधारय विनतिम् ।
तव चरणे मम मानसं रे, वहते परमरतिम् ॥ **अजितजिन**.....१

हृदयं मम हृदयालुकं रे, उच्छलते सोल्लासम् ।
प्रतिघटिकायां वांछते रे, तव दर्शन संवासम् ॥ **अजितजिन**.....२

लगते मिष्टोऽमृतसमो रे, स्वामिन्स्तव शुभसङ्ग: ।
तव मम नयनै-मीलितै रे, भवते शीतलमङ्गम् ॥ **अजितजिन**.....३

अवशत्वाद् घटिकैकका रे, या तव विरहे याति ।
वर्षशतीमिव मानसे रे, सा मम जिनवर ! भाति ॥ **अजितजिन**.....४

તુજને તો મુજ ઉપરે રે, મહેર ન આવે કાંય;
તો પણ મુજ મન લાલચું રે, ખીણ અળગુ નવિ થાય. **અ...૫**

આસંગાયત આપણો રે, જાણીને જિનરાય;
દરિશન દિજે દીન પ્રતિ રે, હંસરતન સુખ થાય. **અ...૬**

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

**૪**

તું પ્રભુ મારો હું પ્રભુ તારો, ક્ષણ એક મુજને નાહિં વિસારો
મહેર કરી મુજ વિનંતી સ્વીકારો, સ્વામી સેવક જાણી નિહાળો. **૧**

લાખ ચોરાશી ભટકી પ્રભુજી, આવ્યો હું તારે શરણે હો જિનજી,
દુરગતિ કાપો શિવસુખ આપો, ભક્ત સેવકને નિજપદે સ્થાપો. **૨**

અક્ષય ખજાનો પ્રભુ તારો ભર્યો છે, આવ્યો કૃપાળુ મેં હાથ ધર્યો છે,
વામાનંદન જગવંદન પ્યારો, દેવ અનેરામાં તું હી નયારો. **૩**

પલ પલ સમરૂં નાથ શંખેશ્વર, સમરથ તારણ તું હી જિનેશ્વર.
પ્રાણ થકી તું અધિકો વહાલો, દયા કરી મુજને નેહે નિહાળો. **૪**

ભક્ત વત્સલ તારૂં બિરૂદ જાણી, કેડ ન છોડું એમ લેજો જાણી,
ચરણોની સેવા નિત્ય નિત્ય ચાહું, ઘડી ઘડી મનમાં હું ઉમાહું. **૫**

જ્ઞાનવિમલ તુજ ભક્તિ પ્રભાવે, ભવોભાવના સંતાપ શમાવે,
અમીય ભરેલી તારી મુરતી નિહાળી, પાપ અંતરના દેજો પખાલી. **૬**

भगवन् ! भवतो यन्मयि रे, स्नेहरति-र्न हि कापि ।
मम चित्तं त्वयि लम्पटं रे, विरमति नैव तथापि ।। **अजितजिन.....५**

स्नेहाधीनं सेवकं रे, नैजं जिन विज्ञाय ।
देहि दर्शनमहोनिशं रे, हंसरत्न-कुशलाय ।। **अजितजिन.....६**

## श्री पार्श्वनाथ स्तवनम्

**४**

त्वं भगवन्! मम तेऽहं निर्मम! क्षणमपि विस्मर नहि मां परम !
मम विज्ञप्तिं स्वीकुरु कुपालय! मां सेवकरुपेण निभालय ।।१।। **त्वं...**

भ्रान्त्वा योनि-चतुरष्टलक्षं, मां तव शरणागतमिह रक्ष ।
कुगतिं कर्तय शिवसुखमर्पय, भक्तं भृत्यं स्वपदे स्थापय ।।२।। **त्वं...**

अक्षयनिधिस्तव पार्श्वे पूर्णः, भर मम हस्तं कृपया तूर्णम् ।
वामानन्दन! विश्ववन्दनीय ! देवेष्वनन्यस्त्वं प्रीणनीयः ।।३।। **त्वं...**

पार्श्वशंखेश्वर ! तव संस्मरणं, प्रतिपलमीहे तारणतरणम् ।
प्राणेभ्योऽप्याधिकप्रिय! कुपया, स्नेहदृशा मां पश्याऽसमया।।४।। **त्वं...**

भक्तवत्सल इति त्वं विज्ञातः, तव पृष्ठिं नहि मुञ्चे त्रातः ।
तव पदसेवामीहे सततं, चेतसि तस्मिन् भावे निरतः ।।५।। **त्वं...**

ज्ञानविमल! तव भक्ति-प्रभावः, भवभवताप-प्रशम-स्वभावः ।
अमृतमयी तव मूर्ति-र्दृष्टा, आंतरपापाः सर्वे मृष्टाः ।।६।। **त्वं...**

## શ્રી મહાવીર જિન સ્તવન

૬

આવ આવ રે માહરા મનડા માંહે, તું છે પ્યારો રે,
હરિહરાદિક દેવઅનેરાથી, તું છે ન્યારો રે આવ. ૧

અહો મહાવીર ગંભીર તું તો, નાથ માહરો રે,
હું નમું તુંને ગમે મુને, સાથ તાહરો રે આવ. ૨

ગ્રહી સાહી મીઠડા હાથ માહરા, વૈરી વારો રે,
દ્યો દ્યો રે દર્શન દેવ મુને, દ્યોને લારો રે આવ. ૩

તું વિના ત્રિલોકમેં કેહનો, નથી ચારો રે,
સંસાર પારાવારનો સ્વામી, તુંહી આરો રે આવ. ૪

ઉદયરત્ન પ્રભુ જગમેં જોતાં, તું છે સારો રે,
તાર તાર મુજને તાર તું, સંસાર તારો રે આવ. ૫

## શ્રી શત્રુંજય સ્તવન

૫

વિમલાચલ નિતુ વંદીએ, કીજે એહની સેવા,
માનું હાથ એ ધર્મનો, શિવતરૂ ફળ લેવા. **વિમલા...૧**

ઉજ્જવલ જિનગૃહ મંડળી, તિહાં દીપે ઉત્તંગા;
માનું હિમગિરિ વિભ્રમે, આઇ અંબર ગંગા. **વિમલા...૨**

કોઇ અનેરૂં જગ નહિ, એ તીરથ તોલે,
એમ શ્રીમુખ હરિ આગળે, શ્રી સીમંધર બોલે. **વિમલા...૩**

## श्री महावीरस्वामी स्तवनम्

५

एहि एहि रे मनोमन्दिरे मे, त्वं हि प्रियो रे
हरिहरादिक-देवताभ्यस्त्वं वरीयो रे... **एहि एहि** रे... १

अहो! महावीर! गम्भीरधीस्त्वं, स्वामी मदीयो रे
नमामि ते वल्लभो मे, सङ्गस्त्वदीयो रे... **एहि एहि** रे... २

वारय वैरिणो गृहित्वा, करोऽस्मदीयो रे
देहि देहि रे देव! दर्शनं मे, भव नेदीयो रे... **एहि एहि** रे... ३

त्वया विना त्रैलोक्ये नास्ते, चारोऽन्यदीयो रे
त्वमेव संसारवारांनिधेः, पारस्तटीयो रे... **एहि एहि** रे... ४

उदयरत्नप्रभो!जगति दृष्टस्त्वं गरीयो रे
तारय तारय मां भवजलधितः वरतरीयो रे... **एहि एहि** रे... ५

## श्री शत्रुञ्जय स्तवनम्

६

वन्दत विमलगिरिं सदा सेवां कुरुतैतस्य ।
मन्ये ग्रहितुं शिवफलं, हस्तौ धर्मनृपस्य ॥१॥ **वन्दे...**

उज्ज्वलजिनगृह-मण्डली, दीप्यति यत्रोत्तुङ्गाः ।
किं ननु हिमगिरिविभ्रमा-देताऽम्बरतो गङ्गा ॥२॥ **वन्दे...**

नान्यत्तीर्थं त्रिभुवने, ह्येतत्तुलनां दधते ।
एवं सीमन्धरजिनः सुरराजं वदते ॥३॥ **वन्दे...**

જે સઘળાં તીરથ કહ્યાં, યાત્રા ફળ કહિએ;
તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફળ લહિએ. **વિમલા...૪**

જન્મ સફલ હોય તેહનો, જે એ ગિરિ વંદે;
સુજસવિજય સંપદ લહે, તે નર ચિર નંદે. **વિમલા...૫**

**૭**

બાપલડા રે પાતિકડા તમે, શું કરશો હવે રહીને રે;
શ્રીસિદ્ધાચલ નયણે નિરખ્યો, દૂર જાઓ તમે વહીને રે. **બાપ...૧**

કાલ અનાદિ લગે તુમ સાથે, પ્રીત કરી નિરવહીને રે;
આજ થકી પ્રભુ ચરણે રહેવું, એમ શીખવીયું મનને રે. **બાપ...૨**

દુષમ કાળે ઈણે ભરતે, મુક્તિ નહીં સંઘયણને રે;
પણ તુમ ભક્તિ મુક્તિને ખેંચે, ચમક પાષાણ જેમ લોહને રે. **બાપ...૩**

શુદ્ધ સુવાસન ચુરણ આપ્યું, મિથ્યાપંક શોધનને રે;
આતમ ભાવ થયો મુજ નિર્મળ, આણંદમય તુજ ભજને રે. **બાપ...૪**

અક્ષય નિધાન તુજ સમકિત પામી, કુણ વંછે ચલ ધનને રે; ?
શાંત સુધારસ નયણ કચોળે, સીંચો સેવક તનને રે. **બાપ...૫**

બાહ્ય અભ્યંતર શત્રુ કેરો, ભય ન હોવે મુજને રે;
સેવક સુખીયો સુજસ વિલાસી, એ મહિમા પ્રભુ તુજને રે. **બાપ...૬**

નામ મંત્ર તુમારો સાધ્યો, તે થયો જગ મોહનને રે;
તુજ મુખ મુદ્રા નિરખીને હરખું, જેમ ચાતક જલધરને રે. **બાપ...૭**

તુજ વીણ અવરને દેવ કરીને નવી ચાહું ફરી ફરીને રે;
જ્ઞાનવિમલ કહે ભવજલ તારો, સેવક બાહ્ય ગ્રહીને રે. **બાપ...૮**

यत्सकलैस्तीर्थैः कृतैः, यात्रालाभो भवते ।
स्पृष्टेऽस्मिन्तीर्थे ततः शतगुणितो लभते ॥४॥ **वन्दे...**

गिरिमेतं यो वन्दते, जन्मैतस्य सफलम् ।
यशोविजयसंपदमिता नन्दति कालं सकलम् ॥५॥ **वन्दे...**

## श्री शत्रुञ्जय स्तवनम् - २

७

अतिदीनाःअयि पातकपुञ्जाः, किं कुरुथोऽयो वसनं रे,
दृष्टः सिद्धगिरिर्मयका तत्., कुरुत विदूरे वहनं रे... ॥१॥

कालेऽनादौ मया भवद्भिः, कृतं प्रीतिनिर्वहणं रे;
अथ प्रभुवर-चरणश्रयणाय हि, शिक्षितमन्तःकरणं रे... ॥२॥

दुःषमकालेऽस्मिन् भरते किल, नहि मुक्तेः संहननं रे,
चमकोपल इव लोहं भक्तिः, कुरुते मुक्त्यानयनं रे... ॥३॥

शुद्धसुवासन-चूर्णं दत्तं, मिथ्यापङ्कविहननं रे,
आनंदमय-भजनं तव सृजते, मानस-मलापनयनं रे... ॥४॥

प्राप्तेऽक्षयनिधि-सम्यक्त्वे तव, नेहे चलधनभरणं रे,
शान्तसुधारस-झरणै-र्नयनैः, सिञ्चय सेवक-करणं रे... ॥५॥

बाह्याभ्यंतरशत्रूणां किल, नाऽथ नाथ! भयभवनं रे,
दासः सुखितो यशोविलासी, तत्तव महिमोल्लसनं रे... ॥६॥

नाममन्त्रमिव साधितमिह तव, सम्मोहयते भुवनं रे,
तव मुखमुद्रां दृष्ट्वा प्रमुदे, चातक इव नवसुघनं रे... ॥७॥

आदृत्याऽपर-देवं स्वामिन् !, नेहेऽथो भवभ्रमणं रे,
ज्ञानविमल!तारय भवजलधिं, कृत्वा मम करग्रहणं रे... ॥८॥

## શ્રી સિમંધરજિન સ્તવન

૮

સુણો ચંદાજી ! સીમંધર પરમાતમ પાસે જાજો,
મુજ વિનતડી, પ્રેમ ધરીને, એણી પેરે તુમે સંભળાવજો.
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઈન્દ્ર પાયક છે;
નાણ દરિસણ જેહને ક્ષાયક છે... **સુણો...૧**

જેની કંચન વરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે;
પુંડરિકિણી નગરીનો રાયા છે... **સુણો...૨**

બાર પર્ષદામાંહી બિરાજે છે, જસ ચોત્રીસ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે... **સુણો...૩**

ભવિજનને જે પડિબોહે છે, તુમ અધિક શીતળગુણ સોહે છે;
રૂપ દેખી ભવિજન મોહે છે... **સુણો...૪**

તુમ સેવા કરવા રસિયો છું, પણ ભારતમાં દૂરે વસિયો છું;
મહા મોહરાય કર ફસિયો છું... **સુણો...૫**

પણ સાહિબ ચિત્તમાં ધરીયો છે, તુમ આણા-ખડ્ગ કર ગ્રહીઓ છે;
તો કાંઈક મુજથી ડરિયો છે. સુણો... **સુણો...૬**

જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો, કહે પદ્મવિજય થાઉં શૂરો;
તો વાધે મુજ મન અતિ નૂરો... **સુણો...૭**

# श्री सीमंधर जिन स्तवनम्

८

श्रुणु शशधरजी, सीमन्धर-परमेश्वर-पार्श्वे गम्यताम्
रजनीश्वरजी एवं मम विज्ञप्तिं प्रीत्या कथ्यताम् ।

यस्त्रिभुवन-नायकतां दधति, यस्याऽग्रे धावति शक्रततिः,
यः क्षायिकदर्शन-ज्ञानपतिः ...**श्रुणु**... ॥१॥

यः काञ्चन-कान्ति-कलित-कायः, वृषभाङ्किकतपादो निरपायः,
पुण्डरिकिणी-महानगरी-नायः ...**श्रुणु**... ॥२॥

द्वादशपर्षत्सु यो वसति, चतुरनला (३४) तिशयैरुल्लसति,
वाणी व्रत-तत्व (३५) गुणैर्लसति ...**श्रुणु**... ॥३॥

भविलोकान् यः प्रतिबोधयति, यत्समता शीतलता जयति,
भव्या यं वीक्ष्य विमुह्यन्ति ...**श्रुणु**... ॥४॥

तव सेवायामहमुत्सुकितः, अपि दूरे भरते संवसितः,
हत-मोहराजकर-संपतितः ...**श्रुणु**... ॥५॥

त्वं देवो मनसि मया धरितः, आज्ञाखड्गस्तव करवरितः
तेनाऽयं किञ्चिद्दर-दरितः ...**श्रुणु**... ॥६॥

मम पूरय जिनपोत्तम! वीर्यं, हृदि पद्मे येन लभे शौर्यं,
वर्द्धेत यथा तेजोवर्यं ...**श्रुणु**... ॥७॥

( **प्रेमा**मृत**रामर**मां वरता, भव्याङ्गिजने **भद्रङ्करता**
धार्योऽहं धर्म**धुरन्धर**ता ...**श्रुणु**... ॥८॥)

## શ્રી સામાન્યજિન સ્તવન

૯

જિન તેરે ચરણ કી શરણ ગ્રહું...

હૃદયકમલ મેં ધ્યાન ધરત હું, શિર તુજ આંણ વહું. **જિન...૧**

તુમ સમ ખોળ્યો દેવ ખલકમેં, પેખ્યો નહી કબહું. **જિન...૨**

તેરે ગુણો કી જપું જપમાલા, અહનિશ પાપ દહું. **જિન...૩**

મેરે મનકી તુમ સબ જાનો, ક્યાં મુખ બહોત કહું. **જિન...૪**

કહે જસવિજય કરો ત્યું સાહિબ, જ્યું ભવદુઃખ ન લહું. **જિન...૫**

# श्री सामान्यजिनस्तवने

## १-A

जिनवर! तव चरणौ शरणं,
ध्याये हृदयकजे त्वां कुर्वे शिरसि वचनवरणम् ॥१॥

नाऽदर्शि तव सदृशो देवो भ्रमता भुवनगणम्
तव गुणजपमालां प्रजपेऽनिशमघदाहंकरणम् ॥२॥

किं नु वदे वदनेन न वेत्सि, ममकान्तःकरणम्
यशो**धुरन्धर**! तत्कुरु न लभे यद् भवदुःखकरणम् ॥३॥

## १-B

जिन! तव चरणशरणमादरे,
ध्याये हृदयकमलमध्यं तव वचनं शिरसि धरे, **जिन तव....१**

नादर्शि तव सदृशो देवो, भ्रमता भुवनमरे,
तवगुणजपमालां प्रजपेऽनिश-मघदाहं वितरे, **जिन तव....२**

किं नु वदे वदनेन न वेत्सि, मम मनसि किमरे,
यशो **धुरन्धर**! तत्कुरु येन हि, भवदुःखं न वरे, **जिन तव....३**

## ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત સ્તવન ચોવિશી

## શ્રી ઋષભદેવ જિન સ્તવન

૧

### (મહાવિદેહ ક્ષેત્ર સોહામણું - એ દેશી)

જગજીવન જગવાલહો, મરૂદેવીનો નંદ લાલ રે,
મુખ દીઠે સુખ ઉપજે, દરિશણ અતિહી આણંદ લાલ રે... **જગ....૧**

આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિસમ ભાલ, લાલ રે,
વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાળ લાલ રે... **જગ....૨**

લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે,
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર. લાલ રે... **જગ....૩**

ઈંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા, ગુણ લઈ ઘડીયું અંગ લાલ રે,
ભાગ્ય કિહાં થકી આવીયું, અચરિજ એહ ઉત્તંગ લાલ રે... **જગ....૪**

ગુણ સઘળા અંગી કર્યા, દૂર કર્યા સવિ દોષ, લાલ રે,
વાચક જશવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ. લાલ રે... **જગ....૫**

## શ્રી અજિતનાથ જિન સ્તવન

૨

### (નિંદરડી વેરણ હોઈ રી - એ દેશી)

અજિતજિણંદશ્યું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે,
માલતી ફૂલે મોહીયો, કિમ બેસે હો બાવળતરૂ ભૃંગ કે **અજિત....૧**

ગંગાજળમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાળ કે,
સરોવર જલધર જળ વિના, નવિ ચાહે હો જગ ચાતકબાળ કે **અજિત....૨**

કોકિલ કલકૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે,
આછાં તરૂઅર નવિ ગમે ગિરૂઆશું હો હોયે ગુણનો પ્યાર કે. **અજિત....૩**

કમલિની દિનકર કર ગ્રહે,વલી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે,
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમળા નિજ ચિત્ત કે. **અજિત....૪**

તિમ પ્રભુશ્યું મુજ મન રમ્યું, બીજા સુર હો નવિ આવે દાય કે,
શ્રીનયવિજય સુગરૂતણો, વાચક જશ હો નિત નિત ગુણ ગાય કે **અજિત....૫**

# श्री आदिजिन स्तवनम्

१

[१]जगती-जीवन-वल्लभः, श्रीमरुदेवानन्दो लाल रे ।
सुखदायक-मुखदर्शन, दर्शनजनिताानन्द ! लाल रे ।। जगती...१

[२]नयने नीलाम्बुजदले, अष्टमी-शशि-सम-भालो लाल रे ।
वदनं शारदचन्द्रमाः, वचन सरस-रसालो लाल रे ।। जगती...२

लक्षण-साष्ट-सहस्रकं, विलसति देहे यस्य लाल रे ।
करचरणादिकरेखया, पारो नान्तरीकस्य लाल रे ।। जगती...३

शक्र-सूर-शशि-शृङ्गिणां, गुणगणघटितसदङ्गो लाल रे ।
आगतमथ भाग्यं कुतो, विस्मयकरमिदमङ्गो लाल रे ।। जगती...४

अङ्गीकृत ! सकलै र्गुणैः, दूरविवर्जित-दोष ! लाल रे ।
सुयशोवाचक-धुरन्धरैः, संस्तुत ! कृत सुखपोष ! लाल रे ।। जगती...५

# श्री अजितनाथजिन स्तवनम्

२

[३]अजित-जिने रमते मनो नहि भाते मम सङ्गोऽन्यजनस्य के,
मालतीमुग्धमधुव्रतो रसमिच्छति किं ? बब्बूलसुमस्य के ।।१।।

गङ्गाजल-खेलन-रतिः किमु रमते हंसः पल्वलवारिके,
स्पृहते किं चातक शिशुः जलदाम्बुविनान्यसरोवरवारि के ।।२।।

कुरुते कलकुजितमहो, कोकिलकुलमाम्रसुमा-रसनेन के,
तुच्छतरुं स्पृहते नहि, गुणगुरुभिर्यः प्रीणते वसनेन के ।।३।।

कमलिनी दिनकरमीहते, हृदि कुमुदिनी स्निह्यति शशिबिंबेन के
गौरी गिरिशमृते हरिं नहि स्पृहते पद्मा निज-चित्तेन के ।।४।।

एवं भगवति मम मनः संलीनं याति परेषु नैव के,
श्री नयविजयविबुधशिशुः गुण-गीतं गायति तस्य सदैव के ।।५।।

## શ્રી સંભવનાથ જિન સ્તવન

૩

### (મન મધુકર મોહી રહ્યો - એ દેશી)

સંભવજિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે,
ખામી નહિ મુજ ખિજમતે, કદિય હોશ્યો ફળદાતા રે. **સંભવ...૧**

કર જોડી ઊભો રહું, રાત દિવસ તુમ ધ્યાને રે,
જો મનમાં આણો નહિ, તો શું કહિયે થાંને રે. **સંભવ...૨**

ખોટ ખજાને કો નહિ, દીજે વંછિત દાનો રે,
કરૂણાનજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે. **સંભવ...૩**

કાળલબ્ધિ મુજ મતિ ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે,
લડથડતું પણ ગજબચ્ચું, ગાજે ગજવર સાથે રે. **સંભવ...૪**

દેશ્યો તો તુમહી ભલા, બીજા તો નવિ યાચું રે,
વાચક જશ કહે સાંઇશું, ફળશે એ મુજ સાચું રે. **સંભવ...૫**

## શ્રી અભિનંદન જિન સ્તવન

૪

### (સુણ્યો હો પ્રભુ - એ દેશી)

દીઠી હો પ્રભુ દીઠી જગગુરૂ તુજ,
મૂરતિ હો પ્રભુ મૂરતિ મોહનવેલડીજી
મીઠી હો પ્રભુ મીઠી તાહરી વાણી,
લાગે હો પ્રભુ લાગે જેસી શેલડીજી. ૧

જાણું હો પ્રભુ જાણું જન્મ કયથ્થ,
જો હું હો પ્રભુ જો હું તુમ સાથે મિલ્યોજી,
સુરમણિ હો પ્રભુ સુરમણિ પામ્યો હથ્થ,
આંગણે હો પ્રભુ આંગણે મુજ સુરતરૂ ફળ્યોજી. ૨

જાગ્યા હો પ્રભુ જાગ્યા પુણ્ય અંકૂર,
માંગ્યા હો પ્રભુ મુંહ માંગ્યા પાસા ઢળ્યાજી,
વૂઠા હો પ્રભુ વૂઠા અમીરસ મેહ,
નાઠા હો પ્રભુ નાઠા અશુભ શુભ દિન વળ્યાજી. ૩

## श्री संभवनाथ जिन स्तवनम्

३

विज्ञपये संभवजिनं, अवधारय गुणज्ञाता रे
सेवायामलसो नहि, भवसि कदा फलदाता ? रे.... १

तिष्ठेयं बद्धाञ्जलिः, ध्याने तव निशि दिवसे रे
कथयेयं किं त्वां प्रति, यदि चित्ते नानयसे रे.... २

कोषे कापि न न्यूनता, देहि समीहित-सिद्धिं रे
करुणाद्रष्टिः स्वामिनः, कुरुते सेवकवृद्धिं रे.... ३

काललब्धिर्न हि मा वद, भावलब्धिस्त्वदधीना रे
विश्लथमपि गजशावको, गर्जति सह गजपतिना रे....४

दास्यसि त्वं तर्हि वरं, याचेऽन्यं नहि देव रे
वदति विभुं वाचक यशा, फलदायी त्वमेव रे.... ५ विज्ञपये...

## श्री अभिनंदन जिन स्तवनम्

४

द्रष्टा हो जिन द्रष्टा जगद्वर ते,
मूर्तिर्हो जिनमूर्तिर्मोहन-वल्लरी जी;
मिष्टा हो जिन, मिष्टा वाणी ते
लग्ना हो जिन लग्ना यथेक्षुरस-झरी जी.... **द्रष्टा हो.... १**

ज्ञातं हो जिन, ज्ञातं सफलं जन्म
मिलितो हो जिन मिलितोऽहं, यत्तव गणे जी,
लब्धो हो जिन लब्धः सुरमणिरद्य
फलितो हो जिन फलितः सुरतरुरङ्गणे जी.... **द्रष्टा हो....२**

उदितो हो जिन उदितः पुण्याङ्कुरः
पतिता हो जिन पतिता पाशाः मार्गिताः जी,
वृष्टो हो जिन वृष्टोऽमृतरसमेघः
वलितं हे जिन वलितं सुदिनमशुभाः गता जी **द्रष्टा हो....३**

ભૂખ્યાં હો પ્રભુ ભૂખ્યાં મિલ્યાં ઘૃતપૂર,
તરસ્યાં હો પ્રભુ તરસ્યાં દિવ્ય ઉદક મળ્યાંજી,
થાકયાં હો પ્રભુ થાકયાં મિલ્યાં સુખપાલ,
ચાહતાં હો પ્રભુ ચાહતાં સજજન હેજે હળ્યાંજી. ૪

દીવો હો પ્રભુ દીવો નિશા વન ગેહ,
સાથી હો પ્રભુ સાથી થલે જળ નૌ મિલીજી
કલિયુગે હો પ્રભુ કલિયુગે દુલ્લહો તુજ,
દરિશણ હો પ્રભુ દરિશણ લહ્યું આશા ફળીજી. ૫

વાચક હો પ્રભુ વાચક જશ તુમ દાસ,
વિનવે હો પ્રભુ વિનવે અભિનંદન સુણોજી
કઈયેં હો પ્રભુ કઈયેં મ દેશ્યો છેહ,
દેજો હો પ્રભુ દેજો સુખ દરિશણ તણોજી. ૬

## શ્રી સુમતિનાથ જિન સ્તવન

૫

### (ઝાંઝરીયા મુનિવર ધન્ય ધન્ય તુમ અવતાર - એ દેશી)

સુમતિનાથ ગુણશ્યું મીલિજી, વાધે મુજ મન પ્રીતિ,
તેલબિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહિ ભલી રીતિ,
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ. **સો...૧**

સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય,
પરિમલ કસ્તૂરી તણોજી, મહીમાંહિ મહકાય. **સો...૨**

અંગુલીયેં નવિ મેરૂ ઢંકાયે, છાબડીયેં રવિ તેજ,
અંજલિમાં જિમ ગંગ ન માએ, મુજ મન તિમ પ્રભુ હેજ. **સો...૩**

હુઓ છિપે નહિ અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ,
પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. **સો...૪**

ઢાંકી ઈક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર,
વાચક જશ કે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર. **સો...૫**

क्षुधितं हे जिन क्षुधितं मिलति घृतपूर:
तृषितं हे जिन तृषितं दिव्योदक-घटो जी;
श्रान्तं हे जिन श्रान्तं मिलति सुखपाल:
प्रीत्यै रे जिन प्रीत्यै रसिक सुजनोद्भटो जी.... **द्रष्टा हो... ४**

दीपो हो जिन दीपो निशि वने गेह:
सलिले हो जिन सलिले नौ शाखी रणे जी....
कलियुगे हो जिन कलियुगे फलिता आशा
लब्धे ते जिन लब्धे दुर्लभ दर्शने जी. **द्रष्टा हो... ५**

दासस्ते जिन ! दासो वाचकयश ! ईश !
विनुते त्वां जिन ! विनुते ह्यभिनन्दन कदा जी;
भंगं हे जिन ! भंगं देहि न देव !
देहि हो जिन ! देहि दर्शनसौख्यं सदा जी. **द्रष्टा हो... ६**

## श्री सुमतिनाथ स्तवनम्

**५**

सुमतिनाथगुण-मिश्रिता जी वर्द्धते मम मन: प्रीति:
तैलबिन्दुमिव वारिणि जी विस्तरते शुभरीति !
सुभगोत्तम भगवति लग्नोऽविघटं रंग: ॥१॥

सद्भि: सह या प्रीतिका जी सा नहि गुप्यति रम्या
कस्तूरी-सुरभि-र्यथा जी प्रसरति परितोऽदम्या ॥२॥

नाव्रियतेऽङ्गुलित: सुरशैल: छादनतो रविदीप्ति:
गङ्गा न माति यथाञ्जलाविव मम मनसि प्रभुप्रीति: ॥३॥

बीटकचर्वणतोऽरुणौष्ठे छन्नो भवति न रङ्ग:
पायं पायं प्रभुगुण-पानं मम प्रभु-प्रेमाभङ्ग: ॥४॥

इक्षुर्दल-निचयावृतोऽपि श्रयति यथा विस्तारं
कथयति वाचक यशस्तथा स्वं भगवति प्रेम प्रकारं ॥५॥

सुभगोत्तम भगवति लग्नोऽविघटं रङ्ग: ......

## શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

૬

### (સહજ સલુણા હો સાધુજી - એ દેશી)

પદ્મપ્રભ જિન જઇ અલગા રહ્યા, જિહાંથી નાવે લેખોજી,
કાગળ ને મસી જિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી,
સુગુણ સનેહા રે કદિય ન વિસરે. **સુ...૧**

ઇહાંથી તિહાં જઇ કોઇ આવે નહિ, જેહ કહે સંદેશોજી
જેહનું મિલવું રે દોહિલું તેહશું, નેહ તે આપ કિલેશોજી. **સુ...૨**

વીતરાગશું રે રાગ તે એકપખો, કીજે કવણ પ્રકારોજી,
ઘોડો દોડે રે સાહિબ વાજમાં, મન નાણે અસવારોજી. **સુ...૩**

સાચી ભક્તિ રે ભાવનરસ કહ્યો, રસ હોયેં તિહાં દોય રીઝેજી
હોડાહોડે રે બિહું રસરીઝથી, મનના મનોરથ સીઝેજી. **સુ...૪**

પણ ગુણવંતા રે ગોઠે ગાજીએ, મોટા તે વિશ્રામજી,
વાચક જશ કહે એક જ આસરે, સુખ લહું ઠામોઠામજી. **સુ...૫**

## શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

૭

### (લાછલદે માત મલ્હાર - એ દેશી)

શ્રી સુપાસજિનરાજ, તું ત્રિભુવન શિરતાજ
આજ હો છાજે રે, ઠકુરાઇ પ્રભુ તુજ પદ તણીજી. **શ્રી સુ...૧**

દિવ્યધ્વનિ સુરફૂલ, ચામર, છત્ર, અમૂલ
આજ હો રાજે રે, ભામંડલ ગાજે દુંદુભિ જી. **શ્રી સુ...૨**

સિંહાસન અશોક, બેઠા મોહે લોક,
આજ હો રાજે રે, દીવાજે છાજે આઠશુંજી. **શ્રી સુ...૩**

અતિશય સહજના ચ્યાર, કર્મ ખપ્યાથી અગ્યાર,
આજ હો કીધા રે, ઓગણીસે સુરગણ ભાસુરેજી. **શ્રી સુ...૪**

વાણી ગુણ પાંત્રીસ, પ્રાતિહારજ જગદીશ,
આજ હો સ્વામી રે, શિવગામી વાચક જશ થુણ્યોજી. **શ્રી સુ...૫**

## श्री पद्मप्रभ जिन स्तवनम्

६

पद्मप्रभजिनपोऽतिदूरे स्थित: नैति यत: संदेशो जी

तत्र न मिलते कद्गलकं मषी चलति न मार्ग विशेषोजी
सुगुण स्नेही रे विस्म्रियते नहि...१

नेतस्तत्र गतो नाऽऽगच्छति य: कथयेत् संदेशं जी
दुर्लभमिलना ये तेषां सह स्नेहो ददते कलेशं जी... **सुगुण...२**

नीरागैकपाक्षिक-रागिता चलति कथं तत्तानं रे
तुरगस्त्वरया धावति किन्त्वहो सादी न दत्ते ध्यानं रे... **सुगुण...३**

भक्ति: सम्यग्-भावना-रसमयी रसत उभय-मुद्-वृद्धिर्जी
स्पर्द्धा योगादुभय-रस-मीलने भवति मनोरथसिद्धिर्जी... **सुगुण...४**

अपि गुणवन्तो गोष्ठौ गर्जन्त: गुरव : स्वाश्रयदाने जी
वदते वाचकयशस्तदाश्रये सुखिन : स्थाने स्थाने जी... **सुगुण...५**

## श्री सुपार्श्वजिन स्तवनम्

७

श्री सुपार्श्व जिनराज,! त्वं त्रिभुवनजन राज:
जिन ! हो तव पदगतमैश्वर्यं वर्यं राजते जी ...१

सुरकृत सुमनोवृष्टि:, भामण्डल-शुभ-सृष्टि:
जिन ! हो चामर छत्रे, गगने गर्ज्जति दुंदुभिर्जी ...२

सिंहासनमशोक:, पश्यन्मुह्यति लोक: ।
जिन ! हो अष्ट प्रातिहार्या:, दिव्यध्वनियुता: जी ...३

सहजातिशय-चतुष्कं, कर्मक्षयत: कुलकम्
जिन ! हो सुररचितातिशया एकोनविंशति जी ...४

शरतनुगुणयुतवाणी, अष्टा प्रातिहार्याणि
जिन ! हो जगदीशत्वं कथयति, वाचक यश: स्तुतं जी ...५

## શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

૮

### (ધણરાઢોલાની દેશી, રાગ કેદારો)

ચંદ્રપ્રભજિન સાહિબા રે, તુમે છો ચતુર સુજાણ, મનના માન્યા,
સેવા જાણો દાસની રે, દેશ્યો ફળ નિરવાણ મ.
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ. **મ...૧**

ઓછું અધિકું પણ કહે રે, આસંગાયત જેહ, મ.
આપે ફળ જે અણકહ્યાં રે, ગિરૂઓ સાહિબ તેહ. **મ...૨**

દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે મામ. મ.
જળ દીયેં ચાતક ખીજવી રે, મેઘ હુઓ તેણે શ્યામ. **મ...૩**

પિઉ પિઉ કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ મ.
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ. **મ...૪**

મોડું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય મ.
વાચક જશ કહે જગધણી રે, તુમ તૂઠે સુખ થાય. **મ...૫**

## શ્રી સુવિધિનાથ જિન સ્તવન

૯

### (સુણો મેરી સુજની રજની ન જાવે રે - એ દેશી)

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે,જગગુરૂ તુમનેં દિલમાં લાવું રે,
કુણને દીજે એ શાબાશી રે, કહો શ્રી સુવિધિજિણંદ વિમાશી રે **લ...૧**

મુજ મન અણુમાંહિ ભક્તિ છે ઝાઝી રે, તેહ દરીનો તું છે માજી રે,
યોગી પણ જે વાત ન જાણે રે, તે અચરિજ કુણથી હુઓ ટાણે રે. **લ...૨**

અથવા થિરમાંહી અથિર ન માવે રે, મોટો ગજ દરપણમાં આવે રે,
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે એ શાબાશી રે. **લ...૩**

ઉર્ધ્વમૂલ તરૂઅર અધ શાખા રે, છંદપુરાણે એહવી છે ભાખા રે,
અચરિજ વાળે અચરિજ કીધું રે, ભક્તે સેવક કારજ સીધું રે. **લ...૪**

લાડ કરી જે બાળક બોલે રે, માતપિતા મન અમીયને તોલે રે,
શ્રી નયવિજય વિબુધનો શીશો રે, જશ કહે ઈમ જાણો જગદીશો રે. **લ...૫**

## श्री चन्द्रप्रभ स्वामिन् स्तवनम्

८

श्री चन्द्रप्रभस्वामिनयि रे,त्वमसि चतुर सुज्ञान:, मनसो मान्य:,
सेवां जानीहि सेवकस्य,देहि पद निर्वाणं, मनसो मान्य:,
एहि एहि रे चतुर सुखभोगी कुर्वैकान्तालापमभोगी
गुणगोष्ठौ प्रकटति प्रेम मनसो मान्य: ।। १

कथयत्यल्पं वाधिकं रे,त्वय्यासक्तो यस्तत् मनसो० ।
फलमर्पयतेऽयाचितो रे, गुरुक: स्वामी स: सत् मनसो० ।। २

दीनमकृत्वा दानतो रे, दातुर्भवते नाम मनसो० ।
उत्कण्ठयते चातकं तत्, भवति मेघ : श्याम: मनसो० ।। ३

पीउ पीउ इति जपयन्नहं रे, बप्पीहस्त्वं सुघन: मनसो० ।
दु:खं हरत: तत्क्षणं रे, भवति स्नेहोऽतिघन: मनसो० ।। ४

देयमवश्यं कथमपि रे, त्यज शैथिल्यममाय मनसो० ।
वदते वाचकयशो विभो ! रे, त्वं तुष्ट: सौख्याय मनसो० ।। ५

## श्री सुविधिनाथ स्तवनम्

९

लघुरपि तव मनसि नाऽहं माये रे, गुरुमपि हृदये त्वामानाये रे
कथयत्वनयो: कोऽभिनन्द्यो रे, सुविधि जिनेश ! विमर्श्य सद्यो रे ...१

अणुमनसि मम भक्ते: सिन्धु रे, नाविक-तुल्यस्तत्र त्वं हितबन्धु रे
योग्यपि यां वार्तां न हि वेत्ति रे, जातमाश्चर्यं कस्माच्चेति रे ...२

अथवा चलमचले नहि माति रे, दर्पणमध्ये गज आयाति रे
दीप्त्या यस्य बुद्धि-प्रकाशो रे, अभिनन्द्य : स: स्वामि विलासो रे ...३

उर्ध्वं मूलं तरोरध: शाखा रे, वेद-पुराणेष्विदृशी भाषा रे
कृतमाश्चर्यमद्भुत-शक्त्या रे, सेवक-कार्यं सिद्धं भक्त्या रे ...४

वदते बालो यत्किल लाल्यं रे, मातापित्रोस्तदमृत-तुल्यं रे
श्रीनयविजय-विबुध-शिशु-लेश: रे, कथयति यश: श्रृणु जगदीश ! रे...५

## શ્રી શીતલનાથ જિન સ્તવન

૧૦

### (અલિ અલિ કદી આવેગો - એ દેશી)

શ્રી શીતલજિન ભેટીએ, કરી ભક્તેં ચોખું ચિત્ત હો,
તેહશ્યું કહો છાનું કિશ્યું, જેને સોંપ્યાં તન મન વિત્ત હો. **શ્રી...૧**

દાયકનામે છે ઘણા, પણ તું સાયર તે કૂપ હો,
તે બહુ ખજૂઆ તગતગે, તું દિનકર તેજ સ્વરૂપ હો. **શ્રી...૨**

મોટો જાણી આદર્યો, દારિદ્ર ભાંજો જગતાત હો,
તું કરૂણાવંત શિરોમણિ, હું કરૂણાપાત્ર વિખ્યાત હો. **શ્રી...૩**

અંતરયામી સવિ લહો, અમ મનની જે છે વાત હો,
મા આગળ મોસાળનાં, શ્યા વરણવવા અવદાત હો. **શ્રી...૪**

જાણો તો તાણો કિશ્યું, સેવા ફળ દીજે દેવ હો,
વાચક જશ કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો. **શ્રી...૫**

## શ્રી શ્રેયાંશનાથ જિન સ્તવન

૧૧

### (કરમ ન છુટે રે પ્રાણીઆ - એ દેશી)

તુમે બહુમૈત્રી રે સાહિબા, માહરે તો મન એક,
તુમ વિણ બીજો રે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક,
શ્રી શ્રેયાંસ કૃપા કરો...**૧**

મન રાખો તુમે સવિ તણાં, પણ કિહાં એક મલી જાઓ,
લલચાઓ લખ લોકને, સાથી સહજ ન થાઓ. **શ્રી...૨**

રાગ ભરે જન મન રહો, પણ ત્રિહુંકાળ વૈરાગ,
ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઈ ન પામે રે તાગ. **શ્રી...૩**

એહવાશું ચિત્ત મેળવ્યું, કેળવ્યું પહેલાં ન કાંઈ,
સેવક નિપટ અબુઝ છે, નિરવહશો તુમે સાંઈ. **શ્રી...૪**

નિરાગીશું રે કિમ મિલે, પણ મળવાનો એકાંત,
વાચક જશ કહે મુજ મિલ્યો, ભક્તિ એ કામણ તંત. **શ્રી...૫**

## श्री शीतलजिन स्तवनम्

१०

आलिङ्गत शीतलजिनं, भक्त्या कृत-सुविशुद्ध-चित्तं हो
कथयत गोप्यं किं ततः, यस्मै दत्तं तनु-मनो-वित्तं हो **श्री शीतलजिन...१**

दायक नामधराः घनाः अपि त्वं जलधिरन्यः कूपो हो
ते खद्योताः द्योतन्ते, त्वं दिनकर-तेजः स्वरुपो हो **श्री शीतलजिन...१**

विज्ञाय महदादृतो, छिन्धि दारिद्र्यं जगतीतातो हो
त्वं करुणालु-शिरोमणिः, करुणापात्रमहं विख्यातो हो **श्री शीतलजिन...१**

जानास्यन्तर्याम्यहो, मम मानस-वृतान्तं हो
मातुरग्रे किं वर्णयेत्, मातुलरम्य-निशान्तं हो **श्री शीतलजिन...४**

जानन् किं तन्तन्यसे, सेवाफलं देहि देव ! हो
वदते वाचक यश इयं, ते मन्दता मम भाति नैव हो **श्री शीतलजिन...५**

## श्री श्रेयांस जिन स्तवनम्

११

त्वं बहु मित्रोऽसि नायक ! मम मनसि तु त्वमेव
अपरः प्रेयान् न त्वया विना, निश्चितिरेषा मे देव ! **श्री श्रेयांस! कृपां कुरु...१**

सर्वेषां मनो रक्षसे, मिलसि क्वाप्येकेनैव
लोभयसे लक्ष लोककान्, भवसि सहयोगी नैव **श्री श्रेयांस! कृपां कुरु...२**

रागिजन-मनसि वसन्, नित्यं त्वमसि विरागः
सर्वेषामपि प्राणिनां, तव चिताब्धिरस्तागः **श्री श्रेयांस! कृपां कुरु...३**

एतादृशि दतं मनः प्रथमं किमपि न ज्ञातं
निर्वहणीयोऽयं सेवकः निर्बुद्धिर्हि नितान्तं **श्री श्रेयांस! कृपां कुरु...४**

मिलनं किमिति निरागिणि ? किंतु मिलनेऽस्त्येकान्तः
वक्ति यशो मिलितो मम, भक्त्या कार्मणवन्तः **श्री श्रेयांस! कृपां कुरु...५**

## શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

૧૨

### (મોતીની અથવા સાહિબા મોતિડો રે હમારો - એ દેશી)

સ્વામી! તુમે કાંઇ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું,
સાહિબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય,જિણંદા
અમે પણ તુમશું કામણ કરશું, ભક્તે ગ્રહી મનઘરમાં ધરશું. **સા...૧**

મનઘરમાં ધરીયા ઘર શોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા
મનવૈકુંઠ અકુંઠિત ભગતેં, યોગી ભાખે અનુભવ યુગતેં. **સા...૨**

કલેશે વાસિત મન સંસાર, કલેશરહિત મન તે ભવપાર,
જો વિશુદ્ધ મન ઘર તુમે આયા, પ્રભુ તો અમે નવનિધિ ઋદ્ધિ પાયા. **સા...૩**

સાત રાજ અલગા જઈ બેઠા, પણ ભગતેં અમ મનમાંહિં પેઠા,
અળગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું **સા...૪**

ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે,
ખીરનીર પરે તુમશું મિલશું, વાચક જશ કહે હેજે હળશું. **સા...૫**

## શ્રી વિમલનાથ જિન સ્તવન

૧૩

### (નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર - એ દેશી)

સેવો ભવિયાં! વિમલજિનેસર, દુલ્લહા સજ્જ  ન સંગાજી,
એહવા પ્રભુનું દરિશણ લહેવું, તે આળસમાંહિ ગંગાજી. **સે...૧**

અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલોજી,
ભૂખ્યાને જિમ ઘેબર દેતાં હાથ ન માંડે ઘહેલોજી. **સે...૨**

ભવ અનંતમાં દરિશણ દીઠું, પ્રભુ એહવા દેખાડેજી,
વિકટ ગ્રંથિ જે પોળ પોળિયો, કર્મ્મવિવર ઉઘાડેજી. **સે...૩**

તત્ત્વ પ્રીતિકર પાણી પાએ, વિમલાલોકે આંજિજી,
લોયણ ગુરૂ પરમાન્ન દિએ તવ, ભ્રમ નાંખે સવિ ભાંજિજી. **સે...૪**

ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજી,
સરલ તણે જે હીયડે આવે, તેહ જણાવે બોલીજી. **સે...૫**

શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચક જશ કહે સાચું જી,
કોડિ કપટ જો કોઇ દિખાવે, તોહી પ્રભુ વિણ નવિ રાચું જી. **સે...૬**

## श्री वासुपूज्य जिन स्तवनम्

१२

स्वामिन्स्त्वं किं कार्मणकारी यन्मम चेतश्चौर्यमकारि ।
वयमपि त्वयि कार्मणकर्तारः भक्त्या मनसि गृहे धर्तारः ।।
स्वामिनो वासुपूज्य-जिनेन्द्राः मोहना वासुपूज्य जिनेन्द्राः ...१

मनसि गृहे निवसन् गृहशोभां पश्यन् कुरुषे स्थितिमक्षोभाम् ।
मनो वैकुण्ठमकुण्ठित-भक्त्या योगी वदते ह्यनुभवयुक्त्या ।। **स्वा...२**

कलुषित-चित्तं ननु संसारः क्लेश-रहित चित्तं भवपारः ।
यदि विशुद्ध-मनसि त्वं प्राप्तः तर्ह्यस्माभि-र्नवनिधिराप्तः ।। **स्वा...३**

सप्तराज दूरेप्युपविष्टः भक्त्यास्माकं मनसि प्रविष्टः।
दूरगतानामङ्गविलगनं भोज्य-रहित-भाजन-संघटनं ।। **स्वा...४**

ध्यातृ-ध्येय-ध्यानैकतया मोहच्छेदः स्यान्निश्चितया ।
क्षीरनीरमिव भवता मिलनं वक्ति यशस्तद् हृदयोन्मीलनं ।। **स्वा...५**

## श्री विमलनाथ जिन स्तवनम्

१३

सेवत भविकाः ! विमलजिनेशं, विरलाः सज्जन-सङ्गाः जी,
इदृक् प्रभु-दर्शन-संप्राप्तिः, सा अलसाङ्गणगङ्गा जी **सेवत...१**

अवसरेऽकुर्वन्नालस्यं, सो मूर्खेषु धूरीणो जी,
यथा बुभुक्षोः घृतवर-दाने, धरति करं न मतिहीनो जी **सेवत...२**

भवैरनन्तैः दर्शनमाप्तं, परमप्रभुः दर्शयति जी,
विकटं ग्रन्थिद्वारं द्वारिकः, कर्मविवर उन्मुद्रति जी **सेवत...३**

तत्त्वप्रीतिकर-नीरं पायति, विमलालोकमञ्जयते जी,
नेत्रे गुरुः परमान्नं दत्त्वा, निखिल-भ्रमान् भञ्जयते जी **सेवत...४**

भग्नभ्रमः प्रभुणा सह प्रीत्या, वार्तयामि लघुमनसा जी,
सरलाः सकलान् हृद्गत-भावान्, प्रकटयते स्फुट-वचसा जी **सेवत...५**

श्री नयविजय-विबुध-पद-सेवक, वाचकयश इदमूचे जी
कोटि-कपटमपि कोऽपि दर्शयेत् , तदपि न प्रभुमिह मुञ्चे जी **सेवत...६**

## શ્રી અનંતનાથ જિન સ્તવન

૧૪

### (સાહેલડીયાં - દેશી)

શ્રી અનંતજિનશું કરો સાહેલડિયાં, ચોલ મજીઠનો રંગ રે ગુણ વેલડિયા,
સાચો રંગ તે ધર્મનો સા. બીજો રંગ પતંગ રે. **ગુ...૧**

ધર્મરંગ જિરણ નહિ સા. દેહ તે જિરણ થાય રે,ગુ.
સોનું તે વિણસે નહિ સા. ઘાટઘડામણ જાય રે. **ગુ...૨**

તાંબુ જે રસ વેધીયું સા. તે હોએ જાચું હેમ રે. ગુ.
ફરિ તાંબુ તે નવિ હોવે. સા. એહવો જગગુરુ પ્રેમ રે. **ગુ...૩**

ઉત્તમ ગુણ અનુરાગથી સા. લહિએ ઉત્તમ ઠામ રે, ગુ.
ઉત્તમ નિજ મહિમા વધે સા. દીપે ઉત્તમ ધામ રે. **ગુ...૪**

ઉદકબિંદુ સાયર ભળ્યો સા. જિમ હોય અખય અભંગ રે, ગુ.
વાચક જશ કહે પ્રભુગુણે સા. તિમ મુજ પ્રેમ પ્રસંગ રે. **ગુ...૫**

## શ્રી ધર્મનાથ જિન સ્તવન

૧૫

### (બેડલે ભાર ઘણો છે રાજ વાતો કેમ કરો છો - એ દેશી)

થાંશું પ્રેમ બન્યો છે રાજ, નિરવહશ્યો તો લેખે
મેં રાગી પ્રભુ થેં છો નિરાગી, અણજુગતે હોએ હાંસી
એકપખો જે નેહ નિરવહવો, તેમાં કીસી શાબાશી. **થાં...૧**

નિરાગી સેવે કાંઇ હોવે, ઈમ મનમેં નવિ આણું,
ફળે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું. **થાં...૨**

ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે,
સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુગુણ પ્રેમસ્વભાવે. **થાં...૩**

વ્યસન ઉદય જલધિ જે અણુ હરે, શશિને તેજ સંબંધે,
અણસંબંધે કુમુદઅણુ હરે, શુદ્ધસ્વભાવપ્રબંધે. **થાં...૪**

દેવ અનેરા તુમસે છોટા, થેં જગમેં અધિકેરા,
જશ કહે ધર્મજિણેસર થાંશુ, દિલ માન્યા હે મેરા. **થાં...૫**

## श्री अनन्तनाथ जिन स्तवनम्

१४

प्रेमानन्त-जिने कुरु सखि सुंदरी रे, घनमञ्जिष्ठारंगं रे गुणवल्लरी रे ।
धार्मिकरङ्गः सनातनः सखि सुंदरी रे, इतरं पश्य पतङ्गं रे गुणवल्लरी रे ।। १

धर्मरङ्गो नहि जीर्यते सखि०, भवति तनु किल जीर्णं रे गुण० ।
घाटघटनपरिवर्तितं, सखि०, नैव शीर्यते स्वर्णं रे गुण० ।। २

रसविद्धं ताम्रं यथा सखि०, भवते शुद्धं हेम रे गुण० ।
ताम्रं नैव भवेत् पुनः सखि०, एवं भगवति प्रेम रे गुण० ।। ३

उतम गुणानुरागतः सखि०, लभते ह्युत्तम-धाम रे गुण० ।
स्वोत्तम-महिमा-वृद्धितः सखि०... दीप्यति उतम-धाम रे गुण० ।। ४

उदकबिन्दु जलधौ यथा सखि०, मिलितं पूर्णमभङ्गं रे गुण० ।
वक्ति यशः प्रभुगुणैस्तथा सखि०... नैजं प्रेमप्रसङ्गं रे गुण० ।। ५

## श्री धर्मनाथ जिन स्तवनम्

१५

भवता प्रीती रचिता राज !, निर्वहणे साफल्यं ।
अहमिह रागी त्वं तु निरागी, हास्यो योगोऽयोग्यः ।
एकपाक्षिकः स्नेहनिर्वहः किमभिनंदनयोग्यः ।। **भवता...१**

निरागी सेवातः किं स्यात् ? मनसि मन्ये नैवम् ।
फलति सुरमणिरचेतनोऽपि, भक्तिस्तव तथैव ।। **भवता...२**

चन्दनमुत्पादयते शैत्यं, वह्निः शैत्यं हरति ।
प्रभुगुणप्रेमस्वभावेनैवम्, सेवक-दुःखमपहरति ।। **भवता...३**

व्यसनोदये जलधिरनुसरति, शशिनं तत्संबंधात् ।
कुमुदं विकसति संबंधमृते, शुद्ध-स्वभाव-प्रबन्धात् ।। **भवता...४**

देवा अपरे भवतो लघवः, अधिकस्त्वं किल जगति ।
वक्ति यशो मम धर्मजिनेश्वर! हृदयं लीनं भवति ।। **भवता...५**

## શ્રી શાંતિનાથ જિન સ્તવન

૧૬

ધન દિન વેલા ધન ઘડી તેહ, અચિરારો નંદન જિન જદિ ભેટશુંજી;
લહિશું રે સુખ દેખી મુખચંદ, વિરહવ્યથાનાં દુઃખ સવિ મેટશુંજી. ૧

જાણ્યો રે જેણે તુજ ગુણ લેશ, બીજો રે રસ તેહને મન નવિ ગમેજી;
ચાખ્યો રે જેણે અમી લવલેશ, બાકસબુક્સ તસ ન રૂચે કિમેજી. ૨

તુજ સમકિત રસસ્વાદનો જાણ, પાપ કુભક્તે બહુ દિન સેવીયુંજી;
સેવે જો કર્મને યોગે તોહિ, વાંછે તે સમકિતઅમૃત ધુરિ લિખ્યુંજી. ૩

તાહરું ધ્યાન તે સમકિતરૂપ, તેહજ જ્ઞાન તે ચારિત્ર તેહ છેજી;
તેહથી રે જાએ સઘળાં પાપ, ધ્યાતા રે ધ્યેય સ્વરૂપે હોય પછેજી. ૪

દેખી રે અદ્‌ભુત તાહરૂં રૂપ, અચરિજ ભવિક અરૂપી પદ વરેજી;
તાહરી ગત તું જાણે દેવ! સ્મરણ ભજન તે વાચક જશ કરેજી. ૫

## શ્રી કુંથુનાથ જિન સ્તવન

૧૭

સાહેલાં હે કુંથુજિણેસર દેવ, રતન દીપક અતિ દીપતો હો લાલ;
સાહેલાં હે મુજ મનમંદિરમાંહે, આવે જો અરિબલ જીપતો હો લાલ. ૧

સાહેલાં હે મિટે તો મોહ અંધાર, અનુભવ તેજે જળહળે હો લાલ;
સાહેલાં હે ધૂમ કષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવિ ચળે હો લાલ. ૨

સાહેલાં હે પાત્ર કર્યે નહિ હેઠ, સૂરજ તેજે નવિ છિપે હો લાલ;
સાહેલાં હે સર્વ તેજનું તેજ, પહેલાંથી વાધે પછે હો લાલ. ૩

સાહેલાં હે જેહ ન મરૂતને ગમ્ય, ચંચલતા જે નવિ લહે હો લાલ;
સાહેલાં હે જેહ સદા છે રમ્ય, પુષ્ટ ગુણ નવિ કૃશ રહે હો લાલ. ૪

સાહેલાં હે પુદ્‌ગલ તેલ ન ખેપ, જેહ ન શુદ્ધદશા દહે હો લાલ;
સાહેલાં હે શ્રી નયવિજય સુશીશ, વાચક જશ એણિ પરે કહે હો લાલ. ૫

## श्री शांतिनाथ जिन स्तवनम्

**१६**

धन्या दिनवेला धन्य-घटी सा यस्यामचिरा-सुत-जिन आलिङ्ग्यते जी
दृष्टे मुखचन्द्रे सुखलाभः विरहव्यथायास्तापो ह्रास्यते **जी...१**

ज्ञातो रे यैस्तव गुणलेशः नान्यो रे तेषां मनसि रसः प्रियो जी
आस्वादितो यैरमृतरस-बिन्दुः रुक्षस्तुच्छो रसस्तेषामप्रियो **जी...२**

तव सम्यक्त्व-रसस्वादज्ञः पाप-कुभक्तं बहुदिन-सेवितं जी
कर्मसंयोगात् पुनरपि सेवेत तदपि सम्यकत्वामृतमस्य समीहितं **जी...३**

ध्यानं तव ननु दर्शन-रुपं तदेव ज्ञानं चरणं च भावतो जी
तस्माद् यात्यहो सकलं पापं ध्याता ध्येयस्वरुपो भवति ततो **जी...४**

दृष्ट्वा रुपमपूर्वं तव वृणुते भाविकोऽरुपं पदमहो जी
तव लीलाया ज्ञस्त्वं देव स्मरते भजते वाचक-यशोरहो **जी...५**

## श्री कुंथुनाथ जिन स्तवनम्

**१७**

सखायो हे कुंथुजिनेश्वर देवो रत्नदीपोऽस्त्यतिद्युति-धरो हो लाल
सखायो हे मम चेतस्यायाति यदि रिपुराजी जयपरो **हो लाल...१**

सखायो हे हीयते तु मोहतमः ज्वलतेऽनुभवो तेजसा हो लाल
सखायो हे कषाय-धूम-लहरी न चलेत् चरणचित्रेऽञ्जसा **हो लाल...२**

सखायो हे नहि सः पात्राधारः रवि-तेजसि नहि गुप्यते हो लाल
सखायो हे सर्वतेजसां तेजः वर्द्धमानो नित्यं दीप्यते **हो लाल...३**

सखायो हे यो न समीरण गम्यः चंचलतां न हि योऽर्हति हो लाल
सखायो हे योऽहर्निशमतिरम्यः गुणकृशतां नहि स्पर्शति **हो लाल...४**

सखायो हे दाहो न शुद्धदशायाः न जडतैलक्षति-र्यतो हो लाल
सखायो हे वक्ति वाचक-यश एवम् श्री नयविजय शिशुस्ततो **हो लाल...५**

## શ્રી અરનાથ જિન સ્તવન

**૧૮**

શ્રી અરજિન ભવજલનો તારૂ, મુજ મન લાગે વારૂ રે; મનમોહન સ્વામી
બાંહ્ય ગ્રહિ જે ભવિજન તારે, આણે શિવપુર આરે રે. **મ...૧**

તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે; મ...
પણ નવિ ભય મુજ હાથોહાથે, તારે તે છે સાથે રે. **મ...૨**

ભગતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફળ દેઇ રે; મ...
કાયાકષ્ટ વિના ફળ લહીએ, મનમાં ધ્યાન ધરેઇ રે. **મ...૩**

જે ઉપાય બહુવિધની રચના, યોગમાયા તે જાણો રે; મ...
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દિયે પ્રભુ સપરાણો રે. **મ...૪**

પ્રભુપદ વળગ્યા તે રહ્યા તાજા, અળગા અંગ ન સાજા રે; મ...
વાચક જશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે. **મ...૫**

## શ્રી મલ્લિનાથ જિન સ્તવન

**૧૯**

તુજ મુજ રીઝની રીઝ, અટપટ એહ ખરીરી;
લટપટ નાવે કાજ, ખટપટ ભાંજિ પરીરી. **૧**

મલ્લિનાથ તુજ રીઝ, જન રીઝેં ન હૂએંરી;
દોય રીઝણનો ઉપાય, સાહમું કાં ન જૂએરી? **૨**

દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શશીરી;
એક દુહવાએ ગાઢ એક જો બોલે હસીરી. **૩**

લોકલોકોત્તર વાત, રીઝ છે દોઇ જૂઇરી;
તાત ચક્ર ધુર પૂજ્ય, ચિંતા એહ હૂઇરી. **૪**

રીઝવવો એક સાંઇ, લોક તે વાત કરેરી;
શ્રી નયવિજય સુશિષ્ય, એહીજ ચિત્ત ધરેરી. **૫**

## श्री अरनाथ जिन स्तवनम्

१८

श्री अरजिन भवजलनिधि-[१]तारण !
मम चित्ताकर्षण-कारण ! रे हृदयेश्वर स्वामिन् !
करग्राहं भव्यं तारयसे शिवपुर-तटमानयसे रे हृदयेश्वर स्वामिन् ...१

जापतपोमय-नौका न चलति मोह-महान्ध्ये स्फुरति रे हृदये०
तारयता सह हस्ताहस्तं न भिये प्रभुणा शस्तं रे हृदये० ...२

भक्ताय स्वर्गं स्वर्गादधिको ज्ञानिने फलदाता रे हृदये०
लभते हीष्टमृते तनुकष्टं मनसि ध्यान-ध्याता रे हृदये० ...३

या उपाय-रचना बहुभेदा योगमायां तामवेहि रे हृदये०
शुद्ध-द्रव्य-गुण-पर्याय-ध्यानाद् शिवदो बलाद् देहि रे हृदये० ...४

प्रभुपदलीनास्ते बहुपीनाः हीनाः स्युरतिदीना रे हृदये०
वक्ति यशो-गणि नान्यं ध्याये तव गुण-वृन्दं गाये रे हृदये० ...५

## श्री मल्लिनाथ जिन स्तवनम्

१९

तव मम रञ्जन-रीति-र्विकटास्तस्या गति री
लम्पटता नहि तत्र, भञ्जय कपट-मति री. ...१

तव रञ्जनं मल्लिनाथ!, जन-रञ्जनतो न भवेत् री
उभय-रञ्जन-समुपायं, प्रेक्षय जिन! सन्नवे री ...२

दूराराध्योऽयं लोकः, शशी न समः सर्वतो री
एको विषदते गाढं, प्रोल्लसत्येको मुदा स्वतो री ...३

लौकिकलोकोत्तरे च, भिन्ना रञ्जनरीति री
तात-चक्रयोः कः प्रथमः पूज्य इति री ...४

रञ्जनीयः खलु ईशः, लोकस्तु वातुलो री
श्री-नय-विजय-सुशिष्य-चिते स्वाम्यतुलो री ...५

## શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

૨૦

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાય રે;
વદન અનોપમ નિરખતાં, મારાં ભવભવનાં દુ:ખ જાય રે. મ.
જગતગુરૂ જાગતો સુખકંદ રે, સુખકંદ અમંદ આનંદ. જ.
**પરમગુરૂ દીપતો સુખ કંદ રે...૧**

નિશદિન સૂતાં જાગતાં, હીયડાથી ન રહે દૂર રે;
જબ ઉપકાર સંભારીયેં, તબ ઉપજે આણંદ પૂર રે. **જ...૨**

પ્રભુ ઉપકાર ગુણે ભર્યાં, મન અવગુણ એકે ન સમાય રે;
ગુણ ગુણ અનુબંધી હુઆ, તે તો અક્ષયભાવ કહાય રે. **જ...૩**

અક્ષયપદ દિએ પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપ રે;
અક્ષર સ્વર ગોચર નહિ, એ તો અકલ અમાય અરૂપ રે. **જ...૪**

અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લિખાયરે;
વાચક જશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે. **જ...૫**

## શ્રી નમિનાથ જિન સ્તવન

૨૧

શ્રી નમિજિનની સેવા કરતાં, અલિય વિઘન સવિ દૂરે નાસેજી;
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ લીલા, આવે બહુ મહમૂર પાસેજી **શ્રી...૧**

મયમત્તા આંગણ ગજ ગાજે, રાજે તેજીતૂખાર તે ચંગાજી;
બેટાબેટી બાંધવજોડી, લહીયેં બહુ અધિકાર રંગાજી. **શ્રી...૨**

વલ્લભસંગમ રંગ લહીજે, અણવાહલા હોયે દૂર સહજેજી;
વાંછા તણો વિલંબ ન દૂજો, કારજ સીઝેં ભૂરિ સહજેજી. **શ્રી...૩**

ચંદ્રકિરણ યશ ઉજ્જવલ ઉલ્લસે, સૂર્ય પ્રતાપી દીપેજી;
જે પ્રભુભક્તિ કરે નિત્ય વિનયેં, તે અરીયણ બહુ પ્રતાપી ઝીપેજી. **શ્રી...૪**

મંગળમાળા લચ્છિવિશાળા, બાલા બહુલે પ્રેમે રંગેજી;
શ્રી નયવિજય વિબુધ પય સેવક, કહે લહિયે પ્રેમસુખ અંગેજી. **શ્રી...૫**

## श्री मुनिसुव्रत जिन स्तवनम्

२०

मुनिसुव्रत-जिन-वंदने प्रोल्लसितं तनुचित्तं भवते रे
अनुपम-वदन-निरीक्षणे, मम भव-भव-दुःखं श्रवते रे

मम भव-भव-दुःखं श्रवते रे जगद्गुरुर्जाग्रति सुखकन्दो रे
सुखकन्दोऽमन्दानन्दः परमगुरुदीर्प्यति सुखकन्दो रे... ...१

स्वप्ने जागरणेऽनिशं,वसति न हृदयाद् दूरं रे...
उपकारः स्मर्यते यदा वहते तदानन्दपूरं रे... **जगद्गुरु...२**

प्रभुरुपकार-गुणैर्भृतो,न मात्येकोप्यवगुणस्तत्र रे
गुणानुबन्धि-गुणे सति,अक्षयभावो भवति सर्वत्र रे... **जगद्गुरु...२**

प्रेम योऽक्षयपद-दायको,तद् भगवतोऽनुभवस्वरुपं रे
वाचामगोचरमक्षरं,तन्निष्कल ममायमरुपं रे... **जगद्गुरु...४**

लिपिरल्पाऽनल्पा गुणा रे,न सतां तत् लिप्यवतारो रे
वदति वाचकयशः प्रेमतो,चेतसि ज्ञायते तत्प्रकारो रे... **जगद्गुरु...५**

## श्री नमिनाथ जिन स्तवनम्

२१

श्री नमिनाथ-जिनपति-सेवनतो, सर्वालिक-विघ्नानि दूरे नश्यन्ति जी
अष्ट महासिद्धि-नवनिधि-लीला, सेवकस्य पार्श्वे विलसन्ति जी **श्री नमिनाथ...१**

आंगणे मदझरकरिणो गर्जन्ते, तेजस्वि-तुरगा राजन्ते जी
सुता-तनय-बन्धव-भगिनी-मुख-स्वजनेष्वधिकारेण भ्राजन्ते जी **श्री नमिनाथ...२**

सुलभो रङ्गभर-वल्लभ-सङ्गः, दूरेऽस्त्व-प्रियजन-सङ्गतिर्जी
वाञ्छा समकालं सर्वाणि कार्याणि तस्य सिद्धि- मङ्गति जी **श्री नमिनाथ...३**

प्रोल्लसते चन्द्रोज्ज्वल यशसा, प्रतपति दिनपतिरिव दीप्त्या जी
प्रभुं भजति यो नित्यं विनयात्, अरिवर्गं जयति स प्रतप्त्या जी **श्री नमिनाथ...४**

मंगलमाला लक्ष्मी विशाला, बाला बहुल-प्रेम-रंगेन जी
वदते श्री-नयविजय-विबुध-शिशुः, प्राप्यते सुखप्रेम संगेन जी **श्री नमिनाथ...५**

## શ્રી નેમિનાથ જિન સ્તવન

૨૨

તોરણથી રથ ફેરી ગયા રે હાં, પશુઆં શિર દેઇ દોષ મેરે વાલમા;
નવભવ નેહ નિવારીયો રે હાં, શ્યો જોઇ આવ્યા જોષ. **મે...૧**

ચંદ્ર કલંકી જેહથી રે હાં, રામ ને સીતા વિયોગ; મે.
તેહ કુરંગને વયણડે રે હાં, પતિ આવે કુણ લોક ? **મે...૨**

ઉતારી હું ચિત્તથી રે હાં, મુગતિ ધૂતારી હેત; મે.
સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહશ્યું કવણ સંકેત. **મે...૩**

પ્રીત કરતાં સોહલી રે હાં, નિરવહતાં જંજાળ; મે.
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં, જેહવી અગનની ઝાળ. **મે...૪**

જો વિવાહ અવસરે દિઓ રે હાં, હાથ ઉપર નહિ હાથ; મે.
દીક્ષા અવસર દીજીયેં રે હાં, શિર ઉપર જગનાથ. **મે...૫**

ઈમ વિલવતી રાજુલ ગઈ રે હાં, નેમિ કને વ્રત લીધ; મે.
વાચક યશ કહે પ્રણમીયે રે હાં, એ દંપતી દોય સિદ્ધ. **મે...૬**

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

૨૩

વામાનંદન જિનવર, મુનિવરમાં વડો રે; કે. મુ.
જિમ સુરમાંહી સોહે, સુરપતિ પરવડો રે; કે. સુ.
જિન ગિરિમાંહી સુરાચલ, મૃગમાંહી કેસરી રે; કે મુ.
જિમ ચંદન તરૂમાંહી, સુભટમાંહી મુરઅરી રે. કે. **સુ...૧**

નદીયોમાંહી જિમ ગંગ, અનંગ સુરૂપમાં રે; કે. અ.
ફુલમાંહી અરવિંદ, ભરતપતિ ભૂપમાં રે; કે. ભ.
ઐરાવણ ગજમાંહી, ગરૂડ ખગમાં યથા રે; કે. ગ.
તેજવંતમાંહી ભાણ, વખાણમાંહી જિનકથા રે. કે. **વ...૨**

મંત્રમાહીં નવકાર, રતનમાંહી સુરમણિ રે; કે. રે.
સાગરમાંહી સ્વયંભૂરમણ શિરોમણિ રે; કે. રે.
શુક્લધ્યાન જિન ધ્યાનમાં, અતિ નિરમળપણે રે; કે. અ.
શ્રી નયવિજય વિબુધ પય સેવક ઈમ ભણે રે. કે. **સુ...૩**

## श्री नेमिनाथ जिन स्तवनम्

२२

तोरणतो रथं परिवर्त्य गतो रे हां पशुभ्यो दत्वा दोषं मम वल्लभ:
नवभव-स्नेहो निवारितो रे हां दृष्टं किं ? मुहूर्तमदोषं मम वल्लभ: ...१

यत: कलङ्कितश्चन्द्रमा रे हां राम: सीतावियोगी मम...
तस्य कुरङ्गस्य वचनतो रे हां विश्वसते को योगी मम... ...२

उत्तारिताऽहं चित्ततो रे हा मुक्ति-गणिका-हेतो: मम...
सिद्धै-रनन्तै-र्भुञ्जिता रे हां तस्यार्थं क: सङ्केतो मम... ...३

सुकरं प्रीति-करणं सदा रे हां दुष्कर: प्रीति-निर्वाहो मम...
यथा वा व्याल-खेलापनं रे हां सन्मुख-दग्ध-हव्यावाहो मम... ...४

यदि विवाहे नार्पितो रे हां हस्तोपरि मम हस्तो मम...
दीक्षावसरे दीयतां रे हां शिरसि जगदीश ! शस्त ! मम... ...५

इति विलपंत्या नेम्यंतिके रे हां राजीमत्या व्रतमिद्धं रे मम...
वदति वाचक-यशा: भावतो रे हां प्रणमत दम्पतिं सिद्धं मम... ...६

## श्री पार्श्वनाथ जिन स्तवनम्

२३

वामानंदन जिनपो मुनिसंघाग्रणी रे... मुनि...
यथा सुरेषु शोभते सुरपति: शिरोमणी रे...सुर...

यथा गिरीषु मेरुर्मृगेषु केसरी रे...मृगे...
चन्दनतरुस्तरुवृन्दे, भटेषु मुर-अरी रे...भटे...१

यथा सरित्सु गङ्गा, सुरुपेषु रतिपती रे
अरविन्दं पुष्पेषु भूपेषु भरतपती रे
ऐरावणो गजेषु, खगेषु गरुडो यथा रे...गरुडो...
तेजस्विषु रवि-राख्यानेषु जिनकथा रे...राख्या...२

मंत्रेषु नवकारो मणीषु सुरमणी रे...मणी...
सागरेषु स्वयंभूरमण: शिरोमणी रे...रम...
शुक्लध्यानं ध्यानेषु यथा निर्मलमति रे...यथा...
श्रीनय-विजय-विबुध-पद-सेवक एवं कथयति रे...एवं...३

## મહાવીર જિન સ્તવન

**૨૪**

ગિરૂઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે; મારી નિર્મળ થાએ કાયા રે. **ગિ...૧**

તુમ ગુણગણ ગંગાજળે, હું ઝીલી નિરમળ થાઉં રે;
અવર ન ધંધો આદરૂં, નિશિદિન તોરા ગુણ ગાઉં રે. **ગિ...૨**

ઝિલ્યા જે ગંગાજળે, તે છીલ્લરજળ નવી પેસે રે;
માલતિ ફૂલે મોહિયા, તે બાવળ જઇ નવિ બેસે રે. **ગિ...૩**

ઈમ અમ્હે તુમ્હ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કિમ પરસુર આદરે, જે પરનારી વશ રાચ્યા રે. **ગિ...૪**

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચક જશ કહે માહરે, તું જીવજીવન આધારો રે. **ગિ...૫**

## श्री वर्धमान जिन स्तवनम्

२४

तव गुणगौरवमद्भूतं श्री-वर्धमान-जिनराज ! रे
श्रवणात् श्रवणेऽमृतस्रवो, मम वपु-र्विमलता भाजं रे **तव गुण...१**

तव गुण-गणगङ्गाजलेऽहं स्नात्वा विमलीभवेयं रे
अपरं कार्यं नाद्रियो, तव गुणगानं गेयं रे **तव गुण...२**

लीना ये गङ्गाजले, ते स्वल्पेऽम्भसि न रमन्ते रे
मुग्धा कुसुमे मालतौ, बब्बूले न भ्रमन्ते रे **तव गुण...३**

तव गुण-गोष्ठौ वयमथो, ये रक्ता पुनरासक्ता रे
परनारी-रत-पर-सुरान्, तान् न भजामो भक्ता रे **तव गुण...४**

त्वं शरणं त्वं गतिर्मति-स्त्वं ह्यालम्बनमविकारो रे
वदते वाचक यशा मम, त्वं जीवजीवनाधारो रे **तव गुण...५**

## इति श्री-चतुर्विंशति-जिन-स्तवन सम्पूर्णम्

# થોય

## શ્રી ઋષભદેવ થોય

૧

પ્રહ ઊઠી વંદું, ઋષભદેવ ગુણવંત, પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર વિરાજે, ચામર ઢાળે ઇન્દ્ર, જિનના ગુણ ગાવે, સુર નરનારીના વૃંદ. ૧

બાર પર્ષદા બેસે, ઇન્દ્ર ઇન્દ્રાણી રાય, નવકમળ રચે સુર, તિહાં ઠવતા પ્રભુ પાય;
દેવ દુંદુભિ વાગે, કુસુમ વૃષ્ટિ બહુ હુંત, એવા જિન ચોવીશે, પૂજો એકણ ચિત્ત. ૨

જિન જોજન ભૂમિ, વાણીનો વિસ્તાર, પ્રભુ અર્થ પ્રકાશે, રચના ગણધર સાર;
સો આગમ સુણતાં, છેદી જે ગતિ ચાર, જિન વચન વખાણી, લીજે ભવનો પાર. ૩

જક્ષ ગોમુખ ગિરુવો, જિનની ભક્તિ કરેવ, તિહાં દેવી ચક્કેસરી, વિઘ્ન કોડી હરેવ;
શ્રી તપગચ્છ નાયક, વિજયસેન સૂરિરાય, તસ કેરો શ્રાવક ઋષભદાસ ગુણગાય. ૪

## શ્રી ઋષભદેવ થોય

૨

શ્રી શત્રુંજયમંડન, ઋષભ જિણંદ દયાળ, મરૂદેવાનંદન, વંદન કરૂં ત્રણ કાલ;
એ તીરથ જાણી, પૂર્વ નવ્વાણું વાર, આદિશ્વર આવ્યા, જાણી લાભ અપાર. ૧

ત્રેવીશ તીર્થંકર, ચઢીયા ઇણ ગિરિરાય, એ તીરથના ગુણ, સુર અસુરાદિક ગાય;
એ પાવન તીરથ, ત્રિભુવન નહિ તસ તોલે, એ તીરથના ગુણ, સીમંધર મુખ બોલે. ૨

પુંડરિકગિરિ મહિમા, અગામમાં પ્રસિદ્ધ, વિમલાચલ ભેટી, લહીએ અવિચલ રિદ્ધ;
પંચમી ગતિ પહોંતા, મુનિવર કોડાકોડ, ઇણ તીરથે આવી, કર્મ વિપાક વિછોડ. ૩

શ્રી શત્રુંજય કેરી, અહોનિશ રક્ષાકારી, શ્રી આદિ જિનેશ્વર, આણ હૃદયમાં ધારી;
શ્રી સંઘ વિઘનહર, કવડજક્ષ ગણ ભૂર, શ્રી રવિબુધસાગર, સંઘના સંકટ ચૂર. ૪

# स्तुति

## श्री आदिजिन स्तुतिः

१

वन्देऽहं प्रातः ऋषभदेव-भगवन्तं, विलसन्तं स्थित्या समवसृतौ गुणवन्तम् ।
छत्रत्रयी शीर्षे, पार्श्वे चामरद्वंद्वं, गायति गुणगानं सुरनरनारीवृन्दम् ।।१।।

शचीशक्रसुशोभित-द्वादशपर्षदि संस्थाः, सुरनिर्मितनवकजविचरणचारु-व्यवस्थाः ।
देवदुन्दुभिगर्जन-कुसुमवृष्टिरमणीया, जिनचतुर्विंशति-रेकमनो महनीया ।।२।।

योजनमित-भूमौ जिनवरवाणिप्रसारः, जिननिरुपितमर्थं सूत्रयते गणधारः ।
आगमसंश्रवणात् छिन्नचतुर्गतिचारं, जिनवाक् संस्तवतःप्राप्नुवन्ति भवपारम् ।।३।।

श्री गोमुखयक्षो, गौरवितो जिनभक्तः, चक्रेश्वरी देवी, विघ्नं हरति समस्तम् ।
श्री तपोगच्छ नायक विजयसेनसूरीशः, तच्छ्राद्ध ऋषभः गायति गुणलवलेशः ।।४।।

२

विमलाचलमण्डन! वृषभजिनेन्द्र! दयालम् ।
मरुदेवानन्दन! वन्दे त्वां त्रयकालम्,
इह तीर्थे पूर्वस्यैकोनशतवारम्, आगतवानृषभो, ज्ञात्वा लाभमपारम् ।।१।।

जिन त्रयोविंशतिरारूढा गिरिमेनम्, कुर्वन्त्येतस्य सुरासुराः गुणगानम् ।
अतिपावनमेतत्तीर्थं विश्वेऽनन्यं, सीमंधरमुखतः प्रकटितगुणमतिधन्यम् ।।२।।

पुण्डरिकमहिमानं गायन्त्यागमग्रंथाः, स्पृष्ट्वा विमलाद्रि-मचलाम् ऋद्धिंलब्धाः ।
मुनिकोटाकोटी-स्तीर्थेऽस्मिन् समेत्य, पञ्चमगतिमीताः सकलं कर्म विभेद्य ।।३।।

शत्रुञ्जयतीर्थेऽहर्निश-सेवाकारी, हृदये श्री आदिजिनपस्याज्ञाधारी ।
श्री यक्षकपर्दिः संघविघ्नततिहारी, श्री रविबुधसागर-सङ्घे सङ्कटवारी ।।४।।

### શ્રી વસંતલાલ કાંતિલાલ શાહના

# 'પ્રાપ્તિ અને તૃપ્તિ' લેખનો અનુવાદ

प्राप्तेऽतृप्तिः परं दुःखं ।
प्राप्तेस्तृप्तिः परं सुखम् ।।
तृप्त्या शान्तिर्लयस्तेन ।
चेतनानन्दसम्भवः ।।१।।

●

महत्त्वयुक्ते कार्ये द्वे, कर्त्तव्ये किल जीवने ।
प्राप्तितृप्ती तयोरेकं लम्भनं वस्तुनां
तथा ।।२।।
द्वितीयमास्ते च हि लब्धवस्तुनां,
हर्षानुभावो हि वयं लभामहे वस्तूनि-
तेषामुपभोगकर्मणो,
न स्यात्पटुत्त्वं किल तत्किमर्थकम्?...

●

एकः समागतो गत्त्वा नरो विश्वस्य पर्यटे ।
अद्भुतानां च विश्वस्य पदार्थानां प्रतिकृतिः- ।।३।।
समुत्तार्य चला
तेन
स्वेभ्य आगत्य दर्शिता
मित्रेभ्यो
हर्षितास्तेचाऽवदन् साधु ! त्वयाऽटितम् ! ।।४।।

केवलं शुभमित्रेण एकेन
गदितः स ना
उद्गच्छति तवोद्याने अयि ! यो हेमपुष्पकः ।।५।।
आघ्रातस्सुरभिस्तस्य स्थित्वा तत्र क्षणद्वयम् ?... ।
न

तर्हि भद्र! किं ? विश्वे पर्यटेद्वा न पर्यटेत्-
तथापि !-
किन्तु,
यत्प्राप्तं तस्य तृप्तिं गृहाण रे ! ।।६।।
किमप्राप्तपदार्थस्य पश्चाद्द्रवलयेऽटथ !...
गच्छन्कार्यालयेऽहन्तु, चम्पकस्यास्य हि क्षणम्
जिघ्रामि गन्धं,
तृप्तिं च संवेदे निम्ननिर्भराम् ।।७।।

●

प्राप्तिस्तु सर्वस्य समीप आस्ते,
अल्पांशिका वा महदंशिका वा;
परं न तृप्तिर्न च तुष्टिरस्याः,
मोदो न नास्ति हृदये च शैत्यम् ।।८।।

किन्तु लब्धं न यत्तस्य पश्चाद्धावनमादृतम् ।
क्रूरशिक्षाऽसह्यभार - रुपं भूतं हि जीवनम् ।।९।।

वस्तूनि सर्वाण्यस्माभिः-
प्रायो लब्धानि जीवने ।

- सुन्दरास्तनयाः
- चारु-आरोग्यं-
- सुहृदश्शुभाः ।।१०।।
- सुभोज्यं-
- चारुपुस्तानि-
- सङ्गीतं कर्णसुन्दरम् ।।

एतत्सम्प्राप्तमस्मामिः सर्व मास्ते
ऽथ
लोचने रुचिरे मीलिते,
प्राप्तौ चलितुं सुन्दरौ पदौ,
प्राप्तिस्तु बहुला अस्ति परं तृप्तिर्न विद्यते ।।११-१२।।
यत् किंचिदाप्तं -

नहि तस्य तोषो-
गुणज्ञता नैव -
च पूर्णता न - ।
परं यदाप्तं नहि
तत्र चित्तं एत्ये
न माप्तुं स्तमति स्म
खिन्ते ॥१३॥
गुह्णीयामाप्त - सन्तोषं,
मुक्त्वा प्राप्त्यै प्रधावनम् ।
अङ्गीकरामस्तृप्तिं च, ।
तृप्ति -र्भविष्यते तदा ॥१४॥
चितं स्थिरं च शान्तं च
तेनैव मनसो लय:
संवेदनममेयं स्वमात्मनश्च भविष्यते ॥१५॥

**શ્રી વસંતલાલ કાંતિલાલ ઇશ્વરલાલના "પ્રાપ્તિ અને તૃપ્તિ"**
**લેખનું ગુજરાતીમાંથી સંસ્કૃત રૂપાંતર-પૂ. ગુરુદેવની આજ્ઞાથી સંવત-૨૦૨૦**
**ગુજરાતી લેખ મેળવવા પ્રયત્ન કર્યો પણ ન મળ્યો.**
**લેખ - શ્લોકબદ્ધ છે, પરંતુ લેખનશૈલી ગદ્ય વત્ લાગે.**